ૐ

શ્રી રમણ મહર્ષિ

તેમનો
પરિચય અને બોધ



લેખક : સ્વામીશ્રી માધવતીર્થજી

પ્રકાશક : વેદાંત આશ્રમ ટ્રસ્ટ - વલાદ

શ્રી રમણ મહર્ષિ-પરિચય અને બોધ

આ પુસ્તકની આવૃત્તિ બાબતમાં છેલ્લે ઉપલબ્ધ થયેલી માહિતી નીચે મુજબ છે.

સસ્તા સાહિત્ય તરફથી પ્રગટ થયેલ આવૃત્તિઓ

આવૃત્તિ	સને	પ્રત
૧ લી	૧૯૪૪	૩૦૦૦
૨ જી	૧૯૪૮	૩૫૦૦
૩ જી	૧૯૬૭	૧૫૦૦
૪ થી	૧૯૭૧	૧૫૦૦
૫ મી	૧૯૭૮	૩૦૦૦
૬ ઠ્ઠી	૧૯૮૬	૧૫૦૦

વેદાન્ત આશ્રમ વલાદ તરફથી પ્રગટ થયેલ આવૃત્તિઓ

૩ જી	૧૯૫૯	૧૦૦૦
૪ થી વધારા સાથેની (સળંગ આઠમી)	૧૯૯૪	૧૦૦૦
		કુલ ૧૬૦૦૦

તા. ૧૦-૫-૯૪ - સંપાદક

સંવત ૨૦૬૫ છઠ્ઠી આવૃત્તિ પ્રત : ૫૦૦

: મુદ્રક :

સોહમ્ પ્રિન્ટર્સ, બાપુનગર, અમદાવાદ.

નિવેદન

(પાંચમી આવૃત્તિ)

ડીસેમ્બર–૧૯૯૩ માં "શ્રી રમણ મહર્ષિ–તેમનું જીવન અને બોધ" પુસ્તક નવસંસ્કરણ સહિત પ્રગટ કર્યું ત્યારે કલ્પના જ નહોતી કે આટલા ટૂંકા ગાળામાં તેનું પુનઃ મુદ્રણ કરવાનું થશે. "ચોથી આવૃત્તિ"માં કાંઇ પણ મહત્ત્વના ફેરફાર વિના આ પાંચમી આવૃત્તિ પ્રગટ કરતા અમે આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

વેદાંત આશ્રમ ટ્રસ્ટ, વલાદે પૂ. સ્વામીશ્રી માધવતીર્થજીના પુસ્તકોના પ્રકાશનનું કાર્ય ૧૯૮૮ થી ઉપાડી લીધું, તે પછી અત્યાર સુધીમાં તેમના પંદર પુસ્તકો પ્રગટ થઇ ચૂક્યા છે. તેમના મોટા ભાગના પુસ્તકો લાંબા સમયથી અપ્રાપ્ય હતા, તેથી પ્રગટ થતાની સાથે જ ભક્ત સમુદાય, જેમને તેની ખોટ વર્તાતી હતી, તે સૌએ વહેલામાં વહેલી તકે તે ખરીદી લેવાની તક ઝડપી લીધી. આથી તેમાના ઘણાંખરા પુસ્તકોની નવી છપાયેલી આવૃત્તિઓ પણ પૂરી થઇ ગઇ. આ વર્ષે આવા ચારથી પાંચ પુસ્તકો અમે ફરીથી પ્રગટ કરી રહ્યા છીએ. ભાવિક ભક્તો તેનો વેળાસર લાભ લેવાનું ન ચૂકે એ જ વિનંતી.

વેદાંત આશ્રમ ટ્રસ્ટ, વલાદના મેનેજીંગ ટ્રસ્ટી અને આશ્રમના અધિષ્ઠાતા પ. પૂ. સ્વામીશ્રી કૃષ્ણાનંદજી મહારાજ તા. ૨૭–૧૨–૧૯૯૫ ના રોજ બ્રહ્મલીન થયા, એને એક વર્ષ પૂરું થયું. ભાવિક ભક્તો અને શિષ્યોના સાથ સહકારથી અને સંતોની પ્રેરણાથી જે આશ્રમને એમણે નવપલ્લવીત કર્યો, અને જેમાં એક કુશળ માળીની અદાથી સંસ્કાર સિંચન કર્યું, એની રજેરજ ધરતીમાં એમના સંસ્મરણોની સુવાસ સચવાઇ રહેલી જોઇ શકાય છે. નિત્ય સત્સંગ અને આધ્યાત્મિક વાતાવરણ જાળવીને ટ્રસ્ટીમંડળ એમના પ્રત્યેનું ઋણ અદા કરવા પ્રયત્નશીલ છે.

આશ્રમવાસીઓ, સંતો–સાધકો, ગૃહસ્થી શિષ્યો અને ભાવિક ભક્તો તથા જિજ્ઞાસુઓ–સૌ વતી ટ્રસ્ટીમંડળ બ્રહ્મલીન–પ. પૂ. સ્વામીશ્રી માધવ-

તીર્થજી, પ. પૂ. સ્વામીશ્રી કૃષ્ણાનંદજી તથા પ. પૂ. માતાજી શ્રી ૐકારેશ્વરી-તીર્થને ભક્તિભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી તેમના શ્રી ચરણોમાં વંદન કરે છે. અને આ પુસ્તક આપ સૌના કરકમળમાં મુકતા સાનંદ, કૃતજ્ઞતા અને સંતોષ અનુભવે છે.

મે. રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર તથા કલાકાર શ્રી હરિવદન-ભાઇ સોમપુરાની સેવાઓ માટે ટ્રસ્ટીમંડળ તેમનો આભાર માને છે.

તા. ૧૩–૩–૧૯૯૭

મુ. ફુલપુરા, પો. વલાદ–૩૮૨૫૫૫ વેદાંત આશ્રમ ટ્રસ્ટ

જિ. ગાંધીનગર

પ્રકાશકનું નિવેદન

(ચોથી આવૃત્તિ)

પૂ. સ્વામી શ્રી માધવતીર્થજીનું "શ્રી રમણ મહર્ષિ–તેમનું જીવન અને બોધ" પુસ્તક ઘણા સમયથી અપ્રાપ્ય હતું. તેનું પુનઃમુદ્રણ કરવાનું નક્કી કર્યું ત્યારે મીટીંગમાં એક અભ્યાસી ભાવિકે "Sri Raman Maharshi–Golden Jubilee Souvenir"માં શ્રી રમણ મહર્ષિ વિષેના સ્વામી શ્રી માધવતીર્થજીના અંગ્રેજી લેખ તથા તેનો ગુજરાતી અનુવાદ ઉપરોક્ત પુસ્તકમાં સમાવી લેવાનું સૂચન કર્યું. તે મુજબ મૂળ લેખ તથા તેનું ભાષાંતર આ પુસ્તકના અંતે પરિશિષ્ટમાં મૂક્યા છે.

પોતાની અન્ય પ્રવૃત્તિઓમાં રોકાયેલાં હોવા છતાં તેમાંથી ખાસ સમય કાઢી મૂળ અંગ્રેજી લેખમાં આવતા સંદર્ભ ગ્રંથોના ઉલ્લેખમાં રહેલી મુદ્રણ–ક્ષતિઓ કાળજીપૂર્વક સુધારી આપી, તેમ જ ભાષાંતર પરત્વે ઉપયોગી સૂચનો કર્યા તે માટે આપણે સર્વે શ્રી કૃષ્ણાબેનના આભારી છીએ.

પુસ્તકના ટાઇટલ પેઇજ તથા અંદરના ફોટોગ્રાફ્સ તૈયાર કરી આપવા માટે શ્રી સોમપુરા હરિવદનભાઇ અને મહેશભાઇનો આભાર માનીયે. શ્રી રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગરના શ્રી રજનીકાન્તભાઇ અને તેમના પરિવારનો સુંદર, સુઘડ છપાઇ, બાઇન્ડીંગ અને સમયસરની રવાનગી કરી આપવા માટે આભાર માનવાનું કેમ ભૂલી શકાય?

આ પુસ્તકની તથા લેખકની પૂર્વભૂમિકા સમજાવવા માટે પૂ. સ્વામીજીના નિકટના સાથી એવા એક શ્રદ્ધેય ભાવિકે તૈયાર કરી આપેલ અભ્યાસપૂર્ણ "આમુખ" સૌ પ્રથમ વાંચી જવા વાચકોને વિનંતી છે. આવી વિશદ્ અને વિસ્તૃત છણાવટ માટે આપણે સૌ તેમના અત્યંત ઋણી છીએ. "શ્રી રમણ મહર્ષિ" વિષેના અલ્પ–સંખ્ય ગુજરાતી પુસ્તકોમાં આ ગ્રંથ તેના લેખકની તત્ત્વજ્ઞ–દૃષ્ટિને કારણે વિશેષતા ધરાવે છે, તે તરફ વાચકોનું ધ્યાન દોરી, આ પુસ્તક પ્રગટ કરવામાં સાથ, સહકાર આપનાર સૌ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી દર્શાવીએ છીએ.

પુસ્તક પ્રકાશન સમિતિના સર્વ શ્રી વેલજીભાઈ, ખીમજીભાઈ, પ્રદ્યુમ્નભાઈ અને જયંતભાઈએ આ પુસ્તકનું પુનઃમુદ્રણ થાય તેવી ઇચ્છા પ્રદર્શીત કરી અને ટ્રસ્ટીમંડળના સર્વ શ્રી યશુભાઈ, હરીભાઈ, ધીરૂભાઈ તથા ભવાનભાઈએ તે સહર્ષ વધાવી લીધી. આ પ્રસ્તાવને અધ્યક્ષ શ્રી ઓમકારેશ્વરી માતાજી, પૂ. સ્વામી શ્રી કૃષ્ણાનંદજી તથા સ્વામી શ્રી શિવાનંદતીર્થજીએ અનુમતિ આપતા ટ્રસ્ટે સર્વાનુમતે આ નિર્ણયને બહાલી આપી. તેમણે સૌએ આ કાર્યમાં અંગત રસ લઈ તેને સફળ બનાવ્યું તે માટે સૌ ભક્તજનો તેમના ઋણી રહેશે.

આ પુસ્તક છપાવવાનું નક્કી થયું તેજ અરસામાં નેત્રા કચ્છના શ્રી હીરાબાનું અવસાન થતા તેમના સુપુત્રોએ આ ગ્રંથ સંસ્કરણનો સઘળો ખર્ચ ઉપાડી લેવાની મહેચ્છા પ્રગટ કરી. પોતાના માતાપિતાની પુનિત સ્મૃતિમાં તેમના સુપુત્રોએ કરેલી સહાય માટે ટ્રસ્ટ શ્રી માધવજીભાઈ અને શ્રી હીરાબેનના પરિવારનો આભાર માને છે અને તેને આવકારે છે.

શ્રી રમણાશ્રમના પ્રકાશન વિભાગ અને સવિશેષ રીતે "માઉન્ટન પાથ"ના સંપાદકશ્રીનો, તેમણે આપેલા સહકાર અને સંમતિ બદલ ટ્રસ્ટ આભારની લાગણી વ્યક્ત કરે છે.

ભક્તજનોનો બહોળો સમુદાય આ પુસ્તકનો લાભ લઈ શકે તે માટે આ ગ્રંથની નવી આવૃત્તિ આપ સૌના કરકમળમાં મૂકતા ટ્રસ્ટ આનંદ અને સંતોષની લાગણી અનુભવે છે.

વેદાંત આશ્રમ ટ્રસ્ટ

તા. ૧૩–૧૨–૯૩ વલાદ, જિ. ગાંધીનગર.

નિવેદન

(છઠ્ઠી આવૃત્તિનું પુનઃ પ્રકાશન)

પૂ. માધવતીર્થ સ્વામીજીની પરોક્ષ જ્ઞાનથી અપરોક્ષજ્ઞાન સુધીની યાત્રામાં સ્વામીશ્રી રમણ મહર્ષિની સાથેની સત્‌સંગ કૃપાનો મહિમા ગાતાં આ પુસ્તકની છઠ્ઠી આવૃત્તિનાં પુનઃસંસ્કરણને આપના કર-કમળમાં મુકતાં અમે આનંદની લાગણી અનુભવીએ છીએ.

પ્રથમ ત્રણ આવૃત્તિઓમાં પૂ. માધવતીર્થ સ્વામીજીએ લખેલ પ્રસ્તાવના સ્વરૂપની નોંધ તથા છઠ્ઠી આવૃત્તિમાં સમાવેશ કરાયેલ આમુખનાં કાળજીપૂર્વક, પુસ્તકના વાંચન પહેલાં તથા પછીથી અભ્યાસ કરવાથી અપરોક્ષાનુભૂતિની મથામણ કરતા સાધકોના ઘણા બધા પ્રશ્નોનું સહજ નિરાકરણ થશે.

આ સદ્‌કાર્યમાં સૌના યોગદાનના ઋણ સ્વીકાર સાથે.

તા. ૭-૭-૨૦૦૯ વેદાંત આશ્રમ ટ્રસ્ટ

ગુરૂપૂર્ણિમા ફુલપુરા, વલાદ

પ્રકાશકીય નોંધ

સ્વામી શ્રી માધવતીર્થે ભગવાન શ્રી (રમણ મહર્ષિ)ને, તેમના બોધને સમાવિષ્ટ કરતાં પુસ્તકો દ્વારા તેમ જ પ્રેરણાદાયી પ્રવચનો દ્વારા સમગ્ર ગુંજરાતમાં પરિચિત કર્યાં. અતિશયોક્તિ ન ગણાય તો કહી શકાય કે એક સમય એવો હતો (કે) જ્યારે રમણાશ્રમમાં સ્થાનિક ભક્તો કરતાં ગુજરાતી ભક્તોની (સંખ્યા) વધુ રહેતી, તો તે સંપૂર્ણપણે સ્વામીજીના જ પ્રયત્નને કારણે.


પોતાના ભક્તો સાથે ઠીક ઠીક લાંબા રોકાણ માટે તેમણે ૧૯૫૬ માં શ્રી રમણાશ્રમની મુલાકાત લીધી તે કદાચ તેમની છેલ્લી મુલાકાત હતી. વિદાયની સવારે તેમની આંખો અશ્રુભીની હતી. ભારે વર્ષા શરૂ હતી. આનંદવિભોર અવસ્થામાં આંતરવિલીન થયા હોવાથી તેમના શિષ્યોએ આપેલ છત્રી અને ચાખડી પ્રત્યે જરા પણ લક્ષ આપ્યા વિના નમસ્કાર મુદ્રામાં તેઓશ્રી ભગવાનની સમાધિ તરફ જઈ રહ્યા હતા ત્યારે માતાથી વિખૂટા પડતા બાળકની માફક રડી પડયા.

આ વિદ્વાન બ્રહ્મનિષ્ઠ સંત સર્વ પ્રથમ પુરુષ (વ્યક્તિ) હતા કે જેમણે મને સીધેસીધો (અપરોક્ષ) આધ્યાત્મિક અનુભવ કરાવ્યો.

ભગવાનના એક મહાન ભક્ત!—સંપાદક.

'માઉન્ટન પાથ' (ત્રિમાસિકમાંથી)
વો. ૩૦, અંક ૩–૪, ડીસેમ્બર ૧૯૯૩ જયંતી અંક.
સંપાદક : શ્રી વિ. ગણેશન્

પ્રકાશક : શ્રી રમણાશ્રમ, પો. તિરુવણ્ણામલઇ–૬૦૬૬૦૩
(તામિલનાડુ, દક્ષિણ ભારત)



પ.પૂ. સ્વામી શ્રી માધવતીર્થજી



પ.પૂ. સ્વામી શ્રી કૃષ્ણાનંદજી

ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના

શ્રી રમણ મહર્ષિના પુસ્તકની પહેલી બે આવૃત્તિ થોડા વખતમાં ખપી જવાથી આ ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનો વખત આવ્યો છે. બ્રહ્માથી લઈને નાના જીવ પર્યંત સંસારને જેઓ નિઃસાર સમજે છે અને જેઓ વિષયભોગની વાસનાથી નિવૃત્ત થયા હોય, તેઓ જ આત્મચિંતા માટે તત્પર થઈ શકે છે. આવા પુરુષોને સહજ વૈરાગ્ય રહે છે, વૈરાગ્ય એટલે ફાંસીની સજા સમજવાની છે. ગૃહસ્થાશ્રમમાં ચિત્તને વિક્ષેપ કરે તેવાં કર્મ વધારે હોય છે, તેથી ગૃહસ્થાશ્રમમાં બ્રહ્મજ્ઞાન મેળવવું એ કષ્ટસાધ્ય છે. નિવૃત્તિમાં ચિત્તને વિક્ષેપ કરે તેવાં કર્મ ન હોવાથી જ્ઞાન સુલભ છે. આત્મ-જ્ઞાનમાં બધા પુરુષાર્થ સમાપ્ત થઈ જાય છે; કારણ કે વેદાંતની પ્રતિજ્ઞા એવી છે, કે એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન મળી શકે છે. એવું જ્ઞાન મહર્ષિ જેવા બ્રહ્મનિષ્ઠ પુરુષો પાસેથી જ મળે. ભેદભાવમાં રહેલા સંસારી માણસોના સંગથી કોઈને એવું જ્ઞાન મળેલું નથી.

તેથી સંસારના વિષયો જેમને સાચા લાગે છે તેમનો વેદાંતમાં મોક્ષ માનેલો નથી, તેવા ધર્મોનું પાલન કરનાર પુરુષ બ્રહ્મજ્ઞાનનો અધિકારી થઈ શકતો નથી. રાતદિવસ જે માણસો સંસારી પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેલ હોય, રાતદિવસ ભેદભાવથી જેમનું અંતઃકરણ ભરાઈ ગયું હોય, ભેદ-વ્યવહાર વગર જેને માટે કશું કર્તવ્ય રહેલું ન હોય, તે જીવ જગતનાં સમસ્ત પ્રાણીઓમાં રાગદ્વેષથી મુક્ત થઈને સમભાવે કેવી રીતે વર્તી શકે? અભેદભાવ માટે અભેદજ્ઞાન ઉત્પન્ન કરે તેવી વૃત્તિ સતત રહેવી જોઈએ, તેવા જ સંસ્કાર જોઈએ. જો આ બધી વસ્તુઓ ન હોય, તોપણ જો બ્રહ્મ-જ્ઞાન થાય અથવા અભેદજ્ઞાન થાય, તો આખું જગત બ્રહ્મજ્ઞાની બન્યું હોય, પણ તેમ બનતું નથી તેથી અભ્યાસની સાથે વૈરાગ્યની પણ જરૂર છે.

વૈરાગ્યના લક્ષણનું વર્ણન કરતાં શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે, કે ભક્ત સ્વર્ગનું રાજ્ય કે બ્રહ્માનું પદ માગતો નથી, સાર્વભૌમપણું કે પાતાળનું રાજ્ય માગતો નથી, યોગસિદ્ધિ કે મોક્ષ માગતો નથી. ટૂંકામાં ભગવાન સિવાય તે કાંઈ માંગતો નથી એવો વૈરાગ્ય મહર્ષિના જીવનમાં નાની ઉંમરથી ઉત્પન્ન થયો હતો.

ઇંદોરના કેળવણી ખાતાના પ્રધાન મિ. રીચર્ડસન એમ. એ. રમણાશ્રમમાં ગયા હતા ને ત્રણ દિવસ રહ્યા હતા. મહર્ષિની સાથે કાંઇ વાતચીત થઇ નહોતી છતાં તે કહે છે કે મને તેની પાસે મૂંગા બેસવાથી ઘણો આધ્યાત્મિક લાભ મળ્યો હતો. તેને પ્રશ્ન પૂછવાની જે ઇચ્છા હતી તે ત્યાં બેસતાં શમી ગઇ હતી અને તે પ્રશ્નોના ઉત્તર કુદરતી રીતે તેના હૃદયમાં તેને મળવા લાગ્યા હતા. તે કહે છે, કે હું દુનિયામાં ઘણા મોટા માણસોને મળ્યો છું, પણ મહર્ષિની હાજરીમાં મારો વિકાસ જેટલો થયો તેટલો બીજે કોઇ ઠેકાણે થયો નથી. મહર્ષિ આપણને ભગવાનની હાજરીમાં લઇ જાય છે. પશ્ચિમના દેશોમાં એમ માનવામાં આવે છે, કે આપણે બીજાને માટે કાંઇક ઉપયોગી સેવા કરવી જોઇએ, તેનો અર્થ આપણે બીજાને વ્યાવહારિક સુખ આપવું જોઇએ એમ તેઓ માને છે. પણ તેવી સગવડની હદ રહી નથી. જેઓ ગરીબ નથી તેઓ પણ આત્માને માર્ગે ચડતા નથી. પ્રવૃત્તિમાર્ગવાળા પશ્ચિમના માણસો હિંદુસ્થાનની નિવૃત્તિને વખોડે છે. જો માત્ર ક્રિયા એ જ માણસના જીવનનું લક્ષ્ય હોય, તો મજૂરને મહાત્મા માનવો જોઇએ. સુતાર અને લુહાર શિક્ષકો અને ગુરુઓ કરતાં વધારે કામ બતાવી શકે છે. વળી મજૂરોને શિક્ષકો કરતાં રોજી પણ વધારે મળે છે. આવા પ્રમાણથી જોઇએ તો મહર્ષિનું જીવન કાંઇ ઉપયોગી નથી, પણ આ દૃષ્ટિબિંદુ ખોટું છે. મહર્ષિનો અનુભવ અને તેમના વિચાર એટલા ઊંચા છે, કે તેમણે દુનિયાના ઘણા માણસોને આધ્યાત્મિક માર્ગે ચડાવ્યા છે અને એ માણસજાત માટે મોટામાં મોટી સેવા છે.

બહુમતિનાં રાજ્યો કરતાં ઉત્તમમતિ કેવું કામ કરી શકે છે, તેના બેત્રણ નમૂના જોઇએ તો એક મહર્ષિનો છે. બીજો આઇન્સ્ટાઇનનો છે અને ત્રીજો મહાત્મા ગાંધીજીનો છે. તે દરેકે પોતાના વિચારનાં આંદોલનોથી જગતના વિચારમાં મહાન ફેરફાર કર્યો છે.

એક જિજ્ઞાસુએ મહર્ષિને પૂછ્યું : 'તમે બહાર નીકળીને જાહેર વ્યાખ્યાન કેમ આપતા નથી?' મહર્ષિએ કહ્યું : 'તમે કેમ એમ માનો છો કે હું લોકોને ઉપદેશ આપતો નથી? માત્ર ઊંચા બાંકડા ઉપર ઊભા રહીને એક કલાક બોલવું એનું નામ ઉપદેશ નથી. ઉપદેશ શાંત ચિત્તથી વધારે સારી રીતે આપી શકાય છે. વ્યાખ્યાન ઘણા માણસો સાંભળે છે છતાં તેમના જીવનમાં કાંઇ ફેર પડેલો જણાતો નથી. તે કરતાં શાંતિથી અહીં કોઇ આવીને બેસે અને તેના જીવનમાં ફેરફાર થાય તેની કિંમત ઘણી છે. દરેક માણસને આત્મા છે અને કાંઇક જ્ઞાન પણ છે; છતાં તે આત્માને કેમ જાણતો નથી? કારણ કે તેનું જ્ઞાન આત્મા સિવાય બીજી દિશામાં વહી જાય છે.'

એવા ઘણા માણસો છે કે જે આત્મવિચારની સાધનામાં પડતા નથી અથવા થોડા વખતમાં કંટાળી જાય છે. મહર્ષિ સ્પષ્ટ રીતે કહેતા કે માણસને આત્મવિચાર સૂઝે એ ઊંચામાં ઊંચું સાધન છે. રીચર્ડસન કહે છે, કે દરેક જીવ બ્રહ્મરૂપ છે એ માન્યતા સ્વીકારવી એ પશ્ચિમના લોકો માટે અઘરું કામ છે; છતાં ક્રાઇસ્ટનો પણ એ જ સિદ્ધાંત હતો એવી મને ખાતરી છે. બાઇબલમાં કહેલ છે, કે જેમ આપણા પિતા પૂર્ણ છે તેમ તમે પણ પૂર્ણ બનો. તમે પણ તે જ છો. બ્રહ્મભાવ પ્રાપ્ત કરવો એ જ દરેક માણસના જીવનનું મુખ્ય કર્તવ્ય છે.

મહર્ષિ જેવા ઋષિઓ હિંદુધર્મમાં ઉત્પન્ન થાય તેથી એમ જણાઇ આવે છે કે હિંદુધર્મ જીવતો છે. જિસસ ક્રાઇસ્ટે ઘણાને ક્રિશ્ચિયન બનાવ્યા, છતાં તેમાંથી બીજા ક્રાઇસ્ટ નીકળ્યા નહિ. મ. ગાંધીજીએ ઘણાને સત્યાગ્રહને માર્ગે ચડાવ્યા, છતાં તેમાંથી બીજા ગાંધીજી નીકળ્યા નહિ; પણ હિંદુધર્મના ઋષિમુનિઓ એવું જ્ઞાન મૂકી ગયા છે, કે જેમાંથી વખતોવખત પ્રાચીન ઋષિમુનિઓ જેવા મહાત્મા તૈયાર થાય છે.

ધર્મનું મુખ્ય કામ આપણને બ્રહ્મદશા સુધી પહોંચાડી દેવાનું છે. માત્ર બુદ્ધિના તર્કમાં અટકી જવાનું નથી. તે માટે ઇંદ્રિયોનો સંતોષ શોધવાની જરૂર નથી પણ ઇંદ્રિયોના સંયમની જરૂર છે. તેની સાથે સત્સંગ જોઇએ. સત્સંગથી નિ:સંગતા આવે છે, નિ:સંગતાથી નિર્મોહતા આવે છે, નિર્મોહતાથી નિશ્ચલતા આવે છે અને નિશ્ચલતાથી જીવન્મુક્તિનું સુખ મળે છે.

ન્યુયોર્કથી એક વિલિયમ સ્પાલ્ડિંગ નામના જિજ્ઞાસુ રમણાશ્રમમાં આવેલા હતા. તેમને પણ અમારી માફક મહર્ષિની આંખમાં સોનેરી તેજ જોવામાં આવ્યું હતું. નેપાલની ત્રિ. ચંદ્ર કોલેજના પ્રિન્સિપાલ રુદ્રરાજ પાન્ડેને પણ એવો અનુભવ થયો હતો.

તે પ્રિન્સિપાલ કહે છે, કે આપણી દુનિયાની અંધાધૂંધી કેવી રીતે દૂર થાય તેના વિચાર ઘણા વિદ્વાનો કરે છે. જો ઉત્ક્રાન્તિવાદ સાચો હોય, તો ખરાબ માણસ પછી સારા માણસો આવવા જોઇએ, પણ તેને બદલે અસંખ્ય માણસોને એક સાથે મારવાના અણુબોમ્બ જેવા વિચારોની શોધ એમ બતાવે છે, કે માનવસમાજમાં જંગલીપણું આવતું જાય છે. કેટલાક કહે છે કે ધર્મ કરતાં પહેલાં રોટલીની સગવડ કરો. કેટલાક કહે છે કે વધારે બળવાળાં રાજ્યોએ નબળાં ઉપર રાજ્ય કરવું જ જોઇએ. તે પ્રિન્સિપાલ કહે છે કે આવા બધા મત કરતાં મને એમ જણાય છે કે દુનિયાનું કોકડું એ દેશનું કોકડું છે. એટલે કોઇ એક દેશ બરાબર સુધરે તો બધા દેશને અસર થાય. એક દેશને સુધારવા માટે તે દેશનો એક ભાગ બરાબર સુધરવો જોઇએ અને તે ભાગ સુધારવા માટે તેમાં એક અથવા બે ઋષિ જેવાં રત્ન ઉત્પન્ન થવાં જોઇએ. એક ઉત્તમ માણસ જે સારા સંસ્કાર આપી શકે છે, તેવું કામ ઘણા મૂર્ખોની બહુમતિથી થતું નથી.

બીજી આવૃત્તિમાં પ્રકરણ ૫, ૧૧, ૧૪ અને ૧૬માં થોડોક ભાગ વધારેલો છે અને પ્રકરણ ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ નવાં લખેલાં છે.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં લખેલ છે કે મુંબઇમાં સાધુ સંન્યાસીઓ માટે એક આશ્રમ થાય તો ઠીક તે પછી મુંબઇમાં નીચે પ્રમાણે એવા ત્રણ સારા આશ્રમો થયા છે.

૧. સંન્યાસ આશ્રમ, વીલે પારલે.

૨. સંન્યાસ આશ્રમ, ઘાટકુપર.

૩. પ્રેમકુટીર, કોટ, મુંબઇ.

બહેનો માટે પણ નીચે પ્રમાણે એક આશ્રમ તૈયાર થયું છેઃ–

૧. મહિલા સંસ્કાર આશ્રમ, વલાદ, (અમદાવાદ–પ્રાંતિજ રેલ્વે)

વેદાંત આશ્રમ, પોસ્ટ વલાદ,
અમદાવાદ–પ્રાંતીજ રેલવે, તા. ૧–૧૧–૫૯ સ્વામી માધવતીર્થ

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

માણસના જીવનમાં ચાર પ્રકારનાં સુખ છે : (૧) શરીરનું સુખ, (૨) પ્રાણનું સુખ, (૩) મનનું સુખ અને (૪) આત્માનું સુખ. એ સુખ મેળવવાના પુરુષાર્થને અર્થ, કામ, ધર્મ અને મોક્ષ કહે છે. ધર્મ પ્રમાણે અર્થ અને કામ મેળવાય, તો મોક્ષનો રસ્તો નીકળી શકે, તેથી આપણાં શાસ્ત્રોમાં ધર્મને પહેલો મૂકવામાં આવેલો છે; અને ધર્મ પ્રમાણે અર્થ અને કામ ન મેળવાય, તો પશ્ચિમના દેશોની જેવી સ્થિતિ છે તેવી સ્થિતિ થાય છે. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થથી પહેલાં ત્રણ સુખ મળે છે, પણ તે અનિત્ય છે; તેથી ચોથા પુરુષાર્થને મુખ્ય પુરુષાર્થ તરીકે માનવામાં આવેલો છે. મોક્ષ એટલે આત્યંતિક દુઃખનિવૃત્તિ અને પરમ આનંદની પ્રાપ્તિ. તેના મુખ્ય સાધન તરીકે ચંચળ મનને વશ કરતાં શીખવું જોઇએ. મનને વશ કરવાનાં બે મુખ્ય સાધન અભ્યાસ અને વૈરાગ્ય છે. આ બંને માટે કેટલીક ઉપયોગી સમજૂતી આ પુસ્તકમાંથી મળી શકે તેમ છે. જેઓને જ્ઞાન થયું હોય પણ તે દૃઢ થયું ન હોય અને તેમાં નિષ્ઠા અથવા સ્થિતિ બંધાઇ ન હોય, તેમને પણ નિષ્ઠા કરવા માટે આ પુસ્તક ઉપયોગી થાય તેવું છે.

તત્ત્વજ્ઞાનના વિચારથી ઘણા ખોટા સંકલ્પો ઓછા થઇ જાય છે અને છેવટે અનુભવની દશામાં તત્ત્વજ્ઞાનના વિચાર પણ જતા રહે છે.

તત્ત્વજ્ઞાનનું પ્રયોજન અવિદ્યાની નિવૃત્તિ અને આનંદની પ્રાપ્તિ કરાવવામાં છે. તેથી જ્ઞાન માટે જ્ઞાની માણસોનો પરિચય કરવો જોઇએ. તેમની સાથે થોડો વખત અથવા બની શકે તો વધારે વખત રહેવું જોઇએ.

કોઇ જગ્યાએ છીપ પડી હોય તેમાં રૂપાનું જ્ઞાન થાય તેને ભ્રાંતિ કહે છે. જ્યારે ભ્રાંતિ નીકળી જાય અને છીપ જ છે, એવું જ્ઞાન થાય ત્યારે માત્ર છીપનો પ્રત્યય રહે છે. પછી બીજો પ્રત્યય ઉત્પન્ન થતો નથી. એવું બને ત્યારે છીપનું જ્ઞાન બરાબર થયું કહેવાય. તે દૃષ્ટાંત પ્રમાણે બ્રહ્મમાં જગતનું જ્ઞાન થાય તેને ભ્રાંતિ કહે છે.

જ્યારે ભ્રાંતિની નિવૃત્તિ થાય ત્યારે માત્ર બ્રહ્મ પ્રત્યય રહે છે. એ

પ્રત્યય સતત રહે ત્યારે નિષ્ઠા થાય છે. એવી નિષ્ઠા ન થાય ત્યાં સુધી અભ્યાસ અને વૈરાગ્યની જરૂર રહે છે. નિષ્ઠા એટલે આત્મામાં સ્થિતિ અને આત્મામાં રમણતા. અમુક સાધુની દશા કેવી છે તે તેના પોતાના જ્ઞાનનો અને પોતાના અનુભવનો વિષય હોવાથી બહારના માણસો તે દશા બરાબર સમજી શકતા નથી. છતાં ઉપલક દૃષ્ટિએ જોતાં કોઇમાં વૈરાગ્ય વધારે હોય છે અને તેને શાસ્ત્રોનો અભ્યાસ કરવો ગમતો નથી. કોઇમાં અભ્યાસ સારો હોય છે અને અભ્યાસના જોરથી તે માયાની અસર લાગવા દેતા નથી એમ કહે છે; તેથી તે બહુ વૈરાગ્યને માન આપતા નથી. કોઇમાં અભ્યાસ અને વૈરાગ્ય બંને હોય છતાં નિષ્ઠા થઇ હોતી નથી. અભ્યાસ, વૈરાગ્ય અને નિષ્ઠા એ ત્રણે જે સાધુમાં સારા પ્રમાણમાં હોય તેવાનાં દર્શન આ કાળમાં થવાં દુર્લભ છે. છતાં જેમની જિજ્ઞાસા બહુ હોય તેમને કોઇ વખતે એવા સંત મળી શકે છે.

નિષ્ઠા માટે બહુ પુરુષાર્થની જરૂર રહે છે. તેની કિંમત પણ ઘણી છે. શુકદેવજી જ્યારે ઋષિમુનિઓની સભામાં પધાર્યા ત્યારે બધાએ ઊભા થઇને તેમને માન આપ્યું હતું, તે તેમની નિષ્ઠા માટે હતું. નિષ્ઠાનો ખરો અર્થ જાણવો હોય, તો શ્રીમદ્ ભગવદ્ગીતાના બીજા અધ્યાયમાં જ્યાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ આપવામાં આવેલાં છે અને ૧૪ મા અધ્યાયમાં જ્યાં ગુણાતીતનાં લક્ષણ આપવામાં આવેલાં છે ત્યાં મળી શકે છે. તે દશાને જીવન્મુક્તિ પણ કહે છે.

નિષ્ઠાવાળા જીવન્મુક્ત પણ બે પ્રકારના હોય છે : (૧) વ્યવહારમાં રહેતા છતાં નિષ્ઠા જાળવી રાખનાર, જેવા કે રામ, કૃષ્ણ, જનક વગેરે અને (૨) વ્યવહારમાં ઉપરામ વૃત્તિ રાખીને રહેનાર જેવા કે શુક, સનકાદિ. બન્ને પ્રકારના અને નિષ્ઠાવાળાને કોઇ જાતની કામના હોતી નથી. તેઓ નિરંતર અદ્વૈતભાવે રહે છે એટલે કે સતત બ્રહ્માકારવૃત્તિથી રહે છે.

હાલનો કાળ એવો વિષમ છે અને વ્યવહાર એવો કઢંગો થઇ ગયેલો છે, કે અદ્વૈતભાવે અથવા બ્રહ્મભાવે વ્યવહાર કરી નિષ્ઠા જાળવવી એ ઘણું અઘરું કામ છે—લગભગ અશક્ય જેવું છે. આત્મજ્ઞાન મેળવવું એ જ

મુશ્કેલ છે અને તેમાં નિષ્ઠા કરવી એ વધારે મુશ્કેલ છે. છતાં કોઇ પણ રીતે કોઇ મહાત્મા એવી દશા પ્રાપ્ત કરી શકે, તો તે અતિ પૂજ્ય અને વંદનીય છે. ભગવાન ગીતામાં કહે છે, કે હજારો મનુષ્યોમાં કોઇક જ આ માર્ગે પ્રયત્ન કરે છે અને તેમાં પણ કોઇક જ મને બરાબર જાણી શકે છે. વ્યવહારમાં દ્વૈતભાવ ક્ષણેક્ષણે આવી જવાનો સંભવ છે. તેથી વ્યવહાર અને પરમાર્થનો મેળ કરવો એ ઘણા સાધુઓને મુશ્કેલ લાગે છે. લોકસેવાનો અર્થ પરમાર્થ કરીએ, તો તેવો પરમાર્થ કેટલાક કરી શકે છે; પણ પરમાર્થનો અર્થ અદ્વૈત જ્ઞાનપૂર્વક વ્યવહાર એવો કરીએ તો તે કામ બહુ મુશ્કેલ છે. સમાજસેવામાં એક અપૂર્ણ માણસનો સંબંધ અપૂર્ણ સમાજ સાથે થાય છે. તેનાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે પણ જ્ઞાન થયા પછીનો વ્યવહાર પૂર્ણના સંબંધનો પરિચય આપે છે. તેવો પરિચય અજ્ઞાન દશામાં થતા વ્યવહારમાં મળી શકતો નથી.

* * *

હાલના કાળમાં વ્યવહાર સાથે પણ આત્મનિષ્ઠા રાખી શકાય એવો ભાવ કેળવવા માટે એક નવા પ્રકારનો યોગ દક્ષિણમાં પોંડીચેરીમાં શ્રી અરવિંદના આશ્રમમાં ચાલે છે, પણ તે હજુ પ્રયોગની દશામાં છે. કેટલો વ્યવહાર ત્યાં અદ્વૈતભાવે થઇ શકે છે તે બરાબર કોઇ જાણી શકતું નથી; કારણ કે ત્યાં મૌન અને ગુપ્તતા બહુ રાખવામાં આવે છે. તેથી તે આશ્રમ માટે કોઇ ચોક્કસ માન્યતા બાંધી શકે તેમ નથી. શ્રી અરવિંદના યોગનો મુખ્ય હેતુ વ્યવહારમાં પણ આત્મનિષ્ઠા રાખી શકાય તેવી શક્તિ કેળવવાનો છે. આ પ્રયોગને ઘણાં વર્ષ થયાં છે, તે ક્યારે પૂરો થશે તે કોઇ કહી શકે તેમ નથી. શ્રી અરવિંદ કહે છે કે તેમનો પૂર્ણયોગ એ આત્મનિષ્ઠાની સાધનામાં તદ્દન નવું સાહસ છે. વળી તે પ્રયોગ એકાંતમાં રહીને અને મૌન વધારે રાખીને કરવામાં આવે છે, તેથી તેમાંથી શુક અથવા સનકાદિક જેવી નિવૃત્તિમાર્ગની નિષ્ઠા થઇ શકે; પણ રામ, કૃષ્ણ કે જનક જેવી દશા તે યોગને અંતે નીકળશે કે કેમ તે કહી શકાય તેવું નથી. તે બાબતની કેટલીક હકીકત છઠ્ઠા પ્રકરણમાં આપવામાં આવેલી છે.

નિવૃત્તિપરાયણ રહીને આત્માની નિષ્ઠા જેમણે કેળવેલી હતી, એવા બેત્રણ સંતપુરુષ અમારા જોવામાં આવ્યા છે. તેમાં એક કાઠિયાવાડમાં જેતપુર પાસે પીઠડિયામાં સ્વામીશ્રી નિત્યાનન્દજી હતા. તેમનો પરિચય અમને લગભગ ચાર વર્ષ સુધી રહ્યો હતો. તેના પરિણામે તેમના અનુભવનું પુસ્તક 'નિત્યપ્રસાદ' પ્રસિદ્ધ કરેલું છે.

નિષ્ઠાવાળા શ્રી રમણ મહર્ષિ દક્ષિણ હિંદમાં તિરુવન્નમલઇમાં રહે છે. અમને તેમની પાસે જવાનો પ્રસંગ સને ૧૯૪૪ના ઓગસ્ટમાં મળ્યો હતો. મહર્ષિ કહે છે કે અનુભવી પુરુષોની દૃષ્ટિમાં તત્ત્વજ્ઞાન, મનોનાશ અને વાસનાક્ષય એક સાથે જ થઇ જાય છે. પછી તેવા જ્ઞાની પુરુષ માટે કર્તવ્યબુદ્ધિથી કાંઇ કર્તવ્ય નથી. ગીતાના ત્રીજા અધ્યાયમાં પણ કહેલું છે કે 'तस्य कार्यं न विद्यते ।' મહર્ષિ કહે છે કે સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્નના માણસોને મદદ કરવાની ઇચ્છા રહેતી નથી. બીજાને મદદ કરવાના વિચારમાં જ ભેદ ઉત્પન્ન થાય છે અને જ્યાં ભેદ છે ત્યાં અજ્ઞાન છે. છતાં બીજાનું કલ્યાણ કરવાના વિચાર વગર મહાત્માઓ દ્વારા બીજાનું કલ્યાણ થયા કરે છે. વળી જ્ઞાની પુરુષોમાં સ્વરૂપનો આનંદ એકસરખો રહે છે. તેમાં રાજાના સુખ જેવી અને ગરીબના સુખ જેવી તારતમ્યતા નથી.

નિષ્ઠાની દશામાં બંધ અને મોક્ષની કલ્પના પણ બની શકતી નથી. જીવન્મુક્તિ અને વિદેહમુક્તિનો ભેદ પણ બની શકતો નથી. નિષ્ઠાવાળાની ભૂમિકા નીચી આવી જતી નથી. જ્ઞાન બરાબર થયા પછી ભૂમિકાની ચડઊતર રહેતી નથી. જ્ઞાનીને સ્વરૂપવિશ્રાંતિ રહે છે. એવો શ્રી રમણ મહર્ષિનો મત હતો. એ વાત તેમણે તેમના ૫૦ વર્ષના અનુભવથી કહેલી હોવાથી માની શકાય તેવી છે. તે કહે છે કે સાધક માટે જે સાધન હોય તે સિદ્ધના સ્વરૂપમાં અને સ્વભાવમાં સહજ આવી જાય છે. ગીતામાં અમાનિત્વમ્–અદંભિત્વમ્ વગેરે કહેલું છે તેને જ્ઞાન કહેલું છે; એટલે એ જ્ઞાન જ્ઞાનીનું સ્વરૂપ થઇ જાય છે. ઉપનિષદમાં એક ઠેકાણે એમ કહેલું છે કે તપથી બ્રહ્મ જાણવું, પછી તે જ જગ્યાએ એમ કહેલું છે કે તપને બ્રહ્મ જાણો. એટલે સાધન પણ બ્રહ્મરૂપ થઇ જાય છે, એટલે કે તપ એ બ્રહ્મજ્ઞાનીનો સ્વભાવ થઇ જાય છે. જ્ઞાન થયા પછી કોઇ પણ પ્રકારનું દ્વૈત

રહેતું નથી, તો પછી નિષ્ઠા થયા પછી શી રીતે રહે? એ દશાને પદાર્થાભાવિની કહે છે.

આ પુસ્તકમાં એક 'ગોળના ગણપતિ'નું દૃષ્ટાંત આપવામાં આવેલું છે. એ દૃષ્ટાંત મહર્ષિને બહુ ગમે છે. તે એક દૃષ્ટાંત બરાબર સમજાય તો તેનાથી લોકસેવાનું રહસ્ય, ભક્તિમાર્ગમાં શરણાગતિનું રહસ્ય અને જ્ઞાનમાર્ગમાં જે ભેદનો નિષેધ કહેલો છે તેનું રહસ્ય બરાબર સમજી શકાશે. જેણે ભગવાનનો સાક્ષાત્કાર કરેલ છે તેને ભગવાનથી ભિન્ન જીવજગત રહેતા નથી. જો યાચના કરનાર સેવક ભગવાનથી ભિન્ન રહે તો દ્વૈતાપત્તિ થાય માટે ભગવાનથી ભિન્ન પોતાને અને સમષ્ટિ–વ્યષ્ટિ જગતને ન ભાળવા તે જ સહજ સ્થિતિ, તે જ સમાધિ અને તે જ ભક્તિ છે.

નિષ્ઠાવાળા અને નિષ્ઠાવગરના જ્ઞાનીમાં ખાસ ફેર એ હોય છે, કે પહેલા પ્રકારના જ્યારે વાત કરે છે, ત્યારે તેમાં હું અને મારું વારંવાર આવતું નથી, એ ભાગ્યે જ સંભળાય છે. અહંકાર ગયો કે તરત જીવ–બ્રહ્મની એકતા થાય છે. બીજા પ્રકારના જે હોય છે તેમાં અહંકારની વાત બહુ આવે છે. એ કારણને લઇને બંનેની આંખમાં અને દૃષ્ટિમાં પણ ફેર હોય છે. જેને અભ્યાસ હોય તે તે જાણી શકે છે. આ બાબતમાં સાધકોને કાંઇક સમજણ પડે તેટલા માટે અહીં નિષ્ઠાવાળા એક સંતનો પરિચય આપેલો છે.

* * *

એ પણ સાથે યાદ રાખવા જેવું છે કે નિષ્ઠાવાળા સંત પુરુષો બહુ વિરલ હોય છે. તેથી એવા સંત હોય ત્યાં લોકો અગવડ વેઠીને પણ સત્સંગ માટે જાય છે. એવા બે સંત દક્ષિણમાં હતા. એક પોંડીચેરીમાં શ્રી અરવિંદ અને બીજા તિરુવન્નમલઇમાં શ્રી રમણ મહર્ષિ. બીજા એવી નિષ્ઠાવાળા સંત જરૂર હશે, પણ તે બહુ પ્રસિદ્ધ થયા નથી.

મુંબઇમાં ઘણા લક્ષાધિપતિ છે, છતાં સાધુસંન્યાસીઓને એકાંતમાં રહેવા માટે ત્યાં કોઇ સારો આશ્રમ જોવામાં આવતો નથી. એ મુંબઇ માટે

એક ખોટ છે એમ કહી શકાય. કોઈ આગેવાન આ બાબત ધ્યાન ઉપર લઈને પ્રયત્ન કરે, તો સાધુસંન્યાસીઓ ત્યાં વધારે પ્રમાણમાં આવે અને રહી શકે; અને ઘણાને આધ્યાત્મિક લાભ મળે તેવું છે. શ્રી રમણાશ્રમમાં એક ગુજરાતી બહેન સત્સંગ માટે આવ્યાં હતાં. તેમની સાથે વાતચીત થતાં એમ લાગ્યું કે બહેનો માટે પણ એવા આશ્રમની જરૂર છે. ઘણી વિધવા બહેનોને એકાંતમાં રહી ભક્તિ કરવાની ઇચ્છા થાય છે, પણ તેમને માટે એવું કોઈ સ્થળ નથી. તેઓને કુટુંબો વચ્ચે—વ્યવહારની વાતો વચ્ચે પરાણે રહેવું પડે છે. જૈનધર્મની બહેનો માટે એટલે સાધ્વીઓ માટે ઉપાશ્રય ઘણે ઠેકાણે છે, પણ વેદધર્મની બહેનો માટે એવી કોઈ સગવડ નથી. સ્ત્રીઓ એકાંતમાં ભક્તિ કરી શકે તેવા આશ્રમ તેમને માટે હોય, તો તેઓ જ્ઞાન મેળવી બીજી બહેનોને જ્ઞાન આપી શકે. ભવિષ્યની પ્રજા સ્ત્રીઓના ઉદરમાં તૈયાર થવાની છે, તેથી અધ્યાત્મવિદ્યાની જેટલી જરૂર પુરુષો માટે છે તેટલી જરૂર સ્ત્રીઓ માટે પણ છે. સમાજનું આવું એક મુખ્ય અંગ કાચું રહી જાય, તો સમાજ આગળ વધી શકે નહિ.

જેઓને કોઈ જગ્યાએ આશ્રમ કરવાની વૃત્તિ હોય તેમણે તે આશ્રમનું વાતાવરણ આધ્યાત્મિક ભાવવાળું શી રીતે રાખવું તે જાણવું હોય, તો તેને માટે શ્રી રમણાશ્રમ એ એક આદર્શ નમૂનો છે. અહીં જે રીતે આખો દિવસ શાંતિથી ગાળવામાં આવે છે, તે રીત બીજા આશ્રમોમાં દાખલ કરવા જેવી છે.

શ્રી રમણાશ્રમમાં અમે જેટલો વખત રહ્યા તેટલા વખતમાં જે સત્સંગની વાતો ત્યાં ટૂંકામાં થઈ હતી, તેનું રહસ્ય વધારે વિગતથી લખી શકાય તો તે જિજ્ઞાસુઓને વધારે ઉપયોગી થાય એવા હેતુથી આ નાનું પુસ્તક તૈયાર કરેલું છે. આ પુસ્તક કોલેજના વિદ્યાર્થીઓને પણ ઉપયોગી થાય તેવું છે.

મહર્ષિનો મુખ્ય સિદ્ધાંત અજાતવાદ છે. અજાતવાદ એટલે કાંઈ ઉત્પન્ન થયું નથી, તેથી કાંઈ બનતું નથી; કાંઈ સુધરતું નથી અને કાંઈ બગડતું નથી. આ સિદ્ધાંત વેદાંતની છેવટની ભૂમિકાનો છે. તે બરાબર

સમજાવવાવાળા થોડા સાધુઓ મળે છે અને તે બરાબર સમજવાવાળા પણ બહુ થોડા જિજ્ઞાસુઓ હોય છે. ગુજરાતમાં એવાની બહુ ખામી છે. એ સિદ્ધાંત ટૂંકમાં આ પુસ્તકના ૧૫મા પ્રકરણમાં આપેલો છે. બીજાં પ્રકરણો-માં પણ તેની ઝાંખી થઈ શકે તેવું છે. તે સમજાવવામાં કેટલાક સંસ્કૃત શબ્દો અનિવાર્યપણે વાપરવાની જરૂર પડે છે, તેથી વાંચનારાઓને કોઈ જગ્યાએ મુશ્કેલી લાગશે; પણ જો તેઓ ઉત્સાહપૂર્વક તે સમજવાની મહેનત લેશે અને જે ભાગ ન સમજાય તે માટે કોઈ જ્ઞાની પુરુષ પાસે જઈ રૂબરૂ ખુલાસો મેળવી લેશે, તો ઘણી શંકાઓ દૂર થઈ જશે.

મહર્ષિના જીવનના પરિચય માટે અને તેમના ઉપદેશ માટે અંગ્રેજીમાં, હિંદીમાં અને ગુજરાતીમાં પણ કેટલાંક પુસ્તકો પ્રસિદ્ધ થયેલાં છે અને તે 'શ્રી રમણાશ્રમ, તિરુવન્નમલઈ' એ સરનામે મળી શકે છે.

વેદાંત આશ્રમ, પોસ્ટ વલાદ,
સ્ટેશન મેદરા, પ્રાંતીજ રેલવે **સ્વામી માધવતીર્થ**

આમુખ

આ પુસ્તકની પ્રથમ બે આવૃત્તિ 'સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય' દ્વારા પ્રગટ થયેલી. ત્રીજી આવૃત્તિ ઇ. સ. ૧૯૫૯ માં વેદાન્ત આશ્રમ, વલાદ તરફથી પ્રસિદ્ધ કરેલી. ત્યાર પછી "સસ્તા સાહિત્ય" દ્વારા કે ભાવનગરના "સ્વામી શ્રી માધવતીર્થ-જ્ઞાન પ્રચાર ટ્રસ્ટ" દ્વારા આ પુસ્તકનું કોઇ સંસ્કરણ થયું છે કે કેમ તેની કોઇ ચોક્કસ માહિતી પ્રાપ્ત કરવાનું શક્ય બન્યું નથી. પ્રસ્તુત પુસ્તકના આ પુનર્મુદ્રણમાં પરિશિષ્ટમાં શ્રી રમણ મહર્ષિ વિષે એક અંગ્રેજી લેખનો ગુજરાતી અનુવાદ ઉમેર્યો છે. આથી આ પુસ્તક એ માત્ર સંસ્કરણ (Impression) નથી પરંતુ આવૃત્તિ (Edition) છે. અને તે રીતે ગણતરી કરતાં નિ:શંક આ ચતુર્થ આવૃત્તિ છે.

પહેલી, બીજી અને ત્રીજી આવૃત્તિમાં જે પ્રસ્તાવનાઓ પૂ. સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજે લખેલી તેમાંથી પહેલી અને ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના આ ચોથી આવૃત્તિમાં સમાવિષ્ટ કરી છે, બીજી આવૃત્તિની પ્રસ્તાવના સંપૂર્ણ રીતે ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં સમાવિષ્ટ હોવાથી, તેને ચોથી આવૃત્તિમાં સમાવિષ્ટ કરવાની જરૂર રહી નથી.

* * *

પૂ. સ્વામી શ્રી માધવતીર્થજીને (પૂર્વાશ્રમના શ્રી મોતીલાલભાઇને) વેદાન્ત શાસ્ત્રનું પરોક્ષજ્ઞાન સ્વામી શ્રી વામદેવતીર્થ દ્વારા પ્રાપ્ત થયું. ત્યાર પછી પીઠડીઆના સ્વામી શ્રી નિત્યાનંદજી મહારાજના સાંનિધ્ય અને સત્સંગ દ્વારા તે પરોક્ષજ્ઞાન, અપરોક્ષાનુભૂતિ કે આત્મસાક્ષાત્કારમાં પર્યવસાન પામ્યું.*

આ પછી ઇ. સ. ૧૯૪૪ ની સાલમાં સ્વામી શ્રી માધવતીર્થજી

* પ્રમાણ તરીકે (મુખ્યત્વે) આત્મકથાનો આધાર લઇ પૂ. સ્વામી શ્રી માધવતીર્થ મહારાજની આધ્યાત્મિક સાધનાના જુદા જુદા તબક્કા વિશેની, જિજ્ઞાસુ સાધકને ઉપયોગી અને બોધપ્રદ માહિતી, 'નિત્ય પ્રસાદ' પુસ્તકની ત્રીજી આવૃત્તિના 'આમુખ'માં સમાવિષ્ટ કરેલ છે.

સંદર્ભ માટે 'આત્મકથા' (આવૃત્તિ બીજી)નાં પાના નંબર ૧૬, ૧૭, ૨૫, ૨૯ થી ૩૩, ૩૬, ૪૩ થી ૪૫, ૫૨, ૭૨ થી ૭૪ તથા ૧૨૫ જુઓ.

મહારાજ શ્રી રમણ મહર્ષિ પાસે ગયા ત્યારે તેમના જીવનમાં જે વળાંક આવ્યો તેનો ઉલ્લેખ "આત્મકથા"માં પાના ૧૨૫ માં નીચે મુજબ છે. આ સંવાદમાં "સ્વામી" શબ્દ સ્વામી શ્રી માધવતીર્થજી માટે વપરાયેલ છે:-

એક પ્રસંગે સ્વામીએ શ્રી રમણ મહર્ષિને પૂછયું કે માણસ જ્યારે પ્રશ્ન પૂછે ત્યારે તે પ્રમાતાની દશામાં હોય છે.

મહર્ષિ-હા.

સ્વામી-પછી જ્યારે આપના કહેવા પ્રમાણે તે "હું"ની શોધ કરે છે ત્યારે તેને સાક્ષીનો અનુભવ થાય છે.

મહર્ષિ-હા.

સ્વામી-તે પછી દૃશ્યવર્ગનો બાધ કરીને સાક્ષી બ્રહ્મરૂપ થાય છે.

મહર્ષિ-બરાબર છે. તે બાબત ટકવા માટે નીચેની બાબત યાદ રાખવી.

निमेषार्धं न तिष्ठन्ति वृत्ति ब्रह्ममयीं विना ।
यथा तिष्ठन्ति ब्रह्माद्याः सनकादयः शुकादयः ॥*

અર્થ:-આવા જ્ઞાની પુરુષો બ્રહ્મા, સનકાદિ અને શુકદેવ વગેરેની માફક એક નિમેષ પણ બ્રહ્માકારવૃત્તિ વગર રહેતા નથી.

આ જવાબની અસર સ્વામી ઉપર એવી થઇ કે, તેમને લાગ્યું કે બહુ ફરવાનું બંધ કરીને એક જગ્યાએ રહીને બ્રહ્મનિષ્ઠા કેળવવી અને જીવન્મુક્તિનો અનુભવ અને આનંદ લેવો.

(સ્વામી શ્રી માધવતીર્થજીની "આત્મકથા" ત્રીજી આવૃત્તિ પાનું-૧૨૫)

વિસ્તારપૂર્વક ઉપરોક્ત સંવાદ, બીજા સંદર્ભમાં, આ પુસ્તકના પ્રકરણ નવમાં તેમ જ પરિશિષ્ટમાં પણ છે.

"निमेषार्धं न तिष्ठन्ति"વાળા શ્લોકના અનુસંધાનમાં સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજે શ્રી મહર્ષિને પૂછ્યું કે જો શુકદેવજી એક ક્ષણ પણ બ્રહ્માકારવૃત્તિ વગર ન રહેતા હોય તો ૧૮૦૦૦ શ્લોકનું ભાગવત-શ્રવણ પરીક્ષિતને કઇ રીતે કરાવી શક્યા? તેનો શ્રી મહર્ષિએ સૈદ્ધાંતિક રીતે

* શ્રી શંકરાચાર્ય વિરચિત "અપરોક્ષાનુભૂતિ"-શ્લોક ૧૩૪.

આપેલો ઉત્તર પરિશિષ્ટના લેખમાં છે તેમ જ આ પુસ્તકના નવમા પ્રકરણમાં એકાદ વાક્યમાં આપેલ છે.

પરંતુ તેનો પૃથક્કરણાત્મક ખુલાસો એ છે કે રાંક સાધનરૂપ બ્રહ્માકારવૃત્તિ છે. જેમાં બ્રહ્મભાવ કેળવવાની પ્રક્રિયા ચાલે છે, જેના દ્વારા દેહાત્મભાવના સંસ્કાર ક્ષીણ થાય છે. આ સાધનરૂપ બ્રહ્માકારવૃત્તિની અખંડતા વ્યવહારકાળે શક્ય નથી. આથી સ્વામી શ્રી માધવતીર્થજીના શિક્ષાગુરુ સ્વામી શ્રી વામદેવતીર્થજીનો મત છે કે અસંગત્વ વગર સર્વાત્મભાવ ન પ્રગટે. આ પુસ્તકના "જીવનમુક્તનો વ્યવહાર" એ નામના ૧૯ મા પ્રકરણમાં આ ઉલ્લેખ છે.

તે જ રીતે વૃત્તિના નિરોધરૂપ નિર્વિકલ્પ સમાધિ[૧] પણ વ્યવહારકાળે રહી શકે નહીં, કારણ અંતઃકરણની વૃત્તિનું નિર્વિકલ્પત્વ અને સવિકલ્પત્વ એક સાથે એક કાળે શક્ય નથી.[૨] પરંતુ વૃત્તિ સાથેના તાદાત્મ્ય અધ્યાસનો બાધ થતાં જે સ્વસ્વરૂપે અવશિષ્ટ રહેવું એ વૃત્તિનો ધર્મ નથી. પણ નિજાત્મસ્વરૂપની અચ્યુત સ્થિતિ છે. તેમાંથી લેશમાત્ર પણ ચ્યુત થવાનો પ્રશ્ન નથી, કારણ વૃત્તિ દ્વારા તેને પકડેલ નથી. પોતાના સ્વરૂપથી પોતે ભલા કઈ રીતે ચ્યુત થાય?—કે જે અવિકારી, અખંડ, સર્વવ્યાપક, એક ચિત્ સ્વરૂપ છે. વૃત્તિ સાથેના તાદાત્મ્ય અધ્યાસનો બાધ થાય ત્યારે આ દશા પ્રગટે છે. અધ્યાસકાળે કે ભ્રમદશામાં પણ ગમે તે કામ કરવા છતાં માણસને એવું સ્મરણ કરવું પડતું નથી કે "હું માણસ છું" અને છતાં જો તે એક ક્ષણ પણ "હું માણસ છું" તેવા જ્ઞાનથી વ્યવહારકાળે ચ્યુત થતો નથી[૩] તો પછી અચ્યુત, ચિત્ સ્વરૂપ, નિર્વિકાર અને સ્વયંપ્રકાશ એવા નિજાત્મસ્વરૂપે અવશિષ્ટ રહેતાં વૃત્તિનું તાદાત્મ્ય જ નથી તો તેમાંથી વ્યવહારકાળે ચ્યુત થવાની વાત જ કેમ સંભવે? આ સૈદ્ધાંતિક ખુલાસો સત્ય છે પણ તો પછી

૧. तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम्। પાતંજલ યોગસૂત્ર—પાદ ૧, સૂત્ર ૩.

૨. वृत्तिसारूप्यमितरत्र। પાતંજલ યોગસૂત્ર—પાદ ૧, સૂત્ર ૪.

૩. આજ બાબતનો સંકેત 'साधो सहज समाधि भली'—એ કબીરના ભજનમાંથી તેમ જ 'आत्मा त्वं गिरिजा-निद्रा समाधि स्थिति'—એ શ્લોકમાં મળે છે.

શ્લોકમાં જે વૃત્તિ શબ્દ વાપરેલ છે તેનો હેતુ (અર્થ) શું રહે?

આ બાબતમાં કંઈ પણ રજૂઆત કરવા પહેલાં એક બાબત બરોબર સ્પષ્ટ થવી ઘટે કે જ્યાં જ્યાં વૃત્તિનું અનુસંધાન લઈને ખુલાસો કરવાનો અવકાશ છે ત્યાં ત્યાં આરોપ દૃષ્ટિનો સ્વીકાર કરી જિજ્ઞાસુ સાધકને ખુલાસા કરવા માટેનો પ્રયત્ન છે, તે રીતે "निमेषार्धं વાળા શ્લોકમાં આવતા વૃત્તિ શબ્દ પર ભાર મૂકી તેનાં પ્રયોજન વિશે વિચારીએ તો સમજાય છે કે—

देहात्मज्ञानवज्ज्ञानं देहात्मज्ञान बाधकम्।
आत्मन्येवभवेद्यस्य स नेच्छन्नपि मुच्यते ॥

એટલે કે "હું દેહ છું" એવું જે દૃઢ નિશ્ચયવાળું જ્ઞાન છે તેવું જ દેહાત્મજ્ઞાનનું બાધક સ્વરૂપ નિશ્ચયરૂપ જ્ઞાન પ્રગટે તો ઈચ્છા ન હોય તો પણ તે મુક્ત થાય છે.

ઉપર કહ્યા મુજબ આરોપ દૃષ્ટિનો સ્વીકાર કરીને બોધની સ્પષ્ટતા કરવાનો (જ) અત્ર હવે પ્રયાસ છે. તો દેહાત્મજ્ઞાનમાં તો વૃત્તિવ્યાપ્તિ અને ફળવ્યાપ્તિ—બંનેનું ક્ષેત્ર છે, જ્યારે બ્રહ્માનુભૂતિમાં તો ફળવ્યાપ્તિનો પ્રશ્ન જ નથી, કારણ નિજાત્મસ્વરૂપ સ્વયંપ્રકાશ છે અને કર્તા—ભોક્તાભાવે તે અસ્પૃશ્ય કે અગ્રાહ્ય છે. આથી ફળવ્યાપ્તિ પણ ઔપચારિક છે,—પોતે જ ફળ સ્વરૂપે (અવશિષ્ટ) હોવાથી.

એટલે કહેવાનો આશય એ છે કે જેમ અધ્યાસકાળે ભ્રમદશામાં, "હું મનુષ્ય છું", "હું દેવદત્ત છું" આદિ (જ્ઞાન) નિશ્ચય વ્યવહારકાળે પણ અખંડીત રીતે અનુસ્યૂત રહે છે તે જ પ્રમાણે વૃત્તિ કે મિથ્યાજ્ઞાન સાથેના તાદાત્મ્યઅધ્યાસનો બાધ થતાં અધિષ્ઠાન સ્વરૂપે અવશિષ્ટ રહેતાં પેલો બ્રહ્માત્મૈક્યજ્ઞાન નિશ્ચય, પ્રવૃત્તિ હોય કે નિવૃત્તિ હોય તેની અપેક્ષા વિના, અખંડિત રહે છે, આ નિશ્ચયનું અબાધિતત્ત્વ તે જ વૃત્તિનું "निमेषार्धं न तिष्ठन्ति वृत्ति ब्रह्ममयीं विना"—છે.

આ જ શ્લોકના અનુસંધાનમાં પૂ. સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજે લખ્યું છે કે મહર્ષિએ જે રીતે ઉપરોક્ત શ્લોકની રજૂઆત કરી તેનાથી તેમને જીવન્મુક્તિનો અનુભવ અને આનંદ લેવાનું વલણ પ્રગટયું. પરંતુ

તેને કોઇ કૃતક બ્રહ્માકારવૃત્તિના અર્થમાં લઇ શકાય નહીં. કારણ કૃતક બ્રહ્માકારવૃત્તિ એવો અર્થ કરવામાં આવે તો કર્તવ્ય, પ્રાપ્તવ્ય, જ્ઞાતવ્ય આદિ બાકી રહેતું હોવાથી સ્વરૂપ વિશ્રાંતિરૂપ જ્ઞાન નિશ્ચય જ કેમ સંભવે? +

પરંતુ, અહીં જીવન્મુક્તિનો સવિશેષ આનંદ કે જે લૌકિક–વૈદિક સર્વ-વ્યાપારથી વિશ્રાંત થયેલા અંતઃકરણમાં સહજ રીતે પ્રતિફલિત થાય છે અને છતાં ભોક્તાસ્વરૂપે ગ્રહણ થવાની ક્ષમતાથી રહિત છે, કારણ કોઇ ગ્રાહક–ભોક્તાભાવરૂપ અધ્યાસનો અભાવ છે–તેનો ઉલ્લેખ છે.

વ્યવહારકાળે સ્વરૂપનિશ્ચય અને સ્વરૂપસ્થિતિ અવિચળ હોવા છતાં, સત્તાસ્ફૂર્તિરૂપ નિજાનંદનો સવિશેષ પ્રત્યય અંતઃકરણની વૃત્તિમાં પ્રતિફલિત થવાનો કે પ્રગટવાનો અવકાશ વ્યવહારના અનુસંધાનને કારણે મળતો નથી. પરંતુ જ્ઞાનનિશ્ચય થયા પછી જો નિવૃત્તિ પરાયણ રહેવામાં આવે તો વિશ્રાંત અંતઃકરણમાં જે બ્રહ્માત્મૈક્ય નિશ્ચયની સવિશેષ સ્ફૂર્તિ પ્રતિફલિત થાય છે તેને માટે "નિષ્ઠા", "જીવન્મુક્તિનો આનંદ" વગેરે શબ્દ સંકેત કરવામાં આવે છે.

આને કારણે જ ચોથી, પાંચમી, છઠ્ઠી એમ ભૂમિકાભેદના તારતમ્યનું વર્ણન શાસ્ત્ર–ગ્રંથોમાં રજૂ કરેલ છે. આનંદ અને નિષ્ઠાના તારતમ્ય છતાં મુક્તિમાં કોઇ તારતમ્ય નથી એ નિર્વિવાદ છે. કારણ મુક્તિને અંતઃકરણ-ના સવિશેષ પ્રત્યય સાથે સંબંધ નથી પણ તાદાત્મ્ય અધ્યાસની નિવૃત્તિ થતાં મુખ્ય સામાન્યાધિકરણ્ય દ્વારા અવશિષ્ટ રહેતી સ્વરૂપ વિશ્રાંતિ સાથે સંબંધ છે.

આથી જ જ્યાં એમ જણાવ્યું છે કે "જીવન્મુક્તિ અને વિદેહમુક્તિને

+ **अणुमात्रेऽपि वैधर्म्ये जायमानेऽविपश्चितः ।**
असङ्गता सदा नास्ति किमुतावरणच्युतिः ॥ ९७ ॥

(માણ્ડૂક્ય–કારિકા–અલાતશાંતિપ્રકરણ)

જો (આત્માથી) ભિન્નત્વવાળા પદાર્થની રજ જેટલી પણ ઉત્પત્તિનો ભાવ પ્રગટતો હોય, તો તેવા વિવેકબુદ્ધિહીન મનુષ્યને અસંગત્વ કોઇ પણ કાળે ન હોઇ શકે, ત્યાં (માયાના) આવરણથી મુક્ત થવાનો તેવાને માટે પ્રશ્ન જ ક્યાં રહે છે?

વિરોધ નથી પણ જીવન્મુક્તિ અને પ્રવૃત્તિને વિરોધ છે,"[૧] ત્યાં જીવન્-મુક્તિનો અર્થ અંતઃકરણમાં પ્રતિફલિત થતા જીવન્મુક્તિના સવિશેષ આનંદ-ની વાત છે તેમ જ સ્વીકારવું પડે. કારણ–

जीवतो यस्य कैवल्यं विदेहे स च केवलः ।
यत्किञ्चित्पश्यतो भेदं भयं ब्रूते यजुः श्रुतिः ॥ ३२९ ॥

(શ્રી વિવેકચૂડામણિ)

જેને જીવતાં જ મુક્તપણું પ્રાપ્ત થયું હોય તે જ દેહના ત્યાગ પછી (વિદેહ) મોક્ષનો ભાગી [થાય છે.] [બ્રહ્મમાં] થોડો પણ ભેદ જોનારને [જન્મ મરણાદિરૂપ] ભયની [પ્રાપ્તિ] યજુર્વેદની શ્રુતિ કહે છે. (૩૨૯)

અને જીવન્મુક્તિને પ્રવૃત્તિ સાથે વિરોધ છે તેનો અર્થ જ્ઞાની કે જીવન્-મુક્ત પ્રવૃત્તિ ન કરી શકે તેવો કરો તો જનકાદિને જ્ઞાની કે જીવન્મુક્ત કહી શકાય નહિ. જે હકીકતથી તેમ જ શાસ્ત્રથી વિરુદ્ધ છે અને યુક્તિયુક્ત પણ નથી, આથી જીવન્મુક્તિના સવિશેષ આનંદનો જ સંકેત અત્રે લેવો પડે.

શ્રી મહર્ષિના સાંનિધ્યમાંથી જે આધ્યાત્મિક વાતાવરણની અસર પ્રગટે છે તેનું આ આમુખમાં જ્યાં સ્પષ્ટીકરણ કર્યું છે ત્યાં તેને અંતઃકરણના માધ્યમ દ્વારા પ્રતિફલિત થતા સવિશેષ આનંદ અને પ્રભાવની આ બાબત લાગુ પડે છે માટે તે સ્પષ્ટીકરણ વાંચતી વેળા આ સંદર્ભ યાદ રાખવો ઘટે.

આ સમગ્ર ચર્ચાનો સાર આ મુજબ છે. મૂળ પ્રશ્નમાં એ ગર્ભિત છે કે જો બ્રહ્માકારવૃત્તિ એ અંતઃકરણનો ધર્મ હોય તો ભાગવત–શ્રવણાદિ કરાવતી વખતે તેની અખંડિતતા કેમ રહી શકે? સૈદ્ધાંતિક રીતે જવાબ એ આપેલ છે કે વૃત્તિ સાથેના તાદાત્મ્ય અધ્યાસના નિરસન દ્વારા કેવળ નિજાત્મ સ્વરૂપે અવશિષ્ટ રહેતાં શરીરગત વ્યવહાર કે વૃત્તિ સાથેના કોઇ સંબંધથી પોતાને સાંકળવાની શક્યતા જ નથી. તેથી વૃત્તિને કરણ તરીકે લઇ બ્રહ્માકાર રાખવાની એ વાત નથી. એ વાત સાધન દશામાં જ શક્ય છે. આત્માની અપરોક્ષાનુભૂતિ સ્વરૂપે જ જે અવશિષ્ટ છે તે પછી બ્રહ્માકારવૃત્તિ કરવાને અસમર્થ છે. કેમકે વૃત્તિ સાથેનું તાદાત્મ્ય અધ્યાસરૂપ અનુસંધાન

---

૧. જુઓ "નિત્ય પ્રસાદ" પ્રકરણ સાતમું–"જીવન્મુક્તિ અને વિદેહ-મુક્તિ" પાનું ૧૫૭, આવૃત્તિ ત્રીજી.

પોતે જ આવરણનું કારક છે. તેવી કૃતક વૃત્તિ પ્રગટાવનાર કર્તાનો અભાવ છે. તેથી જ તે કૃતકૃત્ય કહેવાય છે. આથી સ્વરૂપજ્ઞાનના નિશ્ચયરૂપ જે બ્રહ્માત્મૈક નિશ્ચય તેની અખંડિતતા, વ્યવહાર કરવા છતાં તિરોહિત થતી નથી, કે જાગૃત, સ્વપ્ન સુષુપ્ત્યાદિ અવસ્થા સાથે (અનુસ્યૂત હોવા છતાં) સંકળાતી નથી. તેટલું જ કહી શકાય. છતાં બોધ માટે વૃત્તિ વિશેષ એવો અર્થ લઇએ તો આરોપ દૃષ્ટિને અનુલક્ષીને આગળ કરેલો ખુલાસો પ્રતીતિકર જણાય છે.

* * *

પરિશિષ્ટમાં મૂકેલ લેખ વિષે હવે માહિતી આપી તે લેખમાંથી ઉદ્ભવતા બે–ત્રણ પ્રશ્ન વિષે ખુલાસો કરવો જરૂરી છે તેથી તે બાબત હવે જોઇએ.

શ્રી રમણાશ્રમ તરફથી શ્રી મહર્ષિની હયાતીમાં જ ઇ. સ. ૧૯૪૬ ની સાલમાં એક સુવર્ણ–જયંતિ મહોત્સવ ગ્રંથ (Golden Jubilee Souvenir) અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થયેલો. સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજનો, શ્રી રમણ મહર્ષિ વિષેનો એક લેખ તેમાં પ્રસિદ્ધ થયેલો. તે અંગ્રેજી લેખ તથા તે લેખનું ગુજરાતી ભાષાંતર આ ચોથી આવૃત્તિમાં પરિશિષ્ટ તરીકે ઉમેરેલ છે.

તે લેખમાં આવતા કેટલાક મુદ્દાઓ આ પુસ્તકની પહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં તેમ જ પ્રકરણ ૨, ૩, ૮, ૯, ૧૫ માં શાસ્ત્રીય પદ્ધતિથી રજૂ કર્યા છે. પરંતુ લેખમાં જે રીતે તેની રજૂઆત થઇ છે તેમાં શ્રી મહર્ષિના અનુભવનું તથા નિષ્ઠાનું સામર્થ્ય પ્રતિબિંબિત થાય છે. એટલું જ નહિ, પણ તેમાં જે એકસૂત્રતા છે તેવી એકસૂત્રતા પુસ્તકમાં તે મુદ્દા વિષય વિભાગવાર અત્ર–તત્ર વહેંચી નાખેલ હોવાથી,–પ્રગટતી નથી; અને પરિણામે અખંડતામાંથી જે ધ્વનિ પ્રગટે તેવી અસર તેમાં નથી. તો બીજે પક્ષે પુસ્તકમાં તેની રજૂઆત શાસ્ત્રીય પ્રમાણ સાથેની હોવાથી તુલનાત્મક અને શાસ્ત્રસંગત રીતે તેને કઇ રીતે સમજી શકાય તેની પદ્ધતિ અને માહિતી મળે છે. તેની આ અગત્યતા અને ઉપયોગીતા વિશેષ પ્રકારની છે. આથી કદાચ કોઇ મુદ્દાનું બંને સ્થળે પુનરાવર્તન થતું હોય તો પણ બંનેનું સ્વતંત્ર મહત્ત્વ રહે જ છે, અને તેથી જ લેખનો પુસ્તકમાં સમાવેશ કરવો જરૂરી જણાયો છે.

આ લેખમાં સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજના 'માયા'નામના અંગ્રેજી પુસ્તક વિશે શ્રી રમણ મહર્ષિના અભિપ્રાયનો ઉલ્લેખ છે. તે બાબતમાં શ્રી મહર્ષિએ જણાવેલું કે તેમણે તે પુસ્તક વાંચ્યું છે અને તેમાં જે ભિન્ન દેશમાં રહેલા બે દૃષ્ટાની પૂર્વધારણા છે[1] તે અસ્વીકાર્ય છે. કારણ દેશ–કાળ મિથ્યા હોવાથી એક કરતાં વધારે સાચા દૃષ્ટાની શક્યતા જ નથી.

આ બાબતનો સ્વીકાર કરતાં સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજ લેખમાં લખે છે કે "માયા વિષેના દૃષ્ટિકોણને રજૂ કરવામાં મેં જે ક્ષતિ કરી છે તેને હું તુરત જ સમજી શક્યો." અને આગળ જણાવે છે કે, "મારા

૧. જુઓ–અંગ્રેજી પુસ્તક 'માયા', પ્રકરણ ૨, પાનું ૩૯ જેમાં આગળ લખે છે :

(1) Einstein has clearly shown that time and space dimensions are different for different observers moving with different velocities. (પ્રકરણ ૨, પાનું ૩૯–૪૦) ઉપરાંત પ્રકરણ ૧, ૨, ૩ માં અનેક દૃષ્ટાનો ઉલ્લેખ નીચે મુજબ છે.

(2) In each mass phenomina where many observers are in the same condition, the statistical laws appear all the more clearly (પ્રકરણ ૧, પાનું ૧૪).

(3) Nothing that varies for different observers can be fundamentally true. (પ્રકરણ ૧, પાનું ૧૫).

(4) Relativity abandons the absolute character of space and time measurements and makes them dependent on each observer. (પ્રકરણ ૨, પાનું ૨૩).

(5) The second is that the velocity of light in free time–space appears the same to all observers regardless of the relative motion of the source of light and the observer. (પ્રકરણ ૩, પાનું ૫૫)

(From : "Maya". By Swami Madhavtirtha, First Edition).

પુસ્તકમાં હું દર્શાવી શક્યો હોત કે એક ચોક્કસ દેશકાળના માપથી બે દૃષ્ટા જુદા પડે છે તેવી જે પૂર્વધારણા છે (કે જે બધા જ વૈજ્ઞાનિકોએ 'સ્વીકૃત સત્ય' તરીકે સ્વીકારેલી છે) અને સાપેક્ષવાદ દ્વારા પ્રસ્થાપિત કરાયેલ છે તે પોતે જ કઇ રીતે આપણા ઇંદ્રિયજન્યજ્ઞાનની વારસામાં મળેલી તમામ પ્રકારની અધૂરી સમજરૂપ છે."—વગેરે.

પરંતુ આ જ મુદ્દા પરત્વે રમણ મહર્ષિના આ પુસ્તકના 'બ્રહ્માકારવૃત્તિ' નામના નવમાં પ્રકરણમાં "અનેક દૃષ્ટા"ના ઉલ્લેખને 'ક્ષતિ' તરીકે નહિ સ્વીકારતા "ભૂલ કાઢવા માટે કલ્પેલા છે" તેવો ખુલાસો કરેલ છે.

"અનેક દૃષ્ટાના" ખુલાસારૂપે રજૂ કરેલાં બંને વિધાનો વચ્ચે આવો તફાવત કેમ તેવો પ્રશ્ન કોઇ તત્પર જીજ્ઞાસુને ઉદ્‌ભવે તો તેનું સમાધાન આ પ્રમાણે છે :

(૧) આરોપ દૃષ્ટિનો આધાર લઇ અનેક દૃષ્ટાનો ઉલ્લેખ કરેલ છે. આથી સૈદ્ધાંતિક રીતે એક જ દૃષ્ટા છે તે સત્ય હોવા છતાં દૃષ્ટાંતથી સમજાવતી વેળા અનેક દૃષ્ટાનો ઉલ્લેખ કરેલ છે.

(૨) સાપેક્ષવાદ ગણિતદ્વારા દૃશ્ય પદાર્થનું કે જગતનું સાપેક્ષત્વ સિદ્ધ કરે છે. તેથી એ માત્ર યૌક્તિક બાધ છે. વૈજ્ઞાનિકો કે જેમને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ નથી તેમને સાક્ષી કે અધિષ્ઠાનનો ખ્યાલ ન હોય તેથી તેમાં અનેક દૃષ્ટાનો (પ્રમાતાઓનો) ઉલ્લેખ જોવા મળે છે. પ્રાત્યક્ષિક બાધ થયા સિવાય કે શાસ્ત્રાભ્યાસ વિના અનેક દૃષ્ટા, (પ્રત્યભિજ્ઞા,)—વગેરેનો ખ્યાલ સ્પષ્ટ રીતે દૂર થતો નથી.

(૩) દૃશ્યનો દૃષ્ટા કે જેને વેદાંતમાં પ્રમાતા કહે છે તેને માટે અંગ્રેજીમાં સામાન્ય રીતે Observer શબ્દ વપરાય છે. આ પ્રમાતા પ્રમાણની (અંતઃકરણની) વૃત્તિથી દૃશ્યને જુએ છે. સાક્ષી માટે સામાન્ય રીતે અંગ્રેજીમાં Witness શબ્દ વપરાય છે. સાક્ષી અવિદ્યાની વૃત્તિથી અવસ્થાને જુએ છે. આથી આખી અવસ્થા સાક્ષી ભાસ્ય છે. આ સાક્ષી દૃષ્ટા (Witness) એક જ છે.

જ્યારે પ્રમાતા દૃશ્યનો દૃષ્ટા (Observer) છે, પણ દૃશ્યનો સાક્ષી

(Witness) નથી. કારણ સાક્ષી રાગ–દ્વેષાદિ દ્વંદ્વથી રહિત હોય છે. છતાં જ્યાં પ્રમાતાનું તાટસ્થ્ય છે તેવો ઉલ્લેખ હોય ત્યાં તે વ્યાવહારિક સત્તાનું સાપેક્ષ તાટસ્થ્ય હોય છે, નિરપેક્ષ નહિ તેથી પ્રમાણની વૃત્તિથી પ્રમેયને જોતો કે નિહાળતો પ્રમાતા, પ્રમેયનો સાક્ષી [1]નથી પણ વ્યાવહારિક સત્તાનો અર્થાત્ સમસત્તાનો દૃષ્ટા એટલે કે Observer છે. જ્યાં સુધી પ્રમાતાને એટલે કે Observer ને દૃશ્યના ક્ષેત્રમાં ન મૂકો ત્યાં સુધી તત્ત્વજ્ઞાનમાં જેને સાક્ષી કે Witness કહે છે તેનો ખ્યાલ સ્પષ્ટ થતો નથી. પ્રમાતાનું 'દૃશ્યત્વ' સાક્ષીદ્વારા જ શક્ય છે.[2] ઉપર કહ્યું તેમ જ્યાં પ્રમાતાના તાટસ્થ્યનો મુદ્દો હોય ત્યાં તે તાટસ્થ્ય સમસત્તાક હોવાથી સાપેક્ષ છે. જ્યારે સાક્ષીનું તાટસ્થ્ય વિષમ સત્તાક હોવાથી નિરપેક્ષ છે, અને આ 'સાક્ષિત્વ' પણ આરોપ દૃષ્ટિથી છે. આ આરોપનો અપવાદ યૌક્તિક, શાસ્ત્રીય અને પ્રાત્યક્ષિક એમ ત્રણ રીતે સ્પષ્ટ કરી શકાય છે, યૌક્તિક બાધ તર્ક સાથે સંકળાયેલો હોવાથી (મુખ્યત્વે) પંડિતોનો વિષય છે, શાસ્ત્રીય બાધ શ્રદ્ધાળુ કે આસ્તિકના ક્ષેત્ર પૂરતો મર્યાદિત છે; અને પ્રાત્યક્ષિક બાધ મુક્તિનો હેતુ હોવાથી અનુભવ સાથે સંકળાયેલો છે. આ પ્રાત્યક્ષિક બાધનું પર્યવસાન અધિષ્ઠાનમાં થતું હોવાથી અપરોક્ષ આત્મસાક્ષાત્કાર સ્વરૂપ છે. વેદાંતમાં આ બાધની સ્પષ્ટતા મુખ્ય સામાનાધિકરણ્ય અને બાધ સામાનાધિકરણ્યની પ્રક્રિયાથી સમજાવવામાં આવે છે. અત્રે એ લક્ષમાં લેવું ઘટે કે યૌક્તિક બાધ કે શાસ્ત્રીય બાધની માત્ર માહિતી મેળવી લેવાથી પ્રમાતાની હદ ઓળંગાઇ જતી નથી. બાધ સામાનાધિકરણ્ય થયા સિવાય મુખ્ય સામાનાધિકરણ્ય થઇ શકે નહિ. નિષ્કામ અંતઃકરણવાળા જીજ્ઞાસુને શ્રવણ–મનન નિદિધ્યાસન દ્વારા શાસ્ત્રીય બાધ કે યૌક્તિક બાધ પ્રાત્યક્ષિક બાધમાં પર્યવસાન પામતાં મુક્તિનો હેતુ બની શકે પણ જો યૌક્તિક બાધ કે શાસ્ત્રજ્ઞાનની માત્ર માહિતી મેળવવામાં આવે અને પછી જો અભિમાન વધી જાય તો—

૧. કારણ પ્રમાતા અંતઃકરણની (પ્રમાણની) વૃત્તિથી દૃશ્યને જુએ છે તેથી તે દૃશ્યનો સાક્ષી થઇ શકે નહિ.

૨. સાક્ષી અવિદ્યાની વૃત્તિદ્વારા અવસ્થાનો દૃષ્ટા છે. જેમાં પ્રમાતા પણ અવસ્થાનો જ ભાગ હોવાથી દૃશ્યકોટિમાં જાય છે.

वाग्वैखरी शब्दझरी शास्त्रव्याख्यानकौशलम् ।
वैदुष्यं विदुषां तद्वद्भुक्तये न तु मुक्तये ॥ ५८ ॥

(શ્રી વિવેકચૂડામણિ, શ્લોક ૫૮)

આવી રીતે [બોલવામાં આવતી] વૈખરી વાણી, શબ્દોનો પ્રવાહ, શાસ્ત્ર વ્યાખ્યાનનું કુશલપણું [ને લૌકિક] વિદ્વાનોની વિદ્વત્તા [આ સઘળું આ લોકના] ભોગને માટે [થાય છે,] પણ મોક્ષને માટે [થતું] નથી.

—આ સ્થિતિ પ્રગટે છે.

આ બધી વિગત સમજવાથી એ સ્પષ્ટ થશે કે શ્રી રમણ મહર્ષિ એક જ દૃષ્ટાનો સિદ્ધાંત રજૂ કરે છે. ત્યાં સાક્ષી દૃષ્ટાની એટલે કે Witnessની વાત છે. પૂ. સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજ અનેક દૃષ્ટાનો ઉલ્લેખ કરે છે તે, દૃશ્યના દૃષ્ટા પ્રમાતા એટલે કે જેને Observer કહે છે તેની વાત છે. અનેકત્વ પ્રમાતાની દશામાં (આરોપ દૃષ્ટિએ) શક્ય છે.

આથી સાક્ષી દૃષ્ટા માટે Witness અને પ્રમાતા દૃષ્ટા માટે Observer આમ બંને પારિભાષિક શબ્દોનો યથોચિત ઉપયોગ અભિવ્યક્તિમાં દરેક વખતે દરેક સ્થળે જો થયો હોય [1]અને વાંચન કરતી વખતે વાચકમાં તેની સ્પષ્ટતા હોય તો કોઈ વિસંવાદ કે વિરોધને અવકાશ નથી.

આથી પૂ. સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજે પરિશિષ્ટના લેખમાં 'ક્ષતિ'નો કરેલો સ્વીકાર કે પછી રમણમહર્ષિના આ પુસ્તકમાં "અનેક દૃષ્ટાનો ઉલ્લેખ ભૂલ કાઢવા માટે છે" તેવો કરેલો ખુલાસો એ ખરેખર બચાવ માટે કે વિરોધાભાસરૂપે રજૂ થયેલાં મંતવ્યો નથી. દૃષ્ટાંતમાં અનેક દૃષ્ટાની વાત પ્રમાતાના (Observer) ક્ષેત્રની છે. એક જ દૃષ્ટાની મહર્ષિની વાત સાક્ષી (Witness)ના ક્ષેત્રની છે. આથી અહીં રજૂ કરેલો ખુલાસો પારિભાષિક શબ્દોના યથોચિત ઉપયોગનો ખ્યાલ ન રહેવાથી ઉદ્‌ભવેલી શંકા અને તેના સમાધાનરૂપ છે.

૧. આ બાબત ભાષાકીય સજ્જતા અને તેના યથોચિત વિનિયોગ સાથે સંકળાયેલી છે. મન–વાણીથી પર એવો આત્માનુભૂતિનો ભાષાદ્વારા સંકેત કરવા જતાં ભાષાકીય મર્યાદા અને સામર્થ્ય–બંનેનો ખ્યાલ રાખીને રજૂઆત કરવી જરૂરી બને છે. આ સામર્થ્ય અને મર્યાદા શબ્દની પસંદગી, પદોનો યથાયોગ્ય વિનિયોગ અને વાક્યરચનાની સ્પષ્ટતા સાથે સંકળાયેલ છે. શબ્દ-ની ત્રણ શક્તિને અભિધા, લક્ષણા અને વ્યંજના કહે છે. વેદાન્ત શાસ્ત્રમાં લક્ષણાનો ખૂબ ઉપયોગ થાય છે. કારણ બ્રહ્મ અપ્રમેય હોવાથી ઈન્દ્રિય–પ્રમાણનો અવિષય છે. અને તેથી તેનો બોધ લક્ષણાથી સંકેતદ્વારા આપવા-ની પદ્ધતિ છે. જેથી તેને દૃશ્યરૂપે કે પ્રમાણ દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય તત્ત્વ છે તેમ ભૂલથી કોઈ માની ન બેસે.

શ્રી મહર્ષિ પદાર્થાભાવિની સ્થિતિમાં રહેતા હોવાથી તેમને માટે દૃશ્ય પ્રપંચનું અસ્તિત્વ દૃષ્ટાની માન્યતાથી ભિન્ન નથી અને ખરો દૃષ્ટા સાક્ષી (Witness) એક જ હોવાથી માત્ર એક જ સત્તા છે. તેથી તેઓ જે અનેક દૃષ્ટાનો નિષેધ કરે છે તે તેમની સ્વાભાવિક આત્મિક દશામાંથી થતું ફલિત વિધાન છે.

સ્વપ્નકાળે પ્રતીત થતા અનેક દૃષ્ટા (Observers)માં માત્ર સ્વપ્ન સાક્ષી (Witness) જ ખરો દૃષ્ટા છે અને તે એક જ છે, બીજા અનેક દૃષ્ટા (Observers) તો સ્વપ્ન અંતર્ગત દૃશ્યરૂપ છે. સ્વપ્નમાંથી જાગે ત્યારે સ્વપ્ન સાક્ષી (Witness) જાગે છે, સ્વપ્ન દૃષ્ટાઓ (Observers) એટલે કે તેમાં ખેલનારા પ્રમાતાઓ જાગતા નથી કારણ તે બધા જ પ્રમાતા દૃષ્ટાઓ (Observers) એક સાક્ષી (Witness)ના મિથ્યાજ્ઞાનને આધારે પ્રતીત થતા હોય છે. એટલે કે સ્વપ્નના દૃશ્ય પદાર્થો જેમ જાગૃતિમાં આવી શકતા નથી તેમ સ્વપ્નના અનેક પ્રમાતા દૃષ્ટા (Observers) પણ જાગી શકતા નથી. માત્ર સ્વપ્ન સાક્ષી (Witness) જ જાગૃતિમાં આવે છે. આ સ્વપ્નસાક્ષી (Witness) આખી સ્વપ્ન અવસ્થાનો એટલે કે પ્રમાતા–પ્રમાણ–પ્રમેયના સંઘાતરૂપ ક્ષેત્રનો સાક્ષી છે, પણ પ્રત્યેક દૃશ્યનાં દૃષ્ટા થવાની જે પ્રક્રિયા સ્વપ્નકાળે ચાલે છે (Process of Observation) તે પ્રક્રિયા સાથે સંકળાયેલ પ્રમાતા દૃષ્ટા (Observer) રૂપ સાક્ષી દૃષ્ટા (Witness) નથી.

તો બીજી તરફ સ્વપ્નના પદાર્થ જોનાર પ્રમાતા–દૃષ્ટા (Observer) સ્વપ્નનો સાક્ષી (Witness) નથી પણ સ્વપ્ન દૃષ્ટા (Observer) હોવા છતાં સ્વપ્નનો ભાગ છે. પણ સ્વપ્ન અવસ્થામાં સ્વપ્નના આ પ્રમાતા દૃષ્ટા (Observer) અને સ્વપ્નસાક્ષી (Witness) વચ્ચે તે બંને જુદા છે તેવો

ભેદ કે તફાવત તાદાત્મ્ય અધ્યાસને કારણે પારખી શકાતો નથી. અને તેવો ભેદ માત્ર જાગૃત થતાં જ સ્પષ્ટ થાય છે; અને તે વખતે સ્વપ્નના અનેક દૃશ્યો અને અનેક દૃષ્ટાઓ કે જેમાં પોતાનું પણ એક રૂપ સ્વપ્નના પ્રમાતા–દૃષ્ટા (Observer) તરીકે હતું–તે સહિત બધું જ સ્વપ્નનો ભાગ હતો તેમ સમજાય છે.

અહીં સમજવા જેવી બાબત એ છે કે સ્વપ્નમાં પ્રતીત થતા અન્ય માણસોમાં "દૃષ્ટાપણું" નથી કારણ તે બધા માત્ર સ્વપ્નનાં દૃશ્યનો જ ભાગ છે. છતાં સ્વપ્નકાળે તે દૃશ્યરૂપે પ્રતીત થતા અન્ય માણસોમાં "દૃષ્ટાપણું" ભાસે છે. હકીકતમાં જેને સ્વપ્નું આવ્યું છે તે એક પ્રમાતા–દૃષ્ટાની મિથ્યા કલ્પના દ્વારા કેવળ પ્રતીત થતા અન્ય દૃશ્ય પદાર્થોની જેમ જ બીજા દૃષ્ટા–પ્રમાતા પણ સ્વપ્નમાં પ્રગટેલા દૃશ્યરૂપે જ છે. આમ જેને સ્વપ્નું આવ્યું છે તે એક પ્રમાતા દૃષ્ટા અને બીજો આખી સ્વપ્ન અવસ્થાનો સાક્ષી દૃષ્ટા (Witness) છે. તે બંનેમાં તફાવત એ છે કે જેને સ્વપ્નું આવ્યું છે તે પ્રમાતા દૃષ્ટા જોવાની અને અનુભવવાની (Seeing and Feeling) આમ બે પ્રક્રિયા સાથે સંકળાય છે જ્યારે સાક્ષી માત્ર જોવાની પ્રક્રિયા સાથે સંકળાય છે. અત્રે એ સ્પષ્ટ થવું જરૂરી છે કે અનુભવવામાં કર્તા–ભોક્તા-ભાવ અનુસ્યૂત હોય છે. તેમાં સાક્ષીનું 'સાક્ષિત્વ' માત્ર ક્ષેત્રને જોવાની (Seeing) પ્રક્રિયા સાથે સંકળાય છે, અનુભવવાની (Feeling) પ્રક્રિયા સાથે નહિ. અને તેથી જાગૃત અવસ્થા પ્રગટે છે ત્યારે એ સ્પષ્ટ થાય છે કે સ્વપ્ન પ્રમાતાનું દૃષ્ટાપણું, કર્તા–ભોક્તાપણું અને સ્વપ્નનો દૃશ્ય પ્રપંચ આ બધું માત્ર સાક્ષી ભાસ્ય હતું અને ખરું દૃષ્ટાપણું માત્ર સાક્ષીમાં જ હતું; બાકી બધું પ્રમાતા–પ્રમાણ–પ્રમેયરૂપે અનુભવાતું આખું ક્ષેત્ર એ મિથ્યા-જ્ઞાનને આધારે પ્રતીત થતું દૃશ્યમાત્ર હતું. આથી આ સંદર્ભમાં સાક્ષી જ માત્ર ખરો દૃષ્ટા છે કે જે એક જ છે.+

+ સ્વપ્ન પ્રપંચનો આ ખુલાસો જાગ્રત–પ્રપંચને લાગુ કરવાથી વેદાન્તના વિવર્તવાદના કેટલાક મુદ્દા સમજવામાં સરળતા થાય તેમ છે.

શ્રી શંકરાચાર્ય વિરચિત શ્રી દક્ષિણામૂર્તિ સ્તોત્રપર શ્રી સુરેશ્વરાચાર્યનું 'માનસોલ્લાસ'નામનું વાર્તિક છે. વાર્તિકનો જે નવમો શ્લોક છે તેમાં જાગ્રત –પ્રપંચ અને સ્વપ્ન–પ્રપંચની સમાનતા દર્શાવતો નીચે જણાવેલો શ્લોક

આ જ પ્રમાણે અનેક દૃષ્ટા કે જેને શાસ્ત્રમાં પ્રમાતા કહે છે અને અંગ્રેજીમાં (Observers) કહે છે તેને જે દૃશ્યો દેખાય છે તેનો વિચાર સાપેક્ષવાદમાં (કરેલો) છે. પણ તેના સાક્ષી (Witness)નો વિચાર એ સાપેક્ષવાદનો વિનિયોગ (Relativity applied to philosophy) તત્ત્વ-જ્ઞાન સાથે કરો ત્યારે જ સ્પષ્ટ થાય છે. એ વિષય ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્ર-નો નથી પણ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રનો છે. આથી વૈજ્ઞાનિકોના અનેક દૃષ્ટાઓ તે પ્રમાતા દૃષ્ટાઓ (Observers) છે, સાક્ષી દૃષ્ટા (Witness) નથી. આ બાબત સ્પષ્ટ થાય તો વૈજ્ઞાનિકો અનેક દૃષ્ટા શા કારણથી માને છે અને એક દૃષ્ટા સાક્ષી (Witness) ને કેમ સમજી શકતા નથી તેની સ્પષ્ટતા થઇ શકશે.

હકીકત આમ હોવાથી સ્વામી શ્રી માધવતીર્થજીનાં પુસ્તકોમાં જ્યાં જ્યાં અનેક દૃષ્ટાની વાત આવે ત્યાં પ્રમાતા દૃષ્ટા (એટલે કે Observers) સમજવાથી અને જ્યાં એક જ દૃષ્ટા સાચો છે તેમ ઉલ્લેખ હોય ત્યાં સાક્ષી–દૃષ્ટા (Witness) નો ઉલ્લેખ છે તેમ સમજવાથી વિષય નિરૂપણમાં ઊભી થતી શંકા કે પ્રશ્નોને અવકાશ નહિ રહે. પરંતુ દૃષ્ટા શબ્દના આ બે અર્થનો શબ્દભેદ જો સ્પષ્ટ નહિ હોય તો પ્રશ્નો તેમ જ ગૂંચવણ પ્રગટશે. પૂ. સ્વામી શ્રી માધવતીર્થજી લિખિત સાપેક્ષવાદનું નિરૂપણ કરતાં પુસ્તકો વાંચતી વખતે તત્ત્વજિજ્ઞાસુ વાચકે આ બાબત ખાસ યાદ રાખવી જરૂરી છે.

આ બાબત ગૂઢ નહીં હોવા છતાં અત્યંત ગહન છે. તેની ગહનતા માત્ર બૌદ્ધિક સમજ, તાર્કિક વિશ્લેષણ, કે ભાષાકીય સ્પષ્ટતાને સ્પર્શવા પૂરતી જ મર્યાદીત નથી. પરંતુ અનુભવને માર્ગે જવા માટે તેની જે ઉપયોગીતા અને અનિવાર્ય મહત્તા છે તેને સ્પર્શે છે. તેનું વિશ્લેષણ અને સ્પષ્ટીકરણ ઘણો વિસ્તાર માગી લે, જે આ આમુખનો વિષય પણ નથી

ઉપરોક્ત ખુલાસારૂપ ચર્ચાને માટે શાસ્ત્રપ્રમાણરૂપ છે.

स्वप्ने स्वान्तर्गतं विश्वं यथा पृथगिवेक्ष्यते।
तथैव जाग्रत्कालेऽपि प्रपञ्चोऽयं विविच्यताम् ॥ ९ ॥

અર્થઃ–જેવી રીતે સ્વપ્ન અંતર્ગત રહેલું જગત જાણે કે બહાર હોય તેમ જણાય છે તેવી જ રીતે જાગ્રતકાળનો (જગત) પ્રપંચ પણ (પોતાની અંદર જ હોવા છતાં બહાર હોય તેમ) ભાસે છે.

અને આમુખની પૃષ્ઠ મર્યાદામાં પણ નથી. છતાં એટલું કહેવું જરૂરી છે કે જો પ્રમાતા દૃષ્ટા અને સાક્ષી દૃષ્ટાની સ્પષ્ટતા હોય તો અનુભવને માર્ગે સાચે રસ્તે આગળ વધવામાં આડી આવતી ખોટી માન્યતાઓથી, ભ્રમણાઓથી અને માર્ગચ્યુત થવાથી બચી શકાય છે.

એવો પ્રશ્ન પણ થઈ શકે કે જો એક જ દૃષ્ટા સત્ હોય અને અન્ય સર્વ મિથ્યા હોય તો પછી મહર્ષિના સાન્નિધ્યમાંથી આધ્યાત્મિક અસર મળે છે તેવા વિધાનની શક્યતા, ઉપયોગીતા કે ઉલ્લેખનો શું અર્થ રહેશે?

પ્રત્યુત્તર એ છે કે જેણે તર્કથી કે બૌદ્ધિક માન્યતાથી 'એક જ દૃષ્ટા સત્ છે અને બીજું મિથ્યા છે' તેમ સ્વીકાર્યું હોય અને છતાં પોતે આત્મ-સ્વરૂપની અનુભૂતિથી વંચિત હોય તેને જ આવો પ્રશ્ન ઉદ્‌ભવવાની શક્યતા છે. કારણ સ્વાનુભવથી ઉપરોક્ત સિદ્ધાંતનો સ્ફોટ થયો હોય તો પછી પ્રશ્ન કરનાર અને ઉત્તર આપનાર અવશિષ્ટ રહેતા નથી. છતાં અત્રે ઉલ્લેખ કર્યા મુજબની સ્થિતિમાંથી પ્રશ્ન પ્રગટ્યો હોય તો શબ્દગોચર કે વાક્યાર્થગોચર થયેલું જ્ઞાન અનુભવગોચર કરવા માટે આવા વાતાવરણની ઉપાદેયતા છે જ. પૂ. સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજમાં આ વાતાવરણથી અને 'निमेषार्धं'વાળા શ્લોકની અસરથી બહુ ફરવાનું બંધ કરી જીવન્મુક્તિનો આનંદ લેવાનું વલણ થયું તે પણ આવા આધ્યાત્મિક વાતાવરણની ઉપા-દેયતા સૂચક અનુભવક્ષેત્રનું પ્રમાણ છે.

આટલી પ્રાથમિક સ્પષ્ટતા કર્યા પછી ઉત્તરના સંદર્ભમાં આગળ જણા-વવાનું કે, સામાન્ય સત્‌રૂપે આત્મા જગતનો આધાર છે અને તેની સત્તા માત્રથી સર્વ કાંઇ પ્રકૃતિ કાર્ય કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે. એટલે આત્માનું સામાન્ય સદ્‌રૂપ સંસારનું બાધક નથી પણ સત્તા આપનાર છે. પરંતુ આત્માનું અધિષ્ઠાનસ્વરૂપ સંસારનું બાધક છે. આથી દેહાત્મભાવના સંસ્કારવાળા વાતાવરણમાં દ્વૈતની અનુભૂતિ અને આવર્તન આખરે રાગ-દ્વેષના કલુષિત વાતાવરણમાં પરિણમે છે.

તેથી ઊલટું જે સંત કેવળ નિર્વિશેષ આત્મસ્વરૂપે જ અવશિષ્ટ છે અને નિવૃત્તિ પરાયણ હોવાને કારણે જેનું અંતઃકરણ સર્વ સંકલ્પ-વિકલ્પથી સહજ રીતે વિશ્રાંતિ પામી ગયું છે તેવા સંતના અંતઃકરણમાં સ્વરૂપ સ્ફૂર્તિનો જે પ્રભાવ પ્રગટે છે તે જિજ્ઞાસુના અંતરમાં વિશેષ ભાવરૂપે રહેલા

દેહાત્મભાવના સંસ્કારોનો ક્ષય કરી સાક્ષીને પ્રગટ થવાનો અવકાશ આપે છે, જે અંતે દૃઢ થતાં આત્મસાક્ષાત્કારમાં પર્યવસાન પામે છે. આમ સંસાર-ની વિશેષ અસર સામે આધ્યાત્મિક વિશિષ્ટ અસરની ઉપાદેયતા અને ઉપયોગીતા છે.

સંસાર દશામાં વ્યક્તિની વિશેષતા કોઇ વિષય વિશેષ સાથે અંતઃકરણ-ના અનુસંધાનદ્વારા પ્રાવીણ્ય મેળવતાં પ્રગટે છે. શ્રી મહર્ષિની વિશેષતા વિષય વિશિષ્ટ નથી પણ નિર્વિશેષ સહજ સ્વરૂપે વિશ્રાંતિ સ્વરૂપની છે. અંતઃકરણ[1] સાથેના તાદાત્મ્ય અધ્યાસનો બાધ થતાં નિર્વિશેષ સ્વરૂપે અ-વશિષ્ટ રહેવું એ સત્-ચિત્-આનંદસ્વરૂપ છે. સત્ એ સત્તાસ્ફૂર્તિરૂપ છે, ચિત્ એ જ્ઞાનરૂપ છે, આનંદ એ નિર્વિશેષ સ્વરૂપ છે, તેમાં કર્તા-ભોક્તા-ભાવનો બાધ છે. અંતઃકરણમાં તેનો વિશેષ સ્ફોટ એ કર્તાભાવને પ્રગટાવવા સમર્થ નથી કારણ કર્તૃત્વ-ભોક્તૃત્વ-અધ્યાસની નિવૃત્તિ થયા સિવાય આ સ્થિતિ પ્રગટતી નથી. વિશ્રાંત અંતઃકરણમાં તેની સવિશેષ સ્વરૂપે સ્ફૂર્તિ કે પ્રત્યય એ નિષ્ઠાની વિશેષ અસર દર્શાવે છે. લૌકિક તેમ જ વૈદિક વ્યાપાર-થી (પ્રવૃત્તિથી) વિરમી ગયેલા નિઃસંકલ્પ અંતઃકરણમાં આવી વિશેષ સ્ફૂર્તિ પ્રાદુર્ભૂત થાય છે. તે અસર સાંસારિક વિશેષ ભાવોનું ઉન્મૂલન કરવાને સમર્થ છે. શ્રી મહર્ષિના સાંનિધ્યમાં ચિત્તને જે આધ્યાત્મિક પ્રસાદ (પ્રસન્નતા) મળે છે તેની પ્રક્રિયાનું આ રહસ્ય છે.

"રમણ મહર્ષિ"ના આ પુસ્તકનાં 'નિષ્ઠાની અસર' નામના બીજા અને "આધ્યાત્મિક વાતાવરણ"નામના ત્રીજા-પ્રકરણમાં શ્રી મહર્ષિના સાન્નિધ્યમાંથી પ્રાપ્ત થતી નિષ્ઠાની આ અસર વિષે વિશેષ માહિતી આપી છે. તેમાં બીજા પ્રકરણમાં દિક્ષાદ્વારા આધ્યાત્મિક અસર ભાવિકોમાં સંક્રાંત કરવાની જે શાસ્ત્રગત પદ્ધતિ છે તેના સંદર્ભમાં મહર્ષિની આધ્યાત્મિક અસરને સમજાવેલ છે. તદુપરાંત પૂ. સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજને પોતાને મહર્ષિની આત્મનિષ્ઠાનો જે અનુભવ રમણાશ્રમમાં મહર્ષિના સાન્નિધ્યમાં થયો તેની વિશેષ માહિતી પરિશિષ્ટના લેખમાં છે. ત્યાં રેડિયો-ના દૃષ્ટાંત દ્વારા આ અસર કઇ રીતે સંક્રાંત થાય છે અને કઇ રીતે ઝીલી શકાય છે તે સ્પષ્ટ કર્યું છે.

૧. પારિભાષિક રીતે 'મિથ્યાજ્ઞાન' કે 'અવિદ્યા' સાથેના.

આ બાબતમાં એક ખુલાસો કરવો જરૂરી છે કે મહર્ષિમાંથી જે અસર પ્રગટે છે તે કોઈ શક્તિપાતની પ્રક્રિયારૂપે કર્તાને આધારે થતી વિશેષ પ્રવૃત્તિ-રૂપ નથી. પણ નિઃસંકલ્પ અંતઃકરણમાં પ્રતિફલિત થતી સહજ બ્રહ્માનુભૂતિ-ની સવિશેષ સ્ફૂર્તિરૂપ છે. આથી તાંત્રિકો, માંત્રિકો, યોગિઓ કે સિદ્ધો જે વિશેષ અસર સાધકને શક્તિપાતદ્વારા કે સંકલ્પથી કરે છે તેવી મન કે ચિત્ત ઉપર પ્રક્રિયા કરનારી આ અસર નથી. પણ મનની હદમાંથી અને મનની સાથેના પોતાના તાદાત્મ્યભાવને શિથિલ કે ક્ષીણ કરનારી આ અસર છે. આથી આમાં વ્યક્તિ વિશેષની સક્રિયતા નહીં પણ વ્યક્તિ વિશેષભાવનું સહજભાવમાં થયેલું સંપૂર્ણ વિગલન અને તેમાંથી પ્રગટતી સ્ફૂર્તિ આ અસર નિષ્પન્ન થવાનું નિમિત્ત છે, કે જે વ્યક્તિને વ્યક્તિંભાવમાંથી મુક્ત કરી વ્યાપકભાવ તરફ લઈ જવામાં સહાયક છે. આથી વ્યક્તિ વિશેષના સંબંધમાં ક્રિયાત્મક, ભાવાત્મક કે સંકલ્પાત્મક ક્ષેત્ર દ્વારા પ્રગટતી આ પ્રક્રિયા નથી એવું નમ્ર મંતવ્ય સ્પષ્ટ થવું ઘટે.[૧]

શ્રી મહર્ષિમાંથી પ્રગટતી નિષ્ઠાની આ સવિશેષ સ્ફૂર્તિ કે અસર, અગાઉ જણાવ્યું તેમ, સાધકના અંતઃકરણના સવિશેષ કર્તા–ભોક્તાભાવ-ને શાંત કરવાનું અને તેવા સંસ્કારોને ક્ષીણ કરવાનું સામર્થ્ય ધરાવે છે. આ અસરને ઝીલવા કે તેની સાથે તાદાત્મ્ય સાધવા માટે વિતરાગની જેટલી માત્રા પોતાનામાં વધુ તેટલે અંશે સાધક આ અસર વધુ ઝીલી શકે છે. [૨]અથવા વિતરાગ વ્યક્તિ વિશેષ સાથેનો સવિશેષ નિષ્કામ અનુરાગ [૧]પણ આ અસર ઝીલવા માટે સામર્થ્ય આપી શકે છે. સાધકની કક્ષા મુજબ આમાં તારતમ્ય રહે છે. કારણ અસર અંતઃકરણના માધ્યમથી ઝીલાય છે. તેથી આ અને આવા વાતાવરણની અનુભવને માર્ગે આગળ વધવા માટે જે ઉપયોગીતા અને મહત્તા છે તે સમજી શકાશે. છતાં સકામ લોકો આવા વાતાવરણમાંથી પણ આધ્યાત્મિક લાભ મેળવવાને બદલે તેને કામના પૂર્તિનું સાધન બનાવવા પ્રેરાતા હોય છે. તેમને તેમના ભાવ પ્રમાણે ફળ મળી શકે.

* * *

નિષ્ઠાનો પ્રાદુર્ભાવ, તેને ઝીલવાની પ્રક્રિયા, તેની ઉપાદેયતા અને તેની મહત્તા વિશે વિસ્તૃત પૃથક્કરણ રજૂ કર્યા પછી હવે, સાધકને પક્ષે આત્મ-સાક્ષાત્કાર માટે પુરુષાર્થ ક્ષેત્રે શું કરવું ઘટે તે વિષે શ્રી મહર્ષિનું મંતવ્ય જોઈએ. શ્રી રમણગીતાનો નીચેનો શ્લોક આ બાબતમાં કર્તવ્યબોધ, સાધન-બોધ અને 'સાધ્ય'નું સ્વાનુભૂતિમાંથી પ્રગટેલું વર્ણન–રજૂ કરે છે.

हृदयकुहरमध्ये केवलं ब्रह्ममात्रं-
ह्यहमहमिति साक्षादात्मरूपेण भाति ।
हृदिविशमनसास्वं चिन्वता मज्जता वा
पवनचलनरोधादात्मनिष्ठो भवत्वम् ॥

અર્થઃ–હૃદયગુફાની મધ્યમાં કેવળ બ્રહ્મ જ "અહં, અહં" તરીકે સાક્ષાત્ આત્મરૂપે વિલસી રહ્યું છે. તેની શોધ કરતાં કરતાં એકાગ્ર મન

૧. અહીં સાહજિક અસર વિશે જે ખુલાસો કર્યો તે યથાર્થ છે. છતાં માતુશ્રીનો અંતકાળ નજીક આવ્યો ત્યારે તેમના હૃદયપર હસ્ત મૂકી વિશેષ અસર સંક્રાંત કરવાની શ્રી મહર્ષિએ કરેલી પ્રક્રિયા કે પછી તેવી જ રીતે એક પ્રાણીપર પણ કરેલી પ્રક્રિયા–જેવા ગણ્યાગાંઠયા (છતાં મહત્ત્વના–કિસ્સાની ગણના અપવાદરૂપ દાખલામાં (Exceptions) થઈ શકે. અલબત્ત આવા કિસ્સામાં પણ ઉપાદાન કારણ જ નિમિત્તને સક્રિય બનાવતું હોય છે. ઉદા-હરણ તરીકે શ્રી પરીક્ષિત રાજાને શ્રી શુકદેવજીએ કરાવેલું ભાગવત શ્રવણ.

૨ શ્રી મહર્ષિએ જ્યાં નિવાસ કરેલો તે સ્કંદાશ્રમમાં, વિરૂપાક્ષગુફામાં, જે ખંડમાં તેઓશ્રી વર્ષો સુધી રહ્યા તે ખંડમાં તેમ જ તેમના સમાધિ મંદિર વગેરે સ્થળે થોડા દિવસો મૌનમાં રહી ગાળવાથી ઉત્કટ ભાવિકોને હજી પણ આ અસરની પ્રતીતિ કે ઝાંખી, આજે જ્યારે શ્રી મહર્ષિ સદેહે હાજર નથી ત્યારે પણ, થઈ શકે છે. સંનિષ્ઠ ભાવિકોમાનાં ઘણાખરાનો આ અનુ-ભવ છે.

તે જ રીતે સૌરાષ્ટ્રમાં જેતપુર પાસે આવેલા પીઠડીયા ગામમાં સ્વામી શ્રી નિત્યાનંદજીની સમાધિકુટિર છે. તેમ જ મહારાષ્ટ્રમાં આણંદી ગામમાં જ્ઞાનેશ્વર મહારાજના સમાધિ મંદિર પાસે પ્રવચન ખંડ છે. આ બંને સ્થાન-માં હજી પણ વિશિષ્ટ આધ્યાત્મિક વાતાવરણની અસર થાય છે, તેવો શ્રદ્ધાળુ ભાવિકોમાંના ઘણાનો અનુભવ છે.

૧. वितरागविषयं वा चित्तम् । પાતંજલ યોગદર્શન, પાદ ૧, સૂત્ર ૩૭.

કરી, મજ્જન કરી, અથવા પ્રાણનો નિરોધ કરી તું હૃદયમાં પ્રવેશ કર અને આત્મનિષ્ઠ થઈ જા.

શ્રી રમણગીતાનો ઉપરોક્ત એક જ શ્લોક શ્રી મહર્ષિના શ્રી મુખેથી નિકળ્યો હતો. રમણ મહર્ષિના આ પુસ્તકમાં તેનો ઉલ્લેખ તથા આ શ્લોકના પ્રથમ ચરણનું વિસ્તૃત વિવેચન "હૃદયાકાશમાં પ્રકાશનો અનુભવ" નામના આઠમા પ્રકરણમાં, તેમ જ પરિશિષ્ટના લેખમાં છે.

શ્લોકના પહેલા ચરણમાં આત્માનુભૂતિના સ્વરૂપ પ્રકાશનો ભાષાકીય સંકેત છે. અને બીજા ચરણમાં તે અનુભવ પ્રગટ કરવાના સાધનનો ઉલ્લેખ છે. તેમાં ત્રણ સાધનમાર્ગનો નિર્દેશ છે. જ્ઞાન, ભક્તિ અને પ્રાણાયામાદિ (યોગ). વિદ્વાન્ શાસ્ત્રજ્ઞ શ્રી કાવ્યકંઠ ગણપતિ મુનીએ પણ ઉપરોક્ત બીજા ચરણનું આ જ અર્થઘટન કર્યું છે.

પરંતુ આ એક જ શ્લોકનાં અર્થઘટનનું વિવેચન કરતું અંગ્રેજી ભાષામાં લખાયેલું 'એક શ્લોકી' નામનું એક નાનું પુસ્તક શ્રી રમણાશ્રમ તરફથી થોડા વર્ષ અગાઉ પ્રગટ કરવામાં આવ્યું છે. તેમાં શ્લોકના બીજા ચરણના અર્થઘટનમાં એમ સાબિત કરવા પ્રયાસ કર્યો છે કે શ્રી મહર્ષિ માત્ર, "હું કોણ?"ના વિચાર માર્ગપર ભાર મૂકતા હોવાથી તે એકનો જ આત્મ-સાક્ષાત્કારના સાધન તરીકે આ શ્લોકમાં ઉલ્લેખ છે. અને ભક્તિ તથા યોગ એ બે બીજા માર્ગો આ વિચારમાર્ગમાં અનુગત હોવાથી તેને સ્વતંત્ર સાધન-માર્ગ તરીકે ગણવા એ મહર્ષિની પદ્ધતિને અનુરૂપ અર્થઘટન નથી. તેથી શ્લોકનું બીજું ચરણ "ત્રણ માર્ગ" નહીં પણ માત્ર "વિચાર માર્ગ"ને જ આત્મસાક્ષાત્કારના સાધન તરીકે સૂચવે છે. આ જ અર્થઘટન યુક્તિયુક્ત હોવાથી સ્વીકારવા યોગ્ય છે તેવું મંતવ્ય "એકશ્લોકી"ના લેખકોનું છે.

શ્રી મહર્ષિએ જાતે જ રચેલા આ શ્લોકમાં અનુભૂતિની નક્કરતા, સ્પષ્ટતા અને ધ્યેય પ્રાપ્તિના ત્રિવિધ માર્ગનો નિર્દેશ કરતું સ્પષ્ટ સૂચન છે.

તો બીજી તરફ મહર્ષિના ઉપદેશનો આધાર ટાંકી તર્કદ્વારા "માત્ર વિચાર માર્ગનો" જ સંકેત આ શ્લોકચરણમાં છે તેવું મંતવ્ય "એક શ્લોકીના" લેખકોનું છે. આ બાબત કોઈ ચર્ચા કરવાનું અત્રે પ્રયોજન નથી, કારણ શ્રી મહર્ષિ 'आत्मनिष्ठोभवत्वम्'પર ભાર મૂકે છે.

છતાં હૃદયના અંતઃસ્તલને સ્પર્શતાં અને ભક્તિભાવમાં તરબોળ કરતાં

શ્રી મહર્ષિ રચિત શ્રી અરુણાચલ પંચસ્તોત્રો કે જેમાં ભક્તના વિરહની, સમર્પણની અને મિલનની હૃદયસ્પર્શી ભાવોર્મિઓ ઉદ્‌ગારરૂપે પ્રગટ થઈ ગઈ છે તેના દ્વારા; તેમ જ સાધન પરત્વે નહીં પણ સાધ્ય પર જ લક્ષ્ય રાખવાનો તેમના ઉપદેશમાં આવતો અત્ર-તત્ર[1] ઉલ્લેખ-આ બધા મુદ્દાને લક્ષમાં લેતાં; શ્રી કાવ્યકંઠ ગણપતિમુનિએ કરેલું 'ત્રિવિધ સાધન માર્ગ'નું અર્થઘટન પ્રતીતિકર જણાય છે.

આ શ્લોકના અર્થઘટનની ચર્ચાથી વિરમી જઈએ તો પણ આત્મ-સાક્ષાત્કારના ધ્યેય માટે જ તૈયારી કરી રહેલા જિજ્ઞાસુ સાધકને માટે એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે જે ઉત્સાહ, જે નિષ્ઠા, જે પુરુષાર્થ અને જે મહત્તા સાધનદ્વારા સાધ્યને પ્રાપ્ત કરવા માટે હોવાં ઘટે તે બધું જ્યારે માત્ર સાધન સાથે સાંકળી દેવાય અને સાધ્ય તરફ ગૌણ વલણ પ્રગટતાં સાધનને જ પ્રાધાન્ય આપી તેના પ્રચાર તરફનું વલણ પ્રગટે ત્યારે આ "સાધન આગ્રહ" સાંપ્રદાયિક "વાડાબંધી" અને સંકુચિતતામાં સરકી પડે છે.

અલબત્ત દૃઢતા, અનન્યભાવ, નિષ્ઠા, નિશ્ચલતા અને શ્રદ્ધા આદિ સાધકના આંતરિક જીવનમાંથી પ્રગટતા ખૂબ જરૂરી એવા ભાવાત્મક અને અભિગમાત્મક ઉપાદાનરૂપ ઘટક તત્ત્વો છે કે જેના રચનાત્મક (Constructive) ઉપયોગથી સાધનામાં સ્થિરતા, અખંડિતતા અને ભાવ સાતત્ય જળવાઈ રહેતાં સાધના 'જીવંત' બને છે અને જીવન 'સાધના' બને છે.

પરંતુ ચિત્તમાં રહેલા કોઈ દોષને કારણે આ ઘટક તત્ત્વો જ્યારે વિપરીત કે વિકૃત સ્વરૂપ ધારણ કરે ત્યારે 'દૃઢતા' એ આગ્રહો રૂપે, અનન્યભાવ એ વ્યાપકભાવને બદલે સંકુચિત 'વાડાબંધી' સ્વરૂપે, નિષ્ઠા એ નિર્મમત્વને બદલે મમતાના સંકુચિત ક્ષેત્ર સ્વરૂપે, નિશ્ચલતા એ જડતા કે અક્કડતા રૂપે અને શ્રદ્ધા એ વિવિધ માન્યતા કે તરંગ સ્વરૂપે પ્રગટવા લાગે છે. મેળવેલી સિદ્ધિ કે જાણે અજાણે તેની થયેલી પ્રસિદ્ધિ મારફત આવું વલણ પ્રવેશી ન જાય તેની જાગૃતિ રાખવી સાધક માટે ખૂબ જરૂરી છે.

---

૧. શ્રી રમણાશ્રમ તરફથી પ્રગટ થયેલાં–'તત્ત્વબોધ', 'આત્માનુ-સંધાન', 'રમણ વાણી', 'Self Realisation'–વગેરે પુસ્તકોમાં શ્રી મહર્ષિ-નાં આ બાબતનાં સ્પષ્ટ મંતવ્યો રજૂ થયાં છે. જિજ્ઞાસુ સાધકને આ બાબત-માં વિશેષ માહિતી આ પુસ્તકોમાંથી મળી શકશે.

પ્રચ્છન્ન અહંકારમાંથી પ્રગટતી દાંભિકતા, ખુશામતખોરી, ને સદ્‌ગુણો કે નમ્રતાના વેષ્ટનમાં પોતાનું અસ્તિત્વ ટકાવવા અને છૂપાવવા યથાશક્ય પ્રયત્ન કરતું સૂક્ષ્મ અભિમાન—આ બધાથી ખૂબ ખૂબ સાવધાન રહેવું ઘટે.

સાધનાને ખરા અર્થમાં ભગવદ્ અર્પણ કરવામાં પ્રતિબંધરૂપ અને 'ચિત્તપ્રસાદ'ના પ્રાગટ્યને અવરોધક એવા આ બધા દુર્ગુણો જ આંતરિક વિક્ષેપને ટકાવી રાખનાર કારણ છે. આંતરિક જીવનમાં સાહજિકતાથી પ્રવેશી જતા, સામાન્ય સ્વરૂપે ટકી રહેતા અને દૈનિક જીવનમાં વણાઈ જતા આ દુર્ગુણોને પારખવાની અને દૂર કરવાની સૂઝ, આંતરિક ઈશ્વર શરણાગતિ વગર દુષ્કર કે દુર્લભ છે. કારણ આ દુર્ગુણો સદ્‌ગુણનો વેશ ધારણ કરી, આવડતની વિશેષતા પ્રદર્શીત કરીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખતા હોય છે.

તેથી આગળ જણાવેલા શ્રદ્ધા, ભાવના, વિવેકબુદ્ધિ આદિ ઉપાદાનરૂપ ગુણો તેના વિકૃત નહીં પણ વિશુદ્ધ સ્વરૂપે પોતાના અંતઃકરણમાં પ્રગટાવવા અને ધારણ કરવા એ સાધક માટે અનિવાર્ય રીતે જરૂરી એવી પ્રાથમિક બાબત છે.

અન્યથા, પેલી કહેવત મુજબ "જો પાણી કૂવામાં જ ન હોય તો અવેડામાં ક્યાંથી આવે?"—તે જ પ્રમાણે—સાધકમાં જો આ ગુણો ન પ્રગટ્યા હોય કે ન ધારણ થયા હોય તો આ ગુણોના વિનિયોગપૂર્વક સાધના કરવાનું સાધક માટે શક્ય જ કેમ બને? અને તેના અભાવમાં સાધનામાં સ્થિરતા, શ્રદ્ધા, અખંડીતતા, ભાવ પ્રાગટ્ય તેમ જ ભાવ સાતત્ય કેમ જળવાઈ રહે?

તો હવે વિચારણીય મુદ્દો એ ઉપસ્થિત થયો કે આ ગુણો વિશુદ્ધ સ્વરૂપે પોતામાં પ્રગટાવવા માટે અને ધારણ કરવા માટે સાધકે શું કરવું ઘટે?

આ સંદર્ભમાં શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં અત્ર—તત્ર અનેક ઉપાયો બતાવ્યા છે. પરંતુ કોઈ પણ માર્ગના સાધકો માટે પાયારૂપે મહત્ત્વ ધરાવતા મુદ્દા (ઉપાયો)નો ઉલ્લેખ (તેના) બીજા અધ્યાયના ૬૬ મા શ્લોકમાં તથા ૧૭ મા અધ્યાયના બીજા અને ત્રીજા શ્લોકમાં છે. તેની વિષે જરૂરી એવું સ્પષ્ટીકરણ ટૂંકમાં જોઈએ.

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम्॥ २/६६*

(ગીતા અધ્યાય બીજો, શ્લોક ૬૬)

યુક્ત એટલે જેણે ઈન્દ્રિયોનો સમ્યક્ રીતે સંયમ કર્યો છે તે અને અયુક્ત એટલે જેણે ઈન્દ્રિયોનો સંયમ કર્યો નથી તે.

આથી જેણે ઇંદ્રિયોનો સંયમ કર્યો નથી કે બીજા શબ્દોમાં જેણે ઇંદ્રિયો જીતી નથી તેવી વ્યક્તિમાં નથી હોતી વિવેકબુદ્ધિ કે નથી હોતી ભાવના.

બુદ્ધિ એ નિશ્ચયતત્ત્વનું ઘટક છે. અને 'ભાવના' એ લાગણીનું વિશુદ્ધ સ્વરૂપ છે.

જ્યારે લાગણીમાં રહેલા સ્વકેન્દ્રિત રાગ—દ્વેષાદિ પક્ષપાતી વલણો ક્ષીણ થાય છે ત્યારે 'લાગણી' 'ભાવના' સ્વરૂપે પ્રગટે છે અને વહે છે.

તે જ રીતે ઇંદ્રિય સંયમ હોય તો જ (વિવેક) બુદ્ધિ પ્રગટે છે.

શાસ્ત્રાભ્યાસદ્વારા કે સત્સંગદ્વારા માહિતીરૂપે મેળવેલ 'વિવેકજ્ઞાન' 'વિવેકબુદ્ધિ'રૂપે (પ્રસ્થાપિત કરી) પ્રગટાવી શકાય તો જ 'વિવેકયુક્ત' નિર્ણય લઈ શકાય છે, કારણ નિર્ણય લેવાનું કાર્ય બુદ્ધિદ્વારા થાય છે, અને (તેથી) બુદ્ધિક્ષેત્રગત છે. અન્યથા, કર્તવ્ય નિર્ણય લેનાર બુદ્ધિમાં વિવેકજ્ઞાનનું પ્રાગટ્ય નહીં હોય તો માહિતીરૂપે મેળવેલ 'વિવેકજ્ઞાન' કાર્યક્ષમ નહીં જ બને. કારણ બુદ્ધિરૂપે વિવેકજ્ઞાન પ્રગટ્યું નહીં હોવાથી નિર્ણયો રાગ—દ્વેષવાળા અને અવિવેકયુક્ત જ રહેશે. આમ શાસ્ત્રજ્ઞાન હોવા છતાં જીવન અને જીવન જીવવાનો અભિગમ અવિવેકી જેવો જ રહેશે.

આ શ્લોકમાંથી નિષ્પન્ન થતા અર્થ પ્રમાણે (વિવેક) બુદ્ધિ અને 'ભાવના' ઇંદ્રિય સંયમથી પ્રગટે છે.

અને 'ભાવના' હોય તો જ શાંતિ પ્રગટે છે અને શાંત ચિત્ત હોય તો જ સુખ કે પ્રસન્નતા પ્રગટે છે.

આથી બુદ્ધિ અને લાગણીને તેના વિશુદ્ધ સ્વરૂપે પ્રગટાવવા માટે

* નિષેધમુખી પદ્ધતિથી રજૂ થયેલા શ્લોકના અર્થને વિધિમુખી પદ્ધતિથી અત્રે રજૂ કરેલ છે.

ઇંદ્રિયસંયમ જરૂરી છે.*

લાગણી શ્રદ્ધા સાથે સંકળાયેલી છે. જે ભૂમિકાની કે કક્ષાની લાગણી હોય તે જ ભૂમિકાની શ્રદ્ધા હોય છે.

ગીતાના ૧૭ મા અધ્યાયમાં જણાવ્યું છે કેઃ–

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥ ३ ॥

(દરેકની) શ્રદ્ધા તેના અંતઃકરણની કક્ષા કે સ્થિતિને અનુસરતી હોય છે. આ પુરુષ (દરેક વ્યક્તિ) શ્રદ્ધામય છે. અને જેની જેવી શ્રદ્ધા હોય તેવો જ તે હોય છે.

આ શ્રદ્ધા ત્રણ પ્રકારની છે.

त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा।
सात्त्विकी राजसी चैव तामसी चेति तां शृणु ॥ १७/२

જીવની પ્રકૃતિગત (સંસ્કાર અનુસાર) આ શ્રદ્ધા સાત્ત્વિક, રાજસિક અને તામસિક એમ ત્રણ પ્રકારની હોય છે.

આમાંથી સાત્ત્વિક શ્રદ્ધા ભગવાનના સગુણ કે નિર્ગુણ એમાંથી કોઇ પણ સ્વરૂપ સાથે ઐક્ય સાધવા માટે સ્વાભાવિક વલણ ધરાવે છે.

રાજસિક શ્રદ્ધા સાંસારિક વિષયો સાથે ઐક્ય સાધવાનું સ્વાભાવિક વલણ ધરાવે છે. અને તમોગુણી શ્રદ્ધા સાંસારિક ભોગોને ગ્રહણ ધારણ કરી નિષિદ્ધ રીતે પણ તેની સાથે ઐક્ય સાધવાનું વલણ પ્રગટાવતી હોય છે.

ઉપરોક્ત શ્લોકોના આધારે સાધકને પોતાની આધ્યાત્મિક સાધના કરવા માટેની તૈયારી માટે ક્ષમતા પ્રાપ્ત કરવા બે સાધનોનો નિર્દેશ મળે છે.

(૧) ઇંદ્રિય સંયમ દ્વારા–(अ) માહિતીરૂપે મેળવેલું 'વિવેકજ્ઞાન',– નિશ્ચયરૂપે કે 'વિવેકબુદ્ધિ'રૂપે પ્રગટાવવું કે જેથી તે વિવેકજ્ઞાન કાર્યક્ષમ બને. (ब) 'લાગણી'ને 'ભાવના'ના વિશુદ્ધ સ્વરૂપે પ્રગટાવવી કે ફેરવવી.

* वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ગીતા. અ. ૨, શ્લોક ૬૧.
તથા इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधियते।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥ ગીતા. અ. ૨, શ્લોક ૬૭.

'લાગણી'નું 'ભાવના સ્વરૂપે'નું આ પ્રાગટ્ય શાંતિ અને ચિત્તપ્રસાદથી પ્રગટતા આંતરિક સુખ–સંવિત્તિમાં પરિણમતાં ઈન્દ્રિયજન્ય બાહ્યસુખની લોલુપતા, વિષયો પ્રાપ્ત હોવા છતાં પણ, થતી નથી.

(૨) એ જ રીતે રાજસિક કે તામસિક શ્રદ્ધાને વિશુદ્ધ સાત્ત્વિક શ્રદ્ધા સ્વરૂપે પ્રગટાવવા પુરુષાર્થ કરવો જરૂરી છે. તે માટે સત્ત્વગુણ વધે તેવા ઉપાયો કરવા ઘટે. ગીતાના ૧૭ મા અધ્યાયમાં બતાવેલા ઉપાયોને ચૌદમા અધ્યાયમાં બતાવેલી પદ્ધતિ મુજબ સમજીને તે ઉપાયોમાંથી પોતાની કક્ષા, રુચિ અને પરિસ્થિતિ મુજબના ઉપાયોનું જ્યાં હોઈએ ત્યાંથી જ જીવનમાં વણવાનું શરૂ કરી દેવાય તો રાજસિક કે તામસિક ભાવોનું સંમાર્જન થઈને વિશુદ્ધ સાત્ત્વિક સ્વરૂપે શ્રદ્ધાનું અંતઃકરણમાં (–અને તેથી જીવનમાં–) પ્રાગટ્ય શક્ય બને.

'અનન્યભાવ' કે 'સંપૂર્ણ શરણાગતિ' પ્રગટે તો ઉપરોક્ત બધાં તત્ત્વો આપોઆપ અંતરમાં પ્રાદુર્ભૂત થાય છે. પણ તે માટે જે અસમર્થ છે તેમને સાર્વજનિક રીતે શ્રદ્ધાદિગુણો પ્રાપ્ત કરવાના ઉપાયોનો અત્રે ઉલ્લેખ છે કે જેનું આચરણ સાધકને માટે સરળ, સહજ અને જ્યાં હોય ત્યાં જ કરવાનું છે અને કરી શકાય તેવું છે.

પરંતુ નિવૃત્તિ પરાયણ સાધક માટે તો દીનતાપૂર્વક અનન્યભાવે ઈશ્વર શરણાગતિપૂર્વકની નિષ્કામભાવે થતી કોઈપણ સાધના–કે–અવિચ્છિન્ન આત્મચિંતન,–આમાંથી પોતાની કક્ષા અને રુચિને અનુરૂપ કોઈપણ સાધનાનું અનુશીલન ધ્યેયપ્રાપ્તિ માટે પર્યાપ્ત છે.

ધાર્મિક કે આધ્યાત્મિક ક્ષેત્રે પોતાની જાતને સાંકળ્યા પછી પણ ચિત્તગત અશુદ્ધિ કે કેટલાંક સ્વભાવગત અવરોધક વલણો કેવી સહજરીતે ધર્મ અને અધ્યાત્મનું રૂપ ધારણ કરી પ્રચ્છન્ન રીતે (પ્રગટી) સાધકની પ્રગતિ કે ઉન્નતિને અવરોધતાં કે વિમાર્ગગામી બનાવતાં હોય છે તથા તેમાંથી બચવા અને સાચી રીતે આધ્યાત્મિક માર્ગે જવા માટે શું ઉપાય કરવા જરૂરી છે તેના વિશ્લેષણની રજૂઆત અત્રે સાધકના અનુલક્ષમાં કરી. હવે બાકી રહી 'સાધન' અને સાધ્યની વાત.

અત્રે એ સ્પષ્ટ થવું જરૂરી છે કે સાધના વિષેની કોઇ પણ પ્રક્રિયાને વેદાંતના હાર્દ સાથે સાંકળી શકાય નહિ. કારણ વેદાંતશાસ્ત્રની પ્રતિજ્ઞા

"तत्त्वमस्यादि વાક્યાર્થબોધનું પર્યવસાન તત્ત્વનિષ્ઠામાં છે"—તે સિદ્ધાંતમાં રહેલું છે. આથી સાધનાની તમામ બાબતો સાધકના ચિત્તમાં રહેલી અશુદ્ધિ કે જે તેને શ્રવણમાત્રથી સાક્ષાત્કાર થવાની ક્ષમતાથી વંચિત રાખે છે; તે અશુદ્ધિઓને નિવૃત્ત કરવાના ઉપાયરૂપે સૂચવેલ પ્રક્રિયારૂપ છે.

છતાં આ સાધના પણ બે પ્રકારની છે.

એક અંતઃકરણ સાથે તાદાત્મ્ય શરૂ રાખીને થતી સાધના અને બીજી તે તાદાત્મ્યને છોડાવવાની પ્રક્રિયા સાથે સંકળાયેલી સાધના.

તેમાં આ બીજા પ્રકારની સાધનાઓ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ભૂમિકા તૈયાર કરીને સ્વાભાવિક રીતે પોતે શમી જાય કે છૂટી જાય તેવી પ્રક્રિયારૂપ હોવાથી તેનો ઉલ્લેખ આત્મજ્ઞાનનાં અવાંતર સાધનો તરીકે શાસ્ત્રગ્રંથોમાં છે.

'હું કોણ?'ની શોધ કરવાની શ્રી મહર્ષિજીએ ચીંધેલી પ્રક્રિયા, વેદાંત-શાસ્ત્ર નિર્દિષ્ટ 'સાક્ષીભાવ' કેળવવાની પ્રક્રિયા, દૃશ્યાનુવિદ્ધ કે શબ્દાનુવિદ્ધ સમાધિના પ્રકારો, શ્રવણ—મનન—નિદિધ્યાસનની પ્રક્રિયા—અથવા આવા પ્રકારની કોઈપણ એક સાધન—પ્રક્રિયાદ્વારા શ્રેયને માર્ગે આગળ વધી શકાય છે. તેના પ્રક્રિયાગત નિરૂપણનું આ સ્થાન નથી. પણ તેના અનુશીલનમાં થતી કેટલીક ભૂલ વિષે સ્પષ્ટતા કરવી જરૂરી છે; કારણ તે ભૂલથી બચીને સાચી રીતે આમાનું કોઈ પણ સાધન કરી શકાય તો જ તત્ત્વજ્ઞાનની અનુભૂતિ પ્રગટાવવા તે સાધન કાર્યક્ષમ નીવડે.

આ સાધન કરવામાં જે અભિગમગત ભૂલો થાય છે તેની સ્પષ્ટતા યથાર્થ અભિગમના નિર્દેશ સાથે ક્રમશઃ કરીએ. અને તેની સાથે જો કોઈ અન્ય પ્રકારની ક્ષતિ પણ સંકળાયેલી હોય તો તેનો ખુલાસો પણ જોઈએ.

સહુ પ્રથમ 'સાક્ષીભાવ'ની પ્રક્રિયાનો મુદ્દો વિચારીએ. તેમાં, "હું સાક્ષી છું" એવું તાર્કિકજ્ઞાન પ્રાપ્ત કર્યા છતાં, જો વૈરાગ્ય ન હોય તો "દેહાત્મ-ભાવ" ચાલુ રહેતો હોય છે. અને દેહાત્મભાવને ચાલુ રાખી 'હું સાક્ષી છું' તેવા તાર્કિકજ્ઞાનનું આવર્તન કરવામાં આવે તો તે તાર્કિક પ્રક્રિયા "દેહાત્મ-ભાવ"ને ક્ષીણ કરવારૂપ સાધના બની શકતી નથી. કારણ તર્કથી સમજ કે ખ્યાલ (Understanding or Concept) ફેરવી શકાય છે, 'ભાવના' નહીં.

આથી 'સાક્ષી છું' તેવા જ્ઞાનને ભાવગોચર બનાવી શકાય તો જ તે સાધનાસ્વરૂપે પ્રગટે અને તો જ પ્રમાતાના સાક્ષી થવાની પ્રક્રિયા પ્રગટે.

વિષયોમાં રાગ હોય ત્યાં સુધી 'પ્રમાતાભાવ' શરૂ રહે છે અને પરિણામે એ 'પ્રમાતાભાવ' ચાલુ રાખીને તર્કના અનુવર્તન કે આવર્તનથી 'હું સાક્ષી છું' તેવું જ્ઞાન પ્રમાતાને ઠસાવવાની તાર્કિક પ્રક્રિયા ચાલે છે. ત્યારે તે પ્રકારનું 'સાક્ષી છું' તેવું જ્ઞાન આત્માના આનંદસ્વરૂપની સ્ફૂર્તિનું અભિવ્યંજક બની શકતું નથી અને તેથી અંતઃકરણમાં આનંદ પ્રતિફલિત થતો નથી. પરિણામે તાર્કિક પ્રક્રિયાને 'સાધના' માની બેસનાર તાર્કિકો!—(સાધકો નહીં!) પ્રશ્ન પૂછતા રહેતા હોય છે કે : "મને હું સાક્ષી છું તેવું જ્ઞાન હોવા છતાં આનંદ-નો અનુભવ કેમ થતો નથી?" જવાબ એ છે કે પેલી "સાક્ષી છું" તેવી તાર્કિક પ્રક્રિયાના આવર્તનને સાધના કે જ્ઞાન માની લીધેલ છે તે જ પાયાની ભૂલ છે.

તાર્કિક પ્રક્રિયાના આવર્તનથી જડ વિષયનું જ્ઞાન દૃઢ થઈ શકે છે.

બ્રહ્માત્મૈક્ય જ્ઞાન નિશ્ચય કે જે તર્કદ્વારા નહીં પણ પ્રમાતાભાવના બાધદ્વારા પ્રગટે છે તેમાં આવર્તન કે તર્કપ્રતિષ્ઠાન શક્ય નથી.

કારણ—ચૈતન્યક્ષેત્રે જ્યાં જ્યાં આવર્તનની શક્યતા છે ત્યાં ત્યાં તે ભાવનાક્ષેત્રગત છે, કેવળ તર્કક્ષેત્રગત નથી. તર્ક તેની બૌદ્ધિક માહિતી કે સ્પષ્ટતા દ્વારા સમજ પ્રગટાવવા પૂરતો જરૂરી છે. પણ તેવી માહિતી પ્રાપ્ત થયા પછી આવર્તન તર્કક્ષેત્રે નહીં, ભાવપરિવર્તનરૂપે થવું ઘટે, તર્કાવર્તનથી સ્મૃતિ દૃઢ થાય છે. તે જડ વસ્તુના જ્ઞાનને દૃઢ કરવામાં સહાયભૂત છે. પણ ચૈતન્યક્ષેત્રે કોઈ ભાવને દૃઢ કરવાનું કામ 'ભાવાત્મક આવર્તન'ને આધીન છે, અને તેથી આ બાબતમાં તાર્કિક આવર્તન ભાવપ્રાગટ્યમાં અને ભાવાનુસંધાનમાં ઊલટું વિઘ્ન કરનાર કે રૂકાવટ કરનાર તત્ત્વ છે.

તો બીજે પક્ષે 'હું આત્મા છું' એવા જ્ઞાન નિશ્ચયમાં આવર્તન શક્ય નથી, કારણ આ નિશ્ચયાવર્તનનો કારક અને ધારક આત્મભિન્ન એવા કોઈ તત્ત્વનો સ્વીકાર કરવો પડશે.

અન્યથા સ્વયંપ્રકાશ અને અપરોક્ષજ્ઞાન સ્વરૂપ નિજાત્માને આવર્તનનો કારક માનવો પડશે, જે ઔપચારિક રીતે પણ શક્ય નથી. તો સૈદ્ધાંતિક રીતે ક્યાંથી શક્ય બને? કારણ કે નિજાત્મસ્વરૂપ 'આવર્તન', 'પુનરાવર્તન' આદિ (તત્ત્વો)નું બાધક છે, કારક નથી. તેમાં આ પ્રક્રિયા સાંકળવાથી આત્માનો

સવિશેષરૂપે સ્વીકાર અંતર્ગત છે જ તેમ સ્પષ્ટ થાય છે. અને તેમ થતાં, આત્મસ્વરૂપના નહીં પણ પ્રમાતા સ્વરૂપના ક્ષેત્રનો સ્વીકાર છે તેમ સાબિત થાય છે. અને ત્યાં આવર્તન શક્ય છે. પરંતુ ત્યાં પણ આગળ જણાવ્યું તેમ બે જાતનાં આવર્તન શક્ય છે. એક ચેતનક્ષેત્રગત આવર્તન અને બીજું જડ ક્ષેત્રગત આવર્તન.

તાર્કિક વિશ્લેષણ, તાર્કિક પૃથક્કરણ, તાર્કિક આવર્તન આદિથી જડ વિષયકજ્ઞાન સ્પષ્ટ પણ થાય છે અને દૃઢ પણ થાય છે. જ્યારે ચૈતન્ય ક્ષેત્રગત આવર્તન કરવાની જ્યાં જરૂર હોય ત્યાં આવર્તનની તે પ્રક્રિયા તર્ક સાથે સંકળાયેલી હોતી નથી. કારણ તર્ક ભાવનાનો કારક નથી પણ રૂકાવટ કરનાર છે. તેથી સાધનામાં જ્યાં જ્યાં આવર્તનનો ઉલ્લેખ હોય ત્યાં તે પ્રક્રિયા 'ભાવાવર્તન' સાથે સંકળાયેલી છે, આથી ચૈતન્યક્ષેત્રે ઉપાસનામાં જે પ્રક્રિયા ચાલે છે તે 'ભાવના'ના આવર્તન સ્વરૂપની હોય છે–જો તે આધિદૈવિકક્ષેત્રની હોય તો આવર્તનનો પરિપાક અધિષ્ઠાતા દેવનાં સાક્ષાત્કારમાં પરિણમે છે; અને નિર્ગુણક્ષેત્રની હોય તો 'નિર્વિકલ્પ અવસ્થા' પ્રગટાવવામાં પરિણમે છે અને 'સાક્ષીભાવ'ની હોય તો આત્મસાક્ષાત્કારમાં પર્યવસાન પામે છે.

આથી જ જ્ઞાનમાર્ગમાં સાધકને પક્ષે અધિકાર તૈયાર કરવા માટે જ્યાં "સાક્ષીભાવ" કેળવવાની કે તેવી બીજી કોઇ પણ સાધન પ્રક્રિયાનો ઉલ્લેખ છે ત્યાં વિજાતીય પ્રત્યયથી સાધકના રાગને મુક્ત કરવા માટે વૈરાગ્યની અનિવાર્યતા જણાવી છે, તો વિધાયક પાસું ભાવનાને સ્પર્શતું હોવાથી 'ભાવનાની' પણ અનિવાર્ય આવશ્યકતા 'સાક્ષીભાવ'ના પ્રાગટ્ય માટે અને તેને ટકાવવા માટે જરૂરી છે. "સાક્ષીભાવ" શબ્દપ્રયોગ પોતે જ આ સાધના ભાવના ક્ષેત્રગત છે તેમ દર્શાવે છે. 'રાગ'ની વિશુદ્ધિ થતાં તે નિષ્કામ અને નિર્મળ ભાવનારૂપે પ્રગટે ત્યારે તેને વૈરાગ્ય કહે છે. આ નિર્મળભાવ સાક્ષી સાથે તાદાત્મ્ય પામતાં ભાવનાક્ષેત્રે જ્ઞાન સંક્રાંત થાય છે. અને "હું સાક્ષી છું" તેવું જ્ઞાન 'સાક્ષીભાવ' તરીકે પ્રાદુર્ભૂત થાય છે.

સાધનાની દૃષ્ટિએ આ મુદ્દાને સ્પષ્ટ કરીએ તો 'ભાવના' દ્વારા ચૈતન્ય સાથે ઐક્ય સાધવાની સાધન પ્રણાલિ કે સાધન પ્રક્રિયાને ભક્તિ કહે છે.

આ ભાવના ગુણ સંયુક્ત હોય તો રાગાત્મિકા ભક્તિ પ્રગટે છે અને

ગુણ તાદાત્મ્ય વિમુક્તિ પરક હોય તો વિરાગાત્મિકા ભક્તિ પ્રગટે છે.[૧]

રાગાત્મિકાભક્તિ પ્રમાતાક્ષેત્રગત છે, વિરાગાત્મિકાભક્તિ સાક્ષીક્ષેત્રગત છે. વિરાગાત્મિકાભક્તિમાં જીવભાવની વિશ્રાંતિ સાક્ષીના સ્વરૂપને ખુલ્લું થવાનો અવકાશ આપે છે. પ્રમાતા (જીવ)ને દૃશ્યના ક્ષેત્રમાં મૂકવો એ વિરાગાત્મિકા ભક્તિમાં પ્રત્યક્ આત્મસ્વરૂપ સમક્ષ થતી જીવની શરણાગતિ છે. અને સાક્ષી સાથેનું (નિર્મળ) ભાવાનુસંધાન એ વિરાગાત્મિકા સાધનાની પ્રક્રિયાનું વિધેયક ભક્તિ પાસું છે.

આ ભક્તિમાં સાક્ષીના સ્વરૂપનો સંકેત જ્ઞાનનો સૂચક છે, પ્રમાતાને દૃશ્યકોટિમાં મૂકવાની પ્રક્રિયા વૈરાગ્યનો સંકેત આપે છે અને વિશુદ્ધ નિર્મળભાવનું સાક્ષી સાથેનું (સાયુજ્ય) અનુસંધાન એ ભાવ ભક્તિ છે.

આવી ભક્તિનું પ્રાગટ્ય શ્રી મહર્ષિએ ચીંધેલી 'હું કોણ?'ની પ્રક્રિયાથી, શ્રવણ–મનન–નિદિધ્યાસનરૂપ પ્રક્રિયાથી, દૃશ્યાનુવિદ્ધ અને શબ્દાનુવિદ્ધ સમાધિના અભ્યાસથી કે આવી જાતની કોઇ પણ સાધન પ્રક્રિયાથી પ્રાદુર્ભૂત થાય છે. આ ભક્તિની વિશેષતા એ છે કે તેમાં વીતરાગીનો રાગ-દ્વેષાદિ દ્વંદ્વથી મુક્ત થયેલો ભાવ, રાગદ્વેષથી રહિત એવા સાક્ષીના સ્વરૂપ સાથે સંકળાઇને ભાવ–અભાવના કારક 'અહં'ને ઓગાળીને પોતે પણ વિશ્રાંત થઇ જાય છે. અને તેમ થતાં સાક્ષીનું 'સાક્ષીત્વ', સાક્ષ્યના અનનુસંધાનને કારણે, વિરમી જતાં સાક્ષી નિજાત્મસ્વરૂપે અવશિષ્ટ રહી જાય છે. તે જ કૈવલ્ય છે કારણ તેમાં પોતઃ સિવાય બીજું કાંઇ શેષ રહેતું નથી; કેવળ પોતે જ રહે છે. તેનો જ સંકેત સ્વરૂપસાક્ષાત્કાર કે આત્મસાક્ષાત્કાર શબ્દથી કરવામાં આવે છે.

આ બધી સાધન પ્રક્રિયામાં ભાવાનુસંધાન અનુસ્યૂત છે જ અને અનિવાર્ય પણ છે જ. પણ તે રાગદ્વેષાદિ દ્વંદ્વથી રહિત હોવાને કારણે તેમાં ભાવનાનો વિશેષ ઉદ્રેક પ્રગટતો નથી. આથી આ 'ભક્તિ'માં 'ભાવ' કે

૧. વિરાગાત્મિકા ભક્તિનું સાંકેતિક નિરૂપણ શાસ્ત્રમાં હોવા છતાં આવો પારિભાષિક નામ સંકેત કે પ્રક્રિયાગત નિરૂપણ એ (કદાચ) આગવા અર્થઘટનરૂપ છે. અનુભવનાં ક્ષેત્રે તેની વાસ્તવિકતા હોવા છતાં યોજેલ પરિભાષાની, અર્થઘટનની અને પ્રક્રિયાગત સંકલનની શાસ્ત્રસંમત ચકાસણી સુજ્ઞ વાચકો પર છોડી છે.

'ભાવનાઓ' દૃશ્યકોટિમાં પ્રગટ થતાં નથી. આથી સવિશેષ પ્રત્યયનો વિષય આ ભક્તિ બનતી નથી. આથી બીજાને જોવામાં આવતી નથી. તે જ પ્રમાણે પોતે પણ કર્તાસ્વરૂપે ભક્તિનો કારક નહીં હોવાથી અવિભક્ત સ્વરૂપ એવા આ ભક્તને ભાવસંક્રમણની આ પ્રક્રિયાનું અનુસંધાન રહેતું નથી. નિર્વિશેષ સ્વરૂપની આ સવિશેષ સાધનભક્તિ ગુપ્ત સરસ્વતીના સંગમ જેવી છે. જેમાં સરસ્વતી એ વિવેક–વૈરાગ્યનાં પ્રતીકરૂપે ત્રિવેણી સંગમમાં વહેતી ગુપ્ત સરિતા જેવી છે. તે દૃશ્યકોટિમાં પ્રગટતી નથી. અને સમુદ્રરૂપી આત્માને સ્વસ્વરૂપે મળતી નથી. ગંગાએ જ્ઞાન સ્વરૂપિણી છે કે જે બોધના સ્ફોટનું સામર્થ્ય ધરાવે છે. યમુના એ ભક્તિ સ્વરૂપિણી છે. તેમાં વીતરાગના પ્રવેશથી તે રાગાત્મિકા સ્વરૂપે વહેતી નથી પણ વીતરાગ સ્વરૂપે ભાવ-પ્રાગટય કરી આત્માનુસંધાન સાધવા માટે પ્રગટે છે અને વહે છે.

ભાવપ્રતિષ્ઠાનની (પહેલા પુરુષરૂપી) આ પ્રક્રિયાને (ત્રીજા પુરુષરૂપી) તર્કપ્રતિષ્ઠાનથી મૂલવવી કે તેમાં તર્ક પ્રતિષ્ઠાનનો વિનિયોગ કરવો એ નિર્વિશેષને સવિશેષ ગણવાની પ્રક્રિયારૂપ છે. તેથી આત્માને જાણવા પરક હોવાને બદલે આત્મા વિશે જાણવા પરક હોવાથી, આવી ભક્તિમાં અવ-રોધક કે પ્રતિબંધક છે. છતાં તર્ક પ્રતિષ્ઠાનને જ સાધના માની તર્ક પ્રતિષ્ઠાન તરફ સરકી જવાય તો આત્માનુભૂતિનો સ્ફોટ થઇ શકે નહિ પણ પાંડિત્યનો સ્ફોટ જરૂર થાય.

જ્ઞાનમાર્ગમાં પ્રવેશ પાત્રતા પ્રગટાવતી આ બધી સાધનભક્તિ છે. આ ભક્તિ વિશુદ્ધ ભાવનાના અવલંબન વગર શક્ય નથી. અને વિશુદ્ધ ભાવનું પ્રાગટય વૈરાગ્ય વગર કે નિષ્કામભાવ વગર શક્ય નથી.

ઉપરોક્ત પૃથક્કરણના અનુલક્ષમાં કે સંદર્ભમાં રમણ મહર્ષિના આ પુસ્તકમાં આપેલ 'હું કોણ?'ની શોધ, શાસ્ત્રાધારે વર્ણવેલી પદાર્થ શોધનની પ્રક્રિયા વગેરેને સમજવાથી તેમાં અનુગત ભાવસંક્રમણ તરફનું દુર્લક્ષ નીકળી જતાં સાધન પ્રક્રિયાના અનુશીલનમાં થતી ભૂલ નીકળી જશે અને ભાવપ્રાગટય થતાં તે સાધના જીવંત બનશે.

સાધનકાળે ભાવાનુસંધાન ચાલુ રહેતા આખરે ભાવ–અભાવથી પર એવી સ્વરૂપ વિશ્રાંતિમાં આ સાધનાનું પર્યવસાન થઇ શકશે.

જ્ઞાનમાર્ગની આ ભક્તિ માટે વૈરાગ્યની અને જ્ઞાનની સ્પષ્ટ રીતે અનિવાર્યતા જણાવતાં શ્રી શંકરાચાર્ય મહારાજ રચિત નીચે ઉદ્ધૃત કરેલા શ્લોકોમાં જણાવી છે.

कलृप्तै बहुभिरूपायैरभ्यासज्ञान भक्त्यादौ ।
पुंसो विना विराजं मुक्तेरधिकारिता न स्यात् ॥ ४ ॥

(શ્રી શંકરાચાર્યકૃત 'પ્રબોધ સુધાર')

અભ્યાસ, જ્ઞાન, ભક્તિ વગેરે અનેક ઉપાયો કરવામાં આવે તો પણ વૈરાગ્ય વિના પુરુષને મુક્તિનો અધિકાર પ્રાપ્ત થતો નથી.

वैराग्यबोधौ पुरुषस्य पक्षिवत्पक्षौ विजानी हि विचक्षण त्वम् ।
विमुक्तिसौधाग्रलताधिरोहणं,
ताभ्यां विनानान्यतरेण सिध्यति ॥ ३७४ ॥

(શ્રી વિવેકચૂડામણિ)

હે ચતુર! તું વૈરાગ્ય અને જ્ઞાનને પુરુષની પક્ષીના જેવી બે પાંખ જાણ. તે બંને વિના (માત્ર તે) બેમાંના એકવડે (મુમુક્ષુવડે) મુક્તિરૂપ મહેલના ઉપરના ભાગમાં રહેલી લતાની પ્રાપ્તિ થતી નથી.

मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी ।
स्वस्वरूपानुसन्धानं भक्तिरित्यभिधीयते ॥ ३१ ॥

(શ્રી વિવેકચૂડામણિ)

મોક્ષના (હેતુભૂત આત્મજ્ઞાનનાં) સાધનોના સમૂહમાં ભક્તિ જ સર્વોત્તમ (સાધન છે.) પોતાના વાસ્તવિક સ્વરૂપનું નિરંતર અનુસંધાન કરવું આ ભક્તિ કહેવાય છે.

ઉપરોક્ત શ્લોકોમાં 'જ્ઞાન' શબ્દ વિવેક જ્ઞાન સાથે, અભિગમ સાથે અને શાસ્ત્રજ્ઞાનની જરૂરી માહિતી સાથે સંકળાયેલો છે. તેમાંથી વિવેકજ્ઞાન એ સાધકમાં પ્રગટાવવાનું તત્ત્વ છે જ્યારે શાસ્ત્રજ્ઞાન શાસ્ત્રમાંથી ગુરુદ્વારા સમજપૂર્વક મેળવી ગ્રહણ કરી શકાય છે.

વૈરાગ્ય શબ્દ સાધકની ભાવના સાથે સંકળાયેલો છે. અને સાધકની

કક્ષા કે અધિકારનો નિર્દેશ કરે છે. અને 'ભક્તિ' શબ્દ સાધકના 'સાધન પ્રકાર' સાથે સંકળાયેલો છે.

ઉપરોક્ત પ્રકારની જ્ઞાનભક્તિ કરવા માટે જ્ઞાન અને વૈરાગ્ય એ બે તત્ત્વો સાધકમાં હોવાં જરૂરી છે. જ્ઞાન કે વૈરાગ્યનો સાધકમાં અભાવ હોય તો આત્માનુસંધાનરૂપ 'સાધનભક્તિ' તે વ્યક્તિ કરી શકે નહીં.

આ પ્રમાણે કર્મ અને ઉપાસનાક્ષેત્રે ભાવનાના મહત્ત્વનો નિર્દેશ સ્પષ્ટ કર્યા પછી આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે અધિકાર તૈયાર કરવામાં પણ જે કંઇ સાધનોનો ઉલ્લેખ છે ત્યાં પણ 'ભાવના'નું મહત્ત્વ છે. તે બાબતનો ઉલ્લેખ કરતો એક પ્રસંગ આ પુસ્તકના 'પદાર્થશોધન' નામના ચોથા પ્રકરણમાં છે તે જોઇએ.

બન્યું એવું કે "એક માણસે મહર્ષિની રીત પ્રમાણે બુદ્ધિથી એવો તર્ક કરવા માંડયો કે 'હું કોણ?' 'હું કોણ?' પણ તેને કાંઇ અનુભવ થયો નહિ. ઊલટું મનમાં ગભરામણ થઇ. તેણે એ વાત મહર્ષિને કહી. મહર્ષિએ જવાબ આપ્યો કે એ વાત માત્ર બુદ્ધિથી નહિ, પણ લાગણીથી અનુભવમાં લેવાની છે."

શ્રી રમણ મહર્ષિ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે "હું કોણ?"ની શોધ સાધનરૂપે જણાવે છે. કોઇ પણ પ્રશ્નના જવાબમાં મોટે ભાગે પ્રશ્નનો જવાબ આપવાને બદલે પ્રશ્ન કોને થાય છે તે શોધવા માટે "હું કોણ?"નો વિચાર કરી "હું"ના મૂળમાં ઊંડા ઉતરી પોતાની અંદરથી જવાબ મેળવવા તેઓ સૂચવે છે. જવાબરૂપે આ પ્રક્રિયા સૂચવવાનું કારણ એ છે કે પ્રશ્ન જે દશામાં પ્રગટે છે તે દશા જ સાચી નથી હોતી. અને તેથી ખોટી દશામાં રહી સાચા ઉત્તર મેળવી શકાતા નથી. જેમ સ્વપ્નમાં થતા દુઃખનો ઉપાય સ્વપ્નમાં મળે તો પણ તેનો ખરો ઉકેલ સ્વપ્નદશામાંથી જાગ્રતદશામાં આવ્યા સિવાય મળતો નથી તેમ ખોટી દશામાં જે પ્રશ્ન 'હું'ને ઉદ્‌ભવે છે તેના ઉકેલ માટે "હું"નું સ્વરૂપ જાણી જાતે જ અનુભવથી પોતાના પ્રશ્નનો ઉકેલ મેળવવા માટે શ્રી મહર્ષિ 'હું કોણ?'ની શોધ કરવા પર ભાર મૂકે છે.

શ્રી મહર્ષિના "હું કોણ?" પુસ્તકમાં તેમ જ તેમના બીજા ઘણાખરા પુસ્તકમાં પણ આ 'હું કોણ?'ની શોધનું સૂચન છે.

વેદાંતના પ્રક્રિયા ગ્રંથમાં પદાર્થશોધનની પદ્ધતિનું જે નિરૂપણ હોય છે

તેના સંદર્ભમાં "હું કોણ?"ની મહર્ષિએ ચીંધેલી પ્રક્રિયા સમજાવવાની કોશિષ આ પુસ્તકના ચોથા પ્રકરણમાં કરેલ છે.

વેદાંતના પ્રક્રિયા ગ્રંથોમાં કે મહર્ષિના પુસ્તકમાં 'त्वम्' પદાર્થના શોધન ક્ષેત્રગત વાચ્યાર્થનો જે ખુલાસો આપવામાં આવે છે તે બાબતની પ્રક્રિયા-ગત વિશેષ માહિતી અને વિશેષ સ્પષ્ટતા શ્રી શંકરાચાર્ય મહારાજ વિરચિત 'દૃગ દૃશ્ય વિવેક' કે જે પુસ્તકનું બીજું નામ 'શ્રી વાક્યસુધા' છે તેમાં શ્લોક ૮–૯ માં આપેલ છે.

શ્રી મહર્ષિએ ચીંધેલ 'હું કોણ?'ની સાધન પ્રક્રિયા માટે કે વેદાન્તના પદાર્થશોધન માટે તે માહિતી અને સ્પષ્ટતા ખૂબ ઉપયોગી છે તેથી તેના મુદ્દાનો ટૂંકસાર અત્રે રજૂ કર્યો છે.

अहङ्कारस्य तादात्म्यं चिच्छायादेहसाक्षिभिः ।
सहजं कर्मजं भ्रान्तिजन्यं च त्रिविधं क्रमात् ॥ ८ ॥ (વાક્યસુધા)

અર્થાત્ ચૈતન્યની છાયા સાથેનું અહંકારનું તાદાત્મ્ય સહજ (સ્વા-ભાવિક) છે; દેહ સાથેનું અહંકારનું તાદાત્મ્ય કર્મ જ (કર્મથી થનારું) છે અને સાક્ષી–ચૈતન્યની સાથેનું અહંકારનું તાદાત્મ્ય ભ્રાંતિજન્ય (એટલે ભ્રમણાથી થનારું) છે.

આ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે અહંકારનું તાદાત્મ્ય ત્રણ પ્રકારનું છે. એટલે કે 'અહંકાર' કે "હું"–ત્રિવિધક્ષેત્રે તાદાત્મ્યથી સંકળાયેલો છે. સ્થૂળ દેહ સાથે, ચિદાભાસ સાથે અને સાક્ષી સાથે. તેમાં સ્થૂળ દેહ સાથે તેનો તાદાત્મ્ય સંબંધ કર્મ જ એટલે કે કર્મથી થયેલો છે.

જેમ લાલ શીશીમાં પાણી ભર્યું હોય તો પાણી લાલ ભાસે અને ભૂરી શીશીમાં હોય તો પાણી ભૂરું ભાસે તેમ જે જાતના કર્મથી જે શરીર મળ્યું હોય તે કર્મોના પ્રાગટયથી (ઉદયથી) "હું"ને તે શરીરનું સંવેદન અનુ-ભવાય છે. એટલે કે મનુષ્ય યોનિનાં કર્મ પ્રગટતાં હોય ત્યારે "હું માણસ છું" તેવું સંવેદન પ્રગટે છે અને બીજા કોઇ શરીરનું કર્મ પ્રગટયું હોય ત્યારે તદનુસારના શરીરવિષે "હું છું" તેવું સંવેદન પ્રગટતું રહે છે. પણ ખરેખર તે શરીરરૂપ "હું" હોતો નથી. પાણીના રંગ વિહિનપણા માફક. જેમકે ઊંઘમાં કોઇ કર્મ પ્રગટતાં નથી તો "હું"ને માણસ છું કે કોઇ વ્યક્તિ

છું તેવું અનુસંધાન રહેતું નથી. છતાં ઊંઘમાં "હું"ના અસ્તિત્વનો લોપ હોતો નથી. તે જ રીતે ચિદાભાસ[1] સાથેનું તેનું જે તાદાત્મ્ય છે. તે તાદાત્મ્ય વિદેહ કૈવલ્ય કાળે સૂક્ષ્મશરીર વીંખાઈ જાય ત્યારે સમાપ્ત થાય છે, અને "હું"નું સાક્ષી સાથે જે તાદાત્મ્ય છે તે આધ્યાસિક છે. અને તે સ્વરૂપ-સાક્ષાત્કાર કે જ્ઞાન થતા બાધ પામે છે.[2]

પદાર્થશોધનમાં તથા મહર્ષિની 'હું કોણ?'ની શોધમાં આ આધ્યાસિક તાદાત્મ્યના બાધ દ્વારા આત્મસાક્ષાત્કાર માટેની પ્રદ્ધતિ સાધનરૂપે વર્ણવેલ છે.

આથી જ્ઞાન થયા પછી દેહ ટકે કે નહીં તેનો ખુલાસો ઉપરનાં પૃથક્કરણમાં સ્પષ્ટ રીતે આવી જાય છે. છતાં "અહં"નો સાક્ષી સાથેના તાદાત્મ્ય સંબંધનો બાધ થતાં જ્ઞાનસ્વરૂપ જ્ઞાની ચિદાભાસગત કે સ્થૂળ શરીરગત "અહં"નું અધિકરણ કે ધારક બની શકતો નથી (બનતો નથી) તેથી જ્ઞાનસ્વરૂપ નિજાત્મામાં પ્રારબ્ધ કે વિદેહ કૈવલ્ય ક્ષેત્રગત પ્રક્રિયા સાંકળી શકાતી નથી.

છતાં જીવન્મુક્ત પુરુષના વ્યવહારના અનુસંધાનમાં એક પ્રશ્ન પૂછાતો હોય છે તેનો ખુલાસો આ સંદર્ભમાં જોવાથી યથાર્થ ખ્યાલ આવે તેમ છે તેથી તે ખુલાસો, અત્રે વિષયગત ન હોવા છતાં જોઈ લઈએ.

---

૧. શ્રી અખંડાનંદ સરસ્વતીએ કરેલું આ શ્લોકનું આગવું અને વિશિષ્ટ અર્થઘટન સમજવા યોગ્ય છે.

૨. संबन्धिनोः सतोर्नास्ति निवृत्तिः सहजस्य तु।
कर्मक्षयात् प्रबोधाच्च निवर्त्तेते क्रमादुभे ॥ ९ ॥ (વાક્યસુધા)

પૂર્વોક્ત ત્રણ પૈકી જે સહજ તાદાત્મ્ય છે તે (સ્વાભાવિક હોવાથી) જ્યાં સુધી બંને સંબંધી (અહંકાર તથા ચિદાભાસ રહે છે), ત્યાં સુધી (રહેતું હોઈ, જ્ઞાન થતાં એકદમ જ) દૂર થતું નથી, પણ બીજાં (કર્મ જ અને ભ્રાંતિજન્ય એ) બે તાદાત્મ્ય તો અનુક્રમે (પ્રારબ્ધ)કર્મનો નાશ થવાથી (બીજો નવો જન્મ પ્રાપ્ત થવાથી) અને જ્ઞાન થવાથી દૂર થાય છે. અર્થાત્ પ્રારબ્ધકર્મનો ક્ષય થતાં અહંકારનું દેહસાથેનું કર્મ જ તાદાત્મ્ય ટળી જાય છે. અને શુદ્ધ આત્માનું જ્ઞાન થતાં અહંકારનું સાક્ષી (શુદ્ધાત્મા) સાથેનું ભ્રાંતિજન્ય તાદાત્મ્ય (ભ્રમણાથી થયેલું હોઈ) નાશ પામે છે. (૯)

પ્રશ્ન એમ પૂછવામાં આવે છે કે જ્ઞાનીને ઇચ્છા થાય કે નહીં?

આ પ્રશ્ન માંડૂક્ય ઉપનિષદના અદ્વૈત પ્રકરણગત, સ્વામી શ્રી અખંડાનંદ સરસ્વતીજીની કેસેટ નં. ૧૨ Aમાં પણ રજૂ કરી તેનો ખુલાસો કરતાં જણાવ્યું છે કે જ્ઞાનીને ઇચ્છા આભાસરૂપ હોય છે, પરંતુ જ્ઞાનીને વાસના હોતી નથી.

આ બાબતમાં વિશેષ પૃથક્કરણાત્મક ખુલાસો એ છે કે "ઇચ્છા એટલે શું?" તે પહેલાં સ્પષ્ટ થવું ઘટે અને ઇચ્છાનો ધારક કોણ અને કારક કોણ તેની સ્પષ્ટતા "જ્ઞાનીને ઇચ્છા થાય કે નહિં" તે ખુલાસો મેળવવા પહેલાં કરવી ઘટે.

इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन भारत।
सर्वभूतानि संमोहं सर्गे यान्ति परंतप ॥ ७/२७ (ગીતા)
यतेन्द्रियमनोबुद्धिर् मुनिर्मोक्षपरायणः।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥ ५/२८

ભગવદ્‌ગીતાના આ શ્લોકમાં ઇચ્છાનો અર્થ 'રાગ' કે 'વાસના' છે. તેવી ઇચ્છા જ્ઞાનીને ન હોય તે સ્પષ્ટ છે.

વિષયમાં સુખબુદ્ધિ અને દેહેન્દ્રિયાદિમાં 'अहं'ભાવ બુદ્ધિ હોય તો વાસના પ્રગટે છે, અને વિષયોનો ઉપભોગ કર્તા–ભોક્તાભાવ ક્ષેત્રે થાય છે. આવી વાસના અને કર્તા–ભોક્તાભાવ જ્ઞાનીમાં પ્રગટતા નથી. કારણ વાસનાત્મક કર્મનો અને કર્તા–ભોક્તાભાવરૂપ જ્ઞાનનો ધારક અને કારક "અહં"નો સાક્ષી સાથેનો તાદાત્મ્ય અધ્યાસ છે. આ અધ્યાસનો બાધ થાય ત્યારે નિજાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. તેથી ઉપરોક્ત કર્તા–ભોક્તા ભાવવાળી વાસનાત્મક પ્રક્રિયા જ્ઞાનક્ષેત્રગત કે જ્ઞાની સાથે સાંકળી શકાય નહિ. કારણ તે આવી આધ્યાસિક (અધ્યાસક્ષેત્રગત) પ્રક્રિયાથી સદા રહિત છે–મુક્ત છે.

પરંતુ શરીર નિર્વહણ સાથે કે વ્યવહાર નિર્વહણની પ્રક્રિયા સાથે સંકળાયેલી 'ઇચ્છા' એવો અર્થ કરો તો તેવી 'ઇચ્છા' અજ્ઞાની કે જ્ઞાની બંનેમાં સમાન છે. કારણ તે ઇચ્છાનો ધારક અને કારક સૂક્ષ્મ શરીર અને સ્થૂળ શરીર છે. દા. ત. ક્ષુધાનું સંવેદન સ્થૂળ શરીરગત પ્રક્રિયા સાથે સંક-

ળાયેલું છે. અને ભૂખના સંવેદનની ઈચ્છા અંતઃકરણમાં પ્રગટે છે. આથી આ ઈચ્છાનું કારક (પરિબળ) સ્થૂળ શરીર છે અને ધારક અંતઃકરણ છે, તે જ રીતે વ્યાવહારિક રીતે ક્યાંય ભિક્ષા માટે જવું કે ઉપદેશ માટે જવું તેમાં ઈચ્છા ધારક કે પ્રેરક સ્થૂળ કે સૂક્ષ્મ શરીર છે અને ક્રિયાકારક સ્થૂળ શરીર તથા ઇંદ્રિય સંઘાત છે. આમ ઈચ્છાનો પ્રશ્ન અહંકારના ચિદાભાસ સાથેના સહજસંબંધ સાથે તથા સૂક્ષ્મ શરીર સાથેના કર્મ જ સંબંધ ક્ષેત્રગત છે. તેનો કારક (કે ધારક) જ્ઞાની નથી. પણ અધ્યાસકાળે સાક્ષી પોતાને તેનો કારક–ધારક માની બેસે છે. તેથી જ્ઞાનીને ઈચ્છા થાય કે નહિ તેવો પ્રશ્ન અધ્યાસમાં રહેલાને ઉદ્ભવે છે. જ્ઞાન સ્વરૂપ જ્ઞાની આવી ઈચ્છાના અધિકરણરૂપ ધારક–કારક નથી.

જો અધ્યાસકાળે (પણ) શરીર નિર્વહણ અને વ્યવહાર નિર્વહણના 'ઈચ્છાક્ષેત્રગત' પ્રક્રિયાનો ધારક–કારક અજ્ઞાનીજન પોતાને માની લે છે ત્યારે પણ કારક–ધારક સ્થૂળ–સૂક્ષ્મ શરીરાદિ જ *હોય છે અને અધ્યાસથી જ સાક્ષી પોતાને કારક–ધારકનું અધિકરણ માની બેસે છે તો પછી જ્ઞાન-સ્વરૂપ જ્ઞાની કારક–ધારકનું અધિકરણ ક્યાંથી હોઈ શકે? અથવા તેવો વિકલ્પ પણ કેમ સંભવી શકે?

આ જ સંદર્ભની સ્પષ્ટતા હોય તો 'निमेषार्धं न तिष्ठन्ति' વાળા શ્લોકમાં ઉપસ્થિત કરેલ જ્ઞાનીની પ્રવૃત્તિ બાબતનો પ્રશ્ન તથા આ પુસ્તકના "જીવન્મુક્તનો વ્યવહાર" નામના ૧૮ માં પ્રકરણમાં રજૂ કરેલ જ્ઞાનેશ્વર

* (A) प्रकृते क्रियमाणानी गुणैः कर्माणि सर्वशः ।
अहङ्कारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥ ગીતા. ૩/૨૭
(B) कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥ ગીતા. ૧૩/૨૧
(C) नैवकिञ्चित् करोमिति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यन्शृण्वन्स्पृशन्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन् ॥ ગીતા. ૫/૮
प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥ ગીતા. ૫/૯
(D) नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥ ગીતા. ૧૪/૧૯

મહારાજની જ્ઞાનવાણી વિષે પણ (એકદમ) સ્પષ્ટ સમજૂતી મળી શકે તેમ છે. તેથી આ બાબતનો ઉલ્લેખ સીધી રીતે અહીં લાગુ પડતો ન હોવા છતાં (અત્રે અવગત ન હોવા છતાં) જ્ઞાનીને વ્યવહારનું બંધન કેમ થતું નથી તે સમજાવવા માટે ખરેખર આ સ્પષ્ટતા ખૂબ જરૂરી છે.

'ઈચ્છા આભાસી' છે તેવો જ્ઞાનીના પક્ષે રજૂ થતો ખુલાસો યથાર્થ હોવા છતાં તેનો પ્રક્રિયા ક્ષેત્રગત ઉપરોક્ત ખુલાસો પૃથક્કરણાત્મકરૂપે થતો હોવાથી જિજ્ઞાસુ સાધકને સ્પષ્ટતા માટે પ્રતીતિકર બની શકે માટે તેની રજૂઆત અત્રે જરૂરી જણાઈ છે.

* * *

(શ્રવણ–મનન–નિદિધ્યાસનની પ્રક્રિયા પરત્વે જે મુદ્દાની સ્પષ્ટતા જરૂરી છે તે હવે જોઈએ.)

શ્રવણ–મનન–નિદિધ્યાસન ક્ષેત્રે પ્રમાણગત અને પ્રમેયગત સંશય તથા વિપર્યયના નિવારણના મુદ્દા પરત્વે શાસ્ત્ર ગ્રંથોમાં પ્રક્રિયાગત નિરૂપણ છે.

તે નિરૂપણના સંદર્ભમાં પ્રમાણગત સંશય બાબતમાં વર્તમાનયુગમાં શ્રદ્ધાળુ કે બુદ્ધિશાળી જિજ્ઞાસુ વર્ગમાં પણ શાસ્ત્રગત પ્રમાણ પરત્વે શંકા કરનાર (લોકો) અલ્પ સંખ્યક હશે. પણ કદાચ તેવી શંકા હોય અને તેનું નિવારણ કરો તો પણ ખરો મુદ્દો ઈન્દ્રિયજન્ય પ્રમાણ સાથેના તાદાત્મ્ય અધ્યાસથી સાધક પોતાની જાતને મુક્ત કરે તેમાં જ પ્રમાણના અભ્યાસનું તાત્પર્ય છે. કારણ ઇંદ્રિયજન્ય પ્રમાણ સાથેના તાદાત્મ્ય અધ્યાસથી સાધક મુક્ત થાય તો જ (તે) શ્રવણ–મનન–નિદિધ્યાસનની તેની સાધના–પ્રક્રિયા સ્વરૂપવિશ્રાંતિમાં પર્યવસાન પામે તે હકીકત છે. આ શ્રવણાદિ સાધનામાં 'પ્રમાણ'નો અભ્યાસ જ્યારે પ્રમેયની જેમ થાય ત્યારે શાસ્ત્ર પ્રમાણની માહિતી દૃશ્ય–કોટિના વિષયની માહિતી જે રીતે મળે છે તે પદ્ધતિથી મેળ-વાય છે. પરિણામે ઈન્દ્રિયજન્ય પ્રમાણનું તાદાત્મ્ય છોડી સાક્ષીભાવ પ્રગટા-વવાની સાધન પ્રક્રિયા પ્રગટવાને બદલે ઈન્દ્રિયજન્ય પ્રમાણના અભિગમ-પૂર્વક શાસ્ત્રના પ્રમાણગ્રંથોનો અભ્યાસ થતાં શાસ્ત્રપ્રમાણ પોતે જ પ્રમેય (વિષય) તરીકે ગ્રહણ થાય છે. 'પ્રમાણ'ની માહિતી આ રીતે 'પ્રમેય' તરીકે ગ્રહણ થતાં પ્રમાતાભાવ (ઈન્દ્રિયપ્રમાણ તાદાત્મ્ય) ક્ષીણ કરવાની કે રાગ–

દ્વેષવાળા + ઇન્દ્રિયપ્રમાણને ફેરવી સાચું પ્રમાણ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા પ્રગટતી નથી. એટલે કે પ્રમાતાને દૃશ્યક્ષેત્રે મૂકવાની પ્રક્રિયા પ્રગટતી નથી. અને તેવી પ્રક્રિયા ન પ્રગટે તો શ્રવણ-મનનની પ્રક્રિયા નિદિધ્યાસન પર્યવસાની બનવાને બદલે માહિતી પર્યવસાની અને તર્કપર્યવસાની બની જાય છે.

પ્રાપ્ત કરેલ જ્ઞાનની માહિતીનું સંકલન કઇ રીતે અને ક્યાં થાય છે તેમ જ વિનિયોગ ક્યાં અને કઇ રીતે થાય છે એટલે કે જ્ઞાન કયા ક્ષેત્રમાં સંક્રાંત થાય છે તે બહુ મહત્ત્વની બાબત છે.

એટલે ધ્યાનમાં રાખવા જેવો મુદ્દો એ છે કે મેળવેલ જ્ઞાનનું સંકલન પ્રમાતાક્ષેત્ર પૂરતું મર્યાદિત રહે છે, કે સાક્ષીક્ષેત્રે કે બ્રહ્માકારવૃત્તિક્ષેત્રે સંક્રાંત થાય છે આ મુદ્દો બહુ મહત્ત્વનો છે. કારણ આ મુદ્દો જ્ઞાનનું સંક્રમણ કે વિનિયોગ તેમ જ સંકલન (Implementation and co-ordination of Knowledge) ક્યાં થાય છે તે દર્શાવે છે.

અલબત્ત મેળવેલ જ્ઞાનની સ્પષ્ટતાનું પાસું (Aspect of clarity) તર્ક સાથે સંકળાયેલું છે. પરંતુ અભિગમની યથાર્થતાનું પાસું વિવેક બુદ્ધિક્ષેત્રગત છે. જ્યારે મેળવેલ જ્ઞાનનાં સંકલન અને ધારણના ક્ષેત્રનું પાસું માત્ર તાર્કિક સ્પષ્ટતા સાથે નહીં પણ મનોવૈજ્ઞાનિક ભૂમિકાક્ષેત્રગત પાસું છે. એટલે કે Logical Aspect કરતાં Psychological Aspect સાથે સંકળાયેલી બાબત છે. તાત્પર્ય કે મેળવેલ જ્ઞાનનું સંક્રમણ-વિનિયોગ અને સંકલન (Implementation and co-ordination of Knowledge) ક્યાં થશે તેનો આધાર તાર્કિક પાસા કરતાં મનોવૈજ્ઞાનિક પાસા (સ્થિતિ) સાથે સંકળાયેલો છે. જો મનોવૈજ્ઞાનિક અભિગમમાં 'વિવેક-વૈરાગ્ય'નું પ્રાગટ્ય હોય તો મેળવેલું જ્ઞાન સાક્ષીક્ષેત્રે કે બ્રહ્માકારવૃત્તિના પ્રાગટ્યક્ષેત્રે સંકલન કરવા કાર્યક્ષમ નીવડે છે. પણ વિવેક અને વૈરાગ્ય ન હોય તો મેળવેલું જ્ઞાન તર્ક પ્રતિષ્ઠાન અને માહિતીક્ષેત્રની મર્યાદામાં જ વિનિયોગ પામતાં પ્રમાતાક્ષેત્રે રૂંધાઇ જાય છે. રૂંધાયેલા આ જ્ઞાનનો જો અહંકાર થાય

+ इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत् तौ ह्यस्य परिपन्थिनौ
(ભગવદ્‌ગીતા. અધ્યાય ૩, શ્લોક ૩૪)

તો આવો કહેવાતો 'જ્ઞાની' કે 'શાસ્ત્રજ્ઞ' ત્રણ તાપને બદલે છ તાપથી પીડાય છે.

સમજવાનું એ છે કે જે જ્ઞાનનો ઉપયોગ અહંકાર દૂર કરવામાં થવો જોઇએ તે જ્ઞાનનો જ જો અહંકાર થાય તો પરિણામે આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એ ત્રિવિધ તાપની નિવૃત્તિ, મેળવેલ જ્ઞાનથી થવાને બદલે વિસ્મૃતિ, માનભંગ અને ગર્વ [1]નામના બીજા ત્રણ તાપનો ઉમેરો પ્રાપ્ત કરેલ જ્ઞાનના અહંકારથી થાય છે. એટલે કે પુરુષાર્થથી તાપની નિવૃત્તિ થવાને બદલે પુરુષાર્થના ખોટા વિનિયોગથી વધારાના બીજા ત્રણ તાપ ચિત્તમાં પ્રગટે છે.

આ ત્રણ વધારાના તાપને ત્રિવિધ તાપથી અલગ ગણવાનું એક કારણ એ જણાય છે કે, માનવ શરીર મિશ્ર કર્મનું પરિણામ હોવાથી ત્રિવિધ તાપ વધતા-ઓછા અંશે આવે છે અને કર્મ જ હોવાથી કર્મ સમાપ્ત થતાં શમી જાય છે. પરંતુ વિસ્મૃતિ, માનભંગ અને ગર્વરૂપ તાપ તો માનવીના જ્ઞાન ગ્રહણ કરવાના ખોટા અભિગમમાંથી અને અહંકારમાંથી પ્રગટે છે. તેથી માનવે જાતે જ ખોટી સમજમાંથી ઊભા કરેલા છે, તેથી તે ખોટો અભિગમ અને અહંકાર ન છૂટે ત્યાં સુધી આ વધારાના તાપનો અંત આવી શકે નહિ.

આથી સ્પષ્ટ થશે કે શાસ્ત્રજ્ઞાનનું ગ્રહણ-ધારણ કઇ રીતે અને ક્યાં થાય છે તેમ જ પરિણામે તેનો વિનિયોગ કઇ રીતે અને ક્યાં થાય છે તેના પર જ શાસ્ત્રશ્રવણ કે સ્વાધ્યાય આદિની મહત્તા, ઉપયોગીતા અને અમોઘતા આધાર રાખે છે.

આથી શ્રવણાદિ વિશે વિશેષ સ્પષ્ટતા તેમ જ કેટલીક તાત્ત્વિક સ્પષ્ટતા જરૂરી છે. પરંતુ તે કરવા અગાઉ મહર્ષિના આ પુસ્તકમાં નિરૂપિત કેટલાક સ્પષ્ટીકરણ યોગ્ય મુદ્દા વિશેનો ખુલાસો પહેલાં મેળવી લઇએ.

પુસ્તકમાંથી પ્રશ્નરૂપે પ્રગટતા મુદ્દા અને તેના ખુલાસા નીચે પ્રમાણે છે.

(૧) મહર્ષિનો ઉત્તરઃ-ઘડો હોય ત્યારે પણ તે માટીરૂપે જોઇ શકાય છે,

૧. જુઓ 'હું કોણ?'-લેખક સ્વામી શ્રી માધવતીર્થ. આવૃત્તિ ચોથી પાનું ૨૪-૨૫

તેમ જગતને બ્રહ્મરૂપે જોઈ શકાય છે. ઘડામાં માટીની દૃષ્ટિ કરવી તેની માફક જગતમાં બ્રહ્મદૃષ્ટિ કરવી તેને બ્રહ્માકારવૃત્તિ કહે છે. ('બ્રહ્માકાર-વૃત્તિ'–પ્રકરણ ૯, પાનું ૮૩–૮૪)

આ ફકરામાં આવતું–'જગતમાં બ્રહ્મદૃષ્ટિ કરવી તેને બ્રહ્માકારવૃત્તિ કહે છે' એ વાક્ય પ્રક્રિયાગ્રંથોમાં નિરૂપિત બ્રહ્માકારવૃત્તિની વ્યાખ્યા સાથે સુસંગત નહિ લાગે. ભાષાકીયક્ષેત્રે વિષયનું જ્યાં આ રીતે નિરૂપણ થયું હોય ત્યાં શબ્દાર્થને બદલે કહેવાનો ઉદ્દેશ સમજવા કોશીષ કરવી ઘટે. શક્ય હોય ત્યાં લક્ષણાથી આવા વાક્યોના તાત્પર્યનો નિર્ણય કરવો ઘટે. નામ–રૂપ મિથ્યા હોવાથી નામ–રૂપમાં બ્રહ્મદૃષ્ટિ કરવી એ બ્રહ્માકારવૃત્તિની વ્યાખ્યા નથી. પણ વ્યવહારના અનુસંધાન કાળે અધિષ્ઠાન સ્વરૂપે રહેવું કે અધિષ્ઠાન તરફ દૃષ્ટિ રાખવી તેવો અર્થ લક્ષણાથી અહીં સમજી શકાય તેમ છે. પણ આવા દૃષ્ટિકોણને સાધનરૂપ બ્રહ્માકારવૃત્તિની વ્યાખ્યા તરીકે સ્વીકારવાની બાબત અત્રે ઉદ્દિષ્ટ નથી. પરંતુ સાધકને (વ્યવહાર કાળે) વ્યવહાર કઈ રીતે કરવાથી બાધક નથી બનતો તેની સ્પષ્ટતા ખાતર આ દૃષ્ટાંત આપેલ છે. ભાષાકીય નિરૂપણમાં જ્યાં આ જાતના પ્રશ્નો ઉદ્‌ભવે ત્યાં તાત્પર્યનો નિર્ણય કરવામાં કહેવાનો ઉદ્દેશ, સંદર્ભ અને લક્ષણાથી અર્થ ગ્રહણ કરવાથી લેખકનું તાત્પર્ય સ્પષ્ટ થઈ શકે છે. આ બાબતનો નિર્દેશ કરવા માટે આ પ્રશ્ન અને તેનો ખુલાસો અત્રે નમૂનારૂપે રજૂ કરેલ છે.

(૨) બીજો મુદ્દો:–"એવા જ્ઞાનની આવૃત્તિ કરી દૃઢ કરી લેવું જોઈએ. જ્ઞાનીની એવી ઉપાસનાને જ નિષ્ઠા કહે છે. નિષ્ઠા થશે ત્યારે ખબર પડશે કે સર્વ એક દૃષ્ટા છે." (પ્રકરણ ૧૦, "હું કોણ?", પાનું ૯૭)

આ વાક્ય વિષે સ્પષ્ટતા કરવાની કે–જ્યાં જ્યાં જ્ઞાનની આવૃત્તિનો મુદ્દો આવે ત્યાં ત્યાં વૃત્તિજ્ઞાનની વાત છે, સ્વરૂપજ્ઞાનની નહીં તે સમજ સ્પષ્ટ રહેવી ઘટે.

"જ્ઞાનીની એવી ઉપાસનાને જ નિષ્ઠા કહે છે" એ વાક્યમાં જ્ઞાન-માર્ગનો સાધક અધિકાર તૈયાર કરવા કે વૃત્તિજ્ઞાનને સ્થિર કરવા જે પ્રયત્ન કરે છે તેની વાત છે. જ્ઞાની અને ઉપાસના એ બંને શબ્દ તેના પારિભાષિક અર્થમાં લેવામાં આવે તો તે પદના સંયોગદ્વારા ફલિત થતો વાચ્યાર્થ 'બાધ'

યોગ્ય છે. આથી બંને પદનો અર્થ અત્રે વાચ્યાર્થથી નહીં પણ લક્ષણાથી ગ્રહણ કરવાની જરૂર ઊભી થાય છે.

આ મુદ્દાની સૈદ્ધાંતિક દૃષ્ટિએ વિશેષ સ્પષ્ટતા આગળ આવતા 'સાધ્ય, સાધન–વિષે કેટલીક તાત્ત્વિક સ્પષ્ટતા' એ મુદ્દામાં આવી જાય છે. તેથી તે બાબતનું પુનરાવર્તન અત્રે કરેલ નથી.

(૩) ત્રીજો મુદ્દો:–"રજ્જુ–સર્પના દૃષ્ટાન્તમાં રજ્જુ દેખાય ત્યારે સર્પ દેખાતો નથી. સર્પ દેખાય ત્યારે રજ્જુ દેખાતી નથી. બંને એકબીજાના વિરોધી છે. તેથી બ્રહ્મદશામાં જગત રહેશે નહિ. જગત દેખાશે ત્યારે બ્રહ્મનો અનુભવ રહેશે નહિ. બંને વચ્ચે સંબંધ બની શકતો નથી. (પ્રકરણ ૧૦, 'હું કોણ?', પાનું ૮૫)

આ વાક્યમાં "રજ્જુ અને સર્પ એકબીજાના વિરોધી છે" તેમ જણાવ્યું છે. ત્યાં એ બાબત સ્પષ્ટ થવી ઘટે કે સમસત્તામાં વિરોધ (Opposition) શક્ય છે. વિષમ સત્તામાં વિરોધ હોતો નથી. રજ્જુ સાથે સર્પનો વિરોધ એ બાધક–બાધ્યના અર્થમાં સમજવો ઘટે. કારણ બાધ એટલે ત્રિકાલિક નિષેધ. બંને એકબીજાના વિરોધી (Opposite) છે તેનો અર્થ બંનેની સત્તા એકબીજાથી ભિન્ન છે તેમ (અર્થ) લેવો ઘટે, કારણ રજ્જુ વ્યાવહારિક સત્તામાં છે અને સર્પ પ્રાતિભાસિક સત્તામાં છે. બાકી બંને વચ્ચે સમ–સત્તાક વિરોધ છે તેવો અર્થ લઈ શકાય નહિ.

તે જ રીતે "બ્રહ્મદશામાં જગત રહેશે નહિ. જગત દેખાશે ત્યારે બ્રહ્મનો અનુભવ રહેશે નહિ."–આ વાક્યમાં આંખથી દેખાતા જગતની વાત નથી* પણ પ્રમાતા કે પ્રમાતાભાવ સાથે સંકળાયેલા જગતનો મુદ્દો છે.

* Q.:–Does the realised Sage see the world?

A.:–Yes. But his outlook differs. Cinema pictures move, but go and hold them. What do you hold? Only the Screen. Let the pictures disappear. what remains over? The screen again. So also here. Even when world appears the Jnani sees it only as a manifestation of the self.

એટલે કે ઈન્દ્રિય પ્રમાણની આસક્તિવાળું+ રાગ–દ્વેષાત્મક (ક્ષેત્રગત) પ્રમાતાભાવ સાથે સંકળાયેલા જગતનું અનુસંધાન શરૂ રાખીને બ્રહ્મદશાનો અનુભવ પ્રગટી શકે નહિ તેમ કહેવાનો ઉદ્દેશ છે. બાકી આંખથી દેખાતું જગત બંધ થાય તેવી અંતઃકરણના નિરોધરૂપ અવસ્થાની શરત બ્રહ્મદશાને લાગુ કરવાના અર્થમાં તે બાબત સમજવાની નથી. તેથી અહીં 'સાક્ષી-ભાસ્ય' જગતની વાત છે, અવિદ્યાથી પ્રતીત થતો સર્પ આંખનો વિષય નથી. તેથી પ્રાતિભાસિક વસ્તુ (દૃશ્ય) આંખથી જોવાનો વિષય નથી. તે બાબત અત્રે સ્પષ્ટ થવી ઘટે.

અને વધુ વિચારનારને એ પણ સમજી શકાય તેમ છે કે 'આંખથી દેખાતું જગત' એ વિચાર પણ જગતનો જ ભાગ છે. અને તેથી પ્રમાતા ક્ષેત્રગત છે. અને તેથી બધું કોકડું પ્રમાતાભાવમાં છે. જેમ સ્વપ્નનું જગત સ્વપ્ન વખતે આંખથી દેખાતું જણાય છે છતાં ખરેખર તે જગત આંખથી દેખાતું ન હતું પણ અવિદ્યાથી પ્રતીત થતું હતું તેવી સ્પષ્ટતા સ્વપ્નમાંથી જાગતાં થાય છે. તેમ પ્રમાતાભાવ સાથે સંકળાયેલા જીવ–જગતનો કોઈ પ્રશ્ન કે સંબંધ અધિષ્ઠાન સ્વરૂપ પોતામાં અવશિષ્ટ રહેતો નથી કે સંકળાતો

There is only one mind functioning through the five senses. There is a power working through the senses. The work of senses begins and ends. There must be a substratum on which their activities depand, single subastratum.

The gross body is only the concrete form of the subtle stuff–mind. [From : "Consious Immortality"– conversations with Raman Maharshi Recorded by Paul Branton, and Mangula Venkatramiah, First Edition Page 66.]

\+ संसारः स्वप्नतुल्यो हि रागद्वेषादिसंकुलः ।
स्वकाले सत्यवद्भाति प्रबोधे सत्यसद्भवेत् ॥ ६ ॥

(શ્રી શંકરાચાર્યકૃત "આત્મબોધ")

નથી. આ અર્થમાં આ બાબત સમજવાની છે. તેનું પ્રમાણ પ્રકરણ–'નવ'–માં પાના ૧૦૧–ઉપર આપેલ પ્રસંગ કે જેનું છેલ્લું વાક્ય, "કર્મ નડતાં નથી પણ "મેં કર્યું છે" તેવો ભવ નડે છે–તે આખો પ્રસંગ વાંચવાથી મળી શકશે. તેમ જ "જીવન્મુક્તનો વ્યવહાર" એ નામના ૧૮ મા પ્રકરણમાંથી પણ મળી શકશે.

આ પુસ્તકનું ૧૯ મું પ્રકરણ 'પદાર્થાભાવિની' છે. જ્ઞાનમાર્ગમાં ભૂમિકાને આધારે ખુલાસો કરવાની જે પદ્ધતિ છે તેમાં છઠ્ઠી ભૂમિકાને 'પદાર્થાભાવિની' કહે છે, તેનું લક્ષણ એ છે કે તેમાં અહમ્–ઈદમ્ના ભેદનું આરોપીત અવલંબન કરવા જેટલી ચિત્તની સ્થૂળતા રહેતી નથી.

આથી શાસ્ત્રગ્રંથોમાં જણાવ્યું છે કે છઠ્ઠી ભૂમિકાવાળા મહાત્મા ઉપદેશ આપી શકતા નથી.

ઉપદેશ અધિકાર સાપેક્ષ હોય છે. તેથી જેવો અધિકાર તે પ્રમાણે તેની કક્ષા મુજબ તેને પ્રગતિ, ઉન્નતિ કે શ્રેયની સાધનાનું માર્ગદર્શન આપવું તેને ઉપદેશ કહે છે. અહમ્–ઈદમ્ના આરોપિત ભેદના સ્વીકાર સિવાય એવી પ્રક્રિયા ભાગ્યે જ નિષ્પન્ન થાય છે. તેથી છઠ્ઠી ભૂમિકાવાળા મહાત્મા ઉપદેશ આપી શકતા નથી. તેમના જવાબો એ સિદ્ધાંતની વાણી હોય છે, ઉપદેશની નહીં. શ્રી મહર્ષિના જવાબો બહુધા સિદ્ધાન્તની વાણીરૂપ છે, ઉપદેશની વાણીરૂપ જવલ્લે જ હશે, તેથી મહર્ષિના જવાબમાં પ્રક્રિયાગત નિરૂપણ કે પ્રમાણગત તાર્કિક ચર્ચાને બદલે અનુભૂતિનું અને અજાતવાદનું પ્રતિપાદન થયેલું જણાય છે. પૂ. સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજે તે સિદ્ધાંતોને ઉપદેશના રૂપે સમજાવવા પ્રયાસ કર્યો છે. તેથી શાસ્ત્રીય પ્રક્રિયા-ગત અને પ્રમાણગત સંદર્ભદ્વારા સિદ્ધાંતને સ્પષ્ટ કરવાની પદ્ધતિથી આ પુસ્તક લખાયું છે. તેમ છતાં ધ્યાન ખેંચે તેવી એક બાબત એ છે કે મહર્ષિ-ની સિદ્ધાંત–વાણી બ્રહ્માનુભૂતિ સિવાય અન્ય કશી સત્તાના અસ્વીકારરૂપ છે. તેથી અજાતવાદ અને વિવર્તવાદ ક્ષેત્રે જ મુખ્યત્વે તેમના સિદ્ધાંતોની સ્પષ્ટતા કરવા આ પુસ્તકમાં પ્રયાસ થયો છે, તેથી આ સંદર્ભમાં મહર્ષિના સિદ્ધાંતો સમજવાથી શાસ્ત્રીય ગ્રંથો પણ સ્પષ્ટ થશે અને શ્રી મહર્ષિની સૈદ્ધાંતિક વાણી વિશે પણ સમજૂતી અને સ્પષ્ટતા મળી શકશે.

તે જ રીતે 'આમુખ'ના સંદર્ભમાં આ પુસ્તકનું કેટલુંક અર્થઘટન સમજવાથી અને પુસ્તકના સંદર્ભમાં 'આમુખ'ને સમજવાથી પુસ્તક વાંચતા પ્રગટેલ શંકા, પ્રશ્નો કે અસ્પષ્ટતા વિશે મોટાભાગે ખુલાસા મળી જશે અને તે બાબત સ્પષ્ટ થતાં વૈચારિક માહિતી કે પ્રક્રિયા યથોચિત રીતે ગ્રહણ થઈ શકશે. તે માટે બંનેનું સંદર્ભગત અધ્યયન કે સ્વાધ્યાયપદ્ધતિ ઉપયોગી નીવડી શકે.

સાધ્ય, સાધન અને સાધકવિશે કેટલીક સૈદ્ધાંતિક સ્પષ્ટતા*

સાધ્યનું સ્વરૂપ એ જ સાધકનું સ્વરૂપ છે એ જ્ઞાનનો મુખ્ય સિદ્ધાંત છે. અને તેથી સ્વરૂપબોધ સાધન–સાધ્ય ન બને પણ જ્ઞાનગમ્ય બને.

સાધન–સાધ્ય તત્ત્વની ઉપલબ્ધિ ક્રિયા કે ભાવના દ્વારા શક્ય છે. પણ તેમાં તત્ત્વના સ્વરૂપનો સ્ફોટ થવાને બદલે ભાવનાગત સ્વરૂપની ઉપલબ્ધિ થાય છે. તેવી ભાવના સાપેક્ષ તત્ત્વની ઉપલબ્ધિમાં અને અનુભૂતિમાં ભાવ-તારતમ્યાનુસાર ફેરફાર થઈ શકે છે અને થાય છે. તેથી તે પ્રકારનો અનુભવ એ નિત્ય, અખંડ, અદ્વિતીય, સ્વયંપ્રકાશ અને નિજાત્મ સ્વરૂપ તત્ત્વનો અનુભવ નથી.

તેથી જ્ઞાનક્ષેત્રે, સાધન ચતુષ્ટય સંપન્ન અધિકારીને મહાવાક્યજન્ય બોધ જ સ્વરૂપ વિશ્રાંતિ કે સ્વરૂપ સાક્ષાત્કાર પર્યવસાની થવામાં નિમિત્ત છે. આ સ્વરૂપ સાક્ષાત્કાર એ વૃત્તિનો ધર્મ નથી. તે પોતાનું–નિજાત્મસ્વરૂપ છે. તે સત્ છે તેથી નિત્ય છે. તે સ્વયં પ્રકાશ છે તેથી સ્વરૂપભિન્ન કર્તા તેને જાણી શકે નહિ. કે કોઈ ક્રિયા કે ભાવનાનો વિષય તે બની શકે નહિ. 'સ્વ'થી ભિન્નરૂપે તેની અનુભૂતિ શક્ય નથી. તેથી તે અનુભૂતિ ભોગ્ય-કોટિની નથી. ભોગ્યકોટિની અનુભૂતિ ભોક્તાને આધીન છે અને ભોક્તા-ભાવ કર્તાભાવ સિવાય શક્ય નથી. તેથી કર્તા–ભોક્તાભાવના અધ્યાસથી મુક્ત થયા સિવાય આ સ્થિતિ પ્રગટતી નથી. તેથી આ સ્થિતિ એ વૃત્તિનો ધર્મ નથી. કારણ વૃત્તિ એ કર્તાનું કરણ છે, કર્તાનું સ્વરૂપ નથી. નિજાત્મ-

* અત્રે રજૂ કરેલ કેટલાક સિદ્ધાંતનો વિનિયોગ (Application) અત્ર–તત્ર કરેલ શંકા–સમાધાનમાં સમાવિષ્ટ છે. અત્રે તેનો ફરી ઉલ્લેખ સૈદ્ધાંતિક નિરૂપણગત છે.

સ્વરૂપ અધિષ્ઠાનમાં કર્તા–ભોક્તાભાવ અધ્યસ્ત છે. દેહાત્મભાવ જ્ઞાનનાં બાધદ્વારા અધિષ્ઠાન સ્વરૂપે અવશિષ્ટ રહેતાં પ્રગટતી આ સ્થિતિ છે. તે વૃત્તિનો, ભાવનાનો, ક્રિયાનો, કર્તાનો, કર્મનો કે વૃત્તિજ્ઞાનરૂપ 'બ્રહ્માકાર-વૃત્તિ'નો પણ વિષય નથી. વિષય–વિષયીરૂપી દ્વંદ્વથી આ સ્થિતિ મુક્ત છે. કારણ દ્વંદ્વક્ષેત્રથી આ સ્થિતિપર છે. આ સ્થિતિનું અદ્વૈત એ દ્વૈત સાપેક્ષ નથી. પણ ઈદંતારૂપ અધ્યાસના બાધદ્વારા સ્વયંપ્રકાશ બોધસ્વરૂપ છે. નિષ્ઠા-ના કોઈ કર્તાનો તેમાં પ્રવેશ શક્ય નથી. કારણ કર્તા–ભોક્તાભાવનો અધ્યાસ નિવૃત્ત થાય ત્યારે પ્રગટતી નિજાત્મસ્વરૂપની અધિષ્ઠાનસ્વરૂપે અવશિષ્ટ રહેવારૂપ આ સ્થિતિ છે, તેથી તેની સાથે જીવન્મુક્તિ કે વિદેહમુક્તિ આદિ દેહ સાપેક્ષ વિકલ્પો તેમ જ દૃઢજ્ઞાન અને અદૃઢજ્ઞાન આદિ વૃત્તિ સાપેક્ષ ધર્મો સાંકળી શકાતા નથી.

સમાધિ એ કર્તાનો વિષય છે, કર્તાનું સ્વરૂપ નથી. જ્ઞાન એ કર્તાનો વિષય નથી, કર્તાનું વાસ્તવિક નિજાત્મસ્વરૂપ છે.

આથી નિરોધરૂપ સમાધિમાં કર્તાના પ્રયત્નનો નિષેધ અશક્ય છે અને સ્વરૂપજ્ઞાનમાં કર્તાના પ્રયત્નનો પ્રવેશ અશક્ય છે.

આથી સ્વરૂપસાક્ષાત્કાર એ જ્ઞાનક્ષેત્રગત છે. અને સમાધિ એ ભાવ, ક્રિયા અને તેના નિરોધરૂપ વૃત્તિક્ષેત્રગત છે.

સ્વરૂપના ધર્મો વૃત્તિમાં આરોપવા કે વૃત્તિના ધર્મો સ્વરૂપમાં સાંકળવા એ અધ્યાસનું લક્ષણ છે, અધ્યાસનો બાધ એ સ્વરૂપસ્થિતિ છે. તે બ્રહ્માકારવૃત્તિરૂપ વિશિષ્ટ વૃત્તિધર્મનું ક્ષેત્ર નથી. વૃત્તિનો આધાર વૃત્તિનો કરનારો લે છે. પણ વૃત્તિના કારક કર્તાના સ્વરૂપમાં વૃત્તિનો પ્રવેશ નથી. કારણ વૃત્તિ તાદાત્મ્ય નિજસ્વરૂપમાં અધ્યાસથી સાંકળાયેલું છે. તેથી અધ્યાસનો બાધ થતાં પોતે જ નિજાત્મસ્વરૂપે અવશિષ્ટ રહે છે. આવી સ્થિતિને સહજાવસ્થા કે સ્વરૂપસાક્ષાત્કાર કહે છે. તે કર્તાનું ખરું–વાસ્તવિક સ્વરૂપ છે; કર્તાએ પ્રાપ્ત કરેલી કોઈ અવસ્થા વિશેષ નથી.

બ્રહ્માકારવૃત્તિ, સમાધિ, નિરોધ, ભાવસમાધિ આ બધા જ અનુભવો અવસ્થા વિશેષ છે. અને તેથી દરેકમાં કર્તા અને તેની વિશિષ્ટ અવસ્થા અનુસ્યૂત રહે છે. તે સ્થિતિમાં શુદ્ધ સ્વરૂપનો સાક્ષાત્કાર નથી; પણ વિશિષ્ટ

સ્વરૂપનો અનુભવ અધ્યાસને કારણે પ્રગટે છે. તે અનુભવ ભાવિકને ભાવનાનુસાર, કર્મ કરનારને કર્માનુસાર અને વૃત્તિ તાદાત્મ્યપૂર્વક અનુ-સંધાન કરનારને વૃત્યાનુસાર જણાય છે–અનુભવાય છે. તે અનુભવ નિત્ય, અખંડ કે અવિકારી રહેતો નથી, કારણ કૃતક છે. અધિષ્ઠાનમાં તમામ પ્રકારના વિકલ્પો અને વિશિષ્ટ અનુભૂતિનો આરોપ શક્ય છે, પણ કોઇ પણ આરોપ વાસ્તવિક નથી. તમામ આરોપ આધ્યાસિક છે, આધ્યાસિકક્ષેત્રે પૂર્ણતા પ્રગટ થઇ શકતી નથી. કારણ કે આધ્યાસિકક્ષેત્રે અજ્ઞાતસત્તા રહે છે. તેથી પુરુષ પ્રયત્ન ચાલુ રહે છે. નિજાત્મસ્વરૂપ પૂર્ણ છે પણ તે પૂર્ણતા અપૂર્ણતા સાપેક્ષ કે સર્વાનુસંધાનરૂપ નથી, પણ ઇદમ્–તતમ્‌નો બાધ થતાં અધિષ્ઠાન સ્વરૂપની છે. તેથી પૂર્ણતા એ સ્થિતિ છે, સર્વ સંકલનરૂપ નથી. અને સ્વરૂપ છે તેથી પ્રયત્નથી પ્રાપ્ત કરવાનો વિષય નથી.

જ્યાં ભેદનું ક્ષેત્ર છે ત્યાં ઐક્ય એ પ્રયત્ન સાધ્ય છે અને સંબંધરૂપ છે. સ્વરૂપથી ભિન્ન અન્ય સત્તાનો અભાવ હોવાથી જ્ઞાની માટે અભેદ સાધવાનું કે પ્રાપ્ત કરવાનું શક્ય નથી, કારણ સ્વરૂપ અદ્વિતીય, સ્વયંપ્રકાશ અને સર્વવ્યાપક છે.

પરિચ્છિન્નમાં અભેદ સાધન–સાધ્ય બને છે. અન્ય સત્તાનો સ્વીકાર અભેદ સાધવાનું કે ભેદના નિષેધનું કારણ છે. (પરંતુ) જે સર્વવ્યાપક છે તે કોની સાથે અભેદ સાધે? જે સ્વયંપ્રકાશ છે તે વૃત્તિનો વિષય કેમ બને? અને જે સજાતીય, વિજાતીય અને સ્વગતભેદથી રહિત છે તે કોની સાથે ભેદ પામી શકે કે અભેદ સાધી શકે?

જ્ઞાનની પૂર્ણતા સ્વયંપ્રકાશ અનુભૂતિ સ્વરૂપે નિજ અસ્તિત્વથી છે; વિચારમાં નથી. યથાર્થ વિચાર જ્ઞાનપ્રાપ્તિનું સાધન બની શકે પણ સ્વરૂપ-સ્થિતિરૂપ જ્ઞાન એ વિચાર, ભાવ, ચિંતન, મનન, ક્રિયા, કારક આદિ તમામ ધર્મો, અવલંબનો અને પ્રકૃતિક્ષેત્રથી પર છે. પ્રકૃતિના ગુણાધ્યાસથી પર થતાં સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે.

गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥ १९ ॥

(ભગવદ્‌ગીતા અ. ૧૪, શ્લોક ૧૯)

આ સ્થિતિમાં વૃત્તિરૂપ સાધનદ્વારા સાધ્યનું અનુસંધાન કરવાનું નથી. કારણ સાધ્યસ્વરૂપે જેની સાધના કરવાની છે તે પોતાનું જ સ્વરૂપ છે અને

તે સ્વરૂપે પોતે જ અવશિષ્ટ રહે છે ત્યાં પોતે પોતાથી અળગો કેમ થાય? અધ્યાસકાળે પણ પોતાને પોતાનો વિયોગ નથી પણ અન્યથા સ્વરૂપે પોતાનું ગ્રહણ થાય છે.

આથી શરીરાદિથી થતા વ્યવહારથી આ સ્થિતિમાં વિક્ષેપ પ્રગટતો નથી કારણ શરીર કે વૃત્તિનો આધાર લઇ કોઇ સાધન કરવાની પ્રક્રિયા સ્વરૂપ સાક્ષાત્કાર થતાં અવશિષ્ટ રહેતી નથી. નિજાત્મસ્વરૂપ આ તત્ત્વ, સ્વયંપ્રકાશ જ્ઞાનસ્વરૂપ કે બોધસ્વરૂપ હોવાથી તેમાં ક્રિયા, ભાવના કે કર્તાનો પ્રવેશ નથી. કર્તાનો પ્રવેશ નથી તેથી નિષ્ઠાનો સવાલ નથી. તેથી આ સ્થિતિ અચ્યુત છે, નિત્ય છે અને સહજ છે.

'જીવન્મુક્તનો વ્યવહાર' એ નામના આ પુસ્તકના ૧૮ મા પ્રકરણમાં, આ સ્થિતિનો બોધ પ્રગટાવવા, શ્રી જ્ઞાનેશ્વર મહારાજ તેમના પિતાશ્રીને સમજાવે છે.

તેથી કોઇ વિધિ, નિયમ કે સાધનના અવલંબનને કર્તાભાવરૂપ અહં-કારથી પકડીને કરવાની સાધનાથી પોતાની જાતને છોડાવવા અને સ્વયં-પ્રકાશ જ્ઞાન સ્વરૂપે અવસ્થિત રહેવા તેઓ બોધ કરે છે. પરંતુ અહંકારનો બાધ થયા સિવાય બોધ પ્રગટતો નથી. કર્તા–ભોક્તાભાવ એ અહંકારનું લક્ષણ છે. તેમાંથી છૂટવાનું સાધન જ્ઞાન છે, બોધ છે, નિરોધ નથી. તે બાબતની સ્પષ્ટતા જ્ઞાનેશ્વર મહારાજના ઉપદેશમાં ભારપૂર્વક રજૂ થઇ છે. તેમના પિતાશ્રી ઉપાસક હશે તેથી વૃત્તિક્ષેત્રગત સમાધિના અભ્યાસનો આગ્રહ રાખે છે અને તે માટે એકાંત અને નિવૃત્તિ પરાયણ જીવનની અનિવાર્યતા જણાવે છે.

ઉદાહરણરૂપે નીચે ઉદ્‌ધૃત કરેલ એક નાનકડો સંવાદ પણ આ બાબતનો ખ્યાલ આપવા પર્યાપ્ત છે.

જ્ઞાનેશ્વર : જેણે બધાં કર્મોનો ત્યાગ કર્યો છે, તેને માટે સમાધિ સાધવી એ પણ કર્મ નથી શું? અને જે આવાં કર્મમાં રોકાય તેને માટે કુટુંબના કાર્યોમાં રોકાવું શું ખોટું છે?

વિઠોબા : સમાધિ સાધવી એ ક્રિયા છે ખરી, પણ તે બધા વિચારો અને ચિંતાને દૂર કરે છે; અને કુટુંબના કાર્યો અને વિચારો તો ચિંતાઓ અને શોક ઉત્પન્ન કરે છે.

જ્ઞાનેશ્વર : જ્યારે પોતે સચ્ચિદાનંદસ્વરૂપ છે ત્યારે તેણે નિષ્ઠા–સાધનામાં શા માટે રોકાવું? (જીવન્મુક્તનો વ્યવહાર પ્રકરણ ૧૮, પાનું ૨૦૨).

શ્રી જ્ઞાનેશ્વર મહારાજ જે મુદ્દો ભારપૂર્વક રજૂ કરે છે તે મુદ્દો શ્રી યોગવાસિષ્ઠ મહારામાયણના નીચેના શ્લોકમાં પણ સ્પષ્ટ રીતે રજૂ થયો છે.

समाधिमपि कर्माणि मा करोतु करोतु वा।
हृदयेनास्तसर्वाशो मुक्त एवोत्तमाशयः ॥

ભાવાર્થઃ–જેના હૃદયમાંથી સર્વ આશા કે વાસના નિર્મૂળ થઇ છે તે ઉત્તમ આશયવાળા માટે સમાધિરૂપ ક્રિયા (કર્મ) કરે કે ન કરે તો પણ તે (સદા) મુક્ત જ છે.

એટલે કે વાસના અને કર્તા–ભોક્તાભાવરૂપ અધ્યાસનો બાધ થયો છે તેવા જ્ઞાનીને માટે સમાધિ પણ માત્ર 'ક્રિયારૂપ કર્મ' બની જાય છે, 'કર્તવ્ય–કર્મ નહીં'–એ મહત્ત્વનો મુદ્દો આ શ્લોકમાં રજૂ થયો છે તે સ્પષ્ટ થવું ઘટે.

તેથી સ્પષ્ટ થશે કે વૃત્તિથી થતી કોઇપણ સાધનામાં વ્યાવહારિક વિક્ષેપ પ્રવેશી શકે છે. માત્ર સ્વરૂપસ્થિતિ જ તમામ પ્રકારના વિકારોથી સદા મુક્ત છે. પોતાના સ્વરૂપને મૂકીને બીજા સાથે સંકળાવું તે જ બંધન છે. છતાં 'બીજું' કે 'ઇદમ્–ત્તતમ્' મિથ્યા હોવાથી તેની સાથે આધ્યાસિક સંબંધ હોય છે, વાસ્તવિક નહીં. આધ્યાસિક સંબંધની નિવૃત્તિ જ્ઞાનથી થાય, ક્રિયા કે ભાવનાથી નહીં.

તેથી સમજાશે કે સ્વરૂપ સાક્ષાત્કારથી ભિન્ન અન્ય સર્વ અનુભવો સાધન–સાધ્ય છે, તેથી કૃતક્ છે, તેથી વિકારી છે, તેથી અનિત્ય છે, તેથી ભેદરૂપ છે, તેથી ભ્રમરૂપ છે અને તેથી પારમાર્થિક સત્‌રૂપ નથી, તેથી પરમ પુરુષાર્થરૂપ નથી. માત્ર સ્વરૂપ જ પરમ પુરુષાર્થનું ક્ષેત્ર છે.

આવા જ્ઞાનસ્વરૂપ જ્ઞાનીની કેવી સ્થિતિ હોય તેનો ખ્યાલ મહર્ષિના જીવનમાંથી અને બોધમાંથી મળી શકે છે.

બોધ આ માર્ગમાં પ્રગટતા પ્રશ્નોનો ઉકેલ આપે છે જ્યારે તેમના જીવન–પ્રસંગો આધ્યાત્મિક જીવન ગાળવા માટેની પ્રેરણા અને બળ પ્રગટાવે છે.

અત્રે, સમાધિના સંદર્ભમાં એ ખુલાસો જરૂરી છે કે–

ભક્તની સમાધિ એ ચિત્તના ઈશ્વરપ્રત્યેના અનન્ય નિષ્કામ ભાવાનુસંધાન દ્વારા પ્રગટે છે.

યોગની સમાધિ એ ચિત્તના સંસ્કારોના નિરોધથી પ્રગટે છે.

આવી સમાધિ એ અંતઃકરણનો ધર્મ છે. કર્તાનો પુરુષાર્થ એ તેનું ઉપાદાન કારણ છે અને કર્તાએ પ્રાપ્ત કરેલ એ અવસ્થા વિશેષ છે. સમાધિનો કર્તા વ્યુત્થાન દશામાં પણ આવે છે.

ભાવશૈથિલ્ય કે શમન એ ભક્તિમાર્ગની સમાધિનું વ્યુત્થાન છે.

ચિત્તના સંસ્કારોનો પ્રાદુર્ભાવ કે ઉદ્‌ભૂતતા એ યોગની સમાધિનું વ્યુત્થાન છે.

પરંતુ જ્ઞાનીની સમાધિ એ અંતઃકરણનો ધર્મ નથી. જ્ઞાની સમાધિનો કારક પણ નથી. જ્ઞાન સમાધિદ્વારા પ્રગટતું પણ નથી.

પરંતુ કર્તા–ભોક્તાભાવરૂપ આધ્યાસિક જ્ઞાનનો બાધ થતાં સ્વયંપ્રકાશ બોધસ્વરૂપે અવશિષ્ટ રહેવારૂપ જે સ્થિતિ તે જ્ઞાનીની સમાધિ છે.

નિજાત્મ સ્વરૂપમાંથી વ્યુત્થાન શક્ય નથી. કારણ વ્યુત્થાન પામનાર સ્વતંત્ર અહંકારરૂપ કર્તાનું અસ્તિત્વ નથી, બાધ પામ્યું છે.

બાધ અને બોધનું પુનરાવર્તન અશક્ય છે. તેથી જ્ઞાનીની આવી સમાધિ વ્યુત્થાન રહિત અચ્યુત છે. આવી સમાધિનું વર્ણન અને પ્રગટ કરવાનું સાધન 'શ્રી અપરોક્ષાનુભૂતિ' + ગ્રંથના ૧૨૪ માં શ્લોકમાં શ્રી શંકરાચાર્ય મહારાજે આપ્યું છે. તે જ સંદર્ભમાં ૧૨૬ માં શ્લોકમાં સાધન–વિશ્રાંતિરૂપ સ્વરૂપબોધની સ્પષ્ટતા છે.

निर्विकार तया वृत्त्या ब्रह्माकार तया पुनः ।
वृत्ति विस्मरणं सम्यक् समाधिर्ज्ञान संज्ञकः ॥ १२४ ॥

+ યોગમાર્ગની સાધન પ્રક્રિયાગત અંગોના સંદર્ભમાં જ્ઞાનમાર્ગની નિદિધ્યાસન પ્રક્રિયાનાં ૧૫ અંગોની પ્રક્રિયાનું નિરૂપણ 'અપરોક્ષાનુભૂતિ' ગ્રંથના શ્લોક ૧૦૦ થી ૧૨૪ સુધીમાં સ્પષ્ટ કરેલ છે.

तत: साधननिर्मुक्त: सिद्धो भवति योगिराट्।
तत्स्वरूपं न चैतस्य विषयो मनसो गिराम्॥ १२६॥

(અપરોક્ષાનુભૂતિ)

આ શ્લોકોનો અનુવાદ આપવાને બદલે તેમાંથી ફલિત થતી સૈદ્ધાંતિક સ્પષ્ટતા રજૂ કરવા અત્રે પ્રયાસ કર્યો છે.

'निर्विकारतयावृत्त्या' એ પદ વૈરાગ્યનું સૂચક છે. અર્થાત્ વૈરાગ્યવાળી નિર્વિકારવૃત્તિ બ્રહ્માકાર થવાની ક્ષમતા ધરાવે છે. એટલે કે વૈરાગ્યદ્વારા વૃત્તિની બ્રહ્માકાર સ્થિતિ પ્રગટાવ્યા પછી વૃત્તિતાદાત્મ્યનો બાધ થતાં સ્વયં-પ્રકાશ બોધસ્વરૂપે અવસ્થિતિ રહે તેને જ્ઞાનમાર્ગની સમાધિ કહે છે. તે પ્રગટે ત્યારે વૃતિતાદાત્મ્ય અધ્યાસનો જે બાધ થયો તે વૃત્તિનું વિસ્મરણ છે.* અને તે સ્થિતિને જ્ઞાન–સમાધિ કહે છે. અહીં વિસ્મરણ એ સ્મરણ-ગત ખામી બતાવતી પ્રક્રિયારૂપ નથી પણ સ્મરણરૂપ પ્રક્રિયા સાથે સ્વરૂપને સાંકળવાની અશક્યતારૂપ છે. અને તે સૂચવવા 'विस्मरणं सम्यक्' અર્થાત્ સમ્યક્ એવા સ્વરૂપાવસ્થાનથી વૃત્તિની સ્મરણ પ્રક્રિયા સાથે સંકળાવાનું બંધ પડે છે; તે સ્થિતિને જ્ઞાન–સમાધિ કહે છે તેમ દર્શાવ્યું છે. આ સમાધિ, સમાધિ અને વિક્ષેપરૂપ દ્વંદ્વના અધિષ્ઠાનરૂપ છે અને તેથી અચ્યુત સ્વરૂપની છે. અત્રે કરેલા સમાધિના પૃથક્કરણથી ભાષાકીય ક્ષેત્રે 'निमेषार्धं न तिष्ठन्ति' વાળા શ્લોકનું હાર્દ સવિશેષ સ્પષ્ટ થશે.

---

* समाधि सतु विज्ञेय: सर्ववृत्ति विवर्जित:।
ब्रह्मसंपद्यते योगी न भूय: संसृतिर्व्रजेत्॥
(શ્રી નિગમાગમવાક્ય રત્નાવલિ. પાનું ૧૩૨)
अज्ञान कलुषं जीवं ज्ञानाभ्यासाद्विनिर्मलम्।
कृत्वा ज्ञानं स्वयं नश्येज्जलं कतकरेणुवत्॥५॥
(આત્મબોધ)

અર્થ:–જેવી રીતે જળને નિર્મળ કરીને કતકરેણુ નષ્ટ થઈ જાય છે તેવી રીતે અજ્ઞાન (–રૂપ ઉપાધિ)થી મલિન થયેલા જીવને (બ્રહ્માકારવૃત્તિ-રૂપ) જ્ઞાનાભ્યાસ નિર્મળ કરીને (તે) વૃત્તિજ્ઞાન પોતે પણ નષ્ટ (વિશ્રાંત) થઈ જાય છે.

અધ્યાસ હોવા છતાં નિરોધ સમાધિ શક્ય છે. કારણ નિરોધક સિવાય નિરોધ થાય નહિ અને સ્વતંત્ર નિરોધકનું અસ્તિત્વ અધ્યાસનું સૂચક છે.

જ્યારે સ્વયંપ્રકાશસ્વરૂપ જ્ઞાન–સમાધિ અખંડ છે, અચ્યુત છે અને કૈવલ્ય સ્વરૂપ છે. તેમાં વ્યુત્થાન થતું નથી કારણ તેનું અનુસંધાન કરનાર કોઈ સ્વતંત્ર કર્તા નથી. તેમાં વિક્ષેપનો પ્રવેશ નથી કારણ તેમાં વૃત્તિનું અનુસંધાન નથી. તેમાં ભોક્તા–ભોગ્ય કોટિનો આનંદ નથી કારણ તેમાં કર્તાનો જ અભાવ છે. આ બોધ નિર્વાસનિક છે. તેને સંસાર સ્પર્શી શકતો નથી. સમાધિ બાંધી શકતી નથી અને વ્યુત્થાન પ્રવેશી શકતું નથી.

નિજાત્માનું એ સ્વરૂપ છે. આ અચ્યુતપદ છે. પદ સંકેત પણ માત્ર ભાષાકીય સંકેત આપવા વાપર્યો છે. તે આરાધ્ય સ્વરૂપનું નથી. તેનો કોઈ આરાધક કે ધારક નથી. તેનો કોઈ નિષેધક નથી. તેનો કોઈ સ્થાપક નથી. તેનું અસ્તિત્વ પ્રમાણથી પર છે કારણ તે પ્રમાણનું પ્રકાશક છે. છતાં પ્રમાણગમ્ય નથી કારણ સ્વયંપ્રકાશ છે. પ્રમેયરૂપે તેને જાણી શકાય નહિ કારણ પ્રમાણનો અવિષય છે. પ્રમાણનો અવિષય હોવા છતાં તેનો નિષેધ શક્ય નથી કારણ નિષેધકનું જ તે નિજ સ્વરૂપ છે. તેમાં કોઈ વિવાદ નથી કારણ તે વૃત્તિનો વિષય નથી. તર્કપ્રતિષ્ઠાનની તેને માટે જરૂર નથી કારણ તેમાં સંશય, વિપર્યય કે જડક્ષેત્રે પ્રવર્તતી વૃત્તિક્ષેત્રગત આધાર–આધેય ભાવ નથી. તે અભાવરૂપ પણ નથી કારણ ભાવ–અભાવનું તે અધિષ્ઠાન છે. તે શૂન્ય સ્વરૂપ પણ નથી કારણ શૂન્ય લાવો તો શૂન્યનું દ્રષ્ટા છે. તેથી તે કેવળ નિત્ય અસ્તિત્વરૂપ છે. તેથી તે સત્ છે. સ્વયંપ્રકાશ હોવાથી આ 'સત્'ને 'ચિત્' કહે છે. તેમ જ સર્વવ્યાપક હોવાથી આ 'સત્' આનંદ સ્વરૂપ છે. કારણ દ્વંદ્વાત્મક સુખદુઃખની સંભાવના ભેદ વિના શક્ય નથી. અને અદ્વિતીય સર્વવ્યાપક એવું આ સત્ હોવાથી તે આનંદ સ્વરૂપ છે. આમ 'સત્' જ 'ચિત્' છે, 'સત્' જ આનંદ છે અને 'સત્' જ પરિપૂર્ણ છે. આથી કેવળ 'સત્'ની જ સત્તા છે.

આવો બોધ પ્રગટે પછી શાસ્ત્રાર્થનું પ્રયોજન રહેતું નથી તે બાબત નીચેના શ્લોકમાં સ્પષ્ટ કરી છે.

आत्मब्रह्म विचाराख्यं शास्त्रीयं मानसं जगत्।
बुद्धे तत्त्वे तच्चहेयमिति श्रुत्यनुशासनम्॥

તાત્પર્ય એ છે કે : બોધ માટે, આત્મા અને બ્રહ્મતત્ત્વનું નિરૂપણ કરતું વૈચારિક એવું જે શાસ્ત્રીય માનસિક જગત છે તેનો તત્ત્વસાક્ષાત્કાર થતાં ત્યાગ કરવો તેવો શ્રુતિ–આદેશ છે.

* * *

આ આમુખમાં નીચે જણાવેલ મુદ્દા વિષે સ્પષ્ટીકરણ કરવા પ્રયત્ન કર્યો છે.

(૧) પૂ. સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજના લખાણમાં આવતા કેટલાક પારિભાષિક શબ્દ વિષે.

(૨) જ્ઞાનાનુભૂતિના સંદર્ભમાં પૂછતા કેટલાક પ્રશ્નો વિષે.

(૩) જ્ઞાનમાર્ગનો અધિકાર તૈયાર કરવાની સાધન પદ્ધતિ વિષે.

(૪) આ પુસ્તકના વિષય નિરૂપણમાંથી પ્રગટતા કેટલાક સૈદ્ધાંતિક અને તાત્ત્વિક પ્રશ્નો વિષેની સ્પષ્ટતા અને સમજૂતી.

(૫) પૂ. શ્રી મહર્ષિના તેમ જ પૂ. સ્વામી શ્રી માધવતીર્થ મહારાજના અભિગમ વિષેની કેટલીક સ્પષ્ટતા.

(૬) આધ્યાત્મિક ક્ષેત્રે અધિકાર તૈયાર કરવા જતાં જાણે–અજાણે પ્રવેશી જતાં કેટલાંક વિજાતીય તત્ત્વો કે અયથાર્થ અભિગમ વિષે જાગૃતિ અર્થેની સ્પષ્ટતા.

(૭) જ્ઞાનના સાક્ષાત્ સાધન 'શ્રવણ' વિષે તેમ જ અધિકાર સાપેક્ષ શ્રવણ–મનનાદિની સાધન પ્રક્રિયા વિષે.

(૮) કેટલાક સૈદ્ધાંતિક મુદ્દાનું સ્પષ્ટીકરણ–જેવા કે–

બ્રહ્માકારવૃત્તિ કે સાક્ષીભાવ આદિના અભ્યાસથી દેહાત્મભાવનું તાદાત્મ્ય ક્ષીણ થાય છે.

સ્વરૂપ સાક્ષાત્કારથી દેહાત્મભાવરૂપ અધ્યાસનો બાધ થાય છે.

'ભાવ પરિવર્તન' કે 'ભાવક્ષીણત્વ' ક્રમશઃ થાય છે. જ્ઞાનબાધ્યત્વમાં અંશ–અંશીભાવ બનતો નથી, વૃત્તિક્ષેત્રગત દૃઢતા–અદૃઢતા સાંકળી શકાતાં નથી, દેહ સાપેક્ષ અને કાળક્ષેત્રગત જીવન્મુક્તિ–વિદેહમુક્તિના વિકલ્પો પ્રવેશ પામી શકતા નથી.

(૯) પ્રમાણગ્રંથોની અભ્યાસ પદ્ધતિ વિષે તેમ જ તે માટેના યથાર્થ અભિગમ વિષેની સ્પષ્ટતા.

(૧૦) વૃત્તિજ્ઞાન અને સ્વરૂપજ્ઞાન તથા અન્ય સમાધિઓનાં સંદર્ભમાં સહજાવસ્થા કે જ્ઞાન–સમાધિનાં વ્યાવર્તક લક્ષણો.

(૧૧) 'જીવન્મુક્તના વ્યવહાર' સંબંધી પ્રક્રિયાગત તેમ જ તાત્ત્વિક સ્પષ્ટતા.

(૧૨) વૈરાગ્યના વિધાયક પાસાનો ઉલ્લેખ અને તે અન્વયે કેટલીક સ્પષ્ટતા.

સમાપનમાં, આમુખના સંદર્ભમાં જણાવવાનું કે રજૂઆતની ખામીને કારણે–નિરૂપણમાં પ્રગટતી કોઈ સંદિગ્ધતા, અન્યથા કે દ્વિઅર્થી નિરૂપણ, ક્લિષ્ટતા અથવા અન્ય કોઈપણ પ્રકારની ક્ષતિ આ 'આમુખ'ના લખાણમાં જણાય તો તેનું સમધાન કોઈ અનુભવી તજજ્ઞ દ્વારા મેળવી લેવા સહૃદયી સાધકો તેમ જ જિજ્ઞાસુ વાચકોને નમ્ર વિનંતિ છે.


જ્ઞાનને જીવનમાં વણવા માટે ઈશ્વર, ગુરુ અને શાસ્ત્રની કૃપા અને મહત્તા અમોઘ અને અનિવાર્ય છે. તેમની વંદના સાથે આ 'આમુખ' સમાપ્ત કરીએ :

भावाद्वैतं सदा कुर्यात् क्रियाद्वैतं न कर्हिचित्।
अद्वैतं त्रिषु लोकेषु नाद्वैतं गुरुणा सह॥८७॥ (તત્ત્વોપદેશ)


यावदायुस्त्रयो वंद्या वेदांतो गुरुरीश्वरः।
आदौ ज्ञानप्रसिद्ध्यर्थं कृतघ्नत्वापनुत्तये॥

તા. ૫-૪-'૯૪ —સંપાદક

* અનુક્રમ *



શ્રી રમણ મહર્ષિ



શ્રી રમણ મહર્ષિ

પરિચય અને બોધ

૧ : પરિચય

દક્ષિણ હિંદુસ્તાનમાં શ્રી રમણ મહર્ષિ એ એક મહાન આત્મનિષ્ઠાવાળા સંત પુરુષ છે. તેમણે લગભગ ૫૦ વર્ષ સુધી એક જગ્યાએ રહી નૈષ્ઠિક બ્રહ્મચર્યથી, તપથી, ધ્યાનથી, જ્ઞાનથી, મૌનથી અને વૈરાગ્યથી એવી દશા પ્રાપ્ત કરેલી છે, કે જેવી આ કાળમાં પ્રાપ્ત કરવી ઘણાને મુશ્કેલ લાગે છે. તેમનો રમણાશ્રમ એ એક તીર્થનું સ્થળ થઇ પડેલ છે. અહીં વારંવાર હિંદુસ્તાનના બધા પ્રાંતોમાંથી અને બહારના દેશોમાંથી મુમુક્ષુઓ આવી આત્મજ્ઞાનના અઘરા પ્રશ્નોના ખુલાસા મેળવી શકે છે, જ્ઞાનની રીત પૂછી શકે છે અને તેમની પાસે ધ્યાનમાં બેસી તેમની નિષ્ઠાની અસર લઇ શકે છે.

શ્રી રમણ મહર્ષિના શરીરનો જન્મ સને ૧૮૭૯માં મદુરાથી ૩૦ માઇલ દૂર તિરુચુઝી ગામમાં થયો હતો. વિદ્યાર્થી અવસ્થામાં તેમની સ્મરણશક્તિ બહુ તીવ્ર હતી. કોઇ પુસ્તક એકવાર વાંચતાં તેમને યાદ રહી જતું હતું; પણ તેમને નિદ્રાની ટેવ ઘણી હતી. નિદ્રામાં હોવા છતાં ઊઠીને તેઓ કાંઇ કામ કરી લેતા અને બહાર ચાલ્યા જતા તો યે તેમને ભાન રહેતું નહિ. તેમનો સ્વભાવ નાની ઉંમરમાં રમતિયાળ હતો. તે જ્યારે ઊંઘતા હતા ત્યારે તેમના કેટલાક મિત્રો રમતને ખાતર તેમને બીજે ઠેકાણે લઇ જતા પણ

તેમને કાંઇ ભાન રહેતું નહિ. તેમનું મૂળ નામ વેંકટરામ હતું. ૧૬મે વર્ષે વેંકટરામની જિંદગીમાં ધાર્મિક પરિવર્તન થવા લાગ્યું. તેની હકીકત તેમણે પોતે જ ટૂંકમાં નીચે પ્રમાણે કહેલી છેઃ–

"લગભગ ૧૬–૧૭ વર્ષની ઉંમરે હું સારી તંદુરસ્તી ભોગવતો હતો. મને કોઇ પણ પ્રકારનું દરદ ન હતું. એક દિવસ સવારે ઊઠતાં મને એકદમ મરણની બીક લાગી. મને લાગ્યું કે હું હમણાં મરી જઇશ; તેથી તે દિવસે હું એકલો મારા ઓરડામાં બેસી રહ્યો. મેં કોઇ દાક્તરને અથવા મિત્રને બોલાવ્યા નહિ. મેં મારા મનને પૂછ્યુંઃ–'હવે મરણ આવ્યું છે, મારે હવે શું કરવું?' એમ વિચાર કરી મેં મારા હાથપગ, મડદાની માફક લાંબા કર્યા, મારા પ્રાણ બંધ કર્યા. પછી મેં મારા મનને કહ્યુંઃ–'આ શરીર હવે મરી ગયું છે, તેને હવે સ્મશાને લઇ જવામાં આવશે અને બાળવામાં આવશે પણ શરીરના મરણને હું જોઇ શકું છું, તેથી હું મરતો નથી. આ શરીર શાંત થઇ ગયું છે, છતાં હું મને એવો ને એવો શરીરથી જુદો અનુભવી શકું છું, તેથી હું આત્મા છું, હું શરીર નથી અને આત્મા મરતો નથી.' આ માત્ર મારા મનનો તર્ક નહોતો, આ તે વખતનો મારો સચોટ અનુભવ હતો. તે વખત પછી આ અનુભવ મને વારંવાર થતો હતો. આ અનુભવ પછી મરણની બીક મારે માટે હમેશ માટે જતી રહી. આ અનુભવની અસર એવી થઇ કે મને મારાં સગાંમાં, મિત્રોમાં અને અભ્યાસમાં રસ રહ્યો નહિ. કેટલાક મને જ્ઞાની અને યોગી કહીને મારી મશ્કરી કરતા હતા; પણ જ્યારે ફુરસદ મળે ત્યારે હું આત્માના ધ્યાનમાં બેસતો."

આ પ્રમાણે શ્રી રમણ મહર્ષિએ પોતાને નાની ઉંમરમાં થયેલ આત્માનો અનુભવ સમજાવેલો છે. એ અનુભવને લઇને નિશાળના અભ્યાસમાંથી તેમનું મન ખસી જવાથી તેમના કાકા અને ભાઇ તેમને ઘણો ઠપકો આપતા. એક વખત તેમને ધ્યાનમાં બેઠેલા જોઇ તેમના ભાઇએ તેમને કહ્યું : 'તારે યોગી થવું હોય તો નિશાળના અભ્યાસનો અને બીજો નકામો ખર્ચ અમારા ઉપર શા માટે નાંખે છે?' આવાં મહેણાં વારંવાર સાંભળવાથી એક વખત વેંકટરામને (શ્રી રમણ મહર્ષિને) એવું લાગ્યું કે તેના ભાઇની વાત સાચી છે, તેથી સને ૧૮૯૬માં એક દિવસ તક જોઇ તે તિરૂવન્નમલઇ ગામે અરુણાચળ પર્વતની ગુફાઓમાં ગુપ્તપણે તપ કરવા ચાલી નીકળ્યા. બેત્રણ વર્ષ સુધી તેમના કુટુંબને તેમનો પત્તો લાગ્યો નહિ.

મદ્રાસ ઈલાકામાં આરકોટ જિલ્લામાં તિરૂવન્નમલઇ નામનું એક પવિત્ર તીર્થસ્થળ છે, ત્યાં અરુણાચળ નામનો એક પવિત્ર પર્વત છે. ત્યાં આ મહાત્મા સને ૧૮૯૬ માં ૧૭ વર્ષની ઉંમરે તપ કરવા ગયા છે. હજુ સુધી પણ તેઓ તે પર્વતની તળેટીમાં બંધાવેલા આશ્રમમાં રહે છે. આવા મહાત્માનું જીવન અને તેમનો ઉપદેશ આ માર્ગના જિજ્ઞાસુઓને ઉપયોગી હોવાથી આ પુસ્તકમાં ટૂંકમાં આપવામાં આવેલો છે.

પોતે શરીર નથી એવું ભાન વેંકટરામને સતત રહેતું હતું. તેથી દેહના ધર્મની પરવા તેમણે છોડવા માંડી, જનોઇ તોડી નાખી અને પાસે બેત્રણ રૂપિયા હતા તે ફેંકી દીધા. તેમને એમ લાગ્યું કે જે ભગવાન પશુપક્ષીની સંભાળ રાખે છે, તે તેમની પણ સંભાળ રાખશે; તેથી શરીરરક્ષાના વિચાર છોડી તેમણે મૌન અને ધ્યાન વધારવા માંડયાં. પહેલાં તે અરુણાચળ પર્વતની તળેટીમાં આવેલ તિરૂવન્નમલઇ ગામમાં જ્યાં અરુણાચળનું મોટું મંદિર છે, તેના એક ખૂણામાં આવેલી એક ગુફામાં રહેતા હતા. કોઇ વખતે

જ્યારે બહાર આવતા ત્યારે તે ગામના કેટલાક છોકરાઓ તેમને ગાંડા માની તેમની તરફ પથરા નાંખી તેમને પજવતા પણ તેમણે પોતાની ધીરજ છોડી નહિ. પોતે ઘણા કલાકો સમાધિનો આનંદ ભોગવી શકતા હતા, તેથી બહારની અગવડોની તેમણે દરકાર કરી નહિ. વખત જતાં તેમની ખ્યાતિ ધીરેધીરે વધવા લાગી અને તેથી ભિક્ષા મુશ્કેલી વગર મળવા લાગી. કોઇ કોઇ માણસો તેમને વાંચવા માટે વેદાંતના ગ્રંથો આપી જતા હતા. તેનો અભ્યાસ કરતાં તેમને એમ લાગ્યું કે જે અનુભવ તેમને સમાધિમાં થતો હતો તે જ વેદાંતનાં શાસ્ત્રોમાં લખેલો છે. તેમની માતૃભાષા તામીલ છે. તેમનો અંગ્રેજી અભ્યાસ દશ્રા ધોરણ સુધીનો છે. તે ઉપરાંત પોતે સંસ્કૃત, તેલુગુ અને મલાયલમ ભાષા પણ જાણે છે.

ત્રણ વર્ષ પછી તેમના કુટુંબીજન તેમને શોધી શક્યા. તેમના ભાઈ તેમને પાછા ઘેર લઈ જવા માટે આવ્યા પણ પોતે પોતાના નિશ્ચયથી ડગ્યા નહિ. તેમની મા તેડવા આવ્યાં, તો પણ પોતે પોતાની જગ્યા છોડી નહિ. છેવટે તેમનાં મા અને ભાઈ તેમના આશ્રમમાં આવીને રહ્યાં. તેમનાં મા સ્વરૂપાવસ્થ થયાં હતાં. તેમના ભાઈએ સંન્યાસ લીધો હતો. મહર્ષિની ઈચ્છા પોતાનો અનુભવ અને ઉપદેશ બહાર સમાજમાં ફેલાવવાની નહોતી; છતાં દુનિયાના દૂરના દેશોમાં પણ તેમનો ઉપદેશ પહોંચી ગયો છે. મહર્ષિની પ્રખ્યાતિ ધીરેધીરે બહુ વધી અને ઘણા વિદ્વાનો પણ તેમના ઉપદેશ માટે તેમની પાસે આવવા લાગ્યા. મહર્ષિ દરેકને તેમના અધિકાર પ્રમાણે ઉપદેશ આપતા અને દરેકને પોતાના હૃદયમાં ઊંડા ઊતરવાનું કહેતા. એક વખત પીલાઇ નામના એક ગૃહસ્થે મહર્ષિને ૧૪ પ્રશ્નો પૂછ્યા, તેના જવાબમાં તેમણે કહ્યું : 'તમે શરીર નથી, પ્રાણ નથી, ઇંદ્રિયો નથી, મન, બુદ્ધિ વગેરે

નથી. એ બાદ કરતાં બાકી જે રહે તે તમારું સ્વરૂપ છે, તે સચ્ચિદાનંદ છે. જ્યારે બધાં દૃશ્યનો બાધ થાય છે, ત્યારે સચ્ચિદાનંદનો અનુભવ થાય છે. દ્રષ્ટા અને દૃશ્ય એ રજ્જુસર્પના જેવું છે. જ્યાં સુધી સર્પનો બાધ થતો નથી ત્યાં સુધી રજ્જુનું ભાન થતું નથી. તે જ પ્રમાણે જ્યાં સુધી દૃશ્યનો બાધ નહિ થાય ત્યાં સુધી સચ્ચિદાનંદનો અનુભવ થશે નહિ.'

પીલાઇ—દૃશ્યનો બાધ ક્યારે થાય?

મહર્ષિ—બધા વિચાર, બધી ક્રિયા અને બધા દૃશ્યનું કારણ મન છે, મન શાંત થશે તો બધું શાંત લાગશે. જ્યારે મન બહાર ભમે છે, ત્યારે જગત દેખાય છે; માટે મનને અંદર વાળી હું કોણ છું? એ પ્રશ્ન પોતે પોતાને પૂછવો. એ પ્રશ્ન પૂછશો એટલે મન શાંત થવા લાગશે, પોતાના અહંકારનો આત્મામાં લય કરવો એ ખરી ભક્તિ છે.

પીલાઇ—મનને સુધારવા માટે બીજા કોઇ ઉપાય છે કે નહિ?

મહર્ષિ—પોતાના આત્માની શોધ સિવાય બીજા ઉપાય પૂરતા નથી. બીજા ઉપાયથી થોડીવાર મન શાંત થાય છે, પણ પાછું કૂદવા માંડે છે અને ચંચળ બને છે. તમે કોણ છો? એ શોધ કરવા માટે જેમજેમ તમે હૃદયમાં ઊંડા ઊતરશો તેમતેમ મન અને વાસના ક્ષીણ થતાં જ જશે. જ્યારે શંકા ઊઠે ત્યારે શંકાનો જવાબ મેળવવા પ્રયત્ન ન કરવો પણ એ શંકા કોને થાય છે તેની શોધ કરો. બધા સંકલ્પોને તેના મૂળમાંથી કાઢી નાખવા એ ખરો વૈરાગ્ય છે.

પીલાઇ—ભગવાને આ જગતમાં આટલી ધાંધલ શા માટે રચી હશે? શું જે બને છે તે ભગવાનની ઈચ્છાથી બનતું નથી?

મહર્ષિ—ભગવાન પરિપૂર્ણ છે. તેને કોઇ ઇચ્છા નથી.

જેમ સૂર્ય ઊગે છે ત્યારે માણસો પોતપોતાના કામે લાગી જાય છે, તેમ ભગવાનની સત્તાથી બધું ચાલ્યા કરે છે પણ તેને પોતાને કોઇ જાતની ઇચ્છા નથી.

થોડા વખત પછી કાવ્યકાંત ગણપતિ શાસ્ત્રી નામના એક વિદ્વાન પુરુષ મહર્ષિ પાસે આવ્યા. તેમણે ઇતિહાસ, પુરાણ, ઉપનિષદ વગેરેનો સારો અભ્યાસ કર્યો હતો. ગણપતિ શાસ્ત્રીએ મહર્ષિને કહ્યું : 'મેં ઘણો અભ્યાસ કર્યો છે પણ તપ શું કહેવાય તેની મને ખબર નથી.'

મહર્ષિ—તમે કહો છો, કે 'મેં ઘણો અભ્યાસ કરેલો છે' તો એ 'મેં' શબ્દ ક્યાંથી ઊઠે છે તેની બરાબર શોધ કરી શકો તો તે મોટામાં મોટું તપ છે. જ્યારે આપણે કોઇ મંત્રનો જપ કરીએ ત્યારે તે અવાજ જ્યાંથી નીકળે છે ત્યાં જો મનને એકાગ્ર કરી શકીએ તો તે તપ છે.

આ જવાબથી તે શાસ્ત્રીને બહુ આનંદ થયો. તેમને એમ લાગ્યું કે આ મહાત્માનો અનુભવ શાસ્ત્રો સાથે બરાબર મળતો આવે છે, તેથી તે દિવસથી તેમણે તેમનું નામ 'ભગવાન શ્રી રમણ મહર્ષિ' પાડયું અને પછી બધા તે નામથી તેમને ઓળખવા લાગ્યા. ધીરેધીરે શાસ્ત્રીજી અને મહર્ષિ વચ્ચે પ્રેમ વધવા લાગ્યો. શાસ્ત્રીજીને મહર્ષિના અનુભવનો લાભ મળ્યો અને મહર્ષિને શાસ્ત્રીજીના શાસ્ત્રના જ્ઞાનનો લાભ મળ્યો.

આત્મસાક્ષાત્કાર માટે મહર્ષિ ત્રણ સાધન બતાવે છેઃ (૧) ધર્માચરણ, (૨) ઈશ્વર—ઉપાસના અને (૩) પોતે કોણ છે તેની શોધ. એ ત્રણેમાં ત્રીજા સાધન ઉપર તે બહુ ભાર દે છે. તે કહે

છે, કે 'તમે તમારા મનને પાછું વાળો, તેના મૂળની શોધ કરો, બધા વિચાર ક્યાંથી ઉત્પન્ન થાય છે તેની તપાસ કરો, તે મૂળ જગ્યાએ આનંદમય, પ્રકાશમય આત્મા છે.' આવી વાતો ઘણા માણસોએ કેટલેક ઠેકાણે સાંભળેલ હોય છે; છતાં તેનું સાધન બતાવવામાં દરેક મહાત્મા પોતાના અનુભવ પ્રમાણે નવીનવી યુક્તિઓ બતાવે છે અને તે યુક્તિ કેટલાક જિજ્ઞાસુઓને માફક આવી જાય છે. તેવી જ રીતે મહર્ષિ પણ પોતાના અનુભવની રીત બતાવે છે.

જેમજેમ મહર્ષિ જિજ્ઞાસુઓને આધ્યાત્મિક મદદ આપતા ગયા, તેમતેમ તેમની કીર્તિ વધવા લાગી. તેથી શ્રીઅરુણાચળ પર્વત ઉપર રહેતા કેટલાક સાધુઓ તેમની અદેખાઇ કરવા લાગ્યા અને તેમને પજવવા લાગ્યા; પણ મહર્ષિ તેમના પ્રત્યે સમભાવ રાખતા હતા.

તેમનાં માતુશ્રી કે જે થોડો વખત થયાં ત્યાં રહેતાં હતાં તેમનો ત્યાં દેહાંત થયો; તેથી તેમને માટે એક સમાધિમંદિર તળેટીમાં બાંધવામાં આવ્યું. તે મંદિરની પૂજાની સગવડ માટે અને મહર્ષિને મળવા આવનાર માણસોની સગવડ માટે ત્યાં એક આશ્રમ બાંધવામાં આવ્યો. તે આશ્રમનાં મકાનોમાં મહર્ષિ અને તેમના થોડાક શિષ્યો રહેવા લાગ્યા.

મહર્ષિને પૈસાની જરૂર પડતી નહોતી, તેથી તે પૈસાને અડકતા નહિ. તેમને ફક્ત ખાવાનું જોઇતું હતું અને તે મળી રહેતું હતું. પણ જેમજેમ તેમની કીર્તિ વધી અને આશ્રમમાં આવનાર માણસોની સંખ્યા વધવા લાગી, તેમતેમ તે માણસોને રાખવાનો અને જમાડવાનો પ્રશ્ન ઉત્પન્ન થયો અને આશ્રમ માટે પૈસા

આપવાવાળા પણ આવવા લાગ્યા. મહર્ષિએ તેમના શિષ્યોને કહ્યું કે જે આવે તે વાપરી નાખવું, તો પણ કેટલાક ચોર અને લૂંટારાના મનમાં એમ લાગ્યું કે આશ્રમમાં પૈસા ઠીક છે. એક વખત ચોર આવી જે કાંઇ થોડુંઘણું મળ્યું તે લઇ ગયા. બીજી વખત ચોરો આવ્યા અને મહર્ષિને તેની ખબર પડી. મહર્ષિએ કહ્યું: 'તેમને જે લેવું હોય તે લઇ જવા દો, આપણે આપણો ધર્મ પાળવો.' છતાં ચોરો શાંત થયા નહિ. મહર્ષિએ ચોરોને કહ્યું : 'અમે બધા બહાર નીકળી જઇએ છીએ એટલે તમને વિઘ્ન થશે નહિ.' ચોરોએ બત્તી માગી એટલે મહર્ષિએ તે લાવી આપી. તે પછી ચોરોએ એક શિષ્યના ખિસ્સામાં રહેલા દસ રૂપિયા અને બીજી ચીજો મળી લગભગ દસ રૂપિયાનો માલ લીધો. કેટલાક શિષ્યોએ મહર્ષિને કહ્યું : 'આપ અમને રજા આપો તો અમે ચોરોને મારી પૂરા કરીએ.' મહર્ષિએ કહ્યું : 'નહિ, તમે તેમને મારો અને કોઇને લાગે અથવા કોઇ મરી જાય, તો જગત તેમનો દોષ કાઢે નહિ પણ આપણો દોષ કાઢે, તેઓ અજ્ઞાનથી પોતાનો ધંધો કરે છે, આપણે આપણા જ્ઞાનથી આપણો ધર્મ સાચવવો જોઇએ.' મહર્ષિ જ્યારે પર્વત ઉપર રહેતા હતા, ત્યારે તેમણે સર્પ, વાંદરાં, કૂતરાં અને કાગડાને પણ મિત્ર કરી લીધાં હતાં.

મહર્ષિ પર્વતને પણ ઈશ્વરની મૂર્તિ માની તેની પ્રાર્થના કરતા હતા. તે કહે છે કે બધા પ્રત્યે સમભાવ રાખવો.

એક વખત એક સર્પ તેમના ખભા ઉપર ચડયો હતો અને તે કેટલાક કલાક ત્યાં રહ્યો તો યે પોતે તેને ઉતાર્યો નહિ. મહર્ષિ કહે છે, કે આત્મજ્ઞાની પુરુષોને આવાં પ્રાણી હરકત કરતાં નથી; છતાં જે દેહ આપણો નથી તે જાય, તો પણ શું ખોટું છે? આપણા દાંતથી આપણી જીભ કપાય તો આપણે જેમ દાંતને શિક્ષા કરતા

નથી, તેવી જ રીતે સર્પને શિક્ષા કરવાની જરૂર નથી.

જ્યારે તેમના જન્મદિવસનો પહેલો ઉત્સવ શિષ્યો ઊજવવા લાગ્યા ત્યારે મહર્ષિએ કહ્યું : 'પહેલાં તમારો જન્મ ક્યાંથી થયો છે તે શોધી કાઢો. જે દિવસે તમે જન્મમરણ—રહિત દશાનો અનુભવ કરી શકો તે તમારો જન્મદિવસ છે. પોતાના શરીરનો જન્મદિવસ ઊજવવો એ મડદાનો જન્મદિવસ ઊજવવા બરાબર છે.' શિષ્યોએ જવાબ આપ્યો, કે 'અમારે તે દિવસ અમારી શુદ્ધિ માટે ઊજવવો છે.'

મહર્ષિ નૈષ્ઠિક બ્રહ્મચારી હોવાથી તેમને વ્યાવહારિક દૃષ્ટિએ કુટુંબ નથી; છતાં ગાય, ખિસકોલી, મોર, વાંદરાં વગેરેને તેમણે પોતાના નજીકનાં સગાં માની લીધેલ છે. ખિસકોલી યે તેમની પાસે મગફળીના દાણા ખાવા આવે છે. મહર્ષિ તેમને માટે એવા દાણા એક ડબીમાં રાખી મૂકે છે.

મહર્ષિ પોતે બહુ જ થોડું બોલે છે. કોઇ કાંઇ પ્રશ્ન પૂછે તો ટૂંકમાં જવાબ આપે છે. દરેકને તેના અધિકાર પ્રમાણે સમજાવે છે. મહર્ષિ પાસે બેસતાં ઘણાની વૃત્તિ અંતર્મુખ તરત થઇ જાય છે. તે પોતે કોઇની સાથે વાદમાં ઊતરતા નથી, પણ કોઇ જિજ્ઞાસુ પોતાની મુશ્કેલી દૂર કરવા સાચો પ્રશ્ન પૂછે, તો તેનો સચોટ જવાબ આપે છે.

કોઇને ધ્યાનમાં કાંઇ દેખાય, સૂર્યના જેવું અથવા ચંદ્રના જેવું તેજ દેખાય ત્યારે મહર્ષિ કહે છે, કે તે જોવા માટે વખત ગુમાવવો નહિ પણ આગળ વધવું. જ્યારે શ્રીકૃષ્ણ અથવા રામ અથવા શિવ દેખાય ત્યારે પણ ત્યાં અટકી કાંઇ વર માગવા નહિ, આવાં દૃશ્યોથી સાધકની ઇચ્છા વધે છે અને તે આત્માના સાક્ષાત્કારમાં વિઘ્નરૂપ છે.

એક વખત મહર્ષિને કોઇએ પૂછ્યું:–સિદ્ધિ માટે આપનો શો મત છે?

મહર્ષિ–આત્મસાક્ષાત્કાર એ મોટામાં મોટી સિદ્ધિ છે.

પ્રશ્ન–હું કોણ છું? તેનો વિચાર જ્યારે હું કરું છું ત્યારે અંદરથી કાંઇ જવાબ મળતો નથી.

ઉત્તર–એ માન્યતામાં ભૂલ છે. જો બરાબર શોધ કરશો તો જણાશે કે જે 'હું' શોધ કરવા માંડે છે તે 'હું' પાછળથી રહેતો નથી. જેમજેમ તમે નામરૂપવાળા ખોટા વિચાર છોડતા જશો તેમતેમ તમે ઊંડા ઊતરતા જશો.

પ્રશ્ન–જો નિર્વિકલ્પ દશામાં આત્મા સિવાય કાંઇ રહેતું ન હોય તો તેમાં આનંદ કેમ આવે?

ઉત્તર–તમે એમ સમજો છો કે કોઇ વસ્તુની સાથે સંબંધ થાય તો જ સુખ મળે પણ એ વાત સાચી નથી.

આનંદ એ આત્માનો સ્વભાવ છે. જે સુખ બીજી વસ્તુમાંથી મળે છે, તે આત્માના સુખનો અંશ છે, તે પૂર્ણ સુખ નથી. જ્યાં સુધી બીજું જોઇએ છે ત્યાં સુધી અપૂર્ણતા લાગે છે. જ્યારે આત્મા જ છે એમ લાગે છે, ત્યારે નિત્ય સુખ રહે છે. જો એમ ન હોય અને બીજું મળવાથી સુખ મળતું હોય તો જેટલા માણસ કુટુંબમાં વધે, જેટલો પૈસો વધે તેટલું સુખ વધવું જોઇએ અને જેટલી વસ્તુ ઓછી થાય તેટલું સુખ કમી થવું જોઇએ; અને ઊંઘમાં જ્યારે બધું જતું રહે, ત્યારે દુઃખ લાગવું જોઇએ. પણ તમને લાગે છે કે ઊંઘમાં કાંઇ નથી છતાં માણસ જાગીને કહે છે કે હું સુખે સૂતો હતો. તેથી જ્યાં આત્મા સિવાય બીજું કાંઇ નથી ત્યાં સુખ છે.

મનની સમક્ષ જ્યારે ગમતી વસ્તુઓ રજૂ થાય છે, ત્યારે મનને આનંદ થાય છે. વસ્તુતઃ આનંદ આત્મામાં અંતર્ગત છે અને બીજો કોઇ આનંદ છે જ નહિ અને તે પારકો અથવા દૂર નથી. તમે જેને આનંદદાયક અવસ્થા ગણો છો તેવા પ્રસંગોમાં પણ તમે આત્મામાં મજ્જન કરો છો. એ મજ્જનને પરિણામે તમને આત્મગત આનંદ મળે છે; પરંતુ ખોટા વિચારોના સંગને કારણે એ આનંદ તમને બીજી વસ્તુઓમાં અને ઘટનાઓમાં દેખાય છે. ખરેખરી રીતે જોતાં એ આનંદ તમારી અંદર જ છે. આવા પ્રસંગોએ તમે અજાણપણે પણ આત્મામાં ડૂબકી મારો છો. એકમાત્ર સત્યસ્વરૂપ આત્મા કે જે વસ્તુતઃ આનંદસ્વરૂપ છે તે અને તમે એક જ છો એવા અનુભવમાંથી જન્મેલી શ્રદ્ધા સહિત અને જ્ઞાન સહિત જો તમે આત્મામાં ડૂબકી મારો તો આત્મપ્રાપ્તિની દશા અનુભવમાં આવશે.

૨ : નિષ્ઠાની અસર

દક્ષિણ હિંદુસ્તાનમાં વેદના કર્મકાંડનું બહુ જોર છે, તેથી બ્રાહ્મણો અને બીજી જ્ઞાતિઓ વચ્ચે સ્પર્શાસ્પર્શનો ભેદ પણ ચાલ્યો આવે છે. એ પદ્ધતિનો મુખ્ય હેતુ સારા સંસ્કારવાળા માણસોને ખરાબ સંસ્કારવાળા માણસોથી અલગ રાખવાનો હતો, કે જેથી અંતઃકરણમાં શુદ્ધિ સારી રહે અને સમાજમાં એક જ્ઞાતિ નમૂનારૂપ રહે; પણ હાલના કાળમાં ઘણા દેશોના સંસ્કારની ભેળસેળ થયેલી હોવાથી સારા સંસ્કારવાળાની એક જ્ઞાતિ મળવી મુશ્કેલ છે. બ્રાહ્મણની જ્ઞાતિમાં શૂદ્ર જેવા માણસો દેખાય છે અને શૂદ્રની જ્ઞાતિમાં પણ સારા ભક્તો જોવામાં આવે છે. જેમ રાજ-

સત્તામાં અભિમાન, અનીતિ અને કલિયુગની અસર આવી ગયેલ છે, તેમ ધર્મસત્તામાં પણ અભિમાન, દંભ અને કલિયુગની અસર આવી ગયેલ છે. તે દૂર કરવા માટે જેમ રાજાો વચ્ચે લડાઇઓ ઉત્પન્ન થયેલ છે, તેમ સાચો ધર્મ સમજાવનાર મહાત્માઓની જરૂર રહે છે. જેમજેમ સમાજને એવી જરૂર લાગશે તેમતેમ તેવા મહાત્માઓ પણ આવવા લાગશે. તેઓ કેટલીક ખોટી રૂઢિઓને તોડી આત્મા તરફ દરેકનું લક્ષ દોરશે.

દક્ષિણની કર્મકાંડવાળી પ્રજાની વચ્ચે કોઇ જ્ઞાની પુરુષ પ્રગટ થવાની જરૂર હતી. ઘણાં વર્ષ પહેલાં આ પ્રાંતમાં સારા સંતો થયા હતા. વેદધર્મના મુખ્ય આચાર્યો લગભગ બધા દક્ષિણમાં પ્રગટ થયા હતા; પણ વર્તમાન કાળમાં એવા સંતની ખામી હતી. તેથી શ્રી રમણ મહર્ષિનો તે દેશમાં જન્મ થયો છે. મહર્ષિ ભેદ રાખતા નથી, બ્રાહ્મણ ઉપરાંત બીજાઓ અને યુરોપિયનો પણ તેમની સાથે જમી શકે છે. મુસલમાનો તેમના આશ્રમમાં આવી જ્ઞાનનો લાભ લઇ શકે છે. વેદનો કર્મકાંડ માણસના હૃદયની શુદ્ધિ કરે છે, પણ તેથી આગળ વધવું જોઇએ. જ્યારે જ્ઞાન માટેની જિજ્ઞાસા તૈયાર થાય ત્યારે તેવા સંત મળી રહે છે. જ્યાં નાનાં ઝાડ ઊગ્યાં હોય અને તેને વધવાનું પ્રારબ્ધ હોય, તો ત્યાં વરસાદ જરૂર આવે છે. ઉપાદાન કારણ નિમિત્ત કારણને ખેંચી લાવે છે. યુરોપમાં અને બીજા દેશોમાં લડાઇઓ કેમ જાગે છે? કારણ કે તે વખતના માણસો રાગદ્વેષ લઇને જન્મેલા હોય છે અને ટૂંકું પ્રારબ્ધ લઇને આવેલા હોય છે. હાલના ઘણા લોકોને ધન અને શક્તિ વધારે ગમે છે, તેનાથી રાગદ્વેષ વધે છે. હિંદુસ્તાન એક એવો દેશ છે કે જ્યાં ધન વધારવા માટે ખાસ ધ્યાન પહેલેથી આપેલ નથી; અથવા ધર્મ પ્રમાણે એટલે નીતિથી ધન કમાવાનું કહેલ છે. આ દેશમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ માનેલ છે અને તેમાં મોક્ષ ઉપર વધારે ધ્યાન આપેલ છે. તેથી લડવાનું કામ ફક્ત ક્ષત્રિયો માટે રાખ્યું. તે ક્ષત્રિયો હાલના યંત્રોની મદદથી થતી લડાઇની સામે ટકી શકતા નથી.

હિંદુસ્તાનમાં અને તેમાં ખાસ કરીને દક્ષિણમાં ધર્મનું જોર વધારે છે. આ તરફ મહાત્માઓનાં વચનો લોકો શ્રદ્ધાથી ગ્રહણ કરે છે. પશ્ચિમના વેપારી અને સ્વાર્થી સંસ્કાર લગભગ બધે વ્યાપી ગયેલ છે; તો પણ દક્ષિણમાં હજુ આર્યોના જૂના સંસ્કારની અસર થઇ રહી છે. આ તરફ વેદપાઠી બ્રાહ્મણો જેટલા પ્રમાણમાં મળે છે, તેટલા (કાશી સિવાય) બીજે મળતા નથી.

શ્રી રમણ મહર્ષિની નિષ્ઠાની કીર્તિ બીજા દેશોમાં પણ ફેલાઇ ગયેલ છે. તામીલ એ તેમની માતૃભાષા છે. તે સંસ્કૃત ઠીક જાણે છે, અંગ્રેજી સમજી શકે છે પણ બોલી શકતા નથી. હિંદી ભાષા જાણતા નથી. આ કારણને લઇને તામીલ ભાષા જાણવાવાળા જેટલી છૂટથી તેમની સાથે વાતચીત કરી શકે છે, તેટલી છૂટથી બીજા તેમની સાથે વાત કરી શકતા નથી. બીજી ભાષા જાણનાર માટે તેમના શિષ્યો અંગ્રેજી ભાષામાં ભાષાંતર કરીને સમજાવે છે. તેથી કેટલીકવાર તેમના સિદ્ધાંતો જેવા જોરથી પકડવા જોઇએ તેટલા જોરથી બીજી ભાષાવાળા પકડી શકતા નથી.

જેઓ શ્રદ્ધાથી અહીં જ્ઞાન માટે આવે છે તેમના ઉપર મહર્ષિની દૃષ્ટિ પડતાં તેઓની આધ્યાત્મિક પ્રગતિને જરૂર વેગ મળે છે. અમને એકવાર એ આશ્રમમાં જવાનો પ્રસંગ મળ્યો હતો. તે વખતે ગુજરાતના બે જિજ્ઞાસુએ એવી ઇચ્છા અમારી પાસે જણાવી હતી, કે મહર્ષિના સંબંધમાં આવતાં અમને જે અનુભવ થાય તે કોઇ પણ રીતે પ્રસિદ્ધ કરવો કે જેથી બીજાને

તેનો લાભ મળે. પણ એ કામ બહુ અઘરું છે. મહાત્માઓની અંતર્દશા પૂરેપૂરી બીજા કોઇ સમજી શકે નહિ; તે તેના પોતાના અનુભવની વસ્તુ છે. વળી દરેક મહાપુરુષને અમુક જાતની પ્રણાલિકા ફાવી ગયેલ હોય છે અને તે પ્રમાણે જ સમજાવે છે. જેમ આત્મસાક્ષાત્કાર કરવો એ અઘરું કામ છે, તેમ તે અનુભવ બીજાને બરાબર સમજાવવો એ વધારે અઘરું કામ છે. વળી ઊંચી દશાના આવા મહાત્માઓ વધારે વખત મૌન રહે છે. તેઓનું માનવું એવું છે કે મન અને વાણીનો ઉપયોગ કર્યા વગર આત્મા આત્મા સાથે વાત કરી શકે છે, તેથી વાતચીતની ખાસ જરૂર નથી. આવી દશા સમજવા માટે સમજનારે જેવી દશા રાખવી જોઇએ તેવી દશા રાખતાં આવડે તો જ તે બરાબર સમજી શકાય છે. શ્રીરામકૃષ્ણ પરમહંસે સ્વામી વિવેકાનંદને થોડીવારમાં આત્માની અસર કરી હતી. તે વખતે સ્વામી વિવેકાનંદનો પણ અધિકાર તૈયાર થયો હતો. મહર્ષિની દશા પણ શ્રીરામકૃષ્ણ પરમહંસની દશાને બહુ મળતી આવે છે. યોગ્ય અધિકારીને તેમની નિષ્ઠાનો લાભ મળે છે. હાલમાં ઘણા શિષ્યો પોતાના ગુરુને કહે છે કે અમને પણ જેમ શ્રીરામકૃષ્ણ પરમહંસે સ્વામી વિવેકાનંદના મસ્તક ઉપર હાથ મૂકી ક્ષણવારમાં અસર કરી હતી તેવી અસર કરી આપો. પણ તેઓ વિવેકાનંદના જેવો અધિકાર પ્રાપ્ત કરતા નથી. ઉપાદાન તૈયાર થયા વગર નિમિત્ત મળશે નહિ. પોંડીચેરીમાં શ્રીઅરવિંદ પણ પોતાના ભક્તોને સારી અસર કરી શકે છે; છતાં દરેકને પોતાના અધિકાર પ્રમાણે તે અસર કરે છે. હાલના કાળમાં એ પદ્ધતિ લગભગ લુપ્ત થઇ ગઇ છે. એવા ઋષિમુનિ અને જ્ઞાની અને યોગી પુરુષો ઓછા થતા જાય છે. બાકી ભાષણો આપવાવાળા કેટલાક મહાત્માઓ હજુ છે.

તેમનાથી કેટલીક સારી અસર થાય છે, પણ યોગ્ય શિષ્યને ગુરુ કાંઇ બોલ્યા વગર જે ઉત્તમ અસર કરી શકે છે તેવી પ્રણાલિકા જ્યાં હોય છે, ત્યાં જો બંને બરાબર હોય તો ઘણું જ્ઞાન, ઘણી શક્તિ અને ઘણો આનંદ પ્રાપ્ત થાય છે.

નિષ્ઠાવાળા ગુરુ યોગ્ય શિષ્યને નીચે પ્રમાણે પાંચ રીતે મદદ આપી શકે છે : (૧) મંત્રથી, (૨) સ્પર્શથી, (૩) દૃષ્ટિથી, (૪) ધ્યાનથી અને (૫) ઉપદેશથી.

(૧) પહેલી રીતે એટલે મંત્રશક્તિની દૃષ્ટિએ જોતાં મહર્ષિ કોઇને વિધિસર મંત્ર આપી શિષ્ય કરતા નથી, તેમનો યોગ એ જ્ઞાનયોગ છે, તેમાં ક્રિયાનો ભાગ બહુ થોડો આવે છે. જ્ઞાનયોગમાં આત્માનું સ્વરૂપ, તેનું જ્ઞાન, તેની શક્તિ, તેનો આનંદ સૌને પ્રાપ્ત છે એમ માનવામાં આવેલ છે. તેનો અનુભવ ન મળે તો તેની આડે જે આવરણ લાગે તે કેમ દૂર કરવું એ જ્ઞાની પુરુષો બતાવે છે. જ્ઞાની પુરુષો એમ માને છે કે જો જ્ઞાન અથવા આનંદ ઉત્પન્ન થશે તો તેનો નાશ પણ થશે. જ્ઞાન અને આનંદ એ આત્માનું સ્વરૂપ છે તેથી તે મેળવવાનાં નથી, તે મળેલાં છે અને બીજું જે છે તે અસત્ છે. તે પણ નિત્યનિવૃત્ત છે, એટલે સાચી વસ્તુ નથી. તેથી જેવી વસ્તુસ્થિતિ છે તેવી સમજવાની છે. તે સમજાશે તો વિચાર બરાબર થશે અને કર્મ પણ બરાબર થશે એમ મહર્ષિનું માનવું છે. જો કે રમણાશ્રમમાં મંત્ર આપી શિષ્ય કરવાની પદ્ધતિ નથી; છતાં વેદના મંત્રોનો પાઠ સવારસાંજ લગભગ બે કલાક સુધી ત્યાં ચાલે છે અને તે ધ્યાનમાં બેસી જે સાંભળે છે, તેમનામાં આત્મજાગૃતિ લાવી દે છે. ખાસ કરીને તૈતરિય ઉપનિષદ અને પુરુષસૂક્તના પાઠ ત્યાં વિશેષ પ્રમાણમાં થાય છે.

(૨) બીજી રીતને સ્પર્શદીક્ષા કહે છે. જેમ કૂકડી પોતાનાં ઇંડાંને પાંખથી રક્ષણ આપી, સ્પર્શ કરી, મોટાં કરે છે, તેમ કેટલાક ગુરુઓ શિષ્યના માથા ઉપર હાથ મૂકી પોતાનું ચૈતન્ય તેમાં ફેલાવે છે અથવા શિષ્ય ગુરુના ચરણમાં પોતાનું માથું મૂકી તેમના ચરણમાં રહેલ ચૈતન્ય પોતામાં પ્રવેશ કરે તેવા શરણભાવથી નમે છે. આ પ્રકાર શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં થોડે અંશે જોવામાં આવે છે. પણ શાસ્ત્રોમાં આ પ્રકાર માન્ય થયેલ છે. જ્યારે જડભરતે રહુગણને જ્ઞાન આપ્યું, ત્યારે રહુગણે જડભરતને પૂછ્યું : 'આવા જ્ઞાનમાં નિષ્ઠા કેમ થાય?' તેના જવાબમાં જડભરતે કહેલ છે, કે 'મહાપુરુષોના ચરણરજની સેવા કર્યા વગર આવું જ્ઞાન મળશે નહિ અને ટકશે નહિ.' પ્રહ્લાદે પણ હિરણ્યકશિપુને એ રસ્તો બતાવેલ છે. શ્રી અરવિંદના આશ્રમમાં પણ માતાજી સ્પર્શ-દીક્ષાનો પ્રયોગ કરે છે.

હાલનો કાળ એવાં પ્રકારનો છે કે જ્યારે ગુરુ પુરુષ હોય અને સ્ત્રી શિષ્ય હોય, ત્યારે ચરણસ્પર્શ કરવાની વિધિ બંધ કરવા જેવી છે. પુરુષો એવા ગુરુના ચરણનો સ્પર્શ કરે તેમાં હરકત નથી. સ્ત્રીઓ છેટેથી તેમને નમસ્કાર કરે તો પણ તેટલો જ લાભ થાય છે. મહર્ષિના આશ્રમમાં ચરણસ્પર્શની વિધિ નથી એટલું જ નહિ પણ રાત્રે કોઈ પણ સ્ત્રીને આશ્રમમાં રહેવા દેવામાં આવતી નથી. જેઓ તેમને નમસ્કાર કરે છે તેઓ છેટેથી નમન કરે છે.

(૩) આત્માની અસર બીજાને કરવાનો ત્રીજો પ્રકાર દૃષ્ટિનો એટલે દર્શન–દીક્ષાનો છે. આ પ્રકારનો ઉપયોગ મહર્ષિ બહુ કરે છે. દૃષ્ટિથી બીજાને અસર કરવાની રીત તેમને બહુ અનુકૂળ આવી ગઈ છે. કાચબી જેવી રીતે પોતાનાં બચ્ચાં સામે પ્રેમમય દૃષ્ટિ કરી મોટાં કરે છે, તેવી રીતે ગુરુ પણ દૃષ્ટિથી શિષ્યને અસર

કરી શકે છે. શ્રીકૃષ્ણ પરમાત્માના જન્મવખતે તેમનું ચૈતન્ય પહેલાં વસુદેવજીના તરફ દૃષ્ટિ કરી તે ચૈતન્ય દેવકીજીના હૃદયમાં દાખલ કર્યું હતું. આ પદ્ધતિને દર્શનદીક્ષા કહે છે.

કામ અને ક્રોધને રૂપ નથી છતાં કામીની આંખમાં અને ક્રોધીની આંખમાં કામ અને ક્રોધ જણાઈ આવે છે, તેવી જ રીતે આત્માને રૂપ નથી છતાં નિષ્ઠાવાળા જ્ઞાની પુરુષની આંખમાં આત્માના તેજની ઝાંખી થઈ શકે છે.

તેથી દર્શન અથવા દૃષ્ટિ ઉપર ઘણો આધાર છે. આપણે જેવી દૃષ્ટિથી જગતને જોઈએ છીએ તેવી આપણી આંખ બની જાય છે. તમોગુણી માણસની આંખ જુદા પ્રકારની હોય છે, રજોગુણીની જુદા પ્રકારની હોય છે, સત્ત્વગુણીની આંખમાં પણ ફેર હોય છે. જેઓ બધે પરમાત્માને જુએ છે, તેમની આંખો પણ જુદા પ્રકારની હોય છે. શુકદેવજીની આંખો એવી નિષ્ઠાવાળી હતી કે તેમને જોઈને જે સ્ત્રીઓ નગ્ન અવસ્થામાં નાહતી હતી તેમણે કપડાં પણ પહેર્યાં નહિ.

મહર્ષિની મુખ્ય શક્તિ તેમની આંખમાં જણાય છે. ૫૦ વર્ષ સુધી એક જગ્યાએ રહી તેમણે જે પ્રકારની બ્રહ્મભાવના કેળવેલી છે, તેની અસરથી તેમની આંખમાં ઘણું તેજ આવી ગયેલ છે. જે સાધક તેમની આંખ ઉપર એકાગ્રતા બરાબર કરી શકે છે, તેમને પણ ધ્યાન થવા લાગે છે. તેમના જેવી આંખ અને તેમાં રહેલી ચમક માત્ર બેત્રણ ઠેકાણે અમારા જોવામાં આવેલ છે. માત્ર દૃષ્ટિનું અનુસંધાન કરીને જ તે કેટલાક જિજ્ઞાસુઓની વૃત્તિને ઉત્તમ ગતિ આપી શકે છે.

જ્યાં સુધી સાધકની દૃષ્ટિમાં બીજા દેખાય છે ત્યાં સુધી એવી દૃષ્ટિ અને એવી આંખ પ્રાપ્ત થશે નહિ. બંધ આંખે ધ્યાન કરવાથી

ધ્યાનમાં અંદર સારી દશા ઉત્પન્ન થઇ શકે છે; પણ આંખ ઉઘાડયા પછી જો જીવ, જગત કે દ્વૈતભાવ દેખાશે તો આંખના પરમાણુ ફરશે નહિ. અદ્વૈતભાવવાળી આંખ કેવી હોય, તે બહુ થોડા સમજી શકે છે. અદ્વૈતભાવવાળી દશામાં જે આત્મિક ભાવનો પ્રવાહ વહે છે, તે ઝીલવાની શક્તિ કોઇ જિજ્ઞાસુમાં હોય તો વાતચીત વગર માત્ર દૃષ્ટિપાતથી તેમનું કલ્યાણ થવા લાગે છે. શ્રી અરવિંદના આશ્રમમાં દૃષ્ટિપાતની પદ્ધતિ છે. તે પોતે એક વર્ષમાં માત્ર ૪ વખત દર્શન આપે છે; પણ તેમનો આશ્રમ ચલાવનાર માતાજી મીરાં જિજ્ઞાસુઓ તરફ ઘણીવાર દૃષ્ટિ કરે છે અને તેમને સ્પર્શ કરીને પણ અસર કરે છે.

મહર્ષિની હાજરીમાં તેમની દૃષ્ટિનો લાભ જેમને જોઇએ તેમને લગભગ આખો દિવસ મળી શકે છે. શ્રી રમણાશ્રમમાં આવતાં સવારમાં પહેલાં જ્યારે મહર્ષિનાં દર્શન અમને થયાં, ત્યારે તરત જ તેમણે તેમની દૃષ્ટિનો પરિચય આપ્યો અથવા તેમની દૃષ્ટિનો પરિચય અમને થયો. આધ્યાત્મિક દૃષ્ટિ કેવી હોય તે અમને સ્પષ્ટ જણાયું. પણ તે બીજાને સમજાવી શકાય તેવો બનાવ નહોતો. જેઓએ આ માર્ગે સારો પ્રયાસ કરેલ હોય તે આત્માની આંખ ઓળખી લે છે.

સાધારણ જીવ વિષયો જોઇને આંખને બગાડી નાખે છે, કેટલાક તેથી દૃષ્ટિ સુધારવા માટે મંદિરે ભગવાનનાં દર્શન કરવા જાય છે. ઉપનિષદોમાં કોઇ જગ્યાએ શાંતિપાઠમાં એવી પ્રાર્થના કરવામાં આવે છે, કે 'હે પ્રભુ! અમારા કાન એવા કરો કે જેથી અમારું કલ્યાણ થાય એવું જ કાનથી સંભળાય, અમારી આંખો એવી કરો કે જેથી અમારું કલ્યાણ થાય એવું જ આંખથી દેખાય.' તેથી અધ્યાત્મમાર્ગમાં દૃષ્ટિમાર્જન એ મુખ્ય સાધન છે.

રજ્જુમાં સર્પ દેખાય તેમાં પણ દૃષ્ટિની ભૂલ છે. બ્રહ્મમાં જગત દેખાય તે પણ દૃષ્ટિની જ ભૂલ છે.

જ્યારે દૃષ્ટિની ભૂલ સુધારી શકાય છે, ત્યારે બધે એક બ્રહ્મ-તત્ત્વ અનુભવમાં આવે છે અને વગરબોલ્યે તે ભાવની અસર બધે ફેલાવા લાગે છે. બધાં શરીરમાં એક આત્મા હોવાથી, આત્માની અસર બધે જઇ શકે છે પણ તે અસર સમજવા માટે તેવી ટેવ પાડવી જોઇએ. એવી ટેવ પડી જાય તો વાતચીતની જરૂર રહેતી નથી. એક વખત શ્રી રમણાશ્રમમાં શ્રીમાન જમનાલાલ બજાજ અને શ્રીયુત રાજેન્દ્રપ્રસાદ આવ્યા હતા. તેમણે મહર્ષિને પૂછ્યું કે 'મહાત્મા ગાંધીજી માટે આપ શો સંદેશો આપો છો?' તેમણે કહ્યું : 'જ્યાં આત્મા આત્મા સાથે વાત કરે છે, ત્યાં શા સંદેશાની જરૂર રહે? જે સત્તા અહીં કામ કરે છે, તે ત્યાં કામ કરે છે, આખું જગત એક સત્તાથી ચાલે છે.'

દેહભાવે અનેક સત્તા જેવું લાગે છે, પણ દેહદૃષ્ટિ સાચી નથી. કોઇ પણ સાધનાથી તે દૃષ્ટિ દૂર કરવાની છે. બધી સાધનાનો મુખ્ય હેતુ દેહદૃષ્ટિ છોડાવીને જીવ અને બ્રહ્મની એકતા સમજાવવામાં છે. એ એકતા કેવા પ્રકારની છે તેનો ખુલાસો વાણીથી બહુ આપી શકાતો નથી. તેથી વેદાંતમાં તેને 'નેતિ નેતિ' કહીને સમજાવવાની રીત છે. તેનો અર્થ એવો છે કે જ્યાં વાણી અને મન બંધ પડી જાય છે, ત્યાં આનંદમય બ્રહ્મનું સ્થાન છે. તેથી શ્રી રમણાશ્રમમાં વ્યાખ્યાનો કે લાંબી ચર્ચા થતાં નથી. કોઇ સાચા જિજ્ઞાસુને કોઇ ખાસ પ્રશ્ન પૂછવો હોય, તો તેનો જવાબ મળે છે. સામાન્ય રીતે બધા એક હોલમાં શાંત બેસી રહે છે. મહર્ષિ પોતે એક કોચ ઉપર શાંત બેઠા હોય છે; અથવા કોઇ વખતે કોઇ પુસ્તક જોતા હોય છે; અથવા કોઇના સામી દૃષ્ટિ કરી અસર

કરતા હોય છે. પ્રાચીન કાળમાં આવી પદ્ધતિ હતી. હાલ એ લગભગ લુપ્ત થઇ ગઇ છે. નિશાળો અને કોલેજોમાં આવી વિદ્યા આપવામાં આવતી નથી. ત્યાં દરેક કલાકે શિક્ષકો ફરતા રહે છે, તેથી કોઇ શિક્ષક સાથે કોઇ વિદ્યાર્થીને ખરો પ્રેમ જામતો નથી. હાલના વિદ્યાર્થી એ વિદ્યાર્થી નથી પણ રોટલાર્થી છે અથવા પરીક્ષાર્થી છે. તેઓ ખરી વિદ્યા ભણતા નથી. ખરી વિદ્યાથી સારા સંસ્કાર વધે છે. હાલના વિદ્યાર્થીઓને રોટલી કમાવા માટે જ ભણવાની જરૂર પડે છે એ મોટી ખામી છે. આગલા વખતમાં રોટલી બહુ સસ્તી હતી તેથી સારા સંસ્કાર માટે જ ભણવું, એ વિદ્યાર્થીનો ઉદ્દેશ હતો.

૩ : આધ્યાત્મિક વાતાવરણ

શ્રી રમણાશ્રમમાં સવારના લગભગ ૬ થી ૭॥ સુધી વેદના મંત્રો, ઉપનિષદના પાઠ વગેરે થાય છે. તે પછી ૦॥ કલાક છૂટીનો મળે છે. તે પછી બધાંને કોફી, ઇડલી (ઢોકળાં) વગેરે આપવામાં આવે છે. તે પછી મહર્ષિ ૯ થી ૧૨ વાગ્યા સુધી આશ્રમના ઓરડામાં કોચ ઉપર બેસે છે અને શાંતિથી લગભગ દરેકની તરફ દૃષ્ટિ ફેરવે છે. જ્યાં અસર કરવાની ઇચ્છા હોય ત્યાં દૃષ્ટિને વધારે એકાગ્ર કરે છે. કોઇને તેમની અસરથી સ્વરૂપની સ્ફૂર્તિ થવા લાગે છે, કોઇને પોતાના પ્રશ્નોના જવાબ મળી જાય છે, કોઈને નવી જાતની શાંતિ અનુભવમાં આવે છે. ટૂંકમાં એ વાતાવરણ બહુ જ આધ્યાત્મિક ભાવનાવાળું જણાય છે. બહેનો પણ એક બાજુ ધ્યાનમાં બેસે છે. આ વખતે કોઇને ખાસ પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો પૂછી શકે છે પણ સામાન્ય રીતે બધા શાંત થઇ બેસે છે.

લગભગ ૧૦ વાગે ટપાલના કાગળ આવે છે. તે મહર્ષિ પોતે વાંચે છે અને કોઇને જવાબ આપવાના હોય, તો તે કામ કરનારને સૂચના આપે છે.

ટપાલમાં સમાચારપત્રો પણ આવે છે. તે પણ મહર્ષિ કોઇ વખતે વાંચે છે. સ્વામી રામતીર્થ કહેતા કે જિજ્ઞાસુઓ માટે સમાચારપત્રો વાંચવાની જરૂર નથી. હૃષિકેશવાળા શ્રી નારાયણ પરમહંસ પણ કહે છે કે સમાચારપત્રો વાંચવાથી નિષ્ઠા થતી નથી; છતાં કેટલાક મહાત્માઓ વાંચે છે. શ્રી મહર્ષિ વાંચે છે. શ્રી અરવિંદ પણ વાંચે છે તેથી આ બાબત વ્યક્તિગત છે. કઇ જાતની પ્રવૃત્તિ કોને વિઘ્નરૂપ થાય છે અને કોને થતી નથી એ વ્યક્તિગત પ્રશ્ન છે. છતાં સાધનદશામાં જેઓની ઇચ્છા મનના સંકલ્પો બંધ કરવાની હોય, તેમને માટે સમાચારપત્રનું વાચન વિઘ્નરૂપ થાય તેવું છે એવો અમારો અભિપ્રાય છે. સમાચારપત્ર શરૂ થયે બહુ વર્ષ થયાં નથી; છતાં એટલા વખતમાં તેણે માણસોનાં મન બહુ કબજે કરી લીધાં છે. માણસોને ગીતા વાંચવાનું કહીએ તો આળસ આવે છે, પણ સમાચારપત્ર–છાપું જો એક દિવસ ન વંચાયું તો મનને ચેન પડતું નથી. આજે શું બન્યું હશે તે જાણવાની રોજ ઇચ્છા રહે છે. આજે જોયું, જાણ્યું તો યે કાલે ફરી એવી જ દશા રહે છે.

છાપાંનો ખરો અર્થ એ છે કે જેમાંથી નવા સમાચાર મળી શકે પણ તત્ત્વદૃષ્ટિથી જોતાં નવું કાંઇ બનતું નથી; ભગવાન કહે છે કે સૃષ્ટિ પહેલાં હું જ હતો, પાછળથી જે કાંઇ છે તે હું છું અને છેવટે પણ હું જ રહીશ તેથી નવું કાંઇ બનતું નથી; છતાં કાંઇ નવું બનતું હોય તેવું માયાની દૃષ્ટિથી દેખાય છે; પણ તે દૃષ્ટિ સાચી નથી. સ્વપ્નમાં ઘણું બને છે છતાં વાસ્તવમાં કાંઇ બનતું

નથી. નાટકમાં ઘણું બને છે છતાં સાચું કાંઇ બનતું નથી. સિનેમા વખતે ઘણું બને છે, છતાં વાસ્તવમાં કાંઇ બનતું નથી. સિનેમામાં વાઘ દેખાય અને તેને મારવા ગોળી છોડીએ તો તે વાઘને લાગતી નથી. ઘુવડને દિવસે અંધારું દેખાય તેથી સાચું અંધારું બની જતું નથી. તેવી જ રીતે માણસના જીવનના બનાવો બધા સાપેક્ષ છે. તે પ્રમાતા માટે બને છે, આત્મા માટે બનતા નથી. પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય એ ત્રણે કલ્પિત હોવાથી તે આપણું ખરું સ્વરૂપ નથી. તેથી તત્ત્વદૃષ્ટિએ જોતાં નવું કાંઇ બનતું નથી. જે હતું તે છે, જે છે તે રહેશે. નવું કાંઇ બનતું નથી એમ જાણી પ્રાચીનકાળના ઋષિમુનિઓએ છાપખાનાની શોધ કરી નહિ અને છાપાં કાઢયાં નહિ. તેમ કરવામાં તેમણે ડહાપણ વાપર્યું હતું. હાલના માણસોનાં મન છાપાં વાંચીને બહુ ચંચળ થઇ જાય છે. રેડિયોથી પણ એવી જ અસર થાય છે. જ્યારે બગાડો વધારે થાય છે, ત્યારે સુધારાના વિચાર બહુ આવે છે; સુધારા ઉપર સુધારા થાય છે, તો યે સુધારાનો અંત આવતો નથી. સુધારાનો અંત લાવવો હોય, તો જે તત્ત્વ કદાપિ બગડતું નથી એ આત્મતત્ત્વનો અનુભવ લેવો જોઇએ. એવો અનુભવ જેણે લીધો હોય, તેમની પાસેથી જ મળી શકે છે. કેટલાક મહાત્માઓ છાપાં વાંચે છે પણ તેમને ધ્યાન માટે બીજો ઘણો વખત મળતો હોવાથી છાપાંની અસર તેમના ઉપર બહુ રહેતી નથી. સાધારણ માણસો છાપાં વાંચી રાગદ્વેષમાં પડી જાય છે.

ઊંદરના જીવનમાં કે પશુપક્ષીઓના જીવનમાં ઘણા બનાવ બને છે, તેમાં પણ પ્રેમના બનાવ બને છે અને લડાઇના બનાવ પણ બને છે; છતાં તે જાણવાની આપણે દરકાર કરતા નથી. તેવી જ રીતે નિષ્ઠાવાળા પુરુષોને માણસોના જીવનના બનાવ જાણવા-

ની ખાસ ઇચ્છા રહેતી નથી; છતાં કોઇને ઉપદેશ આપવા જેવું તેમનું પ્રારબ્ધ હોય, તો તે વખતે અનેક જાતના પ્રશ્ન જિજ્ઞાસુઓ પૂછતા હોવાથી જિજ્ઞાસુઓને જવાબ દેવાની સગવડ ખાતર કોઇ કોઇ મહાત્માઓ છાપાં વાંચે છે.

એક વખત કોઇ જિજ્ઞાસુએ મહર્ષિને પૂછ્યું કે આપ કેમ કોઇનું ભલું કરતા નથી? તેમણે જવાબ આપ્યો કે:—મારી દૃષ્ટિમાં બીજા નથી તેથી કોને ઉપદેશ આપું? આવો જવાબ કાઠિયાવાડમાં સ્વામીશ્રી નિત્યાનન્દજીએ પણ એક જિજ્ઞાસુને આપ્યો હતો. તે કહેતા હતા કે ઊંચી દશામાં જ્ઞાન આપવાનું બની શકતું નથી; છતાં કોઇ જિજ્ઞાસુમાં જ્ઞાન લેવા માટે તીવ્ર જિજ્ઞાસા હોય, તો તેવો ઉપદેશ જ્યાંથી મળે ત્યાં જઇને લઇ શકે છે. તેવા જિજ્ઞાસુ માટે મહાત્માઓને થોડા ઉપદેશના શબ્દ બોલવા પડે છે.

શ્રી રમણાશ્રમમાં બાર વાગે જમવાનો ઘંટ વાગે છે. જમ્યા પછી આરામ લઇ કોઇને કાંઇ વાચન વગેરે કરવું હોય, તો વખત મળે છે. ફરીથી ૩ા થી પાા સુધી આશ્રમના ઓરડામાં બધા ભેગા થાય છે. શ્રી મહર્ષિ પણ હમેશની રીત પ્રમાણે જિજ્ઞાસુ-ઓની સામે દૃષ્ટિ એકાગ્ર કરે છે. ગુરુ શિષ્યને જે રીતે અસર કરે છે, તેમાં ચોથી રીત ધ્યાનની છે. માછલી પોતાનાં ઇંડાં નદીકિનારે મૂકી નદીમાં ફરે છે. ત્યાં તે તેનાં ઇંડાનું ધ્યાન કરતી હોય છે. તે ધ્યાનની અસરથી કિનારે પડેલાં ઇંડાં સેવાઇને તેમાંથી બચ્ચાં નીકળે છે. તેવી જ રીતે સારા ગુરુ શિષ્યને ધ્યાનથી સ્વરૂપની જાગૃતિ કરી આપે છે. મહર્ષિ કહે છે, કે જ્યારે હું બીજાઓને જોઉં છું, ત્યારે મારાથી જુદા જોતો નથી. જિજ્ઞાસુ પણ જો ત્યાં એવા ભાવથી બેસે કે 'હું પણ મહર્ષિથી જુદો નથી' તો રેડિયોની વેવલેન્ગથની માફક સાચી વેવલેન્ગથ ઉત્પન્ન થાય છે અને તેના

હૃદયમાં સાચા અને સારા અનુભવ આવવા લાગે છે. એ અનુભવ કેવી રીતે આવે છે તે બુદ્ધિથી જાણી શકાશે નહિ. એ રીત આત્માની પોતાની છે. જેની નિષ્ઠા બહુ સારી હોય, એવા સંતની હાજરીમાં ધ્યાનમાં બેસવાથી એવી દશા ઉત્પન્ન થવા લાગે છે. એવા નવા અનુભવમાં અનેક બાબતોના ખુલાસા થઇ જાય છે. તે અનુભવ સાચો છે કે નહિ તેનું પ્રમાણ તે અનુભવની સાથે જ મળે છે. એ તદ્દન નવી રીત છે. અજાણ્યા માણસોને તે તરત સમજી શકાય તેવી નથી. તે રીત સમજાવવી પણ મુશ્કેલ છે. પ્રખ્યાત અંગ્રેજ લેખક ડૉ. પોલ બ્રન્ટનને આ આશ્રમમાં ધ્યાનમાં બેસતાં કેટલોક સારો અનુભવ થયેલો. તે તેમણે કેટલાંક પુસ્તકોમાં પ્રસિદ્ધ કરેલ છે.

જ્યાં આધ્યાત્મિક વાતાવરણ બહુ સારું હોય, ત્યાં જો કોઇ જિજ્ઞાસુ શુદ્ધ ભાવથી બેસે તો જરૂર સારા અનુભવ મળવા લાગે છે. તે ઉપરાંત તેનામાં જો અભ્યાસ અને વૈરાગ્ય હોય, તો વધારે સારું કામ થાય છે. સાચું જીવન ઘડવા માટે વૈરાગ્યની બહુ જરૂર છે. ખાસ જરૂરની વાતો સિવાય બીજી વાતો વધારી દેવી ન જોઇએ. મહર્ષિ પોતે પણ અરુણાચળ પર્વતની ગુફાઓમાં ઘણાં વર્ષો સુધી એકલા રહ્યા હતા. હાલ પણ ત્યાં તેમના ત્રણચાર શિષ્યો રહે છે. તેમાં એક માતાજી ૧૦ વર્ષ સુધી મૌન રહેલ છે અને હજુ ૨ વર્ષ મૌન રહેવાનાં છે. બીજા એક મહર્ષિના શિષ્યને ૪ વર્ષ થયાં મૌન છે. હજુ ૮ વર્ષ વધારે મૌન રહેવાની તેમની ઇચ્છા છે. આવા એકાંત સ્થળમાં રહીને મૌન કેળવીને તેમણે ઘણો વૈરાગ્ય પ્રાપ્ત કરેલો છે.

અમે જ્યારે શ્રી રમણાશ્રમમાં હતા ત્યારે ત્યાં ઉજ્જૈનથી એક બ્રહ્મચારી સત્સંગ માટે આવ્યા હતા. તેમણે પણ નાની ઉંમરમાં

ઠીક વૈરાગ્ય પ્રાપ્ત કર્યો હતો અને શરીર ઠીક રાખવા માટે નેતિધોતિની ક્રિયા પણ કોઇ ગુરુ પાસેથી શીખી લીધી હતી. તે કહેતા હતા કે ભિક્ષા માટે કોઇવાર માણસોનો સંગ થાય છે અને એકાંતમાં મન સારું રહે છે પણ એકાંતમાં ભિક્ષાની અગવડ આવતી હતી. મહર્ષિએ તો સાધના વખતે એવો નિશ્ચય રાખ્યો હતો, કે એકાંતમાં સારા વાતાવરણમાં જ રહેવું અને ભગવાનની ઇચ્છા શરીરનું રક્ષણ કરવાની હશે, તો ભિક્ષા એની મેળે ચાલી આવશે. તેમની એવી દૃઢતાથી અરુણાચળ પર્વતની એકાંત ગુફામાં રહેતાં છતાં પણ કોઇ ત્યાં તેમને ભિક્ષા આપી જતું હતું. આવી દૃઢતા બહુ થોડા સાધુ રાખી શકે છે. સામાન્ય માણસો ખાવાપીવા માટે અને વધારી મૂકેલ જરૂરિયાતો પૂરી કરવા પાછળ લગભગ આખી જિંદગી ગાળે છે અને તેથી સંસારી વાતાવરણ વચ્ચે બહુ રહેવાથી તેઓ આગળ વધી શકતા નથી. આર્યોની વિદ્યા તો એમ કહે છે, કે જરૂરિયાત ઓછી કરો, સાદાઇથી રહો, બ્રહ્મચર્યથી રહો અને તમે કોણ છો તેની તપાસ કરો. પશુપક્ષી કાંઇ વાવતાં નથી કે લણતાં નથી, કાંઇ કમાતાં નથી, વેપાર કરતાં નથી, છતાં તેમને યોગ્ય ખોરાક મળી રહે છે. જો સાદાઇથી રહેવાની ટેવ પડે તો એકાંત વધારે લઇ શકાય અને આધ્યાત્મિક વાતાવરણનો લાભ પણ લઇ શકાય. આવું શિક્ષણ બધા દેશોમાં ફેલાશે ત્યારે નવો ઇતિહાસ રચાશે. શ્રી રમણાશ્રમમાં સાંજના ૬॥ થી ૮॥ સુધી વેદપાઠ અને ધ્યાનનો વખત રહે છે. પહેલાં વેદપાઠ સંસ્કૃતમાં થાય છે. તે પોણો કલાક ચાલે છે. તે પછી પોણો કલાક સૌ ધ્યાન કરે છે. તે પછી ૦॥ કલાક તામીલ ભાષામાં ભજન અથવા સ્તુતિ ગાવામાં આવે છે.

રાતના ૮॥ વાગે ભોજન માટે ભોજનગૃહમાં સૌ જાય છે. ૯

વાગ્યા સુધીમાં તે કામ પૂરું થઇ જાય છે. તે પછી ૯ થી ૯ાા સુધી ફરીથી બધા આશ્રમના ઓરડામાં બેસે છે. તે વખતે કોઇને કાંઇ પ્રશ્ન પૂછવો હોય, તો પૂછી શકે છે. કોઇને કાંઇ પૂછવું ન હોય, તો બધા શાંત બેસી રહે છે. મહર્ષિ એમ કોઇને કહેતા નથી કે પ્રશ્ન પૂછવા હોય તો પૂછી શકે છે. તેમને મૌન રહેવું બહુ ગમે છે. તે એવી જ માન્યતા રાખે છે કે જો બધામાં એક આત્મા છે, તો વાતચીતથી અસર કરવાની ખાસ જરૂર નથી. તેથી દૃષ્ટિથી અને ધ્યાનથી તે વધારે અસર કરે છે. આ પ્રમાણે આખો દિવસ આ આશ્રમનું વાતાવરણ બહુ શાંત અને આધ્યાત્મિક ભાવવાળું જણાય છે.

જેમ પાયખાનામાં રહીને ફૂલની સુગંધ લઇ શકાતી નથી તેમ માયાના સુખમાં રહીને આત્માનો આનંદ લઇ શકાતો નથી. આત્મજ્ઞાન મેળવવા માટે તેને લાયક સાધન તૈયાર કરવું જોઇએ. જે વસ્તુ જોઇએ તેને માટે જે ભાવ રાખેલ હોય, તે ભાવ આપ્યા વગર તે વસ્તુ મળશે નહિ. આર્યોની પ્રજાનું સવારથી રાત સુધીનું કર્તવ્ય એવી રીતે યોજાયેલું હતું, કે તે કર્તવ્યથી જીવાત્માને પરમાત્માનું સ્મરણ રહ્યા કરતું. હાલનું શિક્ષણ જીવાત્માને અલ્પ ભોગમાં રમાડયા કરે છે.

એક સારા સંસ્કારી માણસનું જીવન એવું હોય છે, કે તેની હાજરીથી જ બીજાને સારી અસર થાય છે. તે ઉતાવળથી લોકોને ખુશી કરવાનો પ્રયત્ન કરતા નથી પણ અંતરાત્માની પ્રેરણાથી રહે છે. શ્રીરામકૃષ્ણ પરમહંસ ભણેલા નહોતા, તેમણે મઠ કે શિષ્યો કરવાની ઇચ્છા કરી નહોતી; છતાં તેમના આધ્યાત્મિક જીવનથી ઘણાંનાં જીવન ફરી ગયાં હતાં. આત્મામાં નિષ્ઠા કેવી રીતે મેળવવી તેના પ્રયોગો તેમણે પોતાની જિંદગીમાં કરી બતાવ્યા હતા. એ

વસ્તુ જગતના સુધારામાં કાયમને માટે ઉપયોગી છે. મહર્ષિએ પણ પોતાના જીવનમાં એ વસ્તુ સિદ્ધ કરી બતાવી છે.

પ્રજાસત્તાક રાજ્યમાં પણ માત્ર લોકોને મત આપવાનો અધિકાર આપવાથી લોકોમાં સદ્‌ગુણ આવી જતા નથી. સદ્‌ગુણી થવા માટે સત્‌ને જાણવું જોઇએ.

સંચાઓની શોધથી કેટલીક સગવડો વધી છે અને એ સગવડોને લોકો સુધારો માની બેઠા છે; પણ એ ખરો સુધારો નથી. એ સગવડોની અતિશયતામાં માણસ પોતે પોતાને ભૂલી ગયો છે. માણસોએ જેટલી જીત સંચાઓ ઉપર મેળવેલી છે તેટલી પોતાના સ્વભાવ ઉપર જીત મેળવેલી નથી. હાલની વિદ્યામાં શરીર એ હું છું, એ વાતનું સતત સ્મરણ રહે છે. આર્યોની વિદ્યામાં ધીરેધીરે તેનું વિસ્મરણ કરવામાં આવતું હતું. તે વિદ્યાનો નમૂનો શ્રી રમણાશ્રમમાં જોવામાં આવે છે.

૪ : પદાર્થશોધન

મહર્ષિના ઉપદેશમાં મુખ્ય જોર 'હું કોણ?'ની તપાસ કરાવવા તરફ છે. એ બાબત ઉપર તેમણે એક નાનું પુસ્તક પણ લખેલ છે. માણસ બીજું જાણવાની મહેનત કરે છે પણ જાણનારને જાણવાની મહેનત કરતો નથી, તેથી અનેક જાતની મુશ્કેલીઓ ઉત્પન્ન થાય છે. કોઇ પણ જ્ઞેય જ્ઞાતા વગર સિદ્ધ થતું નથી તેથી જ્ઞેયના વિચારની સાથે જ્ઞાતાનો પણ વિચાર કરવાની જરૂર છે.

પણ જ્ઞાતાનો વિચાર કરવો શી રીતે? જે તત્ત્વ ભાસક કોટીમાં છે તે ભાસ્ય કોટીમાં આવતું નથી. જ્ઞાતા જ્ઞેય થતો નથી

તો તેને જાણવો શી રીતે? જે જ્ઞેય હોય, જાણી શકાય તેવું હોય, તે જાણી શકાય છે. આત્મા જ્ઞેય થતો નથી છતાં તેને જાણો એમ બધા સંતો કહે છે.

ગુણાતીત સ્વરૂપ જાણવા માટે ગુણમાં રહેલ જીવે ગુણાતીત થવું જોઈએ. વળી તે ગુણાતીત થાય તો ગુણમાં રહી શકે નહિ, તેથી ગુણમય દશામાં રહીને ગુણાતીત સ્વરૂપ જાણવું બની શકે તેવું નથી; છતાં શાસ્ત્રો અને અનુભવી પુરુષો તે માટે યોગ્ય સાધન બતાવે છે.

મહર્ષિ કહે છે કે 'હું કોણ છું' તેની શોધ કરો. એ વિચાર ક્યાંથી આવે છે તેના મૂળ તરફ વળો. તે ન સમજાય તો જેને નથી સમજાતું તેની શોધ કરો. આ પ્રક્રિયા વેદાંતને મળતી આવે છે. જિજ્ઞાસુને આ શોધમાં મદદ કરવા માટે વેદાંતમાં પદાર્થ-શોધનની રીત આપેલી છે; એટલે કે જીવ, જગત અને ઈશ્વરના બે અર્થ કરી, પછી ખોટા અર્થમાંથી છોડાવી સાચા અર્થમાં વેદાંત જિજ્ઞાસુને વાળે છે. સામાન્ય રીતે જે અજ્ઞાનમાં રહેલ જીવ છે અને જે સર્વજ્ઞ ઈશ્વર છે તેનો અભેદ બને નહિ પણ જીવ અને ઈશ્વરના વાચ્યાર્થ અને લક્ષ્યાર્થનો ભેદ જણાવી બન્નેના લક્ષ્યાર્થ-ની એકતા ઘટાકાશ અને મહાકાશની માફક નીચે પ્રમાણે બની શકે છે :

ત્વંપદ વાચ્યાર્થ એટલે જીવ, ચિદાભાસ, પ્રમાતા, અલ્પજ્ઞ, અલ્પ શક્તિવાળો, અંતઃકરણ ઉપહિત ચેતન.

ત્વંપદ લક્ષ્યાર્થ એટલે સાક્ષી, કૂટસ્થ, પ્રત્યગાત્મા, દ્રષ્ટા વગેરે.

તત્પદ વાચ્યાર્થ એટલે ઈશ્વર, શબલબ્રહ્મ, સગુણબ્રહ્મ, જગત-ની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર સર્વજ્ઞ, સર્વશક્તિમાન.

તત્પદ લક્ષ્યાર્થ એટલે બ્રહ્મ, નિર્ગુણ, નિર્વિકાર, નિર્ધર્મ છતાં રસરૂપ, નિષ્પ્રંપચ, માયારહિત શુદ્ધ ચૈતન્ય.

ઉપર પ્રમાણે પદાર્થશોધન કરી જોતાં, ત્વંપદ વાચ્યાર્થ અને તત્પદ વાચ્યાર્થનો અભેદ થઈ શકતો નથી. બંનેના લક્ષ્યાર્થનો અભેદ થઈ શકે છે. એ વેદાંતમાં પ્રસિદ્ધ રીત છે અને તે રીતે ઘણા ગુરુઓ શિષ્યને આત્મા તરફ વાળી શકે છે.

જે જીવ દેહને હું માની બેઠેલો હોય છે તે જીવની દશાને જીવનો વાચ્યાર્થ કહે છે. દેહના અભિમાનરહિત જીવના સાચા સ્વરૂપની દશાને (પ્રત્યગાત્માને) જીવનો લક્ષ્યાર્થ કહે છે. ઉપરની રીત પ્રમાણે આત્મા પ્રકૃતિના ધર્મોથી અસંગ હોવાથી જેઓ વ્યવહારથી પણ કેટલેક અંશે અસંગ રહી શકતા હોય, તેમને તે રીત ફાવે છે. જેઓના પ્રારબ્ધમાં વ્યવહાર વધારે હોય, તેમને આ પદાર્થશોધનની રીત સમજાતી નથી અને સમજાય છે તો તે પ્રમાણે વર્તી શકાતું નથી. શ્રીમદ્ ભાગવતમાં એકાદશસ્કંધના ૭મા અધ્યાયમાં જ્યારે ભગવાને ઉદ્ધવજીને આવું જ્ઞાન આપવાનું શરૂ કર્યું, ત્યારે ઉદ્ધવજીએ કહ્યું : 'આવું જ્ઞાન તો સાધુસંન્યાસીઓ બરાબર સમજી શકે અને તે પ્રમાણે વર્તી શકે, અમે ઘરમાં રહેલા સવારથી સાંજ સુધી મારુંતારું કરનારા માટે આવું જ્ઞાન સમજવું અને તે પ્રમાણે રહેવું બહુ મુશ્કેલ છે. માટે આ જ્ઞાન સમજાય અને સ્થિર થાય એવો કોઈ ઉપાય બતાવો.' તેના જવાબમાં ભગવાને શ્રી ગુરુદત્તાત્રેયના ૨૪ ગુરુઓનું વર્ણન આપી ખરા વૈરાગ્યનું સ્વરૂપ સમજાવ્યું અને કહ્યું કે આવો વૈરાગ્ય હોય, તો અદ્વૈત જ્ઞાન ટકવામાં મુશ્કેલી આવે નહિ. જ્ઞાન ટકાવવા માટે મુખ્ય સાધન વૈરાગ્ય છે; કારણ કે જ્ઞાની જે આત્મામાં નિષ્ઠા કરે છે તે પ્રકૃતિથી અસંગ સ્વરૂપ છે.

મહર્ષિમાં વૈરાગ્ય નાની ઉંમરથી ઘણો હતો. તે પોતે નૈષ્ઠિક બ્રહ્મચારી છે, કુટુંબ જેવું તેમણે કંઇ જોયું નથી; તેથી તેમને ઉપર જણાવેલ જ્ઞાન મેળવવામાં ખાસ મોટી અગવડ લાગી નથી. એટલું જ નહિ પણ કોઇ પૂર્વજન્મના પુણ્યને યોગે માત્ર ૧૭ વર્ષની નાની ઉંમરે તે પોતાના આત્માને દેહથી જુદો જોઇ શકતા હતા. તે પછી તે અનુભવમાં તેમણે લગભગ ૫૦ વર્ષ સુધી રમણ કર્યું. ઘુવડને દિવસે અંધારું દેખાય છે. તે માણસ થાય તો તેને વૃત્તિ વગર, પ્રયત્ન વગર અજવાળું સહેજ દેખાય છે. તેવી જ રીતે જ્યારે માણસને આત્મજ્ઞાન થાય અને તેમાં નિષ્ઠા થાય ત્યારે બ્રહ્મભાવ સહજ સ્ફુર્યા કરે છે.

या निशा सर्वभूतानाम् तस्यां जागर्ति संयमी।

શ્રી મહર્ષિ જિજ્ઞાસુને કહે છે : 'હું કોણ?' એ પ્રશ્ન પોતાને પૂછવો, પછી એ પ્રશ્ન જ્યાંથી ઉત્પન્ન થાય છે તે તરફ લક્ષ રાખી ત્યાં વૃત્તિને લઇ જવી એટલે આવરણ ભંગ થઇને સ્વરૂપનો પ્રકાશ થશે. એ અભ્યાસની રીત છે પણ તેની સાથે અનાત્માના પ્રત્યય દૂર કરવા માટે વૈરાગ્યની રીત પણ દૃઢ કરવી જોઇએ. તેમને પોતાને માટે વૈરાગ્ય કેળવવાની ખાસ જરૂર રહી નહોતી; કારણ કે વૈરાગ્ય તો એમના સ્વરૂપમાં આવી ગયો છે. પણ બીજા સાધક માટે આવા અભ્યાસની સાથે વૈરાગ્ય પણ વધારવાની જરૂર છે.

એક માણસે મહર્ષિની રીત પ્રમાણે બુદ્ધિથી એવો તર્ક કરવા માંડયો કે 'હું કોણ? હું કોણ?' પણ તેને કાંઇ અનુભવ થયો નહિ, ઊલટું મનમાં ગભરામણ થઇ, તેણે એ વાત મહર્ષિને કહી. મહર્ષિએ જવાબ આપ્યો કે એ વાત માત્ર બુદ્ધિથી નહિ પણ લાગણીથી અનુભવમાં લેવાની છે, 'હું છું' એ વિચારને ધારણ

કરનાર પણ હું શુદ્ધ ચૈતન્ય છું એવી ભાવનાથી અંદર ઊંડા ઊતરી અનુભવ લેવાનો છે.

જેઓને આવી રીતે અનુભવ લેવાનું અઘરું લાગે છે અને સ્થિતિ બંધાતી નથી તેમને મહર્ષિ કહે છે, કે અનાત્માનો નિષેધ કરતાં શીખો, એટલે ઉપર કહેલી રીતે જીવનો વાચ્યાર્થ એ મારું સ્વરૂપ નથી; દેહ, ઇંદ્રિય, પ્રાણ, મન વગેરે હું નથી. જે હું નથી તેને ભૂલવાથી જે હું છું તેની ખબર પડશે. એ રીતે જીવના લક્ષ્યાર્થનો અનુભવ થશે. તેને જ સચ્ચિદાનંદ કહે છે. આ રીતે મન શાંત થઇ જશે. મનની શાંતિ સાથે જગત પણ મિથ્યા લાગશે. ઊંઘમાં મન નથી તો જગત નથી. સ્વપ્નમાં મન છે તો જગત છે. જાગૃતમાં પણ મન છે તો જગત છે, તેથી મનની સાથે જગત રહે છે. જે દશામાં જગત દેખાય છે તે દશામાં મન છે અને જે દશામાં મન છે તે દશામાં આત્માનો અનુભવ સ્પષ્ટ મળશે નહિ. જ્યારે આત્માનો અનુભવ આવશે ત્યારે જગત જુદા દૃશ્ય તરીકે રહી શકશે નહિ. તે વખતે મન અને જગત મિથ્યા થઇ જશે. મિથ્યા એટલે જે ખોટું હોય છતાં સાચા જેવું દેખાય, તેનાથી વ્યવહાર થાય અને જે બીજી દશામાં બાધ પામે.

એવી મિથ્યા વસ્તુઓમાં જ્યારે મન ભમે છે ત્યારે તે નબળું પડી જાય છે. જો એવી મિથ્યા વસ્તુના વિચાર, મનની પાસેથી દૂર કરી શકીએ તો મનમાં ઘણી શક્તિ આવે છે. દરેક વિચારનું કારણ શોધી તેમને મૂળથી પકડી દૂર કરવાની ટેવ પાડવી જોઇએ, સાથેસાથે બીજાના કામની વચ્ચે ડખલ કરવાની ટેવ છોડવી જોઇએ.

એક દિવસે એક જિજ્ઞાસુએ શ્રી મહર્ષિને નીચે પ્રમાણે પ્રશ્નો

પૂછ્યા હતાં અને તેમના જવાબ તેમણે નીચે પ્રમાણે આપ્યા હતાઃ—

પ્રશ્ન—હું કોણ છું? ક્યાંથી આવ્યો? વગેરેનો મનથી સતત જપ કરવો કે એકબે વખત તે પ્રશ્ન મન આગળ રજૂ કરીને, અહંકારના મૂળમાં ઊતરવું અને જગતના વિચાર બંધ કરવા?

ઉત્તર—હું કોણ? હું કોણ? એવો જપ કરવો નહિ. એક વખત એ પ્રશ્ન મન આગળ મૂકીને પછી 'હું'નું મૂળ શોધવું અને બીજા વિચાર બંધ કરવા. કોઈ માણસનું નામ દેસાઈ હોય તો 'હું દેસાઈ છું, હું દેસાઈ છું' એવો જપ કરવાની જરૂર નથી; તેમ હું બ્રહ્મ છું એવો જપ કરવાની પણ જરૂર નથી. બધી સાધનામાં મનને શાંત રાખવાનું છે. જપથી મન શાંત રહેશે નહિ. તે કરતાં મનના દ્રષ્ટાને એટલે સાક્ષીનો બ્રહ્મરૂપે અનુભવ લેવો અને બ્રહ્મનો સાક્ષી તરીકે અનુભવ લેવો.

પ્રશ્ન—પ્રાણાયામ નિયમસર કરવો કે નહિ? તેની સાથેસાથે કોઽહમ્‌નો પ્રશ્ન લેવો કે નહિ? તે પ્રશ્ન વખતે પ્રાણનું બહાર જવું-આવવું થાય તે તરફ ધ્યાન આપવું કે નહિ?

ઉત્તર—પ્રાણાયામ કરવાની ખાસ જરૂર નથી. પ્રાણ તરફ ધ્યાન રાખ્યા વગર 'હું કોણ?'ની શોધ કરી શકાય તો વધારે સારું. જેઓ મનને કોઈ પણ રીતે એકાગ્ર નથી કરી શકતા તેમને માટે પ્રાણાયામ છે. જ્યારે મનોબળ વધે ત્યારે પ્રાણાયામની જરૂર રહેશે નહિ. પ્રાણાયામ એ મનરૂપી ઘોડાને વશ રાખવાની લગામ છે.

જ્ઞાની માટે પ્રાણાયામની જરૂર નથી. તેમને માટે અનાત્મ બુદ્ધિ હઠાવવી એ રેચક પ્રાણાયામ છે અને સ્વરૂપમાં સ્થિતિ કરવી એ કુંભક પ્રાણાયામ છે.

પ્રશ્ન—હું કોણ? એ પ્રશ્ન કોને લાગુ થાય છે.?

ઉત્તર—એ પ્રશ્ન અહંકારને લાગુ થાય છે, આત્માને લાગુ થતો નથી.

પ્રશ્ન—**कोऽहम्**ની તપાસ સાથે **शिवोऽहम्** એમ બોલવું કે નહિ? અથવા મન, બુદ્ધિ, શરીર વગેરે હું નથી એમ બોલવું કે નહિ?

ઉત્તર—શોધ વખતે એવા ઉત્તર મનને દેવા નહિ.

જવાબ અંદરથી આવવા દેવો. અહંકારનો જવાબ સાચો નથી, જ્ઞાનમાર્ગે તપાસ કરી (પ્રશ્નનો જવાબ ન આવે ત્યાં સુધી) પ્રશ્ન પૂછ્યા કરો, એ તપાસને ધ્યાન કહે છે. તેમાંથી જે નિષ્ક્રિય શાંત જ્ઞાનમય દશા ઉત્પન્ન થશે તેને જ્ઞાન કહે છે.

પ્રશ્ન—હાલમાં મારા ગુરુના કહેવા પ્રમાણે હું સગુણ મૂર્તિનું ધ્યાન કરું છું અને જપ પણ કરું છું. હવે 'હું કોણ?'ની તપાસ માટે મારો અધિકાર થયો છે કે નહિ?

ઉત્તર—'હું' એ પણ ગુરુમંત્ર છે. બૃહદારણ્યક ઉપનિષદમાં કહેલું છે કે ભગવાનનું પહેલું નામ 'હું' હતું. **अहम्नामाभवत्**, ૐ પણ પાછળથી થયેલ છે. આત્મા હમેશાં હુંહું કરે છે. વળી જપ કરનાર વગર કોઈ જપ જણાતો નથી. હુંનો જપ બધા કર્યા કરે છે. તેના તરફ લક્ષ રાખવાથી ધ્યાન સારું થઈ જશે. ધ્યાનનું ફળ જ્ઞાન છે; છતાં તમારે સગુણ ઉપાસના ચાલુ રાખવી હોય તો રાખો. જેને જે સાધન ફાવે તે તેને માટે ઠીક છે.

પ્રશ્ન—હું જપ, મંત્ર, લેખન, કીર્તન, ભજન, સ્વાધ્યાય અને ઉપદેશનું કામ કરું છું અને ધાર્મિક બોધ છપાવીને તેનો પ્રચાર

કરું છું. એ કામ મારે ચાલુ રાખવું કે કેમ? એટલે કે જ્યારે 'હું કોણ?'ની તપાસ કરું ત્યારે તેની સાથે એ બધાં કામ ચાલુ રાખવાં કે કેમ?

ઉત્તર—'હું કોણ?'ની તપાસ છોડયા વગર એ બધાં કામ ચાલુ રાખવાનું ગમે તો કરો. તમારા પ્રારબ્ધ પ્રમાણે કામ થયા કરશે. જપકીર્તન, લોકસેવા વગેરે શાને માટે છે તે પહેલાં સમજી લેવું જોઇએ. તમે જેવા છો તેવા થઇને રહો, ખરો જપ એ નિત્ય વસ્તુ છે. જપ અને ભગવાન એક છે. નામ અને નામીનો અભેદ છે. તે બાબતમાં ભક્ત નામદેવે સારો ખુલાસો કરેલો છે. તે કહે છે કે :

"નામ આકાશ સુધી બધા લોકમાં અને વિશ્વમાં વ્યાપ્ત છે. તેને કોણ માપી શકે? અજ્ઞાની જીવો ૮૪ લાખ યોનિમાં ભટકે છે, નામદેવ કહે છે, કે નામ અમર છે, રૂપ ઘણાં છે અને નામ સર્વરૂપ છે."

"નામ રૂપમય છે અને રૂપ નામમય છે. તે બન્ને અભિન્ન છે. નામથી વધારે મોટો મંત્ર નથી. નામ કેશવ છે. ભક્તને તેની ખબર છે."

"જેને ખરા 'હું'ની ખબર છે તેને નામના માહાત્મ્યની ખબર છે. પોતાના નામની જેને ખબર નથી તેને વ્યાપક તત્ત્વના નામની પણ ખબર નથી. જે પોતાને જાણે છે તે નામને સર્વત્ર દેખે છે. નામ અને નામી અભિન્ન છે. તેમાં ભેદ જોવો એ માયા છે. સંતોને પૂછીને ખાતરી કરો."

"જ્ઞાનથી કે ધ્યાનથી નામના તત્ત્વની ખબર પડશે નહિ માટે ગુરુનું શરણ લો. એમ જાણો કે હું નામ છું. હુંને શોધી તેમાં

ડૂબી જાઓ. ત્યાં ભેદ નથી. દ્વૈત અને અદ્વૈતથી પર નામ છે. નામ પરબ્રહ્મ છે, ત્યાં ભેદ નથી."

પ્રશ્ન—મારી હાલની દશામાં શ્રદ્ધા, દીનતા, શરણભાવ, જોઇએ તેટલાં છે કે નહિ? તે અપૂર્ણ હોય તો તેને કેમ પૂર્ણ કરવાં?

ઉત્તર—તમે પૂર્ણ જ છો. અપૂર્ણતાના વિચાર છોડો. કાંઇ નાશ કરવાનું નથી. અહંકાર એ સાચી વસ્તુ નથી. પ્રયત્ન પણ મન કરે છે. મન પણ સાચું નથી, જેમ રજ્જુમાં ભૂલથી દેખાતા સર્પને મારીને કાઢવો પડતો નથી તેમ મનને મારવાની જરૂર નથી. મનનું સ્વરૂપ સમજવાથી મન અદૃશ્ય થશે. નિત્ય નિવૃત્તની નિવૃત્તિ છે.

પ્રશ્ન—મારે સિદ્ધાસન, કુશાસન વગેરે કરવાં કે નહિ?

ઉત્તર—આત્મામાં. નિષ્ઠા કરવી એ ખરું આસન છે. તે આસનમાં સ્થિર થાઓ. આત્મા કયા આસન ઉપર બેસે? આસન વગર આત્મજ્ઞાન ન થાય એ વાત ખોટી છે. આત્માને આસનની જરૂર નથી. આસન અમુક પ્રકારનું જ જોઇએ. એવી જરૂરિયાતો મનને ચંચળ બનાવી દે છે.

પ્રશ્ન—મારે સ્વાધ્યાય માટે ક્યાં ક્યાં પુસ્તકો વાંચવાં?

ઉત્તર—આત્મા એ જ ખરું પુસ્તક છે. તે પુસ્તકમાં તમે ગમે ત્યારે દૃષ્ટિ કરી શકો છો. તે કોઇ લઇ જઇ શકે તેમ નથી. જ્યારે ફુરસદ મળે ત્યારે આત્મા તરફ વળો. પછી જે વાંચવું હોય તે વાંચજો.

પ્રશ્ન—ધ્યાનમાં થાક, બીક, ચિંતા વગેરે આવે તો તેને મૂળથી કેવી રીતે દૂર કરવાં?

ઉત્તર—એ શંકા કોને થાય છે તેની તપાસ કરો! એ પ્રમાણે તપાસ કરતાં તે જતાં રહેશે. તે અનિત્ય ભાવ છે. તેના તરફ ધ્યાન ન રાખો. જ્યારે દ્વૈતનું જ્ઞાન થાય છે ત્યારે બીક ઉત્પન્ન થાય છે. તમારા સિવાય બીજા છે એવું જ્યારે લાગે છે, ત્યારે બીક વગેરે લાગે છે. મનને આત્મા તરફ વાળશો, તો બીક વગેરે જતાં રહેશે. ચાલુ સ્થિતિમાં મન ચંચળ છે, તે દશામાં એક બીક કાઢશો તો બીજી બીક ઉત્પન્ન થશે અને તેનો અંત આવશે નહિ. ઝાડનાં પાંદડાં એક પછી એક તોડવામાં મહેનત પડશે. બધી વૃત્તિઓનું મૂળ અહંકાર છે. તેને દૂર કરી શકો, તો બધાં પાંદડાં, ડાળી વગેરે સુકાઈ જશે.

ખોટા સંસ્કાર માટે દવા લેવા કરતાં ખોટા સંસ્કાર પડે નહિ તેની સંભાળ રાખો.

પ્રશ્ન—આપની પાસે બેસતી વખતે મનને કેવું રાખવું કે જેથી તે આપના આત્માની અસર લઈ શકે?

ઉત્તર—મનને શાંત રાખો, તે પૂરતું છે. અહીં આ ઓરડામાં શાંત બેસવાથી તમને આધ્યાત્મિક મદદ મળશે. બધી ક્રિયાને છોડવી એ બધી ક્રિયાનું લક્ષ્ય છે. મન શાંત થશે ત્યારે આત્માની શક્તિ અનુભવમાં આવશે. આત્માના તરંગ બધે વ્યાપ્ત છે. જ્યાં મન શાંત હોય ત્યાં તેનો અનુભવ આવવા લાગે છે.

પ્રશ્ન—હુંનું મૂળ શરીરમાં છે?

ઉત્તર—અહંકાર શરીરમાં છે તેથી તેની તપાસ પહેલાં શરીરમાં થાય છે. જ્યારે તેનું મૂળ જડશે ત્યારે અંદર બહાર જેવું કાંઈ રહેશે નહિ. હૃદયમાં તપાસ કરવી તેનો અર્થ હુંમાં તપાસ કરવી. હું અને હૃદય એક જ છે.

પ્રશ્ન—એ હૃદય શરીરમાં જમણી તરફ છે?

ઉત્તર—જ્યાંથી હું ઉત્પન્ન થાય છે તે હૃદય છે. હૃદય એટલે જ્ઞાનનું કેન્દ્ર સમજવું.

પ્રશ્ન—આપની દૃષ્ટિ સાથે મારી દૃષ્ટિ મેળવું તો ઠીક, કે આપના મુખ તરફ દૃષ્ટિ રાખવી તે ઠીક, કે આપની પાસે આંખો બંધ કરીને બેસવું તે ઠીક કે કોઈ વસ્તુ ઉપર મનને એકાગ્ર કરવું?

ઉત્તર—તમારા સ્વરૂપ તરફ દૃષ્ટિ રાખો. આંખો બંધ હોય કે ઉઘાડી હોય તે વાત જરૂરની નથી. બધે એક છે તેથી આંખ બંધ રાખો કે ઉઘાડી રાખો તે સરખું જ છે. ધ્યાન રાખવું હોય તો અંદરના અહમ્ તરફ રાખવું. તે આત્મા છે. તેને આંખ નથી, તેથી આંખની ઉઘાડ—બીડની જરૂર નથી. આત્મજ્ઞાન થશે ત્યારે જગત-ના વિચાર આવશે નહિ. તમે ઓરડામાં બેસો ત્યારે ઓરડાની બારી ઉઘાડી હોય કે બંધ હોય તે સરખું જ છે. તેમ આત્મભાવે રહો એટલે આંખ બંધ હોય કે ઉઘાડી હોય તે સરખું જ છે. બહારની ક્રિયા થાય કે ન થાય તે જરૂરની વાત નથી.

પ્રશ્ન—ધ્યાન વખતે અને ધ્યાન પછી જગતના દુઃખી માણસો-ના વિચાર મને બહુ આવે છે.

ઉત્તર—તમારામાં અહંકાર છે કે નહિ તેની પહેલાં તપાસ કરો. અહંકારને એ વિચાર આવે છે અને તેનાથી નબળાઈ લાગે છે; માટે શરીરનું અભિમાન કેમ આવ્યું તેની તપાસ કરો. બધા દુઃખનું કારણ શરીરનું અભિમાન છે. જ્યારે અહંકારની તપાસ કરશો, તેના મૂળની ખબર પડશે અને તે દૂર કરી શકશો, ત્યારે તમે પૂછેલા પ્રશ્નોના જેવા કોયડા રહેશે નહિ.

આટલા પ્રશ્ન થયા પછી એક માણસે એવો પ્રશ્ન પૂછ્યો કે જે માણસો નીતિથી રહેતા હોય, ધાર્મિક હોય, તેમને ખરાબ સ્વપ્ન આવતાં હશે કે નહિ?

ઉત્તર–તેવાં સ્વપ્ન આવી શકે છે. તે પૂર્વના સંસ્કારોનું પરિણામ છે પણ જ્ઞાની પુરુષો સારું અને નરસું એ બંનેની ઉપર જાય છે.

૫ : પ્રવૃત્તિ અને નિવૃત્તિ

ગયા પ્રકરણમાં બતાવેલી પ્રક્રિયાનો સાર એ છે, કે મહર્ષિની રીતે 'હું કોણ?'ની તપાસ કરતાં હૃદયાકાશમાં ઊંડા ઊતરવું, ત્યાં સ્વયંપ્રકાશ પ્રત્યગાત્માનો અનુભવ થશે અને તે બધા શરીરમાં એક હોવાથી તેનો બ્રહ્મરૂપે પણ અનુભવ થઇ શકશે. તે માટે પહેલાં મનની એકાગ્રતા કેળવવાની જરૂર છે પણ ત્યાં અટકવાનું નથી. એકાગ્રતા આવ્યા પછી મનની વિશાળતા પણ કેળવવી જોઇએ. મહર્ષિ કહે છે, કે આત્માનું સ્વરૂપ જ્ઞેય નથી છતાં અપરોક્ષ અનુભવ આપી શકે તેવું છે.

એક વખત મહર્ષિ તેમના એક શિષ્યને તામીલ ભાષામાં સચ્ચિદાનંદ આત્માનું સ્વરૂપ સમજાવતા હતા. તે વખતે સંસ્કૃત ભાષાના બેત્રણ શબ્દ અમારા સાંભળવામાં આવ્યા. તેથી તેમની વાત કાંઇક અંશે સમજવામાં આવી. તે વખતે તેમની કહેવાની મતલબ એવી હતી કે આત્માનો સાક્ષાત્ નિર્દેશ વાણીથી થઇ શકતો નથી, તેથી અસત્‌થી જે વિલક્ષણ છે તે સત્, જડથી જે વિલક્ષણ છે તે ચિત્, દુઃખથી જે વિલક્ષણ છે તે આનંદ. અસત્, જડ અને દુઃખનો અનુભવ સામાન્ય માણસને હોય છે. તેવું

આત્મામાં નથી એમ સમજાવવાથી કાંઇક અંશે આત્માનું સ્વરૂપ સમજવામાં આવે છે. પણ હાલના કાળમાં ખોટા તર્કવાળી બુદ્ધિ બહુ વધી ગઇ છે તેથી કોઇ એમ પણ તર્ક કરી શકે કે માયા પણ અસત્‌થી વિલક્ષણ છે, એટલે કે સસલાનાં શિંગડાંની માફક તે અસત્ નથી. એ વાત સાચી છે; છતાં માયા જ્ઞાનદશામાં બાધ્ય થઇ જાય છે. આત્મા કોઇ દશામાં બાધ્ય થતો નથી, એટલું જ નહિ પણ આત્મા માયાનો બાધક થઇને બાધ્ય–બાધક ભાવની ઉપર જાય છે.

ત્રણે કાળમાં જે અબાધિત રહે તેને સત્ કહે છે, ત્રણે કાળમાં જે સર્વને જાણે તે ચિત્ કહેવાય છે, ત્રણે કાળે જે પરમ પ્રેમનો વિષય છે તેને આનંદ કહે છે. તેનો વધારે નિર્ણય નીચે પ્રમાણે કરવો:–

૧. જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ વગેરેમાં હું છું. તેથી હું સત્ છું.

૨. જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિનો બાધ થઇ જાય છે, તેથી તે અસત્ છે. તે મારામાં નથી.

૩. હું જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિને જાણું છું તેથી ચિત્ છું.

૪. જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ મને જાણી શકતાં નથી, તેથી તે અસત્ છે. તે મારામાં નથી.

૫. જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિમાં હું પ્રિયરૂપ છું, તેથી હું આનંદરૂપ છું.

૬. જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ વ્યભિચારી હોવાથી પ્રિય નથી. તે મારામાં નથી.

પ્રિયતા અથવા આનંદ અદ્વૈત ભાવની સાથે રહે છે, તેથી જ્યારે આત્મા વ્યાપક થાય ત્યારે માયાનો અભાવ થવો જોઇએ.

જેઓ માયાને સાચી માને છે, તેઓ આત્માને વ્યાપક લઈ શકતા નથી.

એવી સ્થિતિમાં વ્યવહાર શી રીતે થઈ શકે? એ મુશ્કેલી ઘણા સાધકને લાગે છે. સાધન-દશામાં એ મુશ્કેલી જરૂર જણાય છે, પણ જ્યારે અનુભવની દશા આવશે ત્યારે એ મુશ્કેલી બહુ લાગશે નહિ. અનુભવમાં સત્તા એક છે અને વસ્તુ એક છે. તેમાં વધઘટ થતી નથી, તેથી કોઈને કાંઈ કહેવાની જરૂર નથી અને વાણીની પણ જરૂર નથી; છતાં વાણી બોલાય તો બીજું કાંઈ બની જતું નથી. ગાય બેસે ત્યારે ગાય હોય અને ચાલે ત્યારે ભેંસ બની જતી નથી. તેવી જ રીતે ક્રિયા થવાથી બ્રહ્મ બ્રહ્મરૂપે મટી જતું નથી. તેને કર્મની જરૂર નથી છતાં કર્મ થાય તો બીજું બની જતું નથી. વિચારની જરૂર નથી છતાં વિચાર થાય તો બીજું બની જતું નથી. અનુભવની દશા ઉત્પન્ન થશે ત્યારે વાતો અને કર્મ જરૂર ઓછાં થઈ જશે. વાતો અને કર્મ કરવાની બહુ રુચિ હોય, ત્યારે જ તે ઘણા પ્રમાણમાં આવે છે. ઉપાદાન કારણ નિમિત્તને ખેંચી લાવે છે. જ્યારે વાણી કે વિચારની જરૂર નહિ લાગે ત્યારે તેમનું જોર ઘણું ઓછું થઈ જશે. સહજ રીતે જ્ઞાનના જોરથી વ્યવહાર ઓછો થાય તો તે સારી દશા ગણાય છે; પણ કંટાળીને વ્યવહાર છોડવાથી (વ્યવહાર સમજપૂર્વક દૂર કરેલ ન હોવાથી) સાચી રીતે દૂર થશે નહિ. કેટલાકને વ્યવહાર ઓછો થાય તો જ આગળ વધી શકાય તેવું લાગે છે. એવો એક પ્રસંગ નીચે પ્રમાણે બન્યો હતો:

એક વખત શ્રી રમણાશ્રમમાં ગુજરાતના એક શેઠ સત્સંગ માટે આવ્યા હતા. તેમણે આત્મજ્ઞાન માટે ઘણાં પુસ્તકો વાંચ્યાં હતાં એવું લાગતું હતું. તેઓ વ્યાવહારિક દૃષ્ટિએ ઈશ્વરકૃપાથી

ધનવાન, પુત્રવાન અને આયુષ્યવાન થયા હોય તેવું લાગતું હતું. તેમણે નીચે પ્રમાણે કેટલાક પ્રશ્ન મહર્ષિને પૂછ્યા હતા અને તેમના જવાબ મહર્ષિએ નીચે પ્રમાણે આપ્યા હતા:-

પ્રશ્ન-આત્મજ્ઞાન માટે પુરુષાર્થ કરવા માટે માણસે બીજી પ્રવૃત્તિ ઓછી કરવી જોઈએ કે નહિ?

ઉત્તર-આત્માને પ્રવૃત્તિ સાથે કે નિવૃત્તિ સાથે સંબંધ નથી. આત્મા પોતાના સ્વરૂપની શક્તિથી રહે છે. તેનો વિચાર કરો.

પ્રશ્ન-આત્મજ્ઞાન કેવી રીતે મળે?

ઉત્તર-એ પ્રશ્ન જેને થાય છે તેનો વિચાર કરો.

પ્રશ્ન-મૂળ પ્રકૃતિ ચૈતન્યરૂપ છે?

ઉત્તર-હા.

પ્રશ્ન-નીચેની પ્રકૃતિ જડ છે?

ઉત્તર-જડ જેવી દેખાય છે. વાસ્તવમાં તત્ત્વ એક છે, તેથી બધું ચિન્મય છે.

પ્રશ્ન-બીમાંથી ઝાડ થાય છે તેમ એકમાંથી અનેક થયા છે?

ઉત્તર-એકનું ભાન થશે ત્યારે અનેક દેખાશે નહિ.

પ્રશ્ન-ત્યારે અનેક કેવી રીતે થયા?

ઉત્તર-ભ્રાંતિથી એવું દેખાય છે.

પ્રશ્ન-ભ્રાંતિ કેવી રીતે થઈ?

ઉત્તર-એ પ્રશ્ન કોને થાય છે તેનો વિચાર કરો.

પ્રશ્ન-એ માટે શું કરવું જોઈએ?

ઉત્તર-અવિચારથી ઉત્પન્ન થયેલી ભ્રાંતિ વિચારથી જશે.

પ્રશ્ન—જીવાત્મા એ શી વસ્તુ છે?

ઉત્તર—એ પ્રશ્ન જેને થાય છે તેનો વિચાર કરો, એટલે કે તમે કોણ છો તેનો વિચાર કરો. સ્વરૂપના વિચારથી બધી મુશ્કેલી દૂર થઇ જશે.

પ્રશ્ન—તમે એક પુસ્તકમાં લખેલું છે કે મનને મારવું જોઇએ તો તે કામ કેવી રીતે કરવું?

ઉત્તર—મનનું સ્વરૂપ જાણવાથી મનનો નાશ કરવો સહેલો થશે.

પ્રશ્ન—પાછલા સંસ્કારના સ્ફુરણને મન કહે છે?

ઉત્તર—એ સંસ્કાર અને તેનું પરિણામ સાચાં નથી. ઊંઘમાં તે જતાં રહે છે.

પ્રશ્ન—એવા મનને શી રીતે વશ કરવું?

ઉત્તર—આત્માના વિચાર સિવાય બીજી કોઇ રીતે મન મરે તેવું નથી.

આ વાતચીત આટલે પહોંચી તેવામાં વચમાં કોઇએ એવો પ્રશ્ન કર્યો, કે બધાં કર્મ અને તેનાં ફળ ભગવાનને અર્પણ કરીએ તો મન વશ થાય કે કેમ?

ઉત્તર—તેમ કરવાથી અંતઃકરણની શુદ્ધિ થાય પણ મન મરશે નહિ. કોઇ માણસ દારૂ પીને રખડતો હોય અને તે એમ માને કે તેણે પોતાનું તે કર્મ અને તેનું ફળ ભગવાનને અર્પણ કરેલું છે, તે વખતે તેનાથી કાંઇ ભૂલ થઇ જાય અને તે માટે બીજા તેને લાકડીથી મારે, તો તે માર પણ ભગવાનને અર્પણ કરવો જોઇએ; પણ તેવું કોઇ કરતું નથી. માર વખતે તેની દશા જુદા પ્રકારની થઇ જાય છે. માટે અર્પણથી પણ મન પૂરું મરતું નથી. શરણાગતિમાં જે શરણાગતિ કરે છે તેને શરણ રાખવો એ બહુ મુશ્કેલ કામ છે.

આ પ્રસંગ મહર્ષિ બહુ જ સરળ રીતે સમજાવતા હતા; પણ તેમની માતૃભાષા તામીલ હોવાથી તેનો અર્થ બીજા અંગ્રેજી ભાષામાં સમજાવતા હતા; પણ તેઓ તેનો ભાવ પકડી શકતા નહોતા. તેથી ભાષાંતરમાં જેટલું જોર આવવું જોઇએ તેટલું આવતું નહોતું.

ઉપરના બધા પ્રશ્નોમાં માયાના સ્વરૂપનો પ્રશ્ન સમાયેલો છે. માયાનો ખુલાસો નીચે પ્રમાણે પાંચ રીતે થઇ શકે છેઃ—

(૧) જે ખોટી હોય, (૨) છતાં સાચા જેવી લાગે, (૩) તેનાથી વ્યવહાર થાય, (૪) બીજી દશામાં બાધ પામે અને (૫) બાધ પામે છે, માટે ખોટી છે.

એમ પાંચ યુક્તિથી માયાનું તત્ત્વ સમજવાની ટેવ પાડીએ તો તે સમજાય તેવી છે. જે દશામાં માયા લાગે છે તે દશામાં રહેલ માણસને તે સાચા જેવી થઇ જાય છે. સ્વપ્ન વખતે જેમ સ્વપ્નની ભૂલની ખબર પડતી નથી તેમ જાગૃતના વ્યવહાર વખતે તે વ્યવહારમાં રહેલી ભૂલની ખબર પડતી નથી. તેથી સત્સંગ કરી વિચારથી, ધ્યાનથી, નવી દશા પ્રાપ્ત કરવાની ટેવ પાડવી જોઇએ. દિવસે અજવાળું છે પણ ઘુવડને અંધારું લાગે છે. તે ઘુવડ તરીકે રહીને અજવાળું જોઇ શકશે નહિ, તેણે અજવાળું જોવું હોય, તો માણસોનો સંગ વધારે કરવો જોઇએ અને ઘુવડનો સંગ ઓછો કરવો જોઇએ. તેવી જ રીતે જેમને આત્મજ્ઞાન જોઇતું હોય, તેમણે સત્સંગ કરી આત્મવિચાર ખૂબ કરવો જોઇએ. તેવા વિચાર માટે પૂરતો વખત રાખવો જોઇએ. એટલો વખત બીજા કામમાંથી નિવૃત્તિ લીધા વગર મળતો નથી.

મહર્ષિ કહે છે, કે આત્માને પ્રવૃત્તિ સાથે કે નિવૃત્તિ સાથે સંબંધ નથી; છતાં આત્મવિચાર આગ્રહપૂર્વક રાખવો જોઈએ. તે માટે (એટલે પોતાને માટે) ખૂબ વખત રાખવો જોઇએ. તેમનું પોતાનું જીવન જોતાં પણ તે વધારે નિવૃત્તિવાળું જણાય છે. એટલી નિવૃત્તિ વગર તે આ દશાએ પહોંચ્યા ન હોત; પણ નિવૃત્તિનો ઉપયોગ કરતાં આવડવો જોઈએ. ઘણા સાધુઓને નિવૃત્તિ હોવા છતાં તેનો કેમ ઉપયોગ કરવો તેની તેમને ખબર હોતી નથી. સરકારી નોકરીમાંથી ૫૫ વર્ષે ફારગ થયેલા નોકરોને નિવૃત્તિ મળે છે; છતાં તેઓ પણ તે નિવૃત્તિનો સદુપયોગ કેવી રીતે કરવો તે જાણતા નથી. તેથી આત્મવિચાર માટે પૂરતા વખતની જરૂર છે અને તે વખતનો સદુપયોગ કેમ થાય તે બરાબર લક્ષમાં રાખવું જોઈએ.

ઉપર પ્રમાણે માયાનું જે સ્વરૂપ જણાવ્યું, તેમાં માયાનો અર્થ અજ્ઞાન અથવા અવિદ્યા એવો કરેલો છે કે જે અજ્ઞાન, જ્ઞાન થતાં દૂર થાય છે. જેમ રજ્જુ—સર્પની ભૂલમાં રજ્જુનું જ્ઞાન થયા પછી સર્પ જેવું કાંઇ રહેતું નથી, તેમ બ્રહ્મનું જ્ઞાન થયા પછી જગત જેવું કાંઇ રહેતું નથી. પણ વૈષ્ણવો એમ માને છે, કે જગતને સ્થિતિ છે તેથી વ્યવહાર થઇ શકે છે. જગતને સ્થિતિ આપનાર સ્વરૂપને વિષ્ણુ કહે છે. તેથી વિષ્ણુના ભક્ત વૈષ્ણવ કહેવાય છે. વૈષ્ણવો એમ કહે છે, કે જગત ભગવાનની ઇચ્છાથી થયું છે અથવા ભગવાનની શક્તિથી થયું છે અને તેની શક્તિથી ચાલી રહેલું છે. તેથી જગત સાચું છે. જો જગતની સ્થિતિ ન હોય તો કાલે જે માણસ પરણ્યો તેને આજે ફરીથી પરણવું પડે; છતાં પરણેલા માણસને સ્વપ્નમાં સ્રીની જરૂર પડે, તો તેની જાગૃત અવસ્થાની સ્રી કામ આવતી નથી. તેને તે વખતે નવી સ્રી

ઉત્પન્ન કરવી પડે છે. એવી માયાનું સ્વરૂપ સમજવા માટે સૂક્ષ્મ બુદ્ધિની જરૂર છે.

બીમાંથી જેમ ઝાડ થાય છે તેમ ભગવાનમાંથી જગત થયું હોય, તો તે દૃષ્ટાંત બરાબર બંધબેસતું નથી. ઝાડ થયા પછી મૂળ બી મળતું નથી તેમ ભગવાનમાંથી જગત નીકળ્યું હોય, તો જગત થયા પછી ભગવાન મળે નહિ. વળી જો બધું ભગવાનમાંથી નીકળ્યું હોય, તો જગતમાં વિરુદ્ધ સ્વભાવ કેમ દેખાય છે? દુઃખ, લડાઇ, કજિયા, ધરતીકંપ, રાગદ્વેષ વગેરે ભગવાનમાંથી નીકળ્યાં હોય અને નિરંતર તેમાંથી નીકળ્યાં કરે, તો એવા ભગવાનની ભક્તિ કરવાનું કોઇને મન થાય નહિ. વળી ભગવાન પોતે નિત્યતૃપ્ત હોવાથી તેમને જગત ઉત્પન્ન કરવાની ઇચ્છા પણ શા માટે થાય? જો જીવનાં કર્મનું ફળ જીવને અપાવવા માટે ભગવાને સૃષ્ટિ ઉત્પન્ન કરી તો પહેલા જીવ ક્યારે આવ્યા? અથવા પહેલાં કર્મ ક્યારે આવ્યાં? એ બધા પ્રશ્નોના ખુલાસા તરત કોઇ આપી શકે તેમ નથી અને આપી શકે તો સમજનાર માણસ તરત સમજી શકે તેવું નથી; તેથી માત્ર સૃષ્ટિ જોઇને વિચાર કરવાથી બધા ખુલાસા મળી શકતા નથી પણ સૃષ્ટિને જે જુએ છે તે કોણ છે સાથેસાથે તેના પણ વિચાર કરવાથી ઘણા ખુલાસા થઇ શકે છે.

પરમાત્મા જો જગતનું કારણ હોય, તો તેમાં નીચે પ્રમાણે બીજી પણ અનેક પ્રકારની શંકા માણસોને ઉત્પન્ન થાય તેવું છેઃ—

૧. પરમાત્મા કયું ફળ મેળવવા માટે સૃષ્ટિ કરે છે?

૨. જો તેમને કાંઇ ફળ જોઇતું હોય, તો તે પૂર્ણકામ અથવા આત્મકામ કહેવાય નહિ.

૩. જો ફળની કામના વગર પરમાત્મા સૃષ્ટિ કરે, તો ફળ વગર મંદમતિવાળો પુરુષ પણ પ્રવૃત્તિ કરતો નથી, તો જ્ઞાનસ્વરૂપ પરમાત્મા કેવી રીતે પ્રવૃત્તિ કરશે?

૪. જો જબરજસ્તીથી પરમાત્માએ એવું કર્યું એમ માનીએ, તો તેનું ડહાપણ શંકાવાળું થશે.

૫ વળી પરમાત્માને સૃષ્ટિ બનાવવામાં બીજું કોઇ સાધન છે કે નહિ. જો બીજું કોઇ સાધન હોય, તો પરમાત્મા એક જ છે એવાં શ્રુતિવાક્યોનો વિરોધ થશે. જો તેમણે કોઇ કોન્ટ્રાક્ટરને કામ સોંપ્યું હોય, તો તે કોન્ટ્રાક્ટર આવ્યો ક્યાંથી? જો બીજું સાધન નથી તો સૃષ્ટિ થશે જ નહિ. કોઇ પણ કાર્ય—સાધન નિરપેક્ષ થતું નથી અને બીજા સાધનનો અભાવ છે.

૬. વળી દયાસાગર પરમાત્માએ સુખમય સૃષ્ટિ શા માટે ન કરી, કે જેથી બધા જીવો સુખી થાય?

૭. જો પરમાત્મા સર્વજ્ઞ છે, તો પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે, કે તે સૃષ્ટિમાં રહેલા જીવોનાં દુઃખ જાણે છે કે નહિ? જો જાણે છે, તો કરુણાસાગર પરમાત્મા સૃષ્ટિનો ઉદ્ધાર કરવામાં વિલંબ કેમ કરે છે?

૮. જો જીવનાં કર્મ તેમાં આડે આવે છે, તો શું કર્મ પરમાત્માથી મોટાં થઇ ગયાં?

૯. જીવનાં કર્મ જો પરમાત્માને રોકે તો પરમાત્મા સ્વતંત્ર—સત્ય—સંકલ્પ વગેરે ગુણોથી રહિત થઇ જશે.

૧૦ વળી સૃષ્ટિનો સંહાર કરવો એ બહુ ઘાતકી કામ છે. તે કામ દ્વેષ વગર થતું નથી. પરમાત્મામાં દ્વેષની કલ્પના પણ શી

રીતે થઇ શકે? ક્રીડા પણ દયાળુની એવી હોતી નથી, કે જેથી અનેક જીવ સંસારરૂપી અગ્નિમાં પડે.

૧૧. ઊંઘમાં કોઇ જગત નથી છતાં ઊંઘ વગર ચાલતું નથી.

૧૨. સ્મૃતિ અને આશા આપણને છેતરે છે, છતાં તે છોડી શકાતાં નથી.

૧૩. શરીરનું જીવન પૂરું થશે છતાં આપણે મરવાના નથી તેવી રીતે વર્તીએ છીએ.

૧૪. આપણને સંસારમાં સુખ મળતું નથી, છતાં સુખની શોધ કરીએ છીએ.

૧૫. ભવિષ્યમાં શું બનશે તેની ખબર નથી, છતાં ભવિષ્ય માટે લડીએ છીએ.

૧૬. સ્વાર્થ ખોટો છે એમ માનીએ છીએ છતાં માન ગમે છે.

૧૭. દરેક માણસ સ્વાર્થી છે છતાં બીજાએ નિઃસ્વાર્થી થવું જોઇએ એમ કહીએ છીએ.

૧૮. આપણે સત્યને પૂજીએ છીએ છતાં તેમાં બીજાનો મત માગીએ છીએ.

આ બધા પ્રશ્નોનો વિચાર કરીએ, તો જણાશે કે જેઓ વાસ્તવિક સૃષ્ટિ ઈશ્વરથી થઇ એમ માને છે તેમણે ઉપરના પ્રશ્નોનો જવાબ દેવો જોઇએ. અદ્વૈત મતમાં તો સૃષ્ટિ મિથ્યા છે, તેથી ઉપરના દોષ તેમને માથે આવતા નથી.

અદાલતમાં જ્યારે કેસ ચાલતો હોય છે, ત્યારે જે માણસ કહે કે અમુક વાત બનેલી છે તેણે તે બાબતનો પુરાવો આપવો પડે છે. જે કહે છે, કે અમુક બનાવ બનેલ નથી તેના ઉપર તે સાબિત

કરવાની ફરજ આવતી નથી. તે જ પ્રમાણે જેઓ કહે છે, કે જગત ઉત્પન્ન થયું તેમણે સિદ્ધ કરવું જોઇએ, કે તે કોણે અને કેવી રીતે કર્યું છે. વેદાંતમાં તો ચેતનમાં જગતનું કારણત્વ કલ્પિત માયા સ્વીકારીને કહેવામાં આવે છે, સાક્ષાત્ નહિ. ગીતામાં પણ ભગવાન કહે છે, કે **मयाऽध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम्।** એટલે ક્રિયા માયાની છે અને સત્તા બ્રહ્મની છે, એવું માયામાં રહી જણાય છે. હાલના સાપેક્ષવાદના વિજ્ઞાનવાળા પણ ગણિતથી એમ સિદ્ધ કરી આપે છે, કે ગતિ એ સાપેક્ષ વસ્તુ છે; જેમ કે સૂર્ય ઉપર રહીએ તો પૃથ્વી ફરતી લાગે, પૃથ્વી ઉપર રહીને પૃથ્વીની બધી ગતિ જાણી શકાતી નથી. તેવી જ રીતે બ્રહ્મમાં ગતિ જોવી હોય, તો બ્રહ્મથી જુદા રહેવું જોઇએ; પણ બ્રહ્મ સર્વવ્યાપક હોવાથી તેનાથી કોઇ જુદા રહી શકે નહિ. તેથી બ્રહ્મમાં નિરપેક્ષ રીતે ગતિ જોઇ શકાય તેમ નથી. વળી જગતનું અબાધિત ભાન કોઇને થતું નથી તેથી જગતનું તાત્ત્વિક સ્વરૂપ આત્મા જ છે. માયા કલ્પિત છે તેથી અધ્યસ્ત છે. કલ્પિતનું તત્ત્વ અધિષ્ઠાન છે તેથી અધિષ્ઠાનના જ્ઞાન વખતે અધ્યસ્ત રહે નહિ. જ્યાં કાર્ય વાસ્તવિક નથી, ત્યાં કારણ કોને કહી શકાય?

અમે દક્ષિણ હિંદુસ્તાનની યાત્રાએ જતા હતા, ત્યારે પૂના સ્ટેશને એક વૈષ્ણવ મળવા આવ્યા હતા. તેમણે અમને કહ્યું, કે 'ઉપનિષદમાં કહેલું છે, કે ભગવાનને એકલા ગમ્યું નહિ તેથી પોતાના રમણ માટે એટલે આનંદ માટે સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. તેથી બધાં નામ અને બધાં રૂપ તેમનાં છે.' વૈષ્ણવો સજાતીય અથવા વિજાતીય ભેદ માનતા નથી તો પણ સ્વગત ભેદ માને છે, એટલે કે એક ઝાડમાં જેમ પાંદડાં, ફળ, ફૂલ, ડાળી વગેરે હોય છે તેમ એક ભગવાનમાં બધું રહેલું છે.

આ વિષયમાં બે બાબત સમજવાની રહે છે. ભગવાનને એકલા કેમ ગમ્યું નહિ? સાધુ પુરુષોને પણ એકાંતમાં એટલો આનંદ આવે છે, કે તેમને એકાંત છોડવું ગમતું નથી. તો પછી ભગવાનને એકાંત છોડવું ગમતું નહિ હોય એમ કહી શકાય નહિ. વળી સૃષ્ટિ ઉત્પન્ન થવાની જે શ્રુતિઓ ઉપનિષદમાં આપેલી છે તેના વિરુદ્ધની શ્રુતિઓ પણ તેમાં છે, એટલે કે બીજી શ્રુતિઓમાં એમ પણ કહેલું છે, કે સૃષ્ટિ ઉત્પન્ન થઇ નથી, ભગવાન નિર્ગુણ–નિર્વિકાર છે વગેરે. જો સૃષ્ટિ એ સાચી વસ્તુ હોય, તો સૃષ્ટિનો બાધ થવો જોઇએ નહિ. વૈષ્ણવોનો પ્રિય ગ્રંથ જે શ્રીમદ્ ભાગવત છે તેમાં પણ બીજા સ્કંધમાં જ્યાં સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન આવે છે, ત્યાં તે વર્ણન આપીને શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે, કે આ સૃષ્ટિની વાત પરમાર્થથી સાચી માનવાની નથી. (૨–૧૦–૩૫) જ્ઞાની પુરુષો તે સાચી માનતા નથી. ફરીથી ત્રીજા સ્કંધમાં જ્યાં સૃષ્ટિની વિગત મૈત્રેય મુનિ વિદુરજીને સમજાવે છે, ત્યાં વિદુરજી મૈત્રેયને એવા પ્રશ્ન પૂછે છે, કે ભગવાન કે જે નિત્ય તૃપ્ત છે, ચિન્માત્ર છે, મુક્ત છે તેમણે આ સૃષ્ટિ કરી શા માટે? કોઇ બાળક પણ કાંઇ રમત કરે છે, ત્યારે તે પોતે તેમાંથી કાંઇક આનંદ લેવા માટે કરે છે. ભગવાન પોતે આનંદરૂપ હોવાથી તેમને સૃષ્ટિ કરવાથી વધારે આનંદ મળતો નથી. જો વધારે આનંદ માટે તે સૃષ્ટિ કરતા હોય તો સૃષ્ટિ ન હોય ત્યારે એટલે પ્રલયકાળે તેમનો આનંદ ઓછો થઇ જવો જોઇએ. તેના જવાબમાં મૈત્રેય મુનિ કહે છે કે એ જ ભગવાનની માયા છે કે જેને લઇને વાસ્તવમાં ઉત્પત્તિ ન હોય છતાં દૃષ્ટિભેદથી ઉત્પત્તિ જેવું જણાય છે અને ભગવાન નિત્યમુક્ત હોવા છતાં તેમનામાં કૃપણતા અને બંધન જેવું જણાય છે, એમ કહી તે બાબત નીચેનાં બે દૃષ્ટાંતથી સમજાવે છે:–

૧. સ્વપ્નમાં કોઇ 'પોતાનું માથું કોઇએ કાપી નાખ્યું' એમ જુએ છે, વાસ્તવમાં તે કપાતું નથી છતાં તેવું દેખાય છે. જાગૃતમાં એવો દેખાવ કોઇ જોઇ શકે નહિ. પોતાની ઠાઠડી જાગૃતમાં કોઇ જોઇ શકે નહિ, છતાં સ્વપ્નમાં તેવું દેખાય છે, તેમ જન્મમરણ પણ વાસ્તવમાં સાચાં ન હોવા છતાં તેવાં દેખાય છે.

૨. પાણીનાં ભરેલાં અનેક ખાબોચિયાં હોય, તેમાં સૂર્યનું પ્રતિબિંબ પડતું હોય, તે વખતે પવનની અસરથી પાણી હાલતું હોય; તેમાં સૂર્ય હાલતો દેખાય છે. તેવી જ રીતે ઉપાધિભેદથી ક્રિયા દેખાય છે અને તે ક્રિયાનો ભૂલથી ચેતનમાં આરોપ થાય છે. જેટલાં ખાબોચિયાં તેટલા સૂર્ય દેખાય છે. તે પ્રમાણે જેટલી ઉપાધિ તેટલા જીવ દેખાય છે. ઉપાધિ સાચી ન હોવાથી એક જીવવાદ સિદ્ધ થાય છે.

તે બે દૃષ્ટાંત ઉપરાંત શ્રીમદ્ ભાગવતમાં સૃષ્ટિની ઉત્પત્તિ વાસ્તવમાં સાચી નથી એમ બીજે કેટલેક ઠેકાણે પણ જણાવેલું છે. શ્રીકૃષ્ણના જન્મ વખતે જ્યારે બ્રહ્મા અને દેવોએ સ્તુતિ કરી છે, તેમાં કહેલું છે, કે ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ અવિદ્યાથી જણાય છે; એટલે વાસ્તવમાં કાંઇ ઉત્પન્ન થતું નથી.

એક દિવસ એક માણસે મહર્ષિને પૂછ્યું, કે સોનાના દાગીનામાં સોનું અને ઘાટ બંને સાચા લાગે છે. એકલો સોનાનો કટકો શોભા આપતો નથી. મને તો સોનું અને ઘાટ બંને ગમે છે, તેમ બ્રહ્મ અને જગત બંને સાચાં લાગે છે.

મહર્ષિએ જવાબ આપ્યોઃ સોનું રાખો કે સોનાનો દાગીનો રાખો, બંનેમાં વસ્તુ એક છે. ઘાટનું નામ વ્યવહાર માટે છે. જ્યાં સોનાના ઘણા દાગીના પડયા હોય, ત્યાં સોનું લાવો એમ કહીએ

તો વ્યવહાર ચાલે નહિ. બધામાં 'હું' એક છે પણ હુંને બોલાવો એમ કહીએ તો વ્યવહાર ચાલે નહિ, તેથી કોઇ હુંનું નામ રામચંદ્ર પાડયું, કોઇ હુંનું નામ કૃષ્ણલાલ પાડયું, છતાં હું એક છે.

પ્રશ્ન—જો એક જગ્યાનો હું બીજી જગ્યાના હુંને તું કહે, તો ઘણી ભૂલો થાય.

ઉત્તર—વ્યવહારમાં મૂળ વસ્તુ તરફ ધ્યાન રહે તો હરકત ન આવે; પણ સાધારણ માણસો વસ્તુ ભૂલી નામ જ સાચું માની લે છે. જુદાજુદા હું એ પણ સાચી વાત નથી. હું એક છે. જુદો હું એ જેમ કોઇ કિલ્લાનો રખેવાળ હોય તેમ દેહનો રક્ષક છે; પણ ભૂલથી લાંબા સહવાસથી તે દેહનો માલિક થઇ બેઠો છે. ખરો માલિક બધામાં રહેલ એક હું છે. તેથી જ્યારે જુદો હું ખરા માલિકને શરણે થાય ત્યારે હું અને મારું દૂર થાય છે. વળી જે જેનું હતું, તેની માલિકીનું તે થવાથી સાચી દશા ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન—એવો ઉપદેશ જગતમાં ફેલાય તો લડાઇઓ થાય નહિ?

મહર્ષિએ તેનો જવાબ આપ્યો નહિ. વચમાં એક માણસે એમ કહ્યું, કે હાલના માણસો એવો ઉપદેશ સમજી શકે તેવું નથી. મોતી તો હંસની પાસે જ મૂકી શકાય.

૬ : સૃષ્ટિદૃષ્ટિવાદ

ઘણા માણસોનું એવું માનવું છે, કે સૃષ્ટિ સાચેસાચી ઉત્પન્ન થયેલી છે. તે માત્ર જોનારની કલ્પનારૂપ નથી. આપણે જે જે સૌંદર્ય જોઇએ છીએ, નદી, સમુદ્ર, પર્વતો, તારા વગેરે, તે માત્ર આપણી કલ્પના નથી. આપણે આપણી મરજી પ્રમાણે સૂર્યને અથવા ચંદ્રને અથવા તારાને ફેરવી શકતા નથી. એ બધી ભગ-

વાનની બનાવેલી સાચી વસ્તુઓ છે; પણ તે રચનાનું ખરું સ્વરૂપ મનોમય ભૂમિકામાંથી સમજી શકાશે નહિ. તે રહસ્ય સમજવું હોય, તો જિજ્ઞાસુએ આત્મજ્ઞાનમાં આગળ ચડવું જોઈએ. તે દશામાં આવીને જોતાં જણાશે કે સૃષ્ટિ બધી વિજ્ઞાનમય છે અને સૃષ્ટિની વ્યવસ્થા પણ બરાબર થયેલી છે. ભગવાન એવા કોઈ ગાંડા માણસ નથી કે જેમ તેમ કાંઈ બનાવી દે કે જેથી જે સાચું ન હોય છતાં સાચા જેવું દેખાય. યોગમાર્ગવાળા અને ભક્તિમાર્ગ-વાળા અનુભવથી કહે છે, કે એકમાં અનેક છે અને અનેકમાં એક છે. તે વિજ્ઞાનમય કોશનો અનુભવ છે. ત્યાં વિચાર કરવાની જરૂર પડતી નથી; ત્યાં જેવું તત્ત્વ છે તેવું સ્પષ્ટ દેખાય છે.

ભગવાન જો માત્ર નિર્ગુણ જ રહે અને સગુણ થાય જ નહિ તો તે પણ એક જાતનું બંધન થયું. ભગવાનને જેમ સગુણનું બંધન નથી તેમ નિર્ગુણનું પણ બંધન નથી. તે સગુણ થઈ શકે અને નિર્ગુણ પણ રહી શકે તેવા છે. તે સર્વજ્ઞ સર્વ-શક્તિવાન છે.

દક્ષિણમાં પોંડીચેરીમાં શ્રી અરવિંદનો આશ્રમ છે. તે ઉપરની રીત પ્રમાણે સૃષ્ટિદૃષ્ટિવાદ માને છે. એટલે કે આપણને જે સૃષ્ટિ દેખાય છે તે ખરેખર ભગવાને બનાવેલી છે. એ વાત હિંદુધર્મમાં માનેલી છે, પણ આગળ વધેલાઓ માટે હિંદુધર્મમાં દૃષ્ટિસૃષ્ટિવાદ માનેલો છે. તેનો વધારે ખુલાસો સાતમા પ્રકરણમાં કરવામાં આવેલો છે. સૃષ્ટિ જોઈને સૃષ્ટિનો અને સૃષ્ટિ કરનારનો વિચાર કરવો તેને સૃષ્ટિદૃષ્ટિવાદ કહે છે. સૃષ્ટિ જોતી વખતે જ જોનારાનો વિચાર કરવો તેને દૃષ્ટિસૃષ્ટિવાદ કહે છે.

શ્રી અરવિંદ એમ પણ કહે છે, કે આત્માને ભૂલી અનાત્મામાં

રહેવું એ ચૈતન્યની એક પ્રકારની એકાગ્રતા છે અને અનાત્માને ભૂલી આત્મામાં રહેવું એ પણ ચૈતન્યની બીજા પ્રકારની એકાગ્રતા છે. ખરું ચૈતન્ય બંને પ્રકારની એકાગ્રતામાં બંધાતું નથી. તે નિર્ગુણ થઈ શકે છે અને સગુણ પણ થઈ શકે છે.

વળી શ્રી અરવિંદનું માનવું એવું પણ છે, કે માણસની સૃષ્ટિ એ છેવટની સૃષ્ટિ નથી. હજી આ પૃથ્વી ઉપર દિવ્ય શરીરવાળા દિવ્ય પુરુષોનો જન્મ થવો જોઈએ. લાખો વર્ષ પહેલાં આ પૃથ્વી ઉપર માણસો નહોતા પણ પશુપક્ષીઓ હતાં. તે વખતે ફક્ત પ્રાણ-મય કોશ અને અન્નમય કોશ વ્યક્ત હતા, પણ મનોમય કોશની સૃષ્ટિ નહોતી. છતાં વખત આવતાં મનનું અવતરણ થયું અને શરીરમાં ફેરફાર થયો. તેમાંથી માણસની સૃષ્ટિ થઈ. માણસના શરીરમાં મન સ્વાભાવિક રીતે કામ કરી શકે છે; પણ વિજ્ઞાનમય તત્ત્વ તે શરીરમાં સ્વાભાવિક રીતે કામ કરી શકતું નથી. એટલે કે આત્મજ્ઞાન માણસના શરીરમાં બરાબર કામ કરી શકતું નથી. માણસના શરીરની જરૂરિયાતો એવી છે, કે તેને ઊંઘ આવે છે, ખાવાનું જોઈએ છે, તેને રોગ આવે છે, વૃદ્ધાવસ્થા આવે છે, શરીરને અચાનક મરણ સાંપડે છે, તેથી માણસનું શરીર આત્મ-જ્ઞાનને વિઘ્નરૂપ થાય છે. આ બધાં વિઘ્નો વિજ્ઞાનમય કોશમાં રહેશે નહિ. શ્રી અરવિંદ કહે છે, કે માત્ર વિજ્ઞાનમય કોશમાં ચઢવાનું નથી પણ તે સાથે ભગવાનની દિવ્ય શક્તિનું તે કોશમાં અવતરણ કરવાનું છે. તેમ કરવાથી નવી જાતનું દિવ્ય શરીર મળશે કે જેમાં આત્મજ્ઞાન સ્વાભાવિક રીતે કામ કરી શકશે.

શ્રી અરવિંદ એમ માને છે, કે એવી શક્યતા વેદકાળના ઋષિ-મુનિઓને લાગી હતી, પણ તેઓ દિવ્ય શક્તિનું અવતરણ કરી

શક્યા નહોતા. તેઓ મૂળ પ્રકૃતિ અથવા પરા પ્રકૃતિ સાથે સંબંધ બાંધી શક્યા હતા પણ તેમાં ફેરફાર કરી શક્યા નહોતા; તેથી શરીરમાં ફેરફાર થયો નહિ અને માણસના શરીરથી સૃષ્ટિની રચના અટકી ગઈ. તેમનું માનવું એવું છે, કે જીવોને બનાવનાર જે પરા પ્રકૃતિ ભગવાનના સ્વરૂપમાં રહેલી છે તેમાં ફેરફાર થાય અને અહીં તેનું અવતરણ થાય તો નવી જાતના દિવ્ય શરીરવાળા માણસો અહીં જન્મે અને તેમાંથી દેવજાતિ ઉત્પન્ન થાય. તે જાતિની અસરથી આપણી પૃથ્વીમાં નવા અને સારા સંસ્કાર ફેલાય અને લડાઈ અને કજિયો બંધ થાય અથવા ઘણાં ઓછાં થઈ જાય. તેઓ કહે છે, કે બીજા યોગમાં જીવનનો ત્યાગ થાય ત્યારે આત્મસાક્ષાત્કાર થાય છે. તેમના પૂર્ણયોગમાં જીવનનો ત્યાગ કરવાનો નથી પણ જીવનને પ્રભુમય બનાવવાનું છે. આ મતને સૃષ્ટિ—દૃષ્ટિવાદ અથવા દિવ્ય સૃષ્ટિવાદ અથવા પૂર્ણયોગ કહે છે.

શ્રી અરવિંદ ભગવાનની શક્તિથી નવી સૃષ્ટિ બનાવવાની આશા રાખે છે. તેથી શ્રી અરવિંદનો યોગ એ તદ્દન નવી જાતનો યોગ છે. તેમનું કહેવું એવું છે, કે જેમ પશુપક્ષીમાં રહેલ જીવચૈતન્ય અને માણસમાં રહેલ જીવચૈતન્ય આ પૃથ્વી ઉપર આવ્યા પછી પશુપક્ષી અને માણસ ઉત્પન્ન થયા કરે છે, તેવી જ રીતે વિજ્ઞાનમય ચૈતન્ય જો એકવાર આ પૃથ્વી ઉપર આવે તો વિજ્ઞાનમય પુરુષો વારંવાર આ પૃથ્વીમાં ઉત્પન્ન થયા કરે. હજુ સુધી એવું ચૈતન્ય આ પૃથ્વી ઉપર કોઈ લાવી શક્યું નથી. તેથી આ દિશામાં તેમણે નવું સાહસ શરૂ કરેલ છે.

શ્રી રમણાશ્રમમાં શ્રી અરવિંદના યોગ સંબંધી ચર્ચા કોઈ વખતે નીકળે છે. શ્રી મહર્ષિનું આત્મદર્શન શ્રી અરવિંદના યોગને

મળતું આવતું નથી. એક વખત મહર્ષિ અરુણાચળ પર્વત ઉપરથી ઊતરી આશ્રમમાં પ્રવેશ કરતા હતા. તે વખતે દરવાજા આગળ અમારે તેમને મળવાનું થયું. શ્રી અરવિંદનાં દર્શન ઓગસ્ટની ૧૫મી તારીખે કરી, એક જિજ્ઞાસુ તરતમાં શ્રી રમણાશ્રમમાં આવેલા હતા. તે તે વખતે અમારી સાથે હતા. અમે મહર્ષિને કહ્યું, કે આ જિજ્ઞાસુ પોંડીચેરીથી (શ્રી અરવિંદના આશ્રમમાંથી) આવે છે. શ્રી અરવિંદ જગતની ઉત્પત્તિ સાચી માને છે. શ્રી શંકરાચાર્યના વેદાંતમાં શરૂઆતવાળા માટે જગતની ઉત્પત્તિ માનેલી છે, પણ આગળ વધેલા માટે અજાતવાદ માનેલો છે. આપનો શો મત છે? તે વખતે શ્રી મહર્ષિએ જવાબ આપ્યો કેઃ—

न निरोधो न चोत्पत्तिर्न बद्धो न च साधकः ।
न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता ॥

આ શ્લોક માંડુક્ય ઉપનિષદની કારિકાના—વૈતથ્ય પ્રકરણમાં છે. તેનો અર્થ એવો છે, કે વાસ્તવમાં પ્રલય નથી તેમ ઉત્પત્તિ નથી. કોઈને બંધન નથી, કોઈ સાધક નથી, કોઈ મુમુક્ષુ નથી કે કોઈ મુક્ત નથી, એવું આત્મનિષ્ઠાવાળાને પરમાર્થદૃષ્ટિથી જણાય છે.

જ્યારે આવા બે ઊંચી કોટિના મહાત્માનાં આત્મદર્શન વિશે વાતચીત ચાલે અથવા તે બંનેના દર્શનની તુલના થાય ત્યારે એમ સમજવાનું નથી કે કોઈ મહાત્મા ઉપર ટીકા થાય છે અથવા આક્ષેપ થાય છે. બંને મહાત્મા ઊંચી કોટિના છે. શ્રી અરવિંદની નિષ્ઠામાં અબાધ આત્મદર્શન છે, એટલે કે જગતનો કે જીવનનો બાધ કર્યા વગર આત્મદર્શન કરવું. શ્રી મહર્ષિના દર્શનમાં જીવજગતનું સાચું સ્વરૂપ બ્રહ્મ હોવાથી, બ્રહ્મદર્શનમાં જીવજગત

બ્રહ્મરૂપ થઇ જાય છે. રજ્જુસર્પમાં રજ્જુના જ્ઞાન વખતે સર્પનો બાધ થઇ જાય છે; કારણ કે સર્પનું સાચું સ્વરૂપ રજ્જુ છે, તેવી જ રીતે શ્રી મહર્ષિના આત્મદર્શનમાં બ્રહ્મના જ્ઞાન વખતે જગતના કલ્પિત સ્વરૂપનો બાધ થઇ જાય છે; કારણ કે જગતનું સાચું સ્વરૂપ બ્રહ્મ છે.

શ્રીશંકરાચાર્યના સિદ્ધાંતવાળા સત્ અથવા અસત્નો નિષેધ કરતા નથી પણ કલ્પિત સત્નો નિષેધ કરે છે. કલ્પિત સત્નો નિષેધ જેમ સ્વપ્નમાંથી જાગૃત થતાં થઇ જાય છે, તેમ જાગૃતમાંથી બ્રહ્મદશામાં આવતાં કલ્પિત જાગૃતનો બાધ થઇ જાય છે. સુષુપ્તિમાં પણ જાગૃતનો બાધ થઇ જાય છે. પણ યોગમાર્ગવાળા અને શરૂઆતના ભક્તિમાર્ગવાળા આવી રીતે ત્રણ અવસ્થાનો વિચાર કરતા નથી. શ્રીમદ્ ભાગવતમાં ઘણીવાર ત્રણ અવસ્થાનો વિચાર આવે છે.

આવાં બે પ્રકારનાં દર્શનની તુલના કરવાની રીત આપણા દેશમાં પ્રાચીનકાળથી ચાલી આવે છે. જૈન દર્શનવાળા પણ વેદાંતદર્શનની તુલના કરે છે. વેદાંતદર્શનવાળા સાંખ્ય, યોગ, વૈશેષિક, ન્યાય, મીમાંસા અને જૈન વગેરેની તુલના કરે છે. એવી તુલના કરવાથી બુદ્ધિ સૂક્ષ્મ થાય છે અને સત્અસત્નો વિવેક થઇ શકે છે. માયાનું સ્વરૂપ એવું છે, કે એવી તુલના વગર પોતાના દર્શનની અથવા બીજાના દર્શનની ભૂલ પકડી શકાતી નથી. બ્રહ્મસૂત્રમાં પણ બીજા અધ્યાયમાં કેટલાક મતોની વેદાંતની સાથે તુલના કરેલી છે.

એક વખત શ્રી રમણાશ્રમમાં કોઇએ એવો પ્રશ્ન કર્યો કે, શ્રી અરવિંદના મતમાં શરણભાવ એ મુખ્ય સાધન છે. મહર્ષિએ કહ્યું :

'શરણભાવ તો અહીં પણ માનવામાં આવે છે, પણ શરણભાવ બરાબર થશે એટલે ભેદ રહેશે નહિ. કોઇ શિષ્ય કોઇ ગુરુ પાસે જઇ રૂપિયા વગેરે ધરી મંત્રદીક્ષા લે અને તે માને કે હું શરણ થઇ ગયો છું તો તે ખરો શરણભાવ નથી. શરણભાવમાં મન આપવાનું છે અને મન આપ્યા પછી કોઇ જાતનું દ્વૈત રહેશે નહિ. જે ભગવાનથી જુદો રહે છે તે શરણ થયો નથી.'

આ વખતે એટલે ઓગસ્ટ મહિનામાં શ્રી અરવિંદના આશ્રમમાંથી શ્રી રમણાશ્રમમાં કેટલાક જિજ્ઞાસુઓ આવેલા હતા. તે વખતે બીજા કોઇએ એવો પ્રશ્ન કર્યો, કે શ્રી અરવિંદના આશ્રમમાં એમ માનવામાં આવે છે, કે આપણે ગુરુને અથવા ભગવાનને શરણ થઇએ એટલે જીવની સત્તા જતી રહે અને તેના બદલામાં આપણને મોટી સત્તાનો આધાર મળે અને આપણામાં દિવ્ય શક્તિઓ પણ આવે. મહર્ષિએ કહ્યું, કે શરણભાવ રાખ્યા પછી મોટી દિવ્ય શક્તિ લેવાની આશા રાખવી એ ખરો શરણભાવ નથી.

ત્રીજા કોઇએ પૂછ્યું, કે શ્રી અરવિંદ એમ માને છે કે અનેકત્વ ખોટું નથી, અભેદમાં ભેદ અને ભેદમાં અભેદ સાથે રહી શકે છે. મહર્ષિએ જવાબ આપ્યો, કે જ્યાં જરા પણ ભેદ રહેશે ત્યાં અહંકાર રહી જશે અને શરણભાવ પૂરો થશે નહિ.

વળી કોઇએ એવો પ્રશ્ન કર્યો, કે ઉપનિષદમાં કહેલું છે, કે બહુસ્યાં પ્રજાયેયેતિ એટલે ભગવાને અનેક રૂપ લીધાં છે. મહર્ષિએ કહ્યું, કે એ તો સામાન્ય બુદ્ધિના માણસોને સમજાવવા માટે છે. ભગવાનની દૃષ્ટિથી અનેકત્વ રહેતું નથી. તેમની દૃષ્ટિથી તો પૂર્ણમદઃ પૂર્ણમિદં રહે છે. જીવ પણ જો અહંકાર મૂકી દે તો તેની

નજરમાં અનેક રહેતા નથી તો ભગવાનની નજરમાં અનેક શી રીતે રહે?

પ્રશ્ન—શ્રી અરવિંદ એમ માને છે, કે માણસનું શરીર એ આ પૃથ્વી ઉપર છેલ્લું શરીર નથી. માણસના શરીરમાં આત્માની નિષ્ઠા બરાબર થતી નથી અને આત્મજ્ઞાન સ્વાભાવિક રીતે કામ કરતું નથી; તેથી જે શરીરમાં આત્મજ્ઞાન સ્વાભાવિક રીતે રહે તેવું વિજ્ઞાનમય શરીર આ પૃથ્વી ઉપર આવવું જોઇએ.

ઉત્તર—માણસના શરીરમાં આત્મજ્ઞાન બરાબર સ્વાભાવિક રીતે રહી શકે છે તેથી બીજા શરીરની જરૂર નથી.

પ્રશ્ન—શ્રી અરવિંદ એમ માને છે કે વિજ્ઞાનમય શરીર એવું થશે કે જેમાં રોગ આવશે નહિ, જે વૃદ્ધ થશે નહિ અને જે આપણી ઇચ્છા વગર મરશે નહિ.

ઉત્તર—શરીર એ જ એક રોગ છે, એ રોગ લાંબો વખત રહે એવું ઇચ્છવું એ જ્ઞાની પુરુષોનું કામ નથી. કોઇ પણ રીતે દેહનું અભિમાન છોડવાનું છે. દેહ હું છું એ જ્ઞાન જેમ આત્મજ્ઞાનને અટકાવે છે તેમ દેહ હું નથી એવું જ્ઞાન જેને બરાબર થાય તેની ઇચ્છા ન હોય તો યે તે મુક્ત થાય છે.

પ્રશ્ન—શ્રી અરવિંદ દેહમાં ભગવાનની શક્તિનું અવતરણ કરવા માગે છે.

ઉત્તર—પોતે શરણ થયા પછી કાંઇ ઇચ્છા રાખવાથી શરણાગતિ સિદ્ધ થશે નહિ. વળી ઉપરની સત્તાને નીચે આવવું હોય, તો મારા જ શરીરમાં તેનું અવતરણ થવું જોઇએ એવી ભાવના રાખવાથી દેહનું અભિમાન વધી જશે. ખરી રીતે એવા અવતરણની જરૂર પણ નથી. દેહનું અભિમાન ગયા પછી જીવ બ્રહ્મરૂપ થાય છે. એ દશામાં ઉપરનીચે કે આગળપાછળ જેવું કાંઇ રહેતું નથી.

પ્રશ્ન—જો જીવ બ્રહ્મરૂપ થાય તો બ્રહ્મનો આનંદ કોણ લઇ શકે? જળમાં ડૂબેલો માણસ જળ પી શકતો નથી, તેથી બ્રહ્મનો આનંદ લેવા માટે, જેમ માખી સાકરથી જરા જુદી રહે છે તેમ આપણે બ્રહ્મથી જરા જુદા રહેવું જોઇએ.

ઉત્તર—બ્રહ્મનો આનંદ એ સ્વરૂપનો આનંદ છે. એ જન્ય આનંદ નથી, એ આનંદ ઉત્પન્ન કરવાનો નથી. જે જે આનંદ ઉત્પન્ન થાય છે તેનો નાશ થાય છે. સાકર જડ છે તેથી તે પોતાનો સ્વાદ આપી શકતી નથી, તેથી તેનો સ્વાદ લેવા માટે માખીને જુદું રહેવું પડે છે; પણ બ્રહ્મ ચૈતન્ય છે, તે પોતાનો આનંદ આપી શકે છે પણ તે દશામાં આવ્યા વગર તેનું સ્વરૂપ સમજી શકાશે નહિ.

પ્રશ્ન—શ્રી અરવિંદ આ પૃથ્વી ઉપર નવી દેવજાતિ લાવવા માગે છે.

ઉત્તર—ભવિષ્યમાં જે મળશે તે અનિત્ય સમજવાનું છે. હાલ જે તમને મળેલું છે તેને બરાબર સમજતાં શીખો તો ભવિષ્યનો વિચાર કરવાની જરૂર નથી.

પ્રશ્ન—શ્રી અરવિંદ કહે છે, કે ભગવાને અનેક પ્રકારની જુદીજુદી સૃષ્ટિ બનાવેલી છે અને હજુ પણ નવી સૃષ્ટિ રચશે.

ઉત્તર—આપણી હાલની સૃષ્ટિ જ સાચી નથી. દરેકને પોતાની કલ્પના પ્રમાણે કલ્પિત સૃષ્ટિ દેખાય છે, તો નવી સૃષ્ટિ સાચી થશે

તેની ખાતરી શી? જીવ, જગત અને ઈશ્વર એ ત્રણે સાપેક્ષ તત્ત્વ છે. અહંકાર છે ત્યાં સુધી એ ત્રણ છે, જીવના અહંકારમાંથી અથવા મનમાંથી એ ત્રણ નીકળેલાં છે. મન બંધ કરો તો એ ત્રણ રહેશે નહિ, પણ કેવળ બ્રહ્મ રહેશે અને તે હાલ પણ છે. ભૂલથી બીજું દેખાય છે. જીવના સાચા સ્વરૂપની શોધ કરવાથી જ એ ભૂલ દૂર થઇ શકે તેમ છે. જીવ સુપરમાઇન્ડમાં જાય એટલે વિજ્ઞાનમય કોશમાં જાય તો યે મનમાં રહેશે. મન અર્પણ થયા પછી બ્રહ્મ સિવાય કાંઇ રહેશે નહિ. આ જગત સત્ય છે કે મિથ્યા, ચેતન છે કે જડ, સુખરૂપ છે કે દુઃખરૂપ એ બધા વાદ અવિદ્યાની દશામાં છે. સાક્ષાત્કાર થયા પછી તે ઉપયોગી નથી. અહંકાર-વગરની નિષ્ઠાવાળી જે દશા છે તે જ ઉત્તમ દશા છે. તે દશામાં વિષયચિંતન માટે અવકાશ નથી અને અહંભાવ માટે પણ અવ-કાશ નથી. સચ્ચિદાનંદના સ્વરૂપમાં કોઇ પ્રકારનો વિવાદ નથી. જ્યાં સુધી પોતામાં નામરૂપવાળી બુદ્ધિ હશે ત્યાં સુધી ઈશ્વર પણ રૂપવાળા લાગશે. જ્યારે અરૂપ દૃષ્ટિ થશે ત્યારે દ્રષ્ટા, દર્શન અને દૃશ્યનો વ્યવહાર રહેશે નહિ. તે દૃષ્ટિ ચિત્‌સ્વરૂપિણી, અદ્વિતીય અને અખંડ છે. તેને હદ નથી, તે અનંત છે, પૂર્ણ છે. દેહમાં અહંબુદ્ધિ આવે ત્યારે જગતનું ગ્રહણ થાય છે. દેહમાંથી જો અહંબુદ્ધિ નીકળી જાય તો જગતને કોણ ગ્રહણ કરશે?

પ્રશ્ન—શ્રી અરવિંદ એમ માને છે, કે જેમ આપણે આપણા શરીરમાં રહેલ આપણી પ્રકૃતિ જીતી શકીએ છીએ, તેમ આત્મ-જ્ઞાની બીજા શરીરમાં રહેલ બીજાની પ્રકૃતિ પણ ફેરવી શકે, એવી શક્તિ તેનામાં આવવી જોઇએ; કારણ કે આત્મા બધામાં એક છે.

ઉત્તર—બીજા છે એમ જ્ઞાની પુરુષ માનતો નથી, તેથી

પ્રકૃતિને ફેરવવાનો પ્રશ્ન રહેતો નથી. જ્યાં બીજા દેખાય છે ત્યાં અજ્ઞાન છે.*

પ્રશ્ન—જનક જ્ઞાની હોવા છતાં રાજ્ય કરતા હતા અને તેમના ગુરુ યાજ્ઞવલ્ક્ય જ્ઞાની હોવા છતાં સંસાર છોડી કેમ ચાલ્યા ગયા?

ઉત્તર—તે દરેક જ્ઞાનીના પ્રારબ્ધ પ્રમાણે બને છે. કૃષ્ણ ભોગી હતા. શુકદેવજી ત્યાગી હતા. જનક અને રામે રાજ્ય કર્યું હતું અને વસિષ્ઠ કર્મ કરતા હતા. એ બધા જ્ઞાની હતા. તેમની અંતર્દશા સરખી હતી. તેમનું બહારનું જીવન તેમના પ્રારબ્ધ આધારે હતું.

પ્રશ્ન—શ્રી અરવિંદ કહે છે, કે ચેતનને નિર્ગુણમાં જ શા માટે બાંધી દેવું જોઇએ? તે સગુણ થઇ શકે તો જ બેહદની દશા તેનામાં છે એમ કહી શકાય.

ઉત્તર—બધી હદમાંથી છૂટવું તેને જ નિર્ગુણ દશા કહે છે.

આવીઆવી જ્ઞાનચર્ચા શ્રી રમણાશ્રમમાં કોઇકોઇ વાર

* શ્રી અરવિંદ એમ માને છે, કે સત્—ચિત્—આનંદમાં જે ચિત્ તત્ત્વ છે, તેમાં જ્ઞાન છે એટલું જ નહિ પણ શક્તિ છે. જ્યાં જરૂર પડે ત્યાં તે ચિત્ શક્તિ (અથવા ફોર્સ) મૂકી શકે છે. એ વાત સાચી લાગે છે. જ્યાં કાંઇક તાબે કરવાનું હોય, કોઇ વિઘ્ન દૂર કરવાનું થાય, કાંઇ ફેરફાર કરવાનો હોય ત્યાં શક્તિનો ઉપયોગ રહે છે. પણ આત્માના ઉત્તમ અનુભવમાં એટલે સ્થિતપ્રજ્ઞ દશામાં અથવા ગુણાતીત દશામાં કેવળ અદ્વૈતનો અનુભવ રહેતો હોવાથી અને સામે બીજું કોઇ તત્ત્વ રહેતું ન હોવાથી આત્મજ્ઞાની પુરુષના વિરોધમાં કોઇ રહેતું નથી. તેથી કોઇ પ્રકૃતિને જીતવાની જરૂર પડતી નથી. તે દશામાં જુદી પ્રકૃતિ જેવું દ્વૈત રહેતું નથી. આત્મા જ્યારે વ્યાપક થાય છે ત્યારે પ્રકૃતિનો અભાવ થાય છે. તેથી આત્મામાં શક્તિ હોવા છતાં તેના ઉપયોગની જરૂર પડતી નથી. જે દશામાં વિરોધ જણાય ત્યાં તે વિરોધીને જીતવા માટે આત્માની શક્તિની જરૂર પડે છે.

નીકળતી હતી. વિષ્ણુના ભક્ત અવતારને માને છે. શંકરના ભક્ત અવતારને માનતા નથી. શંકરના અવતાર થતા નથી. વિષ્ણુ જગતને સ્થિતિ આપે છે તેથી જીવને માયા લાગે છે એટલે જીવ ગભરાય છે. તેથી ભગવાન અવતાર લઇ અથવા અનુગ્રહ કરી તેનું રક્ષણ કરે છે. શ્રી અરવિંદ વૈષ્ણવની માફક જગતને સાચું માને છે તેથી વિષ્ણુની માફક અવતાર માને છે. અવતાર કોઇ વખતે જ થાય છે. શ્રી અરવિંદ પણ તેમના આશ્રમમાં એક વર્ષમાં ફક્ત ૪ વાર દર્શન આપે છે શ્રી મહર્ષિ શંકરના મંદિરમાં જેમ શંકર કાયમ દર્શન આપે છે તેમ આખો દિવસ દર્શન આપે છે.

એક દિવસ શ્રી અરવિંદના આશ્રમનાં માતાજી મીરાંનું લખેલું અંગ્રેજી પુસ્તક 'સુપ્રિમ મિસ્ટરી' કોઇએ શ્રી મહર્ષિના હાથમાં મૂક્યું. મહર્ષિએ તેમાંથી એક પાનું વાંચ્યું. તેમાં એવું લખાણ આવ્યું, કે 'હજી સુધી આ જગતમાં દરેક માણસે પોતાના મોક્ષ માટે જ મહેનત કરેલી છે. અમારો યોગ એવા પ્રકારનો છે, કે જેનાથી બીજાને પણ મોક્ષ આપી શકાશે.' એ શબ્દો સાંભળી કોઇએ પ્રશ્ન કર્યો, યોગમાર્ગમાં અને સાંખ્યમાર્ગમાં માત્ર એક જાગૃત અવસ્થાના અનુભવ ઉપર જ વિચાર કરવામાં આવે છે અને જાગૃત અવસ્થામાં અનેક દેખાય છે તેથી અનેકનું કલ્યાણ કરવાનો વિચાર આવે છે. વેદાંતમાં જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ દશાના અનુભવમાં વિચાર આવે છે. તેથી તે બધો વિચાર કરતાં અનેકત્વનું અસ્તિત્વ રહેતું નથી.

મહર્ષિએ કહ્યું : 'જાગૃત અવસ્થામાં પણ જે જોનારને અનેક દેખાય છે તેને બાદ કરો એટલે તેનો અહંકાર દૂર કરો તો અનેક રહેશે નહિ. જોનારની દશા છોડી બીજું કાંઇ સિદ્ધ થઇ શકતું નથી. માટે અધિષ્ઠાનની દૃષ્ટિ એ જ સાચી દૃષ્ટિ છે. અધિષ્ઠાન સિવાય

બીજું કાંઇ નથી. જે સાચું નથી તેનું જ્ઞાન રાખવું નકામું છે.'

શ્રી મહર્ષિનો આ મત વેદાંતને મળતો આવે છે. તેને દૃષ્ટિ-સૃષ્ટિવાદ કહે છે. દૃષ્ટિસૃષ્ટિવાદમાં દર્શન વખતે દૃષ્ટિ કેવા પ્રકારની છે, તેને જોનારો કોણ છે, તે કેવી દશામાં છે, તેનો વિચાર કરવો પડે છે. શ્રી અરવિંદના આશ્રમમાં જે પ્રકારનો યોગ ચાલે છે તેને સૃષ્ટિદૃષ્ટિવાદ કહે છે. તે મતમાં સૃષ્ટિ સાચી માનેલી છે. તે સાચી માનેલી સૃષ્ટિ કોઇ જીવની દૃષ્ટિ ફેરવવાથી ફરતી નથી.

શ્રી અરવિંદ એક પત્રમાં લખે છે, કે 'જ્ઞાનની જુદીજુદી ભૂમિકાઓ એ સમષ્ટિના જીવનમાં સાચી ભૂમિકાઓ છે, તે જોનારની ભૂમિકા પ્રમાણે ફરતી નથી. ભગવાને જુદાજુદા જીવો માટે જે જુદાજુદા લોક બનાવેલા છે તે કોઇ એક દ્રષ્ટાની દૃષ્ટિ ફરી જવાથી ફરી જતા નથી, એટલું જ નહિ પણ જે લોકમાં જે જીવ રહે છે તેની દૃષ્ટિ તેણે ફરજિયાત તે લોકના જીવોના જેવી રાખવી પડે છે. તે તે લોકનો ધર્મ છે. તેનો અર્થ એવો છે, કે જો કે જ્ઞાન મૂળ સ્વભાવે અવિકારી છે, છતાં તેની તે વખતની અવસ્થામાં અવસ્થા પ્રમાણે ફરતું રહે છે. એટલે કોઇ લોકમાં જ્ઞાન અલ્પ રહે, કોઇ લોકમાં થોડું વિકાસ પામેલું રહે અને કોઇ લોકમાં પૂર્ણ વિકાસ પામેલું જણાય.' આ મતને સૃષ્ટિદૃષ્ટિવાદ કહે છે. તેમના યોગમાં એમ પણ માનવામાં આવે છે, કે એક લોકની મૂળ પ્રકૃતિમાં જો કાંઇ સારો ફેરફાર થઇ શકે તો તે લોકના બીજા માણસોનું જીવન પણ આધ્યાત્મિક માર્ગે વળી શકે. આવો યોગ હજુ સુધી કોઇએ સાધેલો નથી. તેથી શ્રી અરવિંદનો યોગ સમજવામાં ઘણાને મુશ્કેલી પડે છે. તે પોતે પણ એક પત્રમાં કોઇને લખે છે, કે 'અમે જૂના કોઇ યોગને માર્ગે જતા નથી. અમારો યોગ એ એક પ્રકારનું આધ્યાત્મિક સાહસ છે. આવો

યોગ જો પહેલાં કોઈએ સાધ્યો છે એમ મને લાગ્યું હોત, તો હું તે માટે આટલા લાંબા વખત સુધી સાધના કરત નહિ.'

શ્રી અરવિંદ એમ માને છે, કે ભગવાનના અનુગ્રહથી અજ્ઞાનમય સૃષ્ટિમાંથી જ્ઞાનમય સૃષ્ટિમાં ચડી શકાય છે એટલું જ નહિ; પણ જ્ઞાનમય સૃષ્ટિનો અનુભવ લઈ અજ્ઞાનમય સૃષ્ટિમાં પૂર્ણ ચૈતન્યનો અવતાર લાવી શકાય છે અને તેની મદદથી બીજા જીવોનું પણ કલ્યાણ કરી શકાય છે. શ્રી અરવિંદ કહે છે, કે જીવનને છોડી દેવાનું નથી પણ જીવનનું રૂપાંતર કરવાનું છે. તેથી તેમનો યોગ પૂર્ણયોગ કહેવાય છે અથવા તેને અબાધ આત્મનિષ્ઠા પણ કહી શકાય છે, કારણ કે તેમાં કાંઈ બાધ કરવાનું નથી.

શ્રી મહર્ષિ કહે છે, કે જગતને જોનારાનો વિચાર છોડી જગતનો વિચાર કરવો એ ભૂલ છે અને જોનારની દશાને ઠીક કરો એટલે જગત રહેતું નથી. તેથી વાસ્તવમાં કાંઈ બનતું નથી કે બગડતું નથી, કાંઈ બન્યું નથી કે બનવાનું નથી. સ્વપ્નમાં જોનારને ઠીક કરો તો તેના સિવાય જેમ બીજું કાંઈ રહેતું નથી, તેમ જાગૃતમાં પણ જોનારને ઠીક કરો તો તેના સિવાય બીજું કાંઈ રહેતું નથી.

આ સિદ્ધાંત વેદાંતના માર્ગમાં ગયેલા લાખો વિદ્વાન સાધુ-ઓએ ખૂબ વિચાર કરી નક્કી કરી રાખેલો છે. આ મતના ટેકામાં હજારો પુસ્તકો અને લાખો સાધુઓના અનુભવ રહેલા છે. વળી આ મત બહુ ખેડાયેલો હોવાથી આગળ વધેલા સાધક સરળતાથી સમજી શકે તેવો છે. શ્રી અરવિંદનો યોગ એ નવું સાહસ હોવાથી આગળ વધેલા માટે પણ તે સમજવો કઠણ છે. અમે તો અમારી સમજણમાં જેટલું આવી શક્યું તેટલું લખી શક્યા છીએ, પણ શ્રી

અરવિંદના યોગનાં ગૂઢ તત્ત્વો સમજવાં બહુ મુશ્કેલ છે.

યોગવાસિષ્ઠમાં વસિષ્ઠમુનિ શ્રી રામચંદ્રજીને કહે છે, કે ચિત્તના નાશ માટે અથવા વાસનાના નાશ માટે બે ક્રમ છે : એક યોગ અને બીજું જ્ઞાન. યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ કરવો અને જ્ઞાન એટલે સમ્યક્ દર્શન. કેટલાકને વૃત્તિનો નિરોધ કરવો (એટલે એકાગ્રતા કરવી) એ કામ અઘરું લાગે છે અને કેટલાકને સમ્યક્ દર્શન કરવું (એટલે ચિત્તની વિશાળતા કરવી) એ કામ અઘરું લાગે છે. તેથી ભગવાને આ બે માર્ગ જિજ્ઞાસુઓ માટે ખુલ્લા મૂકેલા છે. ગીતામાં પણ ભગવાને અર્જુનને કહેલું છે, કે મેં બે પ્રકારની નિષ્ઠા જિજ્ઞાસુઓ માટે મૂકેલી છે : જ્ઞાનયોગવાળી અને કર્મયોગવાળી. બંનેમાંથી એકમાં બરાબર સ્થિતિ થાય તો બંનેનું ફળ મળે છે.

૭ : દૃષ્ટિસૃષ્ટિવાદ

આ સિદ્ધાંત પ્રમાણે દેશ, કાળ વગેરે સાપેક્ષ વસ્તુ છે. એ સાચી વસ્તુ નથી. તેનો આધાર જોનારના દૃષ્ટિબિંદુ ઉપર રહેલો છે. એ બાબતની થોડીક સમજણ શ્રીમદ્ ભાગવતમાં અને ઉપનિષદોમાં આપેલી છે, પણ તેની સાપેક્ષતા યોગવાસિષ્ઠમાં બહુ સ્પષ્ટ કરેલી છે. વળી હાલના કાળમાં પ્રોફેસર આઈન્સ્ટાઈને એ બાબત ગણિતથી સિદ્ધ કરેલી હોવાથી, કોઈ જીવનમાં સાચો નિયત કાળ મળતો નથી. માણસના જીવનમાં સાચો કાળ મળતો નથી અને વિજ્ઞાનમય કોશમાં પણ જે ઋષિમુનિઓ પ્રાચીનકાળમાં ચડયા હતા તેમને તે દશામાં પણ સાચો કાળ મળેલો નથી. કોઈ

પણ જાતની સૃષ્ટિની ઉત્પત્તિ માટે સમાન કાળની જરૂર પડે છે. એવો કાળ મળે નહિ તો સૃષ્ટિની ઉત્પત્તિ બની શકે નહિ. પાછલા પ્રકરણમાં કહ્યા પ્રમાણે શ્રી અરવિંદનું માનવું એવું છે, કે દરેક જીવના જુદાજુદા જ્ઞાનની શ્રેણીનો આધાર આપણી દૃષ્ટિ ઉપર નથી, પણ તે દરેક શ્રેણી સમષ્ટિ ચૈતન્યમાં કાયમની વસ્તુ છે. તેથી ઘણા પ્રકારના લોક છે અને ઘણા પ્રકરાનાં જ્ઞાન છે. તેથી જીવની જેવી દૃષ્ટિ હોય તે અમુક પ્રકારના કોશમાં રહેલ ચૈતન્યને લઈને જ રહે છે. તેથી તેમના મત પ્રમાણે એમ નક્કી થઈ શકે છે, કે જો કે આત્માનું ચૈતન્ય હમેશાં અવિકારી અને સમાન રહે છે છતાં તે ચૈતન્યની અવસ્થામાં ફેરફાર થતો રહે છે. જૈન ધર્મ પણ એ સિદ્ધાંતને માને છે. તેઓ જીવ અને આત્માને જુદા પાડતા નથી. તેઓ એમ માને છે, કે હાલની જીવની અવસ્થા એ આત્માની વર્તમાન અવસ્થા છે. આત્મા અખંડરૂપે અવિકારી છે, પણ વર્તમાન અવસ્થાના રૂપમાં તે પર વસ્તુમાં પડેલો છે. વેદાંતમાં એમ માનેલું છે કે હાલની જીવની દશા એ આત્માની દશા નથી પણ ઉપાધિની દશા છે; કારણ કે તે દશા સ્વપ્નમાં અને સુષુપ્તિમાં ફરી જાય છે. જો હાલની દશા એ આત્માની દશા હોય તો આત્મા નિત્ય હોવાથી તે દશા દૂર થઈ શકે નહિ.

વેદાંતમાં પ્રકૃતિથી અસંગ ચૈતન્યને આત્મા કહે છે અને પ્રકૃતિમાં જણાતા ચૈતન્યને ચિદાભાસ અથવા જીવ કહે છે. તેથી જીવની વર્તમાન દશા એ શુદ્ધ આત્માની નથી પણ પ્રકૃતિની દશા છે અથવા ઉપાધિની દશા છે. જ્યારે આત્મજ્ઞાન થાય ત્યારે ઉપાધિનો અભાવ થાય છે અને આત્મા વ્યાપક થાય છે. ચિદાભાસ અથવા જીવ અંતઃકરણની ઉપાધિ હોય ત્યાં સુધી દેખાય છે, ઉપાધિ ન હોય ત્યારે દેખાતો નથી. તેથી વેદાંતમાં જીવને સાચો

માનેલો નથી, પણ જેવું ઉપાધિનું સ્વરૂપ હોય તેવું જ જીવનું સ્વરૂપ માનેલ છે. ઊંઘમાં અંતઃકરણ અને તેમાં પડેલ ચૈતન્યનો આભાસ (જીવ) બંને જતા રહે છે. એટલે કે પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય જતા રહે છે. સ્વપ્નમાં અને જાગૃતમાં એ ત્રણ નવા થાય છે. આત્મા બધી દશામાં અવિકારી રહે છે. તેથી જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ વેદાંતની દૃષ્ટિએ ઉપાધિની અવસ્થા છે. શ્રી અરવિંદના યોગની દૃષ્ટિએ એ પણ ચૈતન્યના જ્ઞાનની વર્તમાન અવસ્થા છે.

મહર્ષિનો સિદ્ધાંત વેદાંતને મળતો આવે છે. તે માને છે, કે ઉત્પત્તિ, સ્થિતિ કે લય એ ઉપાધિના ધર્મ છે. તે સાચા નથી છતાં માણસની દૃષ્ટિથી સાચા જેવા જણાય છે. જે દશામાં દેખાય છે તે દશામાં તેમાં રહેલી ભૂલ પકડવી મુશ્કેલ છે; કારણ કે જે જીવને ભૂલ સમજાવવાની છે તેની પાસે ભૂલમાં રહેલી બુદ્ધિ છે, તેથી તે માણસ જ્યાં સુધી ગુરુ અથવા શાસ્ત્રનો આધાર ન લે ત્યાં સુધી તેને પોતાની ભૂલની ખબર પડે નહિ. મહર્ષિએ કોઈ કોઈ જગ્યાએ સાપેક્ષવાદનું અનુસંધાન લીધેલું છે તેથી તે વિષય અહીં વધારે વિગતથી ખુલ્લો કરેલો છે.

એક ટ્રેન મુંબઈથી મદ્રાસ જાય છે તેને મુંબઈવાળા મદ્રાસ એક્સ્પ્રેસ કહે છે. તે જ ટ્રેન મદ્રાસ રેલવે ઉપર પહોંચે છે ત્યારે તેને મદ્રાસવાળા બોમ્બે એક્સ્પ્રેસ કહે છે. એક જ વસ્તુને સ્થાનભેદથી જુદાંજુદાં નામ મળી જાય છે. જે માણસ વિમાનમાં જતો હોય અને તે ટ્રેનને જોતો હોય તેની દૃષ્ટિમાં તે મદ્રાસ એક્સ્પ્રેસ નથી તેમ જ બોમ્બે એક્સ્પ્રેસ પણ નથી.

કાળની બાબતમાં પણ આવી ભૂલ થાય છે. અગાઉ સરકાર-

ના હુકમથી ઘડિયાળમાં એક કલાકનો વધારો કરવામાં આવ્યો હતો. તે વખતે નવા કાળની ટેવ એવી પડી ગઇ હતી, કે તે ભૂલ-ની ઘણાને ખબર પડતી નહોતી. એ વખતે ઘણાને નવા વખત પ્રમાણે ભૂખ લાગતી અને નવા વખત પ્રમાણે ઊંઘ આવતી હતી.

જ્યારે કોઇ જોશી કોઇ બાળકના જન્માક્ષર કાઢવા બેસે છે ત્યારે તે બાળક જે જગ્યાએ જન્મ્યો હોય તે જગ્યાનો વખત પહેલાં તે નક્કી કરે છે. તે વખત દરેક જગ્યાએ જુદોજુદો હોય છે, મુંબઇમાં મુંબઇનો વખત હોય છે અને કલકત્તામાં કલકત્તાનો વખત હોય છે.

દરેક કામ માટે પણ વખતમાં ફેર પડી જાય છે. એક કામ કોઇને જલદી કરવું હોય, તો તે ઉતાવળથી કરે છે. બીજા માણસને તે કામની જરૂર ન લાગે તો ધીરેધીરે તે કામ કરે છે. તેથી કેટલાંક કારખાનાંમાં દરેક માણસ કેટલું કામ કેટલા વખતમાં કરે છે તે ઉપર તેને પગાર મળે છે. તેથી કાળનો આધાર માણસ ઉપર છે, માણસનો આધાર કાળ ઉપર નથી. સ્વપ્નનો કાળ સ્વપ્નના જીવની વૃત્તિ ઉપર ફરતો રહે છે. સુષુપ્તિમાં તેવી વૃત્તિ નથી તેથી કાળ જણાતો નથી.

સૃષ્ટિની ઉત્પત્તિ માટે કાળ જોઇએ અને કાળની ઉત્પત્તિ માટે પણ કાળ જોઇએ. તેથી માત્ર દૃશ્યનો વિચાર કરવાથી અનવસ્થા દોષ ઉત્પન્ન થાય છે. જે કાળનો વિચાર કરવાનો છે તે કાળને જોનારો કેવી અવસ્થામાં રહેલો છે એ બાબત સમજવાનો પ્રયત્ન કરીશું તો કાળનો સ્વભાવ સહેલાઇથી સમજી શકાશે.

સૃષ્ટિ ઉત્પન્ન થયા પહેલાં કોઇ જીવ હતા નહિ તેથી કોઇએ સૃષ્ટિની ઉત્પત્તિ જોઇ નથી. વળી પશુપક્ષી જગતની ઉત્પત્તિનો

વિચાર કરતાં નથી, માણસ પણ જન્મે છે ત્યારે તેને ખબર નથી પડતી કે પોતે જન્મ્યો છે, જન્મનું જ્ઞાન માબાપને થાય છે. તેથી સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થઇ તે સામાન્ય માણસની દૃષ્ટિથી નક્કી થઇ શકતું નથી.

માણસના વ્યવહાર માટે કાળની જરૂર પડે છે. તે વખતે તે માણસ પોતાને અનુકૂળ આવે તે પ્રમાણે કાળનું માપ ગ્રહણ કરે છે. કોઇને કાગળ લખવો હોય તો ગામનું નામ અને તારીખ પહેલાં લખવાં પડે છે, નહિતર જવાબ આપનાર જવાબ બરાબર આપી શકે નહિ. તે તારીખ સાચી હોતી નથી. અંગ્રેજી ભણેલા અંગ્રેજી તારીખ લખે છે. હિંદુઓ વિક્રમની તિથિ લખે છે. મુસલમાનો તેમનું વર્ષ લખે છે.

આ પ્રમાણે કાળના ભાગ પડી જવાથી અંગ્રેજી ભાષામાં ઘડિયાળને ટાઇમ-પીસ કહે છે; એટલે કે તે કાળનો ભાગ બતાવે છે. આપણાં શાસ્ત્રોમાં તેને ખંડકાળ કહે છે. લંડનની ખબર રેડિયોમાં અહીં સાંભળવી હોય તો અહીંના ટાઇમ કરતાં ૫ કલાક રેડિયો મોડો ઉઘાડવો જોઇએ. ત્યાંનું એક વાગ્યાનું સંગીત સાંભળવું હોય તો અહીં ૬ વાગે રેડિયો ઉઘાડવો જોઇએ. અહીં કૉંગ્રેસના ઠરાવ રવિવારે સાંજે ૬ વાગે પસાર થાય તે લંડનમાં તે જ રવિવારે બપોરે ૧ વાગે પહોંચી જાય છે. જે બનાવ જે વખતે બને તે તે વખત પહેલાં બીજી જગ્યાએ પહોંચી જાય એ હાલના જમાનાની નવી શોધ છે. તેથી પૃથ્વીની ઉત્પત્તિ એક જગ્યાએ થાય તેની ખબર તે વખત પહેલાં બીજી જગ્યાએ પહોંચી જાય, તો બીજી જગ્યાના માણસોને કેવી નવાઇ લાગે! યોગવાસિષ્ઠમાં આવા કેટલાક બનાવ આપેલા છે તે માટે મહર્ષિ સાથે કેટલીક

વાતચીત થઇ હતી. તે હવે પછી પ્રકરણ ૧૨, ૧૩ અને ૧૪ માં આપવામાં આવેલી છે.

તેથી કાળ એ કોઇ સાચી વસ્તુ નથી. રજ્જુમાં ભૂલથી સર્પ દેખાય ત્યારે તે સર્પ ક્યારે ઉત્પન્ન થયો? છીપમાં રૂપું દેખાય ત્યારે તે ક્યારે ઉત્પન્ન થયું? તે આગળપાછળ નથી. દૃષ્ટિ વખતે સર્પની પ્રતીતિ અને રૂપાની પ્રતીતિ છે. તેવી જ રીતે બ્રહ્મની જગ્યાએ જેને જગત દેખાય છે તેને તે વખતે જ જગત દેખાય છે. જ્ઞાન થયા પછી તે જગત બ્રહ્મરૂપે દેખાય છે.

પ્રોફેસર આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદના સિદ્ધાંત પ્રમાણે વિચાર કરતાં જણાય છે, કે જગત આકારે દૃષ્ટિ થયા પહેલાં (બાળકના મનમાં) જગત નથી અને બ્રહ્મદૃષ્ટિ થયા પછી પણ જગત નથી.

તેથી દરેક વખતે નવા બનાવ દેખાય છે. જ્યાં કાંઇક બને છે, ત્યાં દિક્–કાળનું કલ્પિત ચક્કર રહે છે. તે આપણી કલ્પના સુધી ટકે છે. એ કલ્પના ભવિષ્યમાં જાય છે ત્યારે કલ્પિત ભવિષ્ય ઉત્પન્ન થાય છે અને જ્યારે એ કલ્પના ભૂતકાળમાં જાય છે, ત્યારે કલ્પિત ભૂતકાળ ઉત્પન્ન થાય છે.

એમ માનો કે ૬ માણસો જુદાંજુદાં સાધનોથી અમદાવાદથી મુંબઇ જાય છે. એક ગાડામાં જાય છે. બીજો ઘોડાગાડીમાં જાય છે. ત્રીજો મોટર–સાઇકલ ઉપર જાય છે. ચોથો ટ્રેનમાં જાય છે. પાંચમો મોટરમાં બેસીને જાય છે અને છઠ્ઠો એરોપ્લેનમાં જાય છે. દરેકને મુંબઇ પહોંચતાં જુદોજુદો વખત લાગે છે. જે જાતનું વાહન તે વાપરે છે તે પ્રમાણે તેને વખત લાગે છે. તેવી જ રીતે જો કોઇ જીવ પોતાનાં કર્મ પ્રમાણે કૂતરાના શરીરમાં આવે તો

તેનું જીવન પૂરું થતાં એક પ્રકારનો કાળ લાગે, મોરના શરીરમાં બીજા પ્રકારનો કાળ લાગે, માણસના શરીરમાં ત્રીજા પ્રકારનો કાળ લાગે અને માણસના શરીરમાં બ્રહ્મજ્ઞાન થાય તો કાળ પણ ઊડી જાય. તેથી કાળ એ એક સાપેક્ષ વસ્તુ છે અને જે વખતે જે દિક્નો ઉપયોગ થયો હોય તે પ્રમાણે કાળ ફરે છે.

તેથી આગળ અને પાછળ એ પણ સાપેક્ષ છે. સાપેક્ષ તત્ત્વ જોનારની દૃષ્ટિને લગતું હોય છે. મોટરમાં મુંબઇ જનાર માણસ કહે છે, કે હું ઘોડાગાડીવાળા કરતાં આગળ પહોંચીશ પણ તે વિમાનવાળા માણસ કરતાં પાછળ પહોંચે છે. વળી સ્વપ્નનો કાળ તદ્દન જુદા પ્રકારનો હોય છે; કારણ કે સ્વપ્નની દિક્ પણ જુદા પ્રકારની હોય છે. સ્વપ્નમાં આજ, કાલ, પરમ દિવસ એ જેમ કલ્પિત ખંડકાળ છે તેમ જાગૃતમાં પણ એક માણસ માટે જે આવતી કાલ હોય તે બીજા માણસ માટે ગઇ કાલ હોય છે. હિંદુસ્તાનમાં રવિવાર હોય, ત્યારે ઇંગ્લાંડમાં શનિવાર હોય છે અને બીજા કોઇ દેશમાં સોમવાર પણ હોઇ શકે.

તેથી કાળ એ દ્રષ્ટાના સંબંધવાળું તત્ત્વ છે. આપણે કાળને એક પ્રકારના દૃશ્યમાં લાવીએ છીએ અને પછી એમ માનીએ છીએ, કે કાળ એ કોઇ સાચી વસ્તુ છે પણ એ વાત સાચી નથી. કાળ સાચી વસ્તુ ન હોવાથી જગતની ઉત્પત્તિ બનતી નથી. દરેક પોતાના કલ્પેલ જગતમાં રહે છે અને તે જગત તેની કલ્પના સુધી અથવા તેના અજ્ઞાન સુધી રહે છે.

જે વસ્તુનો બાધ થાય તે મિથ્યા કહેવાય છે. બ્રહ્મદર્શન વખતે જેમ અહં–ઇદંનો બાધ થાય છે, તેમ કાળનો પણ બાધ થાય છે. તેથી લાંબું જીવન રહે તો ઠીક એ વિચાર ખોટો છે. સાચું જીવન સમજાય તો ઠીક એ વિચાર રાખવો જોઇએ.

એમ માનો કે એક માણસ રાતની ટ્રેનમાં અમદાવાદથી મુંબઇ જાય છે અને બીજો તે જ રાત્રે મુંબઇથી અમદાવાદ જાય છે. બંને સેકન્ડ કલાસમાં ગાઢ નિદ્રામાં સૂઇ ગયા છે. તે વખતે ટ્રેન કેટલો વખત ચાલી અને ક્યાં પહોંચી તેનું તેમને ભાન નથી. રસ્તામાં એન્જિન બદલે અથવા ગાર્ડ બદલે તે બનાવની સાથે તેમને સંબંધ નથી. પહેલો માણસ કોઇ વખતે કોઇ જગ્યાએ રાત્રે ઊઠી જુએ, તો પોતે ક્યાં પહોંચ્યો અને પોતાને કેટલો વખત લાગ્યો તે ટ્રેનની ગતિ ઉપરથી અને તે જગ્યાના દેખાવ ઉપરથી નક્કી કરે છે. બીજો માણસ રાત્રે કોઇ જગ્યાએ કોઇ વખતે જાગે, તો તે પણ પોતાને માટે જુદો વખત અને જુદી જગ્યા તે વખતે નક્કી કરે છે. તે જગ્યા અને તે વખત દરેકની કલ્પનામાં છે. નિદ્રામાં એ કાંઇ નહોતું. ટ્રેન ચાલવાથી શરીર ચાલ્યું એમ બંનેએ માન્યું, એ એક ભૂલ અને શરીર જ્યાં જાગ્યું ત્યાં પોતે જાગ્યો એમ માન્યું એ બીજી ભૂલ. એવી ઘણી ભૂલો જાગૃતમાં પણ થાય છે. પૃથ્વી સૂર્યની આસપાસ વર્ષમાં એકવાર ફરે છે. તે ૫૦ વખત ફરે તેથી મને ૫૦ વર્ષ થયાં એ માન્યતા (ઉપરના ટ્રેનના દૃષ્ટાંત પ્રમાણે) ખોટી છે. જીવનું સાચું સ્વરૂપ એટલે આત્માને જન્મ નથી તેમ મરણ નથી; છતાં મને અમુક વર્ષ થયાં એ માન્યતા માણસોની વચ્ચે રહી માણસના વ્યવહારથી સાચા જેવી થઇ જાય છે.

તેથી આત્મજ્ઞાનથી જો દેહનો અધ્યાસ છોડી શકાય તો માણસ પોતાને બ્રહ્મરૂપ જાણી શકે કે જે દશામાં કોઇ ખંડદિક્ નથી અને ખંડકાળ નથી. તે દશામાં શું છે એ તે દશામાં આવ્યા વગર ખબર પડશે નહિ. પશુના શરીરમાં રહેલો જીવ માણસ થાય, તો તેના જ્ઞાનમાં જેટલો ફેરફાર થાય તે કરતાં વધારે ફેરફાર માણસના જીવનમાંથી બ્રહ્મદશામાં આવતાં થાય છે.

કોઇ રાજાની સવારી કોઇ શહેરમાં એક શેરીમાંથી નીકળી બીજી શેરીમાં જાય તો એક જ વખતે પહેલી શેરીના માણસો કહે છે કે સવારી ગઇ, બીજી શેરીના માણસો કહે છે, કે સવારી આવે છે અને સવારીની સાથેના માણસોના જ્ઞાનમાં સવારી આવી નથી તેમ ગઇ નથી. એક જ બનાવના ત્રણ કાળ પડી જવાનું કારણ તે બનાવને જુદીજુદી જગ્યાએથી જોનારના સ્થાન ઉપર અવલંબીને રહેલ છે. તેથી કાળ એક નથી. મહર્ષિએ એક વખત વાતચીતના પ્રસંગ વખતે કહેલું હતું, કે એક ક્ષણમાં કલ્પની ભાવનાથી ક્ષણ કલ્પ જેવી લાગે છે અને એક કલ્પમાં ક્ષણની ભાવનાથી કલ્પ ક્ષણ જેવો લાગે છે. તે કહે છે, કે કાળ જોનારની દશામાંથી આવે છે. તે વાતને હાલ પ્રોફેસર આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદથી ટેકો મળે છે.

જગત વિશે અને કાળ વિશે આપણું જ્ઞાન આપણી ઇંદ્રિયોથી મળે છે પણ તે સાચું નથી. તેથી ઇંદ્રિયોથી મળતા જ્ઞાન ઉપર અવિશ્વાસ આવવો જોઇએ. જગત કહેતું નથી કે પોતે કેવું છે અને જ્યારે તે જગત આપણે ઇંદ્રિયોના જ્ઞાનથી જાણીએ છીએ, ત્યારે આપણી કલ્પનાનું જગત મળે છે, સાચું જગત મળતું નથી; એટલે કે તે વખતે જગતનું સાચું સ્વરૂપ સમજાતું નથી. જ્યાં સુધી માણસ એક જ દૃષ્ટિબિંદુને વળગી રહે છે ત્યાં સુધી તેને તેની ભૂલની ખબર પડતી નથી. સાપેક્ષવાદ કહે છે, કે જ્યારે એક જ બનાવ બેત્રણ દૃષ્ટિબિંદુથી જોવાની ટેવ પાડશો ત્યારે ભૂલની ખબર પડશે. આ કારણને લઇ આપણા ઋષિમુનિઓએ વર્ણાશ્રમધર્મની પદ્ધતિ રચેલ છે. ગૃહસ્થાશ્રમમાંથી નીકળી વાનપ્રસ્થ અથવા સંન્યાસ આશ્રમમાં આવવાથી દૃષ્ટિબિંદુ ફેરવી શકાય છે.

દિક્ અને કાળ કલ્પિત હોવાથી જગતની પહેલાં શું હતું અને

પ્રલય પછી શું થશે? એ પ્રશ્નો ખોટા છે. સ્વપ્નમાં પહેલાં જે હતું, પછી જે હતું, છેવટે જે રહે છે તે બધું એક જ હતું. તેવું જ જાગૃતમાં પણ છે. કાળની માયા જીતવા માટે બધું જીવન એકસાથે જોવાની ટેવ પાડવી જોઇએ.

એક વખત કેટલાક શિષ્યોએ મહર્ષિને નીચે પ્રમાણે પ્રશ્ન પૂછી ઉત્તર મેળવ્યા હતા:-

શિષ્ય–જગત સાચું છે કે ખોટું?

મહર્ષિ–જ્યાં સુધી મન છે ત્યાં સુધી જગત છે. નિદ્રામાં મન નથી તો જગત પણ નથી.

શિષ્ય–પણ મને નિદ્રા આવે છે, ત્યારે બીજા માણસો જે જાગતા હોય છે તેમને જગત દેખાયા કરે છે.

મહર્ષિ–જે માણસો જાગતા હોય છે તે તે વખતે જગતનો ભાગ છે તેથી તેમનું કહેવું તે વખતે પ્રમાણ ગણાય નહિ. બીજા છે કે નહિ તે પણ તે વખતે સિદ્ધ કરવાનું છે. જે સિદ્ધ કરવાનું છે તે છે એમ તે વખતે માની લેવાય નહિ. તેમનું અસ્તિત્વ સ્વતંત્ર પ્રમાણથી સિદ્ધ કરવું જોઇએ; પણ તેવું પ્રમાણ મળતું નથી. જે જાગતા હોય છે તેમનું મન ચાલે છે એટલે તેઓ જગતને જુએ છે. તેથી જગત એ મનની અપેક્ષાએ રહે છે. જગત કોઇ નિરપેક્ષ સ્વતંત્ર વસ્તુ નથી.

ગીતામાં ભગવાને જ્યાં ૪ પ્રકારના ભક્તોનું વર્ણન આપેલ છે ત્યાં કહેલ છે, કે જ્ઞાની ભક્ત તો મારો આત્મા જ છે. જ્ઞાની ભક્ત જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યા–એ ચાર દશાના અનુભવનો વિચાર કરી તુર્યા કે જે નિત્ય રહે છે તેને જ સાચી માને છે. બીજા ભક્તો જે દેખાય તેને સાચું માને છે. □

૮ : હૃદયાકાશમાં પ્રકાશનો અનુભવ

મહર્ષિનાં લખાણોમાં ઘણી જગ્યાએ એવું વાંચવામાં આવે છે, કે હૃદયની ગુફામાં કેવળ બ્રહ્મ રહેલ છે, તે હું હુંરૂપે પ્રગટ થઇ આત્માનો પરિચય આપે છે; માટે આત્મચિંતનથી મન દ્વારા હૃદયમાં ઊતરો અથવા ભક્તિથી હૃદયમાં ડૂબકી મારો અથવા પ્રાણાયામ કરી હૃદયમાં રહેલ તત્ત્વનો અનુભવ લઇ આત્મનિષ્ઠ થાઓ. આવાં લખાણો ઉપરથી કેટલાકને એવી શંકા થતી હતી, કે બ્રહ્મને માત્ર હૃદયમાં બતાવવાથી બ્રહ્મમાં પરિચ્છિન્નભાવ ઉત્પન્ન થાય છે. આ બાબતમાં તેમની પાસે પ્રશ્ન મૂકતાં તેમણે નીચે પ્રમાણે ખુલાસો કર્યો હતો:-

તેમણે કહ્યું, કે આવો જ પ્રશ્ન શ્રી રામચંદ્રજીએ વસિષ્ઠમુનિ પાસે મૂક્યો હતો. શ્રી યોગવાસિષ્ઠના ઉપશમ પ્રકરણમાં સર્ગ ૭૮ માં શ્રી રામચંદ્રજી વસિષ્ઠમુનિને કહે છે : 'હે મહારાજ! જગતમાં પ્રાણીઓના હૃદયને શું કહેવાય છે, કે જે હૃદયરૂપી મોટા અરીસામાં આ સઘળું જગત પ્રતિબિંબની જેમ સ્ફુરે છે?'

વસિષ્ઠ બોલ્યા–હે રામ! જગતમાં એક હૃદય સ્વીકારવા યોગ્ય છે અને બીજું ત્યાગવા યોગ્ય છે. પ્રાણીઓનું હૃદય બે પ્રકારનું કહેવાય છે, તેનું વિવેચન કહું છું તે તમે સાંભળો. સાત વેંતથી મપાઇ શકે એવા દેહમાં જે છાતીનો મધ્યભાગ છે તે ત્યાગ કરવા યોગ્ય હૃદય છે એમ સમજો; કારણ કે એ હૃદય દેહના એક પ્રદેશમાં જ રહેલું છે. જે અખંડ ચૈતન્યનો અનુભવ છે તે સ્વીકારવા યોગ્ય હૃદય છે એમ સમજો. એ હૃદય દેહની બહાર પણ છે, અંદર પણ છે અને બીજી રીતે જોતાં દેહ વગેરે ન હોવાને લીધે એ હૃદય બહાર પણ નથી અને અંદર પણ નથી. એ

હૃદય મુખ્ય છે અને તેમાં જ આ સઘળું જગત રહેલું છે. એ હૃદયરૂપી મોટા અરીસામાં સઘળા પદાર્થો પ્રતિબિંબની જેમ સ્ફુરે છે અને તે જ હૃદય સઘળા અનાત્મ પદાર્થોના ભંડારરૂપે છે. સર્વ પ્રાણીઓનો જે અખંડ જ્ઞાનરૂપ આત્મા છે, તે જ સાચું હૃદય છે. દેહના અવયવોમાંના એક અવયવરૂપ હૃદય કે જે જડ તથા જૂના પથરા જેવું છે તે સાચું હૃદય નથી. ચિત્તને સઘળી વાસનાઓ વિનાનું કરી, એ અખંડ અનુભવરૂપ શુદ્ધ હૃદય(આત્મા)માં બળાત્કારથી જોડતાં આત્માનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે પ્રાણની ગતિ રોકાઈ જાય છે. હે રામ! અનેક સંકલ્પોથી કલ્પાયેલા અને અનેક આચાર્યોએ કહેલા સમાધિઓના ક્રમોથી અને બીજા ક્રમોથી પણ પ્રાણની ગતિ રોકાઈ જાય છે. મુમુક્ષુ પુરુષને અભ્યાસને લીધે આ સમાધિઓની યુક્તિઓ, રોગ વગેરે કાંઈ અડચણ ન કરતાં, સંસારને તોડવાના કામમાં ઉપાયરૂપ થાય છે. અભ્યાસને લીધે દૃઢ થયેલો અને વૈરાગ્યરૂપી ચિહ્નવાળો આ પ્રાણાયામ મોક્ષની ઈચ્છાવાળાઓને મોક્ષની પ્રાપ્તિમાં અને સિદ્ધિઓની ઈચ્છાવાળાઓને સિદ્ધિઓની પ્રાપ્તિમાં ઉપાયરૂપ થવાથી સફળ થાય છે. જેમ પર્વતના પાણીનો ઝરો દૂર જઈ લીન થાય છે તેમ પ્રાણ અભ્યાસને લીધે ભ્રકુટીઓના મધ્યમાં, નાસિકામાં, તાળવામાં અને બ્રહ્મરંધ્રમાં જઈ શાંત થાય છે.

ઉપરનું દૃષ્ટાંત આપી મહર્ષિએ કહ્યું, કે હૃદય બે પ્રકારનું છે : એક સ્થૂલ કે જે અંદર છે અને બીજું આધ્યાત્મિક કે જે સર્વવ્યાપક છે, એટલે અંદર–બહાર બધે છે. પહેલું હેય છે એટલે ત્યાગ કરવા યોગ્ય છે, બીજું ઉપાદેય છે એટલે સ્વીકારવા યોગ્ય છે.

આ જવાબ ઘટાકાશ અને મહાકાશના દૃષ્ટાંતથી પણ સમજાવી શકાય તેવું છે. ઘટમાં ચેતન હોય અને તે પોતાની અંદરનું

આકાશ જુએ તો તે આકાશને મહાકાશરૂપે વ્યાપી રહેલું પણ જોઈ શકે. પણ જે જીવને એમ લાગે, કે હું શરીર છું તે મહાકાશરૂપ વ્યાપક ચેતનને જાણી શકશે નહિ. ઘટાકાશની માફક હૃદયના આકાશમાં રહેલ ચૈતન્ય દ્વારા આત્મસાક્ષાત્કાર થઈ શકે છે. તેમાં નીચે પ્રમાણે કેટલાંક શાસ્ત્રોનાં પ્રમાણ છે:–

૧. ગીતાના ૧૮મા અધ્યાયમાં ભગવાન કહે છે, કે ઈશ્વર બધા પ્રાણીમાત્રના હૃદયમાં રહેલા છે.

૨. તૈતરિય ઉપનિષદમાં કહેલ છે, કે **यो वेद निहितं गुहायां परमे व्योमन्**–હૃદયરૂપી પરમ આકાશમાં રહેલાને જાણી શકે છે. **सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चितेति**–તે બ્રહ્મ સાથે એક થવાથી સર્વ ભોગને પ્રાપ્ત કરી લે છે.

૩. બૃહદારણ્યક ઉપનિષદમાં દહરવિદ્યામાં અને કઠોપનિષદમાં પણ હૃદયાકાશમાં બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનું જણાવે છે.

૪. કોઈ વખતે કોઈ બે માણસ કજિયો કરતા હોય, ત્યારે તેમાંથી એક માણસ છાતી ઉપર જમણી તરફ હાથ મૂકીને બીજાને કહે છે : 'આ ભાયડાને જોયો છે?' તે વખતે તે શરીરમાં બીજે ઠેકાણે હાથ મૂકતો નથી. તેથી પણ એમ સિદ્ધ થાય છે, કે પુરુષ હૃદયમાં છે, તેને પ્રાપ્ત કરવાનું શરૂઆતનું સ્થળ હૃદય છે અથવા હૃદયાકાશમાં આત્માનું તેજ છે. ખરી રીતે ઉપર કહેલ યોગવાસિષ્ઠમાં જણાવ્યા પ્રમાણે આત્માનું તેજ સર્વત્ર છે પણ ઉપલબ્ધિ સ્થાન તરીકે હૃદય માનવામાં આવેલ છે. જેમ અરીસો અને ભીંત બંને માટીમાંથી બને છે છતાં અરીસામાં મોઢું દેખી શકાય છે, ભીંતમાં દેખી શકાતું નથી; તેમ હૃદય જ્યારે શુદ્ધ હોય, વાસનાવગરનું હોય, સંકલ્પવગરનું હોય, ત્યારે ત્યાં આત્માનો અનુભવ મળી શકે છે.

૫ જિસસ ક્રાઇસ્ટ પણ કહે છે, કે મૂર્ખ માણસનું હૃદય છાતીમાં ડાબી તરફ છે અને જ્ઞાનીનું હૃદય જમણી તરફ છે.

હૃદયાકાશમાં આત્માનું જે તેજ ઘણાને અનુભવમાં આવે છે તે શરીરમાં કઇ જગ્યાએ છે, તે જાણવા માટે અમેરિકાના કેટલાક માનસશાસ્ત્રીઓએ સને ૧૮૭૨થી પ્રયત્ન શરૂ કર્યા. તેઓ લગભગ ૬૦ વર્ષ સુધી મહેનત કરી સને ૧૯૩૪ માં ચોક્કસ નિર્ણય ઉપર આવી શક્યા. તેનો સાર નીચે પ્રમાણે છેઃ–

'જે હૃદયનું કેન્દ્ર આત્માના અનુભવ વખતે બહુ જ શક્તિથી ભરેલું જણાય છે, તે છાતીની જમણી તરફ આવેલું છે. જેની અંતર્દૃષ્ટિ પક્વ થઇ હોય અને જે આ માર્ગે વધેલ હોય તેમના અનુભવમાં તે આવે છે; પણ જે હૃદય માંસ અને નાડીઓનું બનેલું છે અને જે દાક્તરો તપાસે છે તે છાતીની ડાબી તરફ આવેલું છે.'

આ બાબત અમેરિકાના મોડર્ન સાઇકોલોજિકલ રીવ્યુના નવેમ્બર ૧૯૩૪ના અંકમાં પ્રસિદ્ધ થયેલ છે. તેની એક નકલ અમને શ્રી રમણાશ્રમમાં મળી હતી. આધ્યાત્મિક હૃદયની આ બાબત સાચી છે કે નહિ તે માટે હજુ વધારે તપાસ થાય છે. યોગવાસિષ્ઠમાં તો એવું સ્પષ્ટ કહેલ છે, કે આધ્યાત્મિક હૃદય સર્વવ્યાપક છે. મહર્ષિનો પણ એ મત છે.

જ્યારે શ્રીકૃષ્ણનો જન્મ થયો ત્યારે પહેલાં બ્રહ્મ ચૈતન્ય વસુદેવજીના મનમાં દાખલ થયું. તે વખતે વસુદેવજી સૂર્ય જેવા લાગતા હતા. પછી વસુદેવજીએ દેવકીજીના સામું જોઇ તેમને દર્શનદીક્ષા આપી એટલે તે ચૈતન્ય દેવકીજીના હૃદયમાં દાખલ થયું. તે વખતે દેવકીજી પૂર્ણચંદ્ર જેવાં લાગતાં હતાં. તંત્રશાસ્ત્રમાં અને

ભાગવતમાં પણ કેટલેક ઠેકાણે એમ કહેલ છે, કે આત્માનો અનુભવ લેવા માટે પહેલાં હૃદયમાં સૂર્યની ભાવના કરવી, પછી ચંદ્રની ભાવના કરવી. પછી કોઇ ઉપાસક અગ્નિની ભાવના કરે છે અને તેમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મયુક્ત ચતુર્ભુજ મૂર્તિની ભાવના કરે છે; છતાં એ બધાં દૃશ્ય જોવાવાળો સાક્ષી એ બધાથી અલગ રહે છે. તે કોણ છે? તેની તપાસ કરવા જતાં ઘટાકાશ જેમ મહાકાશરૂપ થાય છે, તેમ સાક્ષી બ્રહ્મરૂપ થવા લાગશે. ઉપાસક પોતાના ઉપાસ્ય તરફ કેવી દૃષ્ટિ રાખે છે તે ઉપર બધો આધાર છે. ગુજરાતના પ્રખ્યાત ભક્તકવિ દયારામભાઇ એક ગોપીના મુખમાં એવું વાક્ય મૂકે છે, કે 'હું શું જાણું કે વ્હાલે મુજમાં શું દીઠું?' એટલા નાના વાક્યમાં ઘણો અર્થ સમાયેલો છે. જેમ પ્રેમની ભાષા આવી અટપટી છે તેમ યોગની ભાષા અને જ્ઞાનની ભાષા પણ અટપટી છે. સત્સંગ કરી તે સમજવા જેવી બુદ્ધિ તૈયાર કરવી જોઇએ.

કેટલાકને હૃદયમાં આત્માનું તેજ અનુભવમાં આવે છે તે વાત સાચી છે. કેટલાકને તે તેજની સાથે આનંદ આવે છે, કેટલાકને તે તેજની સાથે સિદ્ધિઓ મળે છે. કેટલાકને માત્ર આનંદનો અનુભવ મળે છે અને તેજનો અનુભવ મળતો નથી. જેમને તેજનો અનુભવ મળે છે તેમાં પણ ઘણા પ્રકાર છે. કોઇને તે શરીરના નીચેના ભાગથી શરૂ થાય છે, કોઇને મસ્તકમાંથી શરૂ થાય છે, કોઇને શરીરની વચમાં શરૂ થયેલું જણાય છે. કોઇ તેજ પીળા રંગનું હોય છે, કોઇ લાલ રંગનું, કોઇ વાદળી રંગનું અને કોઇ સફેદ રંગનું હોય છે. પીળો રંગ તમોગુણનું ચિહ્ન છે, લાલરંગ રજોગુણનું ચિહ્ન છે. વાદળી રંગ સત્ત્વગુણનું ચિહ્ન છે અને સફેદ રંગ ગુણાતીત થવાની શરૂઆત બતાવે છે. વળી જો

તે અનુભવ વખતે જીવની અંદર કાંઇ ઇચ્છા રહી ગઇ હશે તો તે તેજની મદદથી તે ઇચ્છા પૂરી થવા લાગશે અને નવી જાતની સિદ્ધિઓ આવવા લાગશે. તે વખતે ભૂલમાં પડવાનો સંભવ છે.

રાજકોટમાં એક લુહારને મનની ઉપરના પ્રદેશમાં એક તેજનો ગોળો જોવામાં આવતો હતો. તેની મદદથી ત્યાં બેઠાં મુંબઇમાં શું બને છે તે કહી શકતો હતો. પ્રાણને ડૂંટીથી શરૂ કરી ઉપર લઇ જઇ તે સમાધિ કરી શકતો હતો; પણ પ્રાણને નીચે ઉતારવાની ક્રિયા તેને આવડતી ન હતી, તેથી વિષયભોગની તેને જરૂર પડતી હતી. તેનામાં વિષયવાસના બહુ હોવાથી તે તેજની મદદથી બીજી સ્ત્રીઓને અને બીજા પુરુષોને પણ વશ કરી લેતો હતો. છેવટે તે ગાંડો થઇ મરી ગયો. તેથી તેજનો માર્ગ પણ તદ્દન વિઘ્ન વગરનો નથી. તેમાં જો જીવની પ્રકૃતિમાં રહેલ કાંઇ પણ વાસના ભળી જાય તો તે તેજ વાસનાનું રૂપ એકદમ ધારણ કરી લે છે અને તે બાબતની તે જીવને ખબર પડતી નથી. રેડિયોને ગરમ કર્યા પછી તેમાં તેજ દેખાય છે. પછી તેમાં વેવ-લેન્ગ્થ મૂકી જે સાંભળવું હોય તે સાંભળી શકાય છે. તે અવાજ શરૂઆતના તેજના ઘર્ષણથી ઉત્પન્ન થાય છે. તે તેજનો વિકાર છે. તેવી જ રીતે હૃદયની અંદરના તેજ પાસે જે જાતની પ્રકૃતિ હોય તેવું તે તેજનું રૂપાંતર થઇ જાય છે. તેમાંથી ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકાય છે; પણ તે સિદ્ધિઓની પાછળ જનાર જીવ આત્મ-સાક્ષાત્કારનો માર્ગ ભૂલી જાય છે અને તેને નિષ્ઠા થતી નથી. કેટલાક તે તેજને સૂર્યની સાથે એક કરી સૂર્યની મદદથી આ પૃથ્વી ઉપર દૂર દેશમાં બનતા બનાવ જોઇ શકે છે અને કોઇ દૂર દેશમાં રહેલ માણસને કાંઇ અસર કરવી હોય તો કરી શકે છે અને વધારે શક્તિ હોય તો લડાઇમાં કોઇ દેશને જીત પણ અપાવી

શકે પણ એ બધા સંસારના પ્રપંચ છે. તેને આત્મજ્ઞાન સાથે સંબંધ નથી. તેથી શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે મહર્ષિએ હૃદયનો જે ખુલાસો યોગવાસિષ્ઠમાંથી આપ્યો તે જ સ્વીકારવા જેવો છે.

૯ : બ્રહ્માકાર વૃત્તિ

એક દિવસ મહર્ષિ સાથે નીચે પ્રમાણે પ્રશ્નોત્તર થયા હતાઃ—

પ્રશ્ન—જ્યારે કોઇ માણસ પ્રશ્ન પૂછે છે ત્યારે તે અંતઃકરણમાં આવી જીવ બની પ્રશ્ન પૂછે છે. તેવા જીવને વેદાંતમાં પ્રમાતા કહે છે. તે વખતે તેનું પ્રમાણ એ તેનું મન અને તેની પાંચ ઇંદ્રિયો છે અને તે વખતે તેનું પ્રમેય એ તેનું જગત છે. એ ત્રણે સાથે રહે છે.

ઉત્તર—બરાબર.

પ્રશ્ન—જ્યારે તે પોતાની શોધ કરે છે અથવા આપના કહેવા પ્રમાણે 'હું'નું મૂળ શોધે છે, ત્યારે તે 'હું'ના મૂળમાં પહોંચે તે વખતે તેને સાક્ષીનો અનુભવ થાય છે અને પછી તે સાક્ષી બ્રહ્મરૂપ છે એમ અનુભવમાં આવે છે.

ઉત્તર—તે બરાબર છે. તે દશાનું વર્ણન કરતાં શાસ્ત્રોમાં કહેલ છે કેઃ—

निमेषार्धं न तिष्ठन्ति वृत्तिं ब्रह्ममयीं विना। એટલે બ્રહ્માકાર વૃત્તિ વગર એક નિમેષ પણ રહી શકાતું નથી.

પ્રશ્ન કરનાર—यथा तिष्ठन्ति ब्रह्माद्याः सनकाद्याः शुकादयः। જેવી વૃત્તિ બ્રહ્મા વગેરે અને શુકસનકાદિક રાખતા હતા તેવી.

ઉત્તર—સત્ય છે.

પ્રશ્ન—વૃત્તિ આવરણભંગ કરે છે.

ઉત્તર—આવરણ જેવી કોઇ સાચી વસ્તુ નથી અને સ્વરૂપ સ્વતઃસિદ્ધ છે તેથી સદા પ્રકાશે છે. સ્વરૂપ તરફથી જોતાં આવરણભંગની જરૂર નથી. આવરણભંગ થયું એમ બહારના માણસોને લાગે છે. વાસ્તવમાં આવરણ હતું જ નહિ.

પ્રશ્ન—જો શુકદેવજીની વૃત્તિ સદા બ્રહ્માકાર રહેતી હતી, તો તે સાત દિવસ સુધી શ્રીમદ્ ભાગવતની કથા પરીક્ષિત રાજાને શી રીતે સંભળાવી શક્યા?

ઉત્તર—તેમની દૃષ્ટિમાં બીજું કાંઇ નહોતું. ભાગવત સંભળાવવાથી અથવા ન સંભળાવવાથી બીજું કાંઇ બની જતું નથી. જે કાંઇ બનતું તેમાં તેમની અભિન્ન દૃષ્ટિ હતી.

પ્રશ્ન—એવી અભિન્ન દૃષ્ટિ બધા માણસોને આપવા જઇએ તો તેઓ તેવી વૃત્તિનો દુરુપયોગ કરે અને અનાચારમાં પડે તેવો સંભવ છે.

ઉત્તર—અનાચાર અને રાગદ્વેષ એ ભેદબુદ્ધિનાં પરિણામ છે. અભેદબુદ્ધિ બરાબર થશે તો અનાચારનો વિચાર આવશે નહિ.

પ્રશ્ન—રજ્જુમાં જેમ સર્પનું જ્ઞાન ખોટું છે તેમ બ્રહ્મમાં જગતનું જ્ઞાન ખોટું છે.

ઉત્તર—બરાબર છે. જે વસ્તુ સાચી નથી તેનું જ્ઞાન રાખવાની જરૂર નથી.

પ્રશ્ન—રજ્જુમાં કોઇને સર્પ દેખાય છે, કોઇને દંડ, કોઇને માળા, કોઇને પાણીની ધારા દેખાય છે, તે વખતે જે રજ્જુ જુએ છે તેનું જ્ઞાન જ સાચું છે. બીજા જોનારાનું જ્ઞાન સાચું નથી.

ઉત્તર—બીજા જોનારાની દૃષ્ટિનો વિચાર કરવાની જરૂર નથી; બીજા પણ આપણી કલ્પનામાં છે. એક જોનારાને ઠીક કરો એટલે બધું ઠીક થઇ જશે.

પ્રશ્ન—કેવી રીતે?

ઉત્તર—સ્વપ્નમાં ઘણા દેખાય છે, તે બધા એક જોનારાની કલ્પનામાં છે. તમે સ્વપ્નમાંથી જાગો. પછી સ્વપ્નું અને તેમાં રહેલા બીજા પોતાનું પ્રારબ્ધ પૂરું કરી લેશે.

પ્રશ્ન—એ વખતે તો બીજા કોઇ રહેશે નહિ.

ઉત્તર—તેવું જ જાગૃતમાં પણ છે. અપરોક્ષાનુભૂતિમાં શ્રીશંકરાચાર્ય કહે છે કેઃ—

> द्रष्टृदर्शनदृश्यानां विरामो यत्र वा भवेत्।
> दृष्टिस्तत्रैव कर्तव्या न नासाग्रावलोकिनी ॥

જ્યાં દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય(એ ત્રિપુટી)નો અભાવ થઇ જાય તે દશામાં દૃષ્ટિ સ્થિર રાખવી, નાકની દાંડી ઉપર દૃષ્ટિ રાખવી નહિ.

એટલામાં બીજા કોઇએ પ્રશ્ન કર્યો, કે એવી દૃષ્ટિ રાખીએ તો વ્યવહાર શી રીતે થાય?

ઉત્તર—જ્ઞાની પુરુષો વ્યવહારમાં પણ અધિષ્ઠાનની દૃષ્ટિ રાખે છે, કારણ કે અધિષ્ઠાન સિવાય બીજું કાંઇ સાચું બનતું નથી. ઘડામાં માટીની બુદ્ધિ રાખવી એ જ યોગ્ય છે.

પ્રશ્ન—માટીમાં પાણી ભરી શકાતું નથી. ઘડામાં તો પાણી ભરી શકાય છે.

ઉત્તર—ઘડો ફોડી માટી જોવાનું હું કહેતો નથી. ઘડો હોય ત્યારે પણ તે માટીરૂપે જોઇ શકાય છે; તેમ જગતને બ્રહ્મરૂપે જોઇ

શકાય છે. ઘડામાં માટીની દૃષ્ટિ કરવી તેની માફક જગતમાં બ્રહ્મદૃષ્ટિ કરવી તેને બ્રહ્માકારવૃત્તિ કહે છે.

પ્રશ્ન—નામ અને રૂપ સાચાં છે કે નહિ?

ઉત્તર—અધિષ્ઠાનથી જુદાં તે મળશે નહિ. નામરૂપ લેવા જશો ત્યારે પણ તેનું અધિષ્ઠાન મળે છે; માટે જે ત્રણે કાળે સાચું છે તેનું જ્ઞાન રાખો.

પ્રશ્ન—લાકડામાંથી બારી નીકળી એમ બોલાય છે છતાં તે લાકડાથી જુદી થઇ જતી નથી. લાકડા ઉપર થયેલ ક્રિયાની દૃષ્ટિ છોડી દઇએ તો તે લાકડું જ છે.

ઉત્તર—બરાબર છે.

પ્રશ્ન—પ્રૉફેસર આઇન્સ્ટાઇને હાલ ગણિતથી સિદ્ધ કરી આપેલ છે, કે દેશ, કાળ, વસ્તુ, નામરૂપ, વજન અને ગતિ વગેરે બધું દ્રષ્ટાની દૃષ્ટિ ઉપર સાપેક્ષ છે. એ કોઇ સાચી વસ્તુ નથી. તે બાબતમાં એક નાનું અંગ્રેજી પુસ્તક 'માયા' નામનું આપને મોકલેલ છે.

ઉત્તર—એ વાત સાચી છે. પુસ્તક મળ્યું છે. મને તે ગમી ગયું તેથી, આખું વાંચ્યું છે. એક જોનારને ઠીક કરવાથી બધું ઠીક થઇ જાય છે. તે પુસ્તકમાં ઘણા દ્રષ્ટાની વાત આવે છે પણ ખરી રીતે દ્રષ્ટા એક છે. બીજા દ્રષ્ટા પણ એક દ્રષ્ટાની કલ્પનામાં છે.

પ્રશ્ન કરનારે જવાબ આપ્યો, કે તેમાં અનેક દ્રષ્ટા ભૂલ કાઢવા માટે કલ્પેલા છે.

એક દિવસે રાત્રે કેટલાક જિજ્ઞાસુઓ ભેગા થયા હતા અને મહર્ષિ સાથે નીચે પ્રમાણે પ્રશ્ન—ઉત્તર થયા હતાઃ—

પ્રશ્ન—વ્યવહારની સાથે બ્રહ્માકારવૃત્તિ શી રીતે રહી શકે?

ઉત્તર—હારમોનિયમ વાગે છે ત્યારે તેમાં એક સૂર કાયમ વાગ્યા કરે છે, તેને શ્રુતિ કહે છે. તેની સાથે બીજા સૂર પણ નીકળે છે. પહેલો સૂર કે જે કાયમ રહે છે તેના ઉપર કાન રાખી શકાય તો બીજા સૂર સાંભળતી વખતે પણ તે ભૂલી શકાશે નહિ. ખરી રીતે પહેલો સૂર બીજા બધાને જોર આપે છે. સિદ્ધાંતમાં એમ સમજવાનું છે, કે પહેલો સૂર અધિષ્ઠાન છે, બીજા સૂર એ વ્યવહાર છે. વ્યવહારની વાતો સાથે પહેલો અધિષ્ઠાનનો સૂર ચાલુ હોય છે. તેની સત્તાથી જ વાણી બોલી શકે છે પણ સામાન્ય માણસ પહેલા સૂર તરફ એટલે અધિષ્ઠાન તરફ ધ્યાન આપતા નથી અને પાછળના સૂર સાંભળે છે. જ્ઞાની પુરુષ પહેલા સૂર તરફ લક્ષ રાખે છે.

શુકદેવજી એવું લક્ષ રાખીને બ્રહ્માકારવૃત્તિ રાખી શકતા હતા. પહેલા સૂરમાં બહુ ધ્યાન લાગશે ત્યારે બીજા સૂરની અસર લાગશે નહિ.

પ્રશ્ન—ઊંઘે છે કોણ?

ઉત્તર—પ્રમાતા ઊંઘે છે. અધિષ્ઠાન જાગતું નથી અને ઊંઘતું નથી. ઊંઘમાં પ્રમાતા, પ્રમાણ અને પ્રમેયનો લય થવાથી આત્માની નિષ્પ્રપંચ દશા રહે છે.

પ્રશ્ન—જો આત્મા તે વખતે નિષ્પ્રપંચ છે તો તે વખતે પોતાને કેમ જાણતો નથી?

ઉત્તર—આત્માને જાણવાપણું કે ન જાણવાપણું નથી. જેને અજ્ઞાન હોય તેણે જ્ઞાન માટે મહેનત કરવી પડે છે, એવી દશા જાગૃતમાં બને છે. અનાત્માને અથવા ચિદાભાસને અજ્ઞાન થાય

છે, તેથી તેને જ્ઞાન માટે પુરુષાર્થ કરવો પડે છે, જાણવું અને ન જાણવું એ અનાત્મામાં બને છે, આત્માને જ્ઞાન મેળવવાનું નથી, તે જ્ઞાનસ્વરૂપ છે. જ્યારે પ્રમાતા અથવા ચિદાભાસ જણાય ત્યારે અજ્ઞાન જેવું દેખાય. જેને અજ્ઞાન લાગે છે તે જ્ઞાન માટે પ્રયત્ન કરે છે. જ્યારે ચિદાભાસને જ્ઞાન થાય છે, ત્યારે ચિદાભાસનો બાધ થાય છે; કારણ કે ચિદાભાસ અજ્ઞાન અથવા મિથ્યા જ્ઞાનની સાથે જ રહે છે. સુષુપ્તિમાં ચિદાભાસ નથી, તેથી મિથ્યા જ્ઞાન નથી અને મિથ્યા જ્ઞાન નથી તેથી જ્ઞાન મેળવવાનું નથી. આત્માને જાણવો એટલે આત્મારૂપ થવું. એ પણ હાલની વાતચીતની દૃષ્ટિનો વિચાર છે. વાસ્તવમાં માત્ર આત્મા જ છે. તેથી થવાનું કે જાણવાનું કાંઇ નથી.

પ્રશ્ન—જાગૃતના સંસ્કારથી સ્વપ્નું આવે છે, એ વાત સાચી છે?

ઉત્તર—એ વાત સાચી નથી. સ્વપ્નમાં ઘણી નવીનવી વસ્તુઓ અને જાગૃતમાં ન જોયેલા જીવો પણ દેખાય છે. સ્વપ્નમાં પણ બીજું સ્વપ્નું આવે છે. બીજા સ્વપ્નમાંથી જાગ્યા પછી જાગ્યા જેવું લાગે છે પણ તે પહેલા સ્વપ્નનું જાગૃત હોય છે. તેમ રોજ માણસ જાગે છે, તે પણ સાચું જાગૃત નથી.

પ્રશ્ન—જગત સાચું હોય તેમ કેમ દેખાય છે?

ઉત્તર—સિનેમાના પડદામાં ઘણું દેખાય છે છતાં સાચું નથી. ત્યાં પડદા સિવાય બીજું કાંઇ નથી. તેમ જાગૃતમાં પણ અધિષ્ઠાન સિવાય કાંઇ નથી. જાગૃત–પ્રમેય એ જાગૃત–પ્રમાતાનું પ્રમેય છે. બંને નિદ્રામાં જતાં રહે છે.

પ્રશ્ન—જાગૃતમાં સ્થિરતા કેમ દેખાય છે?

ઉત્તર—ભૂલથી તેવું દેખાય છે. કોઇ કહે, કે હું નદીમાં બેવાર નાહી આવ્યો પણ પહેલી વાર નાહ્યો ત્યારે જે નદી હતી તે બીજી વાર નાહ્યો ત્યારે રહેલ નથી. રોજ કોઇ ફળ જુએ તો કહે છે કે હું એ ને એ ફળ જોઉં છું પણ ખરી રીતે ફળમાં ફેરફાર થતો જાય છે. દીવાની જ્યોત જોઇને માણસ કહે છે, કે હું તે ને તે દીવો જોઉં છું પણ એ દીવો ક્ષણેક્ષણે ફરે છે; કારણ કે જ્યોત ફરતી જાય છે અને તેલ ઓછું થતું જાય છે. જગત પણ એવું જ છે. ભ્રાંતિથી તે સ્થિર દેખાય છે.

પ્રશ્ન—એવી ભ્રાંતિ થઇ કોને?

ઉત્તર—પ્રમાતાને.

પ્રશ્ન—પ્રમાતા આવ્યો ક્યાંથી?

ઉત્તર—ભ્રાંતિથી. ખરી રીતે પ્રમાતા અને તેનું અજ્ઞાન અથવા મિથ્યા જ્ઞાન એકસાથે રહે છે અને આત્મજ્ઞાન થાય ત્યારે બંને એક સાથે દૂર થાય છે.

પ્રશ્ન—પ્રમાતા અને તેનું અજ્ઞાન બંને ક્યાંથી આવ્યાં?

ઉત્તર—એ પ્રશ્ન કોણ પૂછે છે?

પ્રશ્ન—હું?

ઉત્તર—તે 'હું'ની શોધ કરો એટલે બધા પ્રશ્નોના ખુલાસા થઇ જશે. સ્વપ્નમાં જેમ ખોટા પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય ઉત્પન્ન થાય છે તેમ જાગૃતમાં પણ બને છે. સ્વપ્નમાં જેમ હુંની શોધ કરતાં તેનું સ્વરૂપ સમજાય તો તેમાં બધું સમજાય છે અને બાકી બીજું જાણવાનું કાંઇ રહેતું નથી, તેમ જાગૃતમાં પણ હુંની શોધ કરતાં તેમાં બધું સમજાઇ જશે અને બાકી કાંઇ જાણવાનું રહેશે નહિ. ઊંઘમાં જેમ પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય જતાં રહે છે, તેમ

સાચા 'હું'ના અનુભવ વખતે પણ તે જતાં રહેશે. જે કાંઇ બને છે એવું જાગૃતમાં લાગે છે તે પ્રમાતા માટે બને છે અને તે સાચો ન હોવાથી વાસ્તવમાં કાંઇ બનતું નથી.

પ્રશ્ન–ઊંઘમાંથી જાગ્યા પછી પહેલા દિવસનું જોયેલું જગત એનું એ કેમ દેખાય છે?

ઉત્તર–પહેલા દિવસનું જોયેલું જગત પણ સાચું નહોતું તે જેમ ખોટા પ્રમાતાનું પ્રમેય હતું તેમ બીજા દિવસનું જગત પણ ખોટા પ્રમાતાનું પ્રમેય છે, વાસ્તવમાં કોઇ સાચું જગત નથી. અજ્ઞાનીને જગતની સમકાલ પ્રતીતિ છે અને જ્ઞાની માટે જગત-નો ત્રિકાલિક નિષેધ છે. આપણાથી જુદું લાગે તેને જગત કહીએ છીએ. તેવું અહંકારથી લાગે છે. અહંકાર ગયો એટલે જુદું કાંઇ લાગતું નથી અને જગત પણ રહેતું નથી. કાળ પણ પ્રમાતામાંથી આવે છે. પ્રમાતા સાચો નથી તેથી કાળ સાચો નથી. પ્રોફેસર આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદથી ગણિત દ્વારા એ સિદ્ધ થયું છે.

પ્રશ્ન–ત્યારે વ્યવહાર કેમ થાય છે?

ઉત્તર–હાલમાં વાઇસરોયે એક કલાકનો ગોટો આપણી ઘડિયાળમાં કરેલો છે. તે ટાઇમ ખોટો છે છતાં તેનાથી વ્યવહાર ચાલે છે.

પ્રશ્ન–પંચદશીમાં એવું દૃષ્ટાંત આવે છે, કે કોઇ નિશાળમાં ઘણા છોકરા ભણવા બેઠા હોય અને સંગીત ગાતા હોય, ત્યારે તેમાં જો પોતાના છોકરાનો અવાજ સાંભળવો હોય તો બીજા છોકરાના અવાજ બંધ કરવા જોઇએ; તેવી જ રીતે આત્માનો અવાજ સાંભળવો હોય તો વ્યવહારનાં બીજાં કામ બંધ કરવાં જોઇએ.

ઉત્તર–નિશાળના દૃષ્ટાંતમાં પોતાના છોકરાનો અવાજ ન હોય, ત્યારે પણ બીજાના અવાજ સંભળાય છે, તેથી ભેદ છે પણ સિદ્ધાંતમાં આત્મા ન હોય તો બીજાં કોઇ કામ થઇ શકતાં નથી. તેથી આગળ જે હારમોનિયમના સૂરનું દૃષ્ટાંત આપ્યું. તેમાં જે સૂર ચાલુ હોય છે તે તરફ લક્ષ હોય તો બીજા સૂર સાથે વાગતા હોય તો પણ પહેલો સૂર સાંભળવામાં હરકત આવશે નહિ.

પ્રશ્ન–મૃગજળ મિથ્યા માન્યા છતાં પાછું દેખાય છે, તેમ આ જગત મિથ્યા માન્યા છતાં પાછું દેખાયા કરે છે.

ઉત્તર–મૃગજળમાં જળનું જ્ઞાન સાચું નથી તેમ બ્રહ્મમાં જગતનું જ્ઞાન સાચું નથી. બધું એક બ્રહ્મરૂપ છે. એ જ જ્ઞાન સાચું છે.

પ્રશ્ન–વેદાંતની જૂની પદ્ધતિ જોતાં એમ જણાય છે કે પહેલાં અજ્ઞાન આવે છે, પછી જીવભાવ આવે છે; પણ નવી પદ્ધતિ પ્રમાણે વિચાર કરતાં એમાં પહેલાં–પછી જેવું લાગતું નથી. જીવભાવ, અજ્ઞાન અને જગત એકસાથે આવે છે અને જ્ઞાન થતાં એકસાથે એ ત્રિપુટી જતી રહે છે.

ઉત્તર–એ વાત સાચી છે. दृष्टिं ज्ञानमयीं कृत्वा पश्येत् ब्रह्ममयं जगत्। જ્ઞાનમય દૃષ્ટિ કરી જગતને બ્રહ્મમય જોવું.

પ્રશ્ન–એવી દશા માત્ર સત્સંગથી જ પ્રાપ્ત થઇ શકે?

ઉત્તર–સત્સંગ એટલે માત્ર વાતો કરવી એવો અર્થ ન કરવો, પણ સતરૂપી આત્માનો અનુભવ લઇ નિષ્ઠા કરવી.

પ્રશ્ન–આત્મા સ્વયંપ્રકાશ છે તેનો અર્થ શો?

ઉત્તર–સૂર્યે જેમ અંધારું જોયું નથી તેમ આત્માએ અજ્ઞાન

જોયું નથી. આત્મા અવેદ્ય છે છતાં અપરોક્ષ અનુભવને યોગ્ય છે. તેને જ સ્વપ્રકાશત્વ કહે છે.

પ્રશ્ન—રજ્જુમાં સર્પ દેખાય ત્યારે તેવો સર્પ કોઇ બીજી જગ્યાએ સાચો જોયેલો હોય તો જ રજ્જુમાં સર્પની ભ્રાંતિ થાય; તેવી જ રીતે જો કોઇએ સાચું જગત જોયું હોય તો બ્રહ્મમાં જગતની ભ્રાંતિ થઇ શકે?

ઉત્તર—તેને અન્યથા ખ્યાતિ કહે છે પણ તે સાચી નથી.

અન્યથા ખ્યાતિનો ખુલાસો નીચે પ્રમાણે છેઃ—

ન્યાયશાસ્ત્રના કર્તા ગૌતમ તથા વૈશેષિકના કર્તા કણાદ આચાર્ય છે. તેઓ એમ માને છે, કે રાફડા વગેરે ઠેકાણે સાચો સર્પ છે. દોરડીમાં સાપ જોનારો માણસ ખરી રીતે એ સાચા સર્પને જ જુએ છે પણ નેત્રમાં દોષ છે તેથી તે પોતાની સન્મુખ દેખાતો હોય એમ જાણે છે. જો કે સાચો સાપ અને નેત્રની વચ્ચે ભીંત વગેરે અંતરાય છે તથાપિ દોષવાળા નેત્રને લીધે અંતરાય છતાં પણ તે સર્પ તેને નજીક દોરડીને ઠેકાણે દેખાય છે. કોઇને પિત્તદોષ હોય તો તે રોગને કારણે ચારગણું ખાય તથાપિ તેને તૃપ્તિ થતી નથી. જેમ પિત્તદોષથી જઠરાગ્નિમાં પાચન કરવાનું સામર્થ્ય વધે છે તેમ જ નેત્રમાં પણ તિમિર વગેરે દોષને લીધે પરદેશમાં રહેલા સાપને પ્રત્યક્ષ નજીકમાં જોવાનું સામર્થ્ય વધે છે.

આ રીતે રાફડા વગેરે સ્થળમાં રહેલા સાપનું અન્યથા ભાન એટલે મોઢા આગળ રહેલ દોરડીની જગ્યાએ તેનું ભાન એટલે ખ્યાતિ અથવા કથનને અન્યથા ખ્યાતિ કહે છે. પ્રાચીન ન્યાયમતમાં અન્ય દેશમાં રહેલી વસ્તુની અન્ય દેશમાં પ્રતીતિને જ ભ્રાંતિ કહે છે. વેદાંતમાં અર્થાધ્યાસ અને જ્ઞાનાધ્યાસને ભ્રાંતિ કહે

છે. બીજે સર્પ છે કે નહિ તે વાત આમાં જરૂરી નથી. જ્યાં સર્પ દેખાય છે ત્યાં સર્પ છે કે નહિ, તેની તપાસ કરવાનું વેદાંતમાં કહેલું છે. ત્યાં નથી છતાં દેખાય છે, અને જ્ઞાનકાળે રહેતો નથી તેથી તેને અનિર્વચનીય ખ્યાતિ કહે છે.

અન્યથા ખ્યાતિમાં પણ એક નવો મત છે. જૂના નૈયાયિકના મત પ્રમાણે અન્યથા ખ્યાતિ માનીએ તો દોષવાળી આંખે દૂરનો સાપ દોરડીમાં દેખાવાની સાથે દૂરનાં ઝાડ, ઘર વગેરે પણ દોરડી આગળ દેખાવાં જોઇએ; પણ તે તો દેખાતાં નથી. માટે અન્ય દેશમાં રહેલી વસ્તુ અન્ય દેશમાં દેખાય તેનું નામ અન્યથા ખ્યાતિ નહિ પણ—દોષવાળા નેત્રથી દોરડીનું દોરડીરૂપે ભાન ન થતાં અન્યથા એટલે સર્પરૂપે જે ભાન અને કથન તેને અન્યથા ખ્યાતિ કહેવી.

વેદાંત એ મતવાળાને એવો જવાબ આપે છે, કે જ્ઞેય અનુસાર જ્ઞાન થાય છે. જ્ઞેય જો રજ્જુ છે તો જ્ઞાન રજ્જુનું થવું જોઇએ; માટે અન્યથા ખ્યાતિ ખોટી ઠરે છે.

વેદાંતમાં અનિર્વચનીય ખ્યાતિ માનેલી છે, તે સિદ્ધાંતની રીત આ પ્રમાણે છેઃ અંતઃકરણની વૃત્તિ નેત્ર વગેરે દ્વારા બહાર નીકળી પદાર્થના જેવો આકાર ધારણ કરે છે. તેથી પદાર્થનું આવરણ દૂર થાય છે અને પદાર્થની પ્રતીતિ થાય છે. પ્રકાશની તેમાં સહાય હોય છે. દોરડીમાં સર્પ દેખાય છે ત્યાં આવરણનો ભંગ થતો નથી. અંતઃકરણની વૃત્તિ દોરડી સુધી જાય છે ખરી; પણ મંદ પ્રકાશને લીધે વૃત્તિ દોરડીના સમાન આકારવાળી થતી નથી અને દોરડીરૂપી ચેતનમાં રહેલી અવિદ્યાને લઇને કોઇ બીજો આકાર દેખાય છે. દોરડી લાંબી હોવાથી અને અંતઃકરણમાં સાપના સંસ્કાર

હોવાને લીધે દોરડીમાં સાપ દેખાય છે. અવિદ્યાનું કાર્ય સર્પ સત્ હોય તો તે દોરડીના જ્ઞાનથી બાધ પામે નહિ, પણ દોરડીનું ખરું જ્ઞાન થયા પછી બાધ પામે છે; માટે તે સત્ નથી, તેમ અસત્ પણ નથી. અસત્ હોય તો વાંઝણીના છોકરા પેઠે અથવા સસલાના શિંગડા પેઠે સર્પ પ્રતીત થવો ન જોઇએ, પણ પ્રતીત થાય છે તેથી અસત્ પણ નથી.

આ રીતે દોરડીમાં સર્પનું જ્ઞાન સત્–અસત્‌થી વિલક્ષણ અનિર્વચનીય છે. અધ્યાસનો વિષય સર્પ અને સર્પનું જ્ઞાન (અધ્યાસના વિષયનું જ્ઞાન) એ બન્ને અવિદ્યાનું પરિણામ છે. અને એ બંને અનિર્વચનીય છે; કારણ કે જ્ઞાનકાળે તે બંનેનો બાધ થાય છે. જ્ઞાનકાળે અધ્યસ્તના અભાવથી અધ્યસ્તના જ્ઞાનની પણ નિવૃત્તિ થાય છે.

૧૦ : હું કોણ?

મહર્ષિ લગભગ ઘણા પ્રશ્નના ઉત્તરમાં દરેકને એમ જ કહે છે, કે હું કોણ છે, તેની તપાસ કરો, જે પ્રશ્ન પૂછે છે તેની તપાસ કરો, જ્યાંથી પ્રશ્ન ઉત્પન્ન થાય છે તેના મૂળમાં ઊંડા ઊતરો. એ બાબત વધારે સ્પષ્ટ કરવા માટે વિષ્ણુપુરાણનું એક દૃષ્ટાંત તે આપે છે : એક મહાત્મા ઋભુએ પોતાના શિષ્ય નિદાઘને આત્મજ્ઞાન આપવા માટે ઘણી મહેનત કરી પણ તેને બરાબર લાગ્યું નહિ. તેથી નીચે પ્રમાણે જ્યારે એક પ્રસંગ પ્રાપ્ત થયો ત્યારે શિષ્યની બુદ્ધિ તે બાબતમાં વધારે ચોખ્ખી કરી આપી. કેટલોક વખત ગયા પછી ઋભુ નિદાઘને શોધવા ગયા હતા. નિદાઘના ગામમાં બંને ભેગા થયા, પણ ગુરુ ઘણે વખત પછી આવેલ હોવાથી નિદાઘ

તેમને ઓળખી શક્યો નહિ. શિષ્યને એમ લાગ્યું, કે આ કોઇ ગાંડા જેવો માણસ મારું ગામ જોવા આવેલ છે. બંને એક જગ્યાએ ઊભા હતા એટલામાં પાસેથી તે ગામના રાજાની સવારી નીકળી. ઋભુએ નિદાઘને પૂછ્યું, કે 'આ શું છે?' નિદાઘે કહ્યું : 'આ રાજાની સવારી છે.'

ઋભુ–તેમાં રાજા કોણ છે?

નિદાઘ–આ જે હાથી ઉપર બેઠા છે તે રાજા છે.

ઋભુ–આમાં હાથી કોણ છે? અને રાજા કોણ છે?

નિદાઘ–તમને એટલી પણ સમજણ પડતી નથી! આ ઉપર બેઠો તે રાજા છે અને આ જે નીચે છે તે હાથી છે.

ઋભુ–એ વાત મને સમજાતી નથી. તું કોઇ યુક્તિથી મને સમજાવ.

નિદાઘે જાણ્યું, કે આ મૂર્ખ દલીલથી સમજી શકશે નહિ તેથી તેણે ઋભુને કહ્યું કે તું વાંકો વળ. મહાત્મા વાંકા વળ્યા કે નિદાઘ તેના વાંસા ઉપર બેસી કહેવા લાગ્યો કે આ જે હું તારા ઉપર બેઠો તે રાજા અને આ જે તું નીચે છે તે હાથી; હવે સમજાયું?

ઋભુ–જો તું કહે છે, કે 'હું જે ઉપર છું તે રાજા અને તું જે નીચે છે તે હાથી' તેમાં હું અને તુંનો અર્થ મને સમજાતો નથી. હું તો નીચે છું. તારી ભાષામાં હું ઉપર આવે છે.

નિદાઘ વિચારમાં પડયો. હુંને ઉપર રાખવા ગયો પણ હું નીચે આવી ગયો. તેને ખબર પડી ગઇ, કે આ મારા ગુરુ મારું અજ્ઞાન દૂર કરવા આવ્યા છે. ગુરુએ કહ્યું : તને એટલા જ્ઞાનની જ જરૂર હતી. હું સિવાય તું થતું નથી. તુંની સિદ્ધિ સ્વતંત્ર રીતે થતી નથી તેથી હું જ સ્વતંત્ર છે અને તે બધામાં એક છે. જીવ

જીવ વચ્ચેનો ભેદ ખોટો છે. બધા પોતાને હું કહે છે તેથી પણ હું એક છે. હુંનું બહુવચન થતું નથી. હુંનું બહુવચન 'અમે' કરીએ તો તેમાં તું અને તે આવે છે તેથી હુંનું બહુવચન થતું નથી તેથી પણ હું એક છે. જ્યારે ખોટો હું અહંકારનું રૂપ લે છે, ત્યારે તે બીજા હુંને તું કહે છે; પણ વાસ્તવમાં ભેદ નથી. જેમ ઉપર-નીચેનો ભેદ ખોટો છે તેમ અંદરબહારનો ભેદ પણ ખોટો છે. ઉપર અને નીચે જેમ દેહના અભિમાનથી થાય છે તેમ હું અને બીજા એ ભાવ પણ દેહના અભિમાનથી ઉત્પન્ન થાય છે.

એક વખત મહર્ષિ સાથે આ બાબતમાં કેટલાકે પ્રશ્ન કર્યા હતા. તેનો સાર નીચે પ્રમાણે છેઃ—

પ્રશ્ન—કેટલાક કહે છે, કે પોતાના મોક્ષ માટે પ્રયત્ન કરવો એ સ્વાર્થ છે તે કરતાં બીજાનું ભલું કરવું એ નિઃસ્વાર્થ સેવા છે.

ઉત્તર—એ લોકો એમ માને છે, કે જ્ઞાની પુરુષો સ્વાર્થી છે અને પોતે નિઃસ્વાર્થી છે, પણ એ વાત સાચી નથી. જ્ઞાની પુરુષો બ્રહ્મભાવે રહે છે, તે ભાવનાની અસર આખા જગત ઉપર પ્રસરે છે; રેડિયોનું ટ્રાન્સમિટર એક જગ્યાએ બોલે છે, તેની અસર જેમ આખા જગત ઉપર થાય છે અને તેનો લાભ જેને લેવો હોય તે લઇ શકે છે, તેમ જ્ઞાની પુરુષોનો આત્મભાવ સર્વત્ર ફેલાય છે અને જેને જોઇએ તેને તે મળી શકે છે. એ પણ ઓછી સેવા નથી.

પ્રશ્ન—માઇસોર સ્ટેટમાં કોઇ વિદ્વાને 'મૂલા વિદ્યાનિરાસ' નામનું પુસ્તક લખેલું છે તે આપના જોવામાં આવેલું છે?

ઉત્તર—આત્મામાં અવિદ્યા નથી તેથી નિરાસ કરવાની જરૂર નથી.

થોડીવાર પછી કોઇ બહેને હારમોનિયમ લઇ ભજન ગાવાનું શરૂ કર્યું. તેમાં પહેલો સૂર શરૂ થયો કે તરત મહર્ષિએ કહ્યું, કે 'એ યાદ રાખો' એ પહેલા સૂરને આધારે બાકીનું નીકળશે અને તેને આધારે રહેશે; તે જ પ્રમાણે અધિષ્ઠાનનું અનુસંધાન રાખવું. અહંકાર એ શરીર નથી તેમ જ આત્મા નથી. જેઓ કહે છે કે મને અજ્ઞાન નડે છે તે અહંકારથી બંધાયેલો છે. આત્મા કહેતો નથી કે મને અજ્ઞાન છે. ધર્મની બાબતમાં પણ કેટલીક વાર અહંકાર એવો ઘૂસી જાય છે, કે માણસને પોતાની ભૂલની ખબર પડતી નથી. મારો ધર્મ બધાએ સ્વીકારવો જોઇએ એવું અભિમાન પણ કોઇ જગ્યાએ ઉત્પન્ન થાય છે.

ભક્તિમાર્ગવાળા શરણભાવથી મૂળ તત્ત્વને પ્રાપ્ત કરે છે. ત્યાં શરણભાવ એટલે અહંકારનું શરણ સમજવાનું. અહંકાર પરિચ્છિન્નભાવ ઉત્પન્ન કરે છે અને તેને દૂર કરવો કેટલાકને મુશ્કેલ પડે છે. તેથી તે માટે પ્રબળ પુરુષાર્થની જરૂર છે. શરણભાવનું સ્વરૂપ દૃષ્ટાંતથી સમજવું હોય તો મુંડક ઉપનિષદમાં કહેલું છે, કે 'જેમ નદીઓ સમુદ્રમાં જઇ પોતાનું નામ અને રૂપ છોડી દે છે, તેમ જ્ઞાની, ભક્ત પોતાના અહંકારથી ઉત્પન્ન થયેલ નામ અને રૂપને છોડી દઇ પરાત્પર પુરુષને પામે છે.' નદી સમુદ્રને મળતાં નદીની જેવી દશા થાય છે, તેવી વ્યાપક દશા જ્યાં સુધી અનુભવમાં ન આવે, ત્યાં સુધી શરણભાવ બરાબર થયો છે એમ કહી શકાય નહિ.

મહર્ષિ કહે છે, કે અહંકાર એ એક આપણને છેતરનાર વ્યક્તિ છે. તેના મૂળની તપાસ નહિ કરો ત્યાં સુધી તે જશે નહિ. હુંની બરાબર તપાસ કરશો, તો આત્માનું અનુસંધાન થઇ શકશે

અને અહંકાર નિર્મૂળ થશે. આગળ કહ્યું તેમ અહંકાર એ શરીર નથી તેમ જ આત્મા નથી, એ બેના અધ્યાસથી અહંકાર ઉત્પન્ન થાય છે.

મહર્ષિ કહે છે કે સ્વપ્નમાં કોઇ વાંઢો માણસ પરણે ત્યાં વરરાજા સાચો છે અને તેની વહુ ખોટી છે. જ્યારે તે જાગે છે ત્યારે તે પહેલાંના જેવો જ વાંઢો રહે છે. તેવી જ રીતે સાચો આત્મા હમેશાં એવો ને એવો જ રહે છે. તેને માયાનો સંબંધ થતો નથી. તે માયાને અથવા અનાત્માને સાચેસાચો પરણતો નથી; કારણ કે તે પૂર્ણ છે અને પ્રકૃતિ એ કોઇ સાચી વસ્તુ નથી. અહંકાર એ વાંઢા માણસના સ્વપ્નની દશા જેવો છે. અહંકાર આવ્યા પછી મન અને ઇંદ્રિયો જાગે છે. અહંકાર જાય તો એ બંધા જતા રહે છે. બધી પ્રકૃતિનું મૂળ અહંકાર છે. અહં સાચો છે, પણ અહંકાર ખોટો છે.

શ્રી શંકરાચાર્ય સૂત્રભાષ્યમાં લખે છે, કે (૨–૩–૨૦) જ્યાં સુધી ઉપાધિનો સંબંધ લાગે છે, ત્યાં સુધી જીવભાવ અને સંસારીભાવ રહે છે. પરમાર્થદૃષ્ટિએ જોતાં જીવ એ કલ્પિત ઉપાધિના સ્વરૂપથી જુદી કોઇ વસ્તુ નથી. જે નિત્યમુક્ત ઈશ્વરનું સ્વરૂપ છે તેનાથી જુદો કોઇ સાચો પદાર્થ નથી. શ્રુતિમાં કહેલું છે, કે તેનાથી બીજો કોઇ દ્રષ્ટા નથી, શ્રોતા નથી, મન્તા નથી, વિજ્ઞાતા નથી. તેથી જ 'તે તું છે,' 'હું બ્રહ્મ છું' વગેરે મહાવાક્યો અદ્વૈતનો બોધ કરે છે.

ભગવાન બુદ્ધ પણ કહે છે, કે જેને મોક્ષ જોઇએ છે તે અહંકાર છે; તે સાચો નથી. જે સાચો છે તે અહમ્ છે. તે સદા મુક્ત છે.

એમ માનો કે શ્રી રમણાશ્રમમાંથી ૪ માણસો નીકળ્યા અને નીચે પ્રમાણે વાતચીત કરવા લાગ્યા : કોઇ કહે, કે હું રમણાશ્રમમાં ૧૫ દિવસ રહ્યો, બીજો કોઇ કહે છે, કે હું ૧૨ દિવસ રહ્યો, ત્રીજો કહે છે, કે હું ૪ મહિના રહ્યો અને ચોથો કહે છે, કે હું ૪ વર્ષ સુધી રહ્યો. એ બધાં શરીર એકનાં હોય (અને ખરી વાત એમ જ છે) તો કેટલો વખત કોણ રહ્યો તે શી રીતે કહી શકાશે? કાળ, દિવસ, વખત પણ અહંકારને લાગુ પડે છે, આત્માને લાગુ પડતા નથી.

એવા જ્ઞાનની આવૃત્તિ કરી દૃઢ કરી લેવું જોઇએ. જ્ઞાનીની એવી ઉપાસનાને જ નિષ્ઠા કહે છે. નિષ્ઠા થશે ત્યારે ખબર પડશે કે સર્વમાં એક દ્રષ્ટા છે.

તેથી જ્યારે કોઇ કહે, કે મેં અમુક કામ કર્યું, અમુક ન કર્યું ત્યારે તે ભાવમાં અહંકાર આવી જાય છે. પછી તે દૂર કરવો મુશ્કેલ પડે છે. મહર્ષિના મુખમાંથી 'મેં અમુક કર્યું' એવા શબ્દો નીકળતા સાંભળવામાં આવ્યા નથી. ખરું જ્ઞાન મળ્યું હોય અને તેમાં નિષ્ઠા થઇ હોય, તો જ એવી દશા પ્રાપ્ત થાય છે.

રજ્જુ–સર્પના દૃષ્ટાંતમાં રજ્જુ દેખાય છે, ત્યારે સર્પ દેખાતો નથી, સર્પ દેખાય છે ત્યારે રજ્જુ દેખાતી નથી. બંને એકબીજાનાં વિરોધી છે. તેથી બ્રહ્મદશામાં જગત રહેશે નહિ, જગત દેખાશે ત્યારે બ્રહ્મનો અનુભવ રહેશે નહિ. બંને વચ્ચે સંબંધ બની શકતો નથી. સત્ અને અસત્ વચ્ચે સાચો સંબંધ બની શકતો નથી.

એક દિવસ એક ચિત્તાનું બચ્ચું મહર્ષિનો કોઇ સેવક મહર્ષિ પાસે લઇ આવ્યો. તેને તેમના કોચ ઉપર બેસાડયું, પણ તે ચંચળ

હોવાથી સ્થિર બેસતું નહોતું. મહર્ષિએ તેના ઉપર હાથ ફેરવ્યો અને તેની દૃષ્ટિ સાથે પોતાની દૃષ્ટિ મેળવી એટલે તે સ્થિર થઈ તેની પાસે બેસી ગયું. તે પછી કોઈએ તે બંનેનો ફોટો લીધો. તે પછી તે બચ્ચાને ત્યાંથી ઊઠવું ગમતું નહોતું. તે બનાવમાં આત્મ-ભાવનો પ્રભાવ સ્પષ્ટ જણાતો હતો. સ્વામી રામતીર્થ પણ વાઘ સાથે એવી રીતે રમતા હતા. ખરી રીતે જીવ ઘણા નથી. વેદાંતમાં એક જીવવાદ માનેલો છે. એ ભાવનાથી રહેવાથી તેની ખાતરી થાય છે. આ બાબત અનુભવની હોવાથી ઘણાને તેની ખબર પડતી નથી. સામાન્ય માણસો બહુ મહેનત કરે, તો અનાત્મા શું છે તે જાણી શકે; પણ આત્મા શું છે તે જાણી શકતા નથી. છેલ્લી દશા કેવી હોય તે કોઈ મહાત્મા સ્પષ્ટ રીતે સમજાવી શકતા નથી; કારણ કે તે સમજાવી શકાય તેવી નથી. મૌન એ આત્માની ભાષા છે. મહાત્માઓ સામાન્ય માણસોની સમજણમાં રહેલી ભૂલો બતાવી શકે અને એટલું માણસ સમજી શકે, તો પણ આગળ વધવાનો રસ્તો ખુલ્લો થાય છે. એક મહાત્મા કહે છે કેઃ–

ભીખા વાત અગમકી, કથન સુનનકી નાંહી;
જો કહે સો જાને નહિ, અને જાને સો કહે નહિ.

અહંકાર વગરની આત્માની દશામાં ચડવા માટે સામાન્ય માણસને બીક લાગે છે અને અહંકારવાળી જે ખોટી દશા છે તેમાં માણસ નિર્ભયપણે વર્તે છે. પૈસો, કુટુંબ, કીર્તિ, સારું શરીર વગેરે મળ્યાં એટલે પોતાને ભાગ્યશાળી માને છે; પણ જ્યાં સુધી માથે મરણની બીક રહેલ છે, ત્યાં સુધી ભાગ્યશાળી શાના?

સાચી જાગૃતિ એ અહંકારવગરની દશા છે. તેથી તે દશામાં ત્વંકાર પણ રહેતો નથી. જે મહાત્માઓમાં એવી દશા હોય છે, ત્યાં શાંત બેસવાથી બીજામાં પણ એવી દશા ઉત્પન્ન થવા લાગે

છે. શ્રી રમણાશ્રમમાં કેટલાકને સારી દશાનો અનુભવ સહજ મળવા લાગે છે. એ દશા બરાબર સમજાવી શકાતી નથી. આપણી વાણી દ્વૈતની બનેલી છે. તે એક પ્રકારના દેશ અને કાળમાં બંધાયેલી રહે છે. નવી દશા સમજવા માટે ઘણી શુદ્ધિની જરૂર રહે છે.

ભગવાન ગીતામાં કહે છે કેઃ–

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः॥

ગીતા. ૨–૬૯

જે આત્મભાવમાં સંયમી જાગે છે તે સામાન્ય માણસને રાત્રી જેવી લાગે છે. જે સામાન્ય દશામાં માણસ જાગે છે તે મુનિઓને રાત્રી જેવી લાગે છે.

આવી દશા ઉત્પન્ન થાય ત્યારે તેને ટકાવવા માટે ખાસ કાળજી રાખવી જોઈએ. તે વખતે સત્સંગ માટે અથવા બીજા કોઈ કામ માટે અથવા બીજા કોઈ વિચાર માટે વૃત્તિ બહાર જવા દેવી જોઈએ નહિ. આવી દશાની કિંમત ઘણી છે. તે થોડીવાર ટકી જાય તો પણ કરોડો જન્મના દોષ બળી જાય છે અને ન ટકે તો શંકા ઉપર શંકા થયા કરશે. યશોદાજી શ્રીકૃષ્ણને ધવરાવવા બેઠાં એટલામાં ચૂલે દૂધ ઊભરાયું. તેથી તે શ્રીકૃષ્ણને મૂકી દૂધની સંભાળ લેવા ગયાં. પાછળથી શ્રીકૃષ્ણને એવી રીસ ચડી કે તેમણે છાશની ગોળી વગેરે ફોડી નાખ્યાં. તેનો સાર એવો છે, કે દૂધની કિંમત કરતાં તેમણે શ્રીકૃષ્ણની કિંમત ઓછી આંકી તેથી વધારે નુકસાન થયું. આવી ચંચળ દશામાં નિષ્ઠા થતી નથી. નિષ્ઠા માટે આત્માનું અનુસંધાન ટકવા દેવું જોઈએ.

શ્રી રમણાશ્રમમાં એવું વાતાવરણ રહે છે કે કોઇને આખો દિવસ ધ્યાનમાં ગાળવો હોય તો ગાળી શકાય તેવું છે.

કેટલાકને ધ્યાનમાં પણ ઘણા આડાઅવળા વિચાર આવે છે. મહર્ષિ કહે છે, કે એ વિચારો શરૂઆતમાં આવે તો સારું છે. તેનાથી પોતાની ભૂલોની ખબર પડે છે. તે વિચારોનો નાશ થવો જોઇએ તેટલા માટે તે આગળ આવે છે. જેટલા ખોટા વિચારોનો નાશ કરી શકાય તેટલું મનમાં બળ વધે છે ને બીક અને ઇચ્છા ઓછાં થતાં જાય છે. બીક અને ઇચ્છા અહંકારમાંથી ઉત્પન્ન થાય છે. અહંકાર દૂર કરતાં આવડે, તો આગળ પ્રગતિ બહુ સરળતાથી થઇ શકે છે.

કોઇ પણ રીતે અહંકાર દૂર કરવાનો છે. લોકસેવાથી પણ અહંકાર દૂર થતો નથી, પણ કોઇ વાર વધી જાય છે. ધ્યાન કરી અહંકારનું ખરું મૂળ શોધ્યા વગર અહંકાર જશે નહિ એવો મહર્ષિનો મત છે.

કોઇ માણસ કહે છે, કે હું ગવર્નરને ઓળખું છું, વાઇસ-રોયને ઓળખું છું, અમુક શેઠને ઓળખું છું; પણ જ્યાં સુધી તે પોતાને ઓળખે નહિ ત્યાં સુધી બીજું નકામું છે. સ્વપ્નમાં જો પોતાને ઓળખે તો બધું ઓળખાઇ જાય છે, તેમ જાગૃતમાં પણ પોતાને જાણતાં બીજું બધું જણાઇ જાય છે.

એક વખત એક માણસ બહારગામથી શ્રી રમણાશ્રમમાં સત્સંગ માટે આવ્યો હતો. તેણે મહર્ષિને પૂછ્યું : 'કર્મ કેમ છોડવાં એ સૂઝ્યું નથી.' મહર્ષિએ કહ્યું : 'તમે કર્મ કરો છો એમ શા માટે માનો છો? દૃષ્ટાંત તરીકે એક બનાવ લો. તમે અહીં કેમ આવ્યા તેનો વિચાર કરો. તમે ગાડામાં બેસી તમારે ઘેરથી સ્ટેશને ગયા,

ત્યાં ટ્રેનમાં બેઠા, પછી ટ્રેન ચાલી, તે ટ્રેન અહીં પહોંચી, તમે આ સ્ટેશને ઊતર્યા, પછી ગાડામાં બેઠા અને હાલ અહીં બેઠા છો. હું તમને પૂછું છું ત્યારે તમે કહો છો, કે 'હું મારે ગામથી અહીં આવ્યો.' એ વાત સાચી છે? તમે તો જેવા હતા તેવા જ રહ્યા છો. ફક્ત વાહન અને ટ્રેન ચાલ્યાં છે. જેમ એ વાહનોના ચલનની ક્રિયા તમે ભૂલથી તમારી માની છે તેમ બીજી ક્રિયાઓ પણ તમે ભૂલથી તમારી માની બેઠા છો. તે ક્રિયાઓ તમારી નથી, ભગ-વાનની છે.' તે જિજ્ઞાસુએ પૂછ્યું, કે 'આવી નિષ્ક્રિય દશા રાખીએ તો મન શૂન્ય થઇ જાય અને વ્યવહારનું કાંઇ કામ થઇ શકે નહિ.' મહર્ષિએ કહ્યું : 'એવી નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરો અને પછી મને કહો કે કર્મ થઇ શકે છે કે નહિ.' ખરી રીતે શરીર છે ત્યાં સુધી કાંઇક કર્મ તો થશે જ, માત્ર 'હું કરું છું' એ ભાવ છોડવાનો છે. કર્મ નડતાં નથી પણ 'મેં કર્યું' એ ભાવ નડે છે.'

એક જિજ્ઞાસુએ પૂછ્યું, કે 'આત્માની શોધરૂપ સાધના ઘરમાં રહીને થઇ શકે કે ઘર છોડવાથી થઇ શકે?' મહર્ષિએ પૂછ્યું : 'તમે ઘરમાં છો કે ઘર તમારામાં છે? તમે તમારી જગ્યાએ રહો.' તે જિજ્ઞાસુએ કહ્યું : 'ત્યારે હું ઘરમાં રહી શકું છું.' મહર્ષિએ કહ્યું: તેનો અર્થ એવો નથી. મેં કહ્યું તેનો અર્થ એવો છે, કે તમે તમારા સ્વરૂપમાં રહો. તમે ઘરમાં નથી પણ ઘર અને આખું જગત તમારામાં છે. જે ગૃહસ્થાશ્રમી એમ માને છે, કે પોતે ગૃહસ્થાશ્રમી નથી, તે ઘરમાં રહેવા છતાં સંન્યાસી છે. જે માણસ ટ્રેનમાં ઊંઘી જાય છે, તેને ટ્રેનનું ચાલવું, ટ્રેનનું ઊભું રહેવું અને એન્જિનનું બદલાવું વગેરે બધું સરખું છે; તેવી જ રીતે જેની નિષ્ઠા આત્મામાં બરાબર થયેલી છે તેને માટે જગતમાં કંઇ બનતું નથી, કંઇ ઉત્પન્ન થતું નથી અને કંઇ નાશ પામતું નથી. જે કંઇ બને

છે તે આપણે પ્રમાતા થઈએ ત્યારે બનતું હોય તેવું જણાય છે, તે પોતાનું સ્વરૂપ નથી તેથી જ્ઞાની માટે કાંઈ બનતું નથી. હાલ સાપેક્ષવાદની રીતે પણ એમ સિદ્ધ કરી શકાય છે, કે બધા બનાવ સાપેક્ષ છે, એટલે દ્રષ્ટાના સંબંધવાળા છે. વાસ્તવમાં કંઈ બનતું નથી; કારણ કે જે દ્રષ્ટા પોતાથી જુદા દૃશ્યને જુએ છે તે પોતે પણ ખોટો છે.

જે આવું જ્ઞાન સમજી શકે નહિ તેમને માટે ભક્તિનો માર્ગ છે. ભક્તિમાર્ગમાં જીવ રહે છે પણ જીવની સત્તા રહેતી નથી. જ્ઞાનમાર્ગમાં જીવ લક્ષ્યાર્થમાં એકતા પામે છે. સામાન્ય અહંકારી જીવનું રૂપ એ મિથ્યા વસ્તુ છે. જે વિભક્ત છે તેને ભક્ત થવું જોઈએ. જે વિભક્ત નથી તેણે અવિભક્ત દશા સમજવાની છે. જ્ઞાની ભક્ત ભગવાનને પૂર્ણ પ્રેમ આપે છે. દ્વૈત ભાવનાવાળો ભક્ત થોડો પ્રેમ આપે છે. જ્યાં જીવ અને ઈશ્વરનો ભેદ જણાય છે, ત્યાં ભેદવાળો પ્રેમ રહે છે. જ્યારે બંને એક જણાય છે, ત્યારે પ્રેમ પણ અભેદવાળો, એકરૂપ રહે છે. તેથી જ ભગવાને ગીતામાં જ્ઞાની ભક્તને વખાણેલ છે. મહર્ષિ કહે છે, કે જો શરણભાવ પૂર્ણ થયો હોય, તો ભગવાને શું બનાવ્યું એ બાબત પૂછનાર ભક્ત કોણ બાકી રહેશે? જો ટ્રેન આપણો બધો સામાન લઈ જાય છે તો ટ્રેનમાં બેસી પોતાને માથે સામાનનો ભાર જે રાખે તે મૂર્ખ છે. ભગવાને જગતનો બધો ભાર પોતાને માટે રાખેલ છે, છતાં અજ્ઞાની માણસ પોતાને માથે કેટલોક ભાર રાખવા માગે છે.

એક જિજ્ઞાસુએ મહર્ષિને પૂછ્યું : 'મને સંસારની ચિંતા બહુ નડે છે અને કોઈ જગ્યાએ સુખ મળતું નથી.'

મહર્ષિએ પૂછ્યું : 'નિદ્રામાં તમને ચિંતાઓ નડે છે?'

જિજ્ઞાસુ—ના.

મહર્ષિએ કહ્યું : 'નિદ્રામાં જે તમે હતા તે જ હમણાં છો કે નહિ?'

જિજ્ઞાસુ—હા.

મહર્ષિએ કહ્યું : 'તેથી એમ સિદ્ધ થાય છે, કે ચિંતા એ તમારું સ્વરૂપ નથી. જેઓ મનને સાચું માને છે તેઓ મનને વશ કરી શકશે નહિ. જે દશામાં મન સાચું લાગે છે તે દશામાં ચોર પોલીસ બનીને બધાને છેતરે છે. તેથી મનનું સ્વરૂપ સમજી તે દૂર કરતાં આવડવું જોઈએ. લોકો મને પૂછે છે, કે 'મનને વશ શી રીતે કરવું?' તેનો જવાબ એ છે, કે 'મને મન બતાવો, મન એ વિચારોનું બંડલ છે. જે મન વિચારો ભેગા કરવાથી બનેલું છે, તે તેને વશ કરવાના વિચારથી શી રીતે જશે?' 'તેથી મનના મૂળને પકડો. આત્માનું અન્વેષણ કરો. મનને અંદર લઈ જશો તો બધા દુઃખનો અંત આવશે. જો જગત જીવની કલ્પનાથી ઉત્પન્ન થયું છે એમ લાગે તો કલ્પનાનો ત્યાગ કરવો પડશે. જો જગત ભગવાને બનાવેલું છે એમ લાગે તો જગતની જવાબદારી અને તમારી જવાબદારી તેને સોંપીને શરણ થઈ જાઓ.'

૧૧ : આર્યોની વિદ્યા અને પશ્ચિમના સંસ્કાર

જે પ્રજાની પાસે સત્તા હોય, પૈસો હોય પણ સાથે ધર્મ ન હોય તો સત્તા અને પૈસાનો સદુપયોગ કરતાં તેને આવડતું નથી. સત્તા અને પૈસાની સાથે પોતાની જવાબદારીનું ભાન હોવું જોઈએ. તે માટે ધાર્મિક શિક્ષણની જરૂર છે. એ બાબત ધ્યાનમાં રાખી આર્યોના ઋષિમુનિઓએ ધર્મને પહેલા પુરુષાર્થ તરીકે માનેલો છે. ધર્મ પ્રમાણે અર્થ અને કામ એ બે પુરુષાર્થ સિદ્ધ

થાય તો જ પ્રજા સંયમી અને નીતિવાળી રહી શકે. જ્યાં ધર્મની ભાવના સાથે ન હોય ત્યાં અર્થ અને કામ માણસને પશુ જેવા બનાવે દે છે. તેનો નમૂનો પશ્ચિમમાં થતી ઘાતકી લડાઈઓમાં પ્રત્યક્ષ જોવામાં આવે છે.

ખરું રાજ્ય તે જ કહેવાય કે જ્યાં ચોર ન હોય, કોઇ અસત્ય બોલે નહિ, કોઇ ભૂખે મરે નહિ, કોઇ દારૂ પીતો ન હોય, જ્યાં વ્યભિચાર થતો ન હોય, જ્યાં અવિદ્વાનં ન હોય અને કેળવણી એવા પ્રકારની હોય, કે દરેક માણસ પોતાની ફરજ બરાબર સમજી તે પ્રમાણે વર્તતા હોય. આવાં રાજ્યો પ્રાચીનકાળમાં હતાં. હવે આવું જીવન સ્વપ્નમાં પણ ઘણાને જણાતું નથી. હાલ ઘણે અંશે વેપારીઓ રાજા થઇ ગયા છે અને રાજાઓ વેપારી થઇ ગયા છે.

લગભગ ચારસો વર્ષ સુધી યુરોપની પ્રજાએ એશિયા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ઉત્તર અને દક્ષિણ અમેરિકા એમ પાંચે ખંડમાં આક્રમણ કર્યું. યુરોપના કોઇ દેશનો આ આક્રમણમાં વધારે હાથ હશે અને કોઇ દેશનો ઓછો હશે પણ તેમાં મૂળ સિદ્ધાંત એક જ હતો, કે જ્યાં આવે ત્યાં જ્યારે બને ત્યારે અને જેટલું બને તેટલું બીજાઓનું બળાત્કારથી લઇ લેવું અને તેમ કરવામાં સત્યનો, ધર્મનો અને ન્યાયનો કોઇ પણ દિવસ જરા પણ વિચાર ન રાખતાં, ગમે તેટલું અમાનુષી ઘાતકીપણું થાય તો પણ ગમે તેટલી નિર્દોષોની હિંસા થાય તો પણ પોતાનો જ સ્વાર્થ સંભાળવો. આવી સ્વાર્થી પ્રજાના સંસ્કારની સાથે આર્યોના સંસ્કારની સેળ-ભેળ થઇ અને તેનાથી આર્યોની વિદ્યાનું જોર નરમ પડવા લાગ્યું.

તો પણ ઋષિમુનિઓ આર્યોની વિદ્યાનાં મૂળ એટલાં ઊંડાં નાખી ગયા છે, કે તે વિદ્યાની અસર પશ્ચિમના દેશો ઉપર શરૂ

થઇ છે. કાંઇક અંશે સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, થિયો-સોફિકલ સોસાયટી, કવિવર ટાગોર, મહાત્મા ગાંધીજી, શ્રી રમણ મહર્ષિ, શ્રી અરવિંદ વગેરેના ધાર્મિક જીવનની અસર ત્યાં ફેલાઇ છે. તે ઉપરાંત આપણા દેશનાં ઉત્તમ પુસ્તકોના તરજુમા અંગ્રેજી ભાષામાં અને બીજી ભાષામાં થઇને પશ્ચિમમાં પહોંચ્યા છે. તેની અસરથી યુરોપમાં, મેક્સ મુલર, એડવર્ડ કાર્પેન્ટર, ડયુસન, શોપનહોર વગેરે સારા લેખકોને આધ્યાત્મિક પોષણ મળેલું છે. મેક્સ મુલર કહે છે, કે 'તે તું છો.' એ માણસના જ્ઞાનમાં ઊંચામાં ઊંચો અનુભવ છે. તે અનુભવ જુદાજુદા ધર્મોમાં જુદીજુદી રીતે સમજાવવામાં આવેલ છે. પણ હિંદુઓના ઉપનિષદોમાં તે જ્ઞાન જેવા જોરથી અને જેવી સ્પષ્ટતાથી આપવામાં આવેલું છે તેવું બીજા ધર્મોમાં જોવામાં આવતું નથી.

અમેરિકાના પ્રખ્યાત લેખક એમર્સન ગીતાનો તરજુમો હમેશાં ખિસ્સામાં રાખતા હતા અને ત્યાંના વિદ્વાનોને કહેતા, કે એ આપણી પૃથ્વી ઉપર સારામાં સારું પુસ્તક છે. ઉપનિષદોના સિદ્ધાંતો પણ ત્યાંના વિદ્વાનોની નજર આગળ પહોંચી ગયા છે. ત્યાંના બીજા લેખકો અને વિચારકો, થોરો, વીટમેન, હેન્રીડેવીડ, ઓલકોટ વગેરે આર્યોની વિદ્યાના અભ્યાસી બન્યા તેમ જ જીવાત્મા અને પરમાત્માનું સ્વરૂપ વધારે સ્પષ્ટ રીતે સમજવા લાગ્યા. તેઓને થયેલા થોડાક આધ્યાત્મિક અનુભવના જેવા અનુભવ તેમને ગીતા અને ઉપનિષદોમાં ઘણા પ્રમાણમાં જોવામાં આવ્યા. તેથી તેઓને આર્યોની વિદ્યા ઉપર મોહ થયો હતો.

અમેરિકન લેખક એમર્સન કહેતા, કે 'હું બ્રાહ્મણ છું, હું વેદધર્મ સમજી શકું છું તેથી હું જાણી શકું છું, કે માણસનાં કર્મ

ફેરવી શકાય તેવાં છે.' આવી ભાવનાથી ત્યાંના લોકો એમર્સનને 'બોસ્ટનનો બ્રાહ્મણ' કહેતા હતા. એમર્સને થોરોનું ધ્યાન હિંદુઓનાં શાસ્ત્રો તરફ વાળ્યું. થોરોને મનુસ્મૃતિ બહુ ગમતી હતી. રશિયન તત્ત્વવેત્તા ઉસ્પેન્સ્કીને પણ મનુસ્મૃતિ બહુ ગમે છે. સમાજની રચના ધર્મ પ્રમાણે કરવી હોય, તો તે બહુ ઉપયોગી પુસ્તક છે. થોરો એકાંતમાં રહી નિત્ય અને અનિત્ય વસ્તુઓની તુલના કરી જોતો. તે યોગીની માફક રહેતો હતો. તેના જીવનની કાંઈક અસર મહાત્મા ગાંધીજીના શરૂઆતના જીવન ઉપર પણ થયેલી છે.

બુદ્ધના જીવનનું પુસ્તક કે જે એડવીન આર્નોલ્ડે લખેલું છે તેની લગભગ ૮૦ આવૃત્તિઓ થયેલી છે. આવી રીતે યુરોપ અને અમેરિકામાં આર્યોની વિદ્યા ફેલાવા લાગી. કેટલાક પુરાવા ઉપરથી એમ પણ સાબિત કરી શકાય છે, કે જિસસ ક્રાઈસ્ટ નાની ઉંમરમાં અભ્યાસ માટે હિંદમાં આવ્યા હતા. મુસલમાન ધર્મમાં સૂફીઓનું સાહિત્ય જોતાં પણ તેમાં વેદાંતની છાયા જણાઈ આવે છે. આર્યોની પ્રજાનું સવારથી રાત સુધીનું કર્તવ્ય એવી રીતે યોજાયેલું હતું, કે તેમાંથી દેહનું અભિમાન ઓછું થતું હતું. દરેક પોતાની જવાબદારી સમજતા અને પરમાત્મા સાથે સંબંધ રાખી શકતા હતા. પણ હાલમાં જે કેળવણી અહીં આપવામાં આવે છે, તેમાં શરીર એ હું છું એ વાતનું સતત સ્મરણ વિદ્યાર્થીને રહે છે. એ પશ્ચિમના સંસ્કારની અસર છે. પશ્ચિમના સંસ્કાર જીવને અલ્પકાળના ભોગોમાં રમાડયા કરે છે અને મોહ પમાડયા કરે છે.

માણસના ટૂંકા જીવનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ સિદ્ધ થાય તેવી સમાજવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા અને ધર્મવ્યવસ્થા કરવી એ સહેલું કામ નથી. માણસ પોતાનાં પગરખાં

અને પાઘડી વચ્ચે સમાઈ જતો નથી. તેની અંદર જે જે શક્તિ, જ્ઞાન, પ્રેમ વગેરે રહેલાં છે તે માત્ર અર્થ અને કામ એ બે પુરુષાર્થથી ખીલતાં નથી.

સંસારનાં સુખ ઉપર જેમણે સફળતા મેળવેલી છે તેમણે આત્મા ઉપર સફળતા મેળવેલી છે એમ કહી શકાય નહિ. હાલના સુધારા માણસોને આત્મા તરફ વાળતા નથી. જ્યાં બીક વધે, ઈચ્છા વધે, સટ્ટો વધે, વ્યભિચાર વધે, ત્યાં જંગલીપણું વધે છે. આર્યોનું શિક્ષણ તો બ્રહ્મચર્યાવસ્થામાં જ પશુવૃત્તિને દાબવાનું કહે છે અને ગૃહસ્થાશ્રમમાં તેને નિયમિત બનાવવાનું કહે છે. જ્યાં સંયમ નથી ત્યાં બાળકો પણ સંયમવગરનાં અવતરે છે. કામી અને ક્રોધી માબાપનાં બાળકો કામી અને ક્રોધી થાય છે. હાલના કાળમાં ફેશન અને વિલાસીપણું વધી ગયું છે.

પશ્ચિમની વિદ્યામાં એમ માનવામાં આવેલું છે, કે તેમના બાપદાદા વાંદરા હતા. વળી તેમની કેળવણીમાં સુખ કેટલા પ્રકારનાં છે તેનો ચોખ્ખો વિચાર નથી. તેઓ પુનર્જન્મમાં માનતા નથી તેથી ચાર્વાકની પેઠે આ એક જ જન્મમાં ખાવુંપીવું, પરણવું, છોકરાંબચ્ચાં પેદા કરવાં અને પછી મરી જવું એટલું જ સમજે છે. જર્મનીમાં નીત્શેના શક્તિવાદે ઘણાના મન ઉપર અસર કરેલી છે પણ જ્ઞાનવગરની શક્તિ માણસોને પશુ બનાવે છે. એ બાબત ધ્યાનમાં રાખી આપણા દેશમાં જ્ઞાનીને (કે જે પહેલાના કાળમાં બ્રાહ્મણો કહેવાતા) સમાજમાં પહેલું પદ આપવામાં આવેલું છે.

ખરા ભક્તો પાસે, ખરા જ્ઞાની પુરુષો પાસે વિષયોનું સુખ હોતું નથી; છતાં તેઓ સંસારના સુખ કરતાં ઘણો વધારે આનંદ

લઇ શકે છે. તેઓ સમાજ પાસેથી ઓછામાં ઓછી સેવા લે છે અને વધારેમાં વધારે ઉપયોગી વસ્તુ (એટલે આત્મજ્ઞાન) આપે છે. માણસના વ્યવહાર માટે જરૂર પડતો પૈસો કમાવાની જરૂર છે પણ જો બધો વખત એ કામમાં ચાલ્યો જાય, તો મનુષ્યજીવનનું રહસ્ય સમજવાનો વખત મળતો નથી. પશ્ચિમની વિદ્યાકળામાં એ મોટો દોષ છે કે માણસને સારા વિચાર માટે ફુરસદ રહેવા દેતી નથી. વળી જેને ફુરસદ મળે છે તેમને જ્ઞાન આપે તેવા પુરુષો બહુ રહેલ નથી. ત્યાં હવે પોપની સત્તા તેઓના જીવન ઉપર ચાલતી નથી. તેથી ત્યાંના વિચારવાન માણસોની દૃષ્ટિ હિંદના મહાત્માઓ તરફ વળે છે. હિંદની હાલની પડતી દશામાં પણ ઉપનિષદમાં વર્ણવેલા છે તેવા ઋષિમુનિઓ હિંદમાં હોય અને કોઇ આત્મ- જ્ઞાનનો રસ્તો બતાવે તો ઠીક એવા હેતુથી પશ્ચિમના કેટલાક વિદ્વાનો અહીં આવી તેવા સંત પુરુષોને શોધે છે. કોઇ મહાત્મા ગાંધીજી પાસે જાય છે, કોઇ શ્રી અરવિંદ પાસે જાય છે અને કેટલાક શ્રી રમણ મહર્ષિ પાસે પણ આવે છે. આ પ્રકરણમાં મહર્ષિ પાસે સત્સંગ માટે આવેલા પશ્ચિમના કેટલાક માણસોની હકીકત મૂકેલી છે.

મહર્ષિની કીર્તિ અંગ્રેજી ભાષા જાણનાર લોકોમાં વધારે પ્રમાણમાં ડો. પોલ બ્રન્ટને ફેલાવી છે. આ અંગ્રેજ લેખક શ્રી રમણાશ્રમમાં ઘણો વખત રહેલા હતા. ધ્યાનમાં કેટલોક કાળ તેમણે ગાળેલો. અધ્યાત્મવિદ્યા ઉપર તેમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. તે પુસ્તકોનુ વેચાણ પણ આ દેશમાં અને બીજા દેશોમાં ઘણું થયું છે.

તેમને કેટલોક અનુભવ પણ થયો છે. પણ જેટલો અનુભવ થયો છે તે કરતાં તેમની સમજાવવાની પદ્ધતિ ઘણા અંગ્રેજી

જાણનારાને ફાવી ગયેલ છે. હાલના કેટલાક માણસો અંગ્રેજી ભાષાનો વધારે અભ્યાસ કરે છે. સંસ્કૃત ભાષાનો અભ્યાસ બહુ ઓછો થઇ ગયેલો છે, તેથી આત્મવિદ્યાનાં પુસ્તકો અંગ્રેજી ભાષામાં કોઇ બરાબર લખી શકે, તો વાંચનારને અનુકૂળ આવે છે. તે જ વિચારો સંસ્કૃત ભાષામાં બહુ સારી રીતે અનુભવી પુરુષો કહી ગયા હોય છે, છતાં સંસ્કૃત ભાષાનો પ્રચાર ઓછો થવાથી તે ભાષામાં આપેલું રહસ્ય હાલની પ્રજા પકડી શકતી નથી. અંગ્રેજો એક સાહસિક પ્રજા છે. વેપારને કારણે પણ તેઓ બધા દેશોના પ્રજાના સંસ્કારનો અભ્યાસ કરે છે. તેમનો દેશ જ એવો છે, કે જ્યાં પૂરતો ખોરાક ઉત્પન્ન થતો નથી. તેથી તેમના જીવન-નો મુખ્ય આધાર વેપાર ઉપર રહેલો છે. વેપારમાં સ્વાર્થ હમેશાં રહેલો હોય છે; તેથી તે પ્રજામાં નિઃસ્વાર્થતા અને નીતિ આવી શકતાં નથી; છતાં આપણા દેશના સંબંધમાં આવવાથી હવે તેમને તેમની ભૂલો જણાવા લાગી છે. તેથી તેઓ નીતિવાળો વેપાર કેમ રાખવો તેનો વિચાર કરે છે; પણ તેવો રસ્તો હજુ તેમને મળેલો નથી. હજુ સુધી તેઓએ પૈસાની અને શક્તિની પૂજા કરી છે, પણ હવે નીતિ અને ધર્મની પૂજા કરવી પડશે.

ડો. પોલ બ્રન્ટન એક પુસ્તકમાં લખે છે, કે પૂર્વના દેશોમાં અને પશ્ચિમના દેશોમાં જો કોઇએ બ્રહ્મનિષ્ઠા પ્રાપ્ત કરેલી હોય, તો તેમાં એક શ્રી રમણ મહર્ષિ છે. એ વાત તેમણે પોતાના અનુ-ભવથી સને ૧૯૩૧ માં લખેલી હતી. તે વખતે તે શ્રી રમણા-શ્રમમાં મહર્ષિની હાજરીમાં આત્માનો અનુભવ લેવા માટે આવ્યા હતા. તેમને પહેલીવાર આ આશ્રમમાં જે અસર થઇ તે બાબતમાં તેઓ લખે છે, કે 'શ્રી મહર્ષિ લોહચુંબકની પેઠે મારું આકર્ષણ કરી રહેલા હતા. મને ધ્યાન સારું લાગી ગયું હતું. મેં જે પ્રશ્નો

પૂછવાના લખી રાખ્યા હતા તે બધા દૂર થવા લાગ્યા, તેના ઉત્તર જાણે કે મને મળી જતા હોય તેવું લાગવા માંડયું, તે પૂછવાની જરૂર મને લાગી નહિ. મને લાગ્યું, કે શાંતિની એક નદી મારી પાસે વહી રહી છે, મારા હૃદયમાં નવો આનંદ જાગૃત થવા લાગ્યો, મારું મન કલ્પનાઓ છોડી કોઇ નવો આરામ લેવા લાગ્યું. મને લાગ્યું. કે બુદ્ધિ ખોટા પ્રશ્નો ઉત્પન્ન કરે છે અને પછી તેમાંથી નીકળી શકતી નથી.' આવી દશામાં તેમના બે કલાક ચાલ્યા ગયા. ફૂલ જેમ પાસે જનારને સહજ સુગંધ આપે છે, તેમ મહર્ષિની હાજરીમાં આત્માની સુગંધ તેમને મળવા લાગી. અમને પણ મહર્ષિની હાજરીમાં એવો અનુભવ થવા લાગ્યો હતો અને બીજા ઘણાને પણ એવો અનુભવ ત્યાં થાય છે. તે મહર્ષિની આત્મનિષ્ઠાનું પરિણામ છે.

બીજે દિવસે ડો. પોલ બ્રન્ટને મહર્ષિને કેટલાક પ્રશ્ન પૂછ્યાં હતાં. મહર્ષિએ તેના જવાબમાં કહ્યું, કે 'તમે કોણ છો? તેની તપાસ કરો. હું કોણ છું? એ પ્રશ્ન પોતાને પૂછી તેના મૂળમાં ઊંડા ઊતરો.' તે પછી તૈતરિય ઉપનિષદમાં જણાવેલા પાંચકોશથી અતીત થવાની રીત મહર્ષિએ તેમને સમજાવી. તે બાબતનું એક પુસ્તક 'સીક્રિટ પાથ' નામનું પોલ બ્રન્ટને પ્રસિદ્ધ કરેલું છે. તેમાં એ વિષય બહુ વિસ્તારથી તેમણે સમજાવેલો છે.

એક વખત પોલ બ્રન્ટને મહર્ષિને પૂછ્યું, કે 'યુરોપનું જીવન બહુ કઢંગું બનતું જાય છે. તેનું ભવિષ્ય આપને કેવું લાગે છે? હાલનો કાળ બહુ વિષમ લાગે છે.'

મહર્ષિએ કહ્યું—તમારે ભવિષ્ય જાણવાની શી જરૂર છે? તમે વર્તમાન જીવન પણ બરાબર જાણતા નથી. વર્તમાન જીવન બરાબર સમજશો તો ભવિષ્યની ફિકર રહેશે નહિ. જગત એક

સત્તાથી ચાલે છે, જેણે જગતને જીવન આપ્યું છે તેને ખબર છે, કે જગતને કયે વખતે શાની જરૂર છે. તેના ઉપર જગતનાં સુખદુ:ખનો આધાર છે, તમારા ઉપર નથી.

પોલે કહ્યું—જો આપણી આસપાસ આપણે નજર કરીએ. તો જગતમાં એટલું દુ:ખ જણાય છે, કે જો ભગવાન દયાળુ હોય તો આવું જગત રચે નહિ.

મહર્ષિ—એ વિષય તમારા આત્માની શોધ કર્યા વગર બરાબર સમજી શકાશે નહિ. દરેક માણસનો આત્મા સુખરૂપ છે, તેથી ભગવાને પક્ષપાત કરેલો નથી, પણ અહંકારથી જીવ પરિચ્છિન્ન ભાવમાં એટલે અલ્પ ભાવમાં આવે છે; તેથી તેનું સુખ પણ પરિચ્છિન્ન થાય છે. માણસ બીજું બધું શોધવાનો પ્રયત્ન કરે છે પણ પોતે કોણ છે તેની તપાસ કરતો નથી. તે બાબતમાં બીજા જે કહે તે સાચું માની લે છે. મોટામોટા રાજદ્વારી માણસો બીજાના ઉપર અમલ ચલાવવા અને બીજાને વશ કરવા ઇચ્છે છે પણ તે પોતાનું મન વશ કરી શકતા નથી. તેથી કોઇ દેશ જીતવા કરતાં મન જીતવું એ વધારે જરૂરી છે.

પોલ—મનને વશ કરવું એ ઘણું અઘરું કામ છે.

મહર્ષિ—તમે ધારો છો તેવું અઘરું નથી તમે કોણ છો એની બરાબર તપાસ કરશો તો મન શાંત થવા લાગશે. દરેક માણસ પોતાના સાચા સ્વરૂપે સચ્ચિદાનંદરૂપ છે.

પોલ—અમારા દેશના માણસો બહાદુરી માટે વખણાય છે, પણ મનુષ્યજીવનનું ખરું રહસ્ય સમજી શકતા નથી, તમે મને તે સમજાવી શકશો?

મહર્ષિ—તમે કહો છો કે મારે જ્ઞાન મેળવવું છે તો જેને જ્ઞાન

જોઇએ છે તે કોણ છે? તમે 'મને' શબ્દથી કોને ઓળખો છો?

પોતાના શરીર તરફ આંગળી રાખી પોલ બ્રન્ટને કહ્યું : 'હું આ છું કે જેનું નામ 'પોલ બ્રન્ટન છે.'

મહર્ષિ–તમે તેને બરાબર ઓળખો છો?

પોલ–જરૂર, આખી જિંદગી સુધી; 'હું તે છું' તે વિષે મને શંકા નથી.

મહર્ષિ–પણ એ તો તમારું શરીર છે, તમે તમને બરાબર જાણો તો તમને સત્ય મળશે.

પોલ–મારે શું કરવું? અને તેમાં કેટલો વખત લાગશે?

મહર્ષિ–કોલસાને સળગાવતાં વાર લાગે છે પણ દારૂ તરત સળગે છે. આત્માની દૃષ્ટિથી વખત નથી.

પોલ–મેં સાંભળેલ છે કે જો કોઇને આત્મજ્ઞાન મેળવવું હોય, તો તે માણસે એકાંતમાં કોઇ જંગલમાં અથવા કોઇ પર્વતની ગુફામાં રહેવા જવું જોઇએ. પણ અમારા દેશનું જીવન જુદા પ્રકારનું છે, અમે એવું એકાંત લઇ શકતા નથી.

મહર્ષિ–પ્રવૃત્તિ તદ્દન છોડવાની જરૂર નથી. દરરોજ એકબે કલાક ધ્યાન કરશો અને ધ્યાન બરાબર થશે, તો તમારી પ્રવૃત્તિની વચ્ચે પણ તમને ધ્યાનમાં મળેલ શાંતિનો અનુભવ ચાલુ રહેશે.

પોલ–આવા જંગલમાં મનને વશ રાખવું સહેલું છે, પણ શહેરોની ધમાલની વચ્ચે મનને વશ રાખવું એ બહુ મુશ્કેલ કામ છે.

મહર્ષિ–જ્યારે તમને સ્વરૂપનું જ્ઞાન થશે, ત્યારે એમ લાગશે કે જંગલ અને શહેર બંને સરખાં છે.

પોલ બ્રન્ટને મહર્ષિ પાસેથી જ્ઞાનનો લાભ ઠીક લીધો, તો પણ તેમને પૂરો નિશ્ચય થયો નહીં. નિશ્ચય થવા માટે જેવું જ્ઞાન હોય તેવું જીવન કરવું જોઇએ. જો જ્ઞાન પ્રમાણે જીવન ન થાય તો જીવન પ્રમાણે જ્ઞાન થઇ જાય છે. જ્યારે જ્ઞાન ટકતું નથી ત્યારે બીજાના જીવનમાં મન વધારે જાય છે. પોતાનું જીવન ઠીક કરવા માટે વખત રહેતો નથી અને પોતા સિવાય બીજા બધાને સુધારવાની ઇચ્છા થાય છે. એવી ઇચ્છા પોલ બ્રન્ટનના મનમાં થવા લાગી. તેમને એમ લાગ્યું, કે કરોડો લોકો કે જે અજ્ઞાનને માર્ગે જાય છે તેમને આગળ વધવા માટે કાંઇક સાધન બતાવવું જોઇએ. આ બાબત ઉપર બીજા કેટલાક મહાત્માઓ પણ વિચાર કરે છે; પણ હજુ ખરો રસ્તો કોઇને સૂઝ્યો નથી. તેનું ખરું કારણ એ છે, કે આપણા દેશમાં રાજ્યસત્તા અને ધર્મસત્તા વચ્ચે મેળ રહેલ નથી. લોકોમાં જેવા જ્ઞાનનો પ્રચાર કરવો હોય તે માટે રાજ્યસત્તાની મદદની જરૂર રહે છે. મહાત્માઓમાં જ્ઞાન સારું છે પણ તેમની પાસે સત્તા નથી. રાજ્ય કરનાર પાસે સત્તા છે પણ જ્ઞાન નથી; તેથી લોકો ખોટા સંસ્કારમાં તણાય છે. પ્રાચીનકાળમાં રાજ્ય કરનાર માણસ મહર્ષિ જેવા મહાત્માની આજ્ઞા પ્રમાણે રાજ્ય કરતા હતા અને તેઓ એવા મહાત્માઓને ઘણું માન આપતા હતા. હાલના કાળમાં જો કોઇ મહાત્મા સરકારની ભૂલો બતાવવાની હિંમત કરે તો તેમને માટે જેલ તૈયાર રાખવામાં આવી છે.*

તેથી ઊલટું ખ્રિસ્તી ધર્મના ધર્મગુરુઓને કરોડો રૂપિયાની મદદ તે ધર્મના શ્રીમંતો તરફથી મળે છે અને તેમની મદદથી

* આ લખાણ પછી સ્વરાજ મળી ગયું છે, છતાં હજુ સંસ્કાર ઠીક થયા નથી. સંસ્કાર માટે મહાત્માઓની સલાહની જરૂર પડશે.

તેઓ આ દેશના ઘણા માણસોને ખ્રિસ્તી બનાવે છે. આ બાબત ઉપર ભિક્ષુ અખંડાનંદજીએ ખાસ ધ્યાન ખેંચેલ છે.

પોલ બ્રન્ટનને એમ લાગ્યું, કે મહર્ષિ ઘણો વખત ધ્યાનમાં રહે છે. તે લોકોની વચ્ચે રહી લોકોનાં સુખદુઃખ જાણવાની મહેનત કરતા નથી; તેથી જો કે વ્યક્તિ માટે તે આત્માના અનુભવનો માર્ગ બતાવી શકે છે પણ સમાજ માટે તેમની પાસે કાંઈ ઉપાય નથી. સમાજનું ભલું કેમ થાય એ વિચારમાં પોલ બ્રન્ટન બહુ ગૂંચવણમાં પડી ગયા, એટલું જ નહિ પણ એ ચિંતામાં તેમને જે થોડું જ્ઞાન શ્રી રમણાશ્રમમાં મળ્યું હતું તેની અસર ઓછી થવા લાગી. તે બ્રહ્મવિદ્યા બરાબર પચાવી શક્યા નહિ; કારણ કે મહર્ષિ પાસેથી થોડોક અનુભવ મળ્યા પછી આત્માનો આનંદ લેવાને બદલે શરીરનો આનંદ લેવા માટે ઇંગ્લાંડ જઈને તે પરણ્યા. ફરીથી તેમને જ્ઞાન માટે તરસ લાગી એટલે પોતાનાં પત્ની સહિત પાછા રમણાશ્રમમાં કેટલોક વખત રહ્યા.

પોલ બ્રન્ટને પોતાના એક પુસ્તકમાં એમ પણ લખેલ છે, કે પરણવાથી આત્મજ્ઞાનને વિઘ્ન આવતું નથી. આર્યોની વિદ્યાનો નિશ્ચય જુદા પ્રકારનો છે. આપણાં શાસ્ત્રોમાં એમ જણાવેલું છે, કે જેને દેહનું સુખ જોઈએ છે તે આત્માનું સુખ લઈ શકતો નથી.

ઉપર જણાવ્યું તેમ પોલ બ્રન્ટને કેટલાંક પુસ્તકો લખ્યાં છે. તે પુસ્તકોમાંથી તેમને સારી કમાણી થવા લાગી અને લોકો પણ તેમનાં લખાણનાં વખાણ કરવા લાગ્યા. તેથી તેમને વધારે લખવાની ઇચ્છા થવા લાગી. તે માટે તેમણે આ દેશનાં ઉત્તમ શાસ્ત્રોનો અભ્યાસ પણ કરવા માંડયો. ખાસ કરીને તેમને અષ્ટાવક્રગીતા અને માંડુક્ય ઉપનિષદની કારિકા ઉપર બહુ પ્રેમ થયો.

તેમાં સમજાવેલ જ્ઞાનયોગ તેમને ગમ્યો. તેની સાથે સાપેક્ષવાદ(થિયરી ઓફ રેલેટિવિટી)ની તુલના કરી તેમણે બે મોટાં પુસ્તક લખ્યાં. એ પુસ્તકમાં તેમણે લખ્યું, કે માંડુક્યની કારિકાનો અને પશ્ચિમના સાપેક્ષવાદનો અભ્યાસ જો બરાબર કરવામાં આવે તો મહર્ષિના સિદ્ધાંતથી પણ આગળ વધી શકાય. તેમાં લખ્યું છે, કે એવા મહાત્માઓ કોઈ દેશમાં નથી કે જેઓએ એ બંનેનો અભ્યાસ કરેલ હોય. એ બાબત અમારા વાંચવામાં આવી એટલે અમે તેમને લખ્યું, કે એવા સંતપુરુષો આ દેશમાં છે. વળી મહર્ષિ પણ એ બંને બાબત સારી રીતે જાણે છે.

પણ જેવી રીતે મહર્ષિ રહે છે તેવું જીવન પોલ બ્રન્ટનનું ન હોવાથી તેમના મનમાં વ્યવહાર અને પરમાર્થને એક કરવાના વિચાર બહુ આવતા હતા. એ મુશ્કેલી હાલના કાળમાં ઘણાને લાગે છે. વ્યવહાર ઉપર બહુ જોર દેવાથી દ્વૈતભાવ આવ્યા વગર રહેતો નથી અને પરમાર્થ ઉપર બહુ જોર દેવાથી કેવળ અદ્વૈતભાવ રહે છે; તેથી વ્યવહાર તરફ કાંઈક બેદરકારી આવી જાય છે. આ કારણને લઈને હિંદુઓએ કોઈ બીજો દેશ જીતવાની મહેનત કરેલી નથી.

ડો. પોલ બ્રન્ટને વ્યવહાર ઉપર બહુ લક્ષ રાખ્યું તેથી તેમનાં છેલ્લાં બે પુસ્તકોમાં કેટલીક ભૂલો રહી ગયેલી છે. માંડુક્ય ઉપનિષદની કારિકામાં અજાતવાદ સિદ્ધ કરેલો છે; છતાં તેમણે તેમનાં છેલ્લાં બે પુસ્તકોમાં ઉત્પત્તિવાદ સ્વીકારેલો છે. વળી જગતની ઉત્પત્તિનું બીજું કારણ ન મળવાથી જગત બ્રહ્માની કલ્પનામાંથી નીકળેલું છે એમ તેઓ માની બેઠા છે. જેમ જીવનું સ્વપ્ન જીવની કલ્પનામાં છે તેમ જગત બ્રહ્માના સ્વપ્નમાં છે એમ તે માને છે. સાપેક્ષવાદની દૃષ્ટિથી જોઈએ તો જગતમાં

સમાનકાળ નથી, તેથી ઉત્પત્તિ બનતી નથી. માંડુક્ય ઉપનિષદમાં પણ ઉત્પત્તિ માનેલી નથી. તેથી જગતનું અસ્તિત્વ સિદ્ધ થતું નથી અને તેની ઉત્પત્તિ માટે બ્રહ્માની કલ્પના કરવાની જરૂર નથી. ઉત્પત્તિવાદ એ શરૂઆતની સાધના કરનાર માટે શાસ્ત્રોમાં માનેલો છે. કોઇ ઘર જોઇને એમ અનુમાન કરે, કે તે ઘરને બનાવનાર કડિયો જરૂર હોવો જોઇએ, તેવી જ રીતે જગતને જોઇને સામાન્ય માણસ એવો વિચાર કરે છે કે તેને બનાવનાર કોઇ બ્રહ્મા કે કોઇ ઈશ્વર હોવો જોઇએ; ત્યાં સુધીનો વિચાર ખોટો નથી. પછી ઈશ્વર કોણ? એની તપાસ કરવાની ઇચ્છા થાય છે. તેનો વિચાર કરતાં એમ જાણવામાં આવે છે, કે ઈશ્વર સિવાય બીજું કાંઇ નહોતું અને હાલ પણ નથી. તેથી કાંઇ ઉત્પન્ન થયું નથી, કાંઇ નવું બન્યું નથી, કાંઇ નવું બનતું નથી અને નવું બનશે નહિ; પણ એવો અજાતવાદ માત્ર આગળ વધેલા સમજી શકે છે. જે માણસો રોજ કાંઇ ને કાંઇ ઉત્પન્ન કરતા હોય, જેનું કુટુંબ વધતું જતું હોય તેઓ અજાતવાદ સમજી શકતા નથી.

બીજી ભૂલ પોલ બ્રન્ટને એવી કરેલી છે, કે સ્વપ્નું જો કે દરેક વ્યક્તિનું જુદુંજુદું હોય છે; છતાં જાગૃત અવસ્થાનું જગત સૌને સરખું લાગે છે. એ વાત પણ સાચી નથી. જાગૃત અવસ્થાનું જગત સૌને સરખું લાગતું નથી. બાળકનું જગત અને સ્ત્રીઓનું જગત સરખું નથી. એક જ સ્ત્રી કોઇને બહેન લાગે છે, કોઇને દીકરી લાગે છે, કોઇને મા લાગે છે. કોઇને મામી, કાકી કે ફોઇ લાગે છે અને કોઇને પત્ની લાગે છે. પુરુષોનું જગત પણ સરખું નથી. ઘોડો, ગાય, મોર, ઉંદર વગેરે આપણા જગતને નવી રીતે જુએ છે. સાપેક્ષવાદના ગણિતથી પણ હવે એમ સિદ્ધ થઇ શકે છે, કે જાગૃતનું જગત પણ સમાન નથી. એ સાપેક્ષવાદ

આપણા દેશમાં હજુ બહુ જાણીતો થયો નથી. તેથી તે માટે એક અંગ્રેજી પુસ્તક 'માયા' નામનું અમે પ્રસિદ્ધ કરેલું છે.* અને તે પુસ્તકનું ગુજરાતી ભાષાંતર 'કાળની ગતિ' એ નામના પુસ્તકમાં દાખલ કરેલું છે.+

આ વિષય ઉપર બીજું પુસ્તક 'વિજ્ઞાન અને માયા' હાલમાં અમદાવાદમાં સંદેશ કાર્યાલયમાં છપાય છે.

જેમ હાથીને અથવા માણસને સ્વપ્નમાં વાઘ દેખાય તો તેની બીકથી તે જાગી જાય છે. તેમ ખોટી માયાથી પણ કોઇ કોઇ જીવ સ્વરૂપમાં જાગે છે. તે સ્વરૂપમાં જાગે છે ત્યારે તેને ખબર પડે છે, કે પોતે તે રૂપે પહેલાંથી જ હતો. તે વખતે ત્રિપુટીનો લય થાય છે એટલે દ્રષ્ટા, દર્શન કે દૃશ્ય જેવું રહેતું નથી. પછી શરીરનું પ્રારબ્ધ રહે છે. તે પણ બહાર જતા મનની દૃષ્ટિએ છે. જેમની દૃષ્ટિ અંતર્મુખ થયેલી છે તેમને માટે પ્રારબ્ધ નથી. એવી દશામાં આવરણ આવતું નથી અને સહજ નિર્વિકલ્પ સ્થિતિ રહે છે. નિદ્રામાં જેમ જ્ઞાન કે અજ્ઞાન નથી તેમ તેવી દશામાં વૃત્તિની જરૂર રહેતી નથી; ત્રિપુટી વગરના જ્ઞાનને સ્વરૂપજ્ઞાન અથવા જ્ઞાનસ્વરૂપ કહે છે. બીજી વસ્તુઓનું જ્ઞાન એ અજ્ઞાન છે.

એક જિજ્ઞાસુ કહેતા હતા, કે જ્ઞેયવગરનું જ્ઞાન બની શકે જ નહિ અને મહર્ષિ જ્ઞેય વગરના જ્ઞાનની વાત કરે છે તે સમજાતું નથી. અમે તેમને કહ્યું કે જે દશાનું જે જ્ઞાન હોય તે જ્ઞાન તે

* મળવાનું ઠેકાણું:–'ઉત્થાન' કાર્યાલય, ગોયાગેટ, મકરપુરા રોડ, વડોદરા.

+ મળવાનું ઠેકાણું:–ભક્તિમાર્ગ કાર્યાલય, પોસ્ટ બોક્સ નં. ૬, અમદાવાદ.

દશામાં આવ્યા વગર જાણી શકાશે નહિ. વૃત્તિવગરની દશા વૃત્તિ-વાળી દશાથી સમજી શકાશે નહિ.

મહર્ષિ કહે છે, કે ટ્રેનમાં સૂઇ ગયેલ માણસને સ્ટેશન આવ્યાં કે ગયાં કે એન્જિન બદલ્યાં કે પેસેન્જરો આવ્યા કે ગયા તેની ખબર રહેતી નથી. તેમ જ્ઞાની પુરુષોને જગતના બનાવો અસર કરતા નથી. કોઇ માણસને ૩ સ્ત્રી હોય, જ્યારે તે માણસ મરી જાય ત્યારે એ ત્રણે વિધવા થાય છે, તેમ જ્ઞાની પુરુષોનાં સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ જતાં રહે છે. એ ત્રણે કર્મનો ધણી પ્રમાતા છે, તેનો જ્ઞાનથી અભાવ થવાથી એ ત્રણે કર્મ બળી જાય છે. બધા બનાવ સાપેક્ષ છે અને ખોટા પ્રમાતાનાં પ્રમાણ સાથે રહેલા છે. જે બનાવ આપણા જ્ઞાનમાં નથી તે આપણે માટે બનતો નથી. તેથી કોઇ બનાવને સ્વતંત્ર સત્તા નથી.

પોલ બ્રન્ટનનાં પુસ્તકોથી પશ્ચિમના લોકોને હિંદની આધ્યા-ત્મિક સંસ્કૃતિનો પરિચય સારી રીતે થયેલો છે અને આપણા દેશના લોકોને પશ્ચિમમાં થયેલી સાપેક્ષવાદની નવી શોધનું રહસ્ય વધારે સરળતાથી જાણવા મળ્યું છે. એ બે કામ માટે પોલ બ્રન્ટનને ધન્યવાદ આપવો ઘટે છે, છતાં પશ્ચિમના સંસ્કારની કાંઇક અસર તેમના લખાણમાં જોઇ શકાય છે.

પોલ બ્રન્ટને પોતાનાં છેલ્લાં પુસ્તકોમાં કાંઇ ભૂલ હોય તો તે બતાવવા માટે અમને લખ્યું, તેથી અમારે તેમની સાથે કેટલોક પત્રવ્યવહાર થયો હતો. તેમાં આખા જગત ઉપર શાંતિ જાળવવા માટે બધા દેશોનું એક રાજ્ય થાય તો ઠીક એ પ્રશ્નની ચર્ચા પણ ચાલી હતી. તેમનો મત એવો છે, કે એવું રાજ્ય ભવિષ્યમાં થવાનો સંભવ છે; પણ હાલમાં યુરોપ અને અમેરિકામાં તે મતની વિરુદ્ધ

મત બહુ છે. અમે તેમને લખ્યું, કે અમેરિકન લેખક વીલ્કીના 'એક જગત'ના પુસ્તકની લાખો નકલ ખપી ગઇ છે. તે એક રાજ્યની તરફ પ્રજાનું વલણ બતાવે છે.

પશ્ચિમના સંસ્કારોએ આધ્યાત્મિક બાબતમાં આપણને જો કાંઇ પણ ખરી મદદ કરી હોય, તો તે પ્રો. આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદની શોધ છે. જો કે તે શોધ આધિભૌતિક વિજ્ઞાનમાં કરેલી છે તો પણ આધ્યાત્મિક માર્ગમાં તે બહુ ઉપયોગી થઇ પડેલ છે.

સાપેક્ષવાદ(થિયરી ઓફ રેલેટિવિટી)ની બાબતમાં પોલ બ્રન્ટન લખે છે તે મત જ્યારે બહુ ફેલાશે, ત્યારે માયાનું ખરું રહસ્ય જાણવામાં બહુ સગવડ પડશે. અમને પણ એ વાત સાચી લાગે છે.

આ જગત કોણે બનાવેલું છે તે બાબતમાં અમે તેમને લખી સમજાવ્યું હતું, કે સાપેક્ષવાદ એક સમાન કાળને રદ કરે છે અને જગતની ઉત્પત્તિ માટે સમાન કાળની જરૂર છે; તેથી જગતની ઉત્પત્તિ બની શકતી નથી. એ બાબત હાલ યુરોપના નવા વિચારક રસેલ અને જેન્ટીલે પણ સાપેક્ષવાદની મદદથી પોતાનાં પુસ્તકોમાં સમજાવેલી છે.

જગતની ઉત્પત્તિ થઇ છે કે નહિ તે બાબત અમારે શ્રીરામ-કૃષ્ણ મિશનના એક વિદ્વાન સંન્યાસી સાથે થોડા વખત પહેલાં વાતચીત થઇ હતી. તેમણે સાપેક્ષવાદનો પણ સારો અભ્યાસ કરેલો છે. તેમણે પણ અમને એવો જવાબ આપ્યો, કે હાલના સાપેક્ષવાદના વિજ્ઞાનથી એમ નક્કી કરી શકાય છે, કે જગત ઉત્પન્ન થયું નથી. આર્યોની વિદ્યામાં પણ એમ માનેલું છે કે જે

અનુભવનો બીજી ભૂમિકામાં બાધ થાય તે અનુભવ પહેલી ભૂમિકામાં પણ સાચો નથી. જાગૃત અવસ્થાના જગતનો સુષુપ્તિમાં બાધ થાય છે તેથી જાગૃત અવસ્થામાં પણ જગત સાચું નથી. જે વસ્તુનો કદાપિ બાધ ન થાય તેને જ સાચી વસ્તુ કહે છે; પણ જે માણસો અહંકારથી સંસારના કામમાં બહુ રચીપચી રહેલા હોય તેમને આ સિદ્ધાંત સમજવામાં આવે તેવો નથી. માયામાંથી નીકળવા માટે તેઓ માટે ભગવાનના અનુગ્રહની જરૂર છે. જ્યારે ભાન થાય છે ત્યારે જીવાત્મા અને પરમાત્મા જુદા રહી શકતા નથી અને જગત પણ જુદું રહી શકતું નથી.

પોલ બ્રન્ટને તેમનાં છેલ્લાં પુસ્તકોમાં લખેલું છે, કે જે માણસ સ્વપ્ન જુએ છે, જે તેમાં ભાગ લે છે, જે સ્વપ્નું ઉત્પન્ન કરે છે તે એક જ પુરુષ છે. તે વાત પણ સાચી નથી. જે સ્વપ્નું ભોગવે છે અને જે સ્વપ્નું જુએ છે તે જુદા છે. જો જોનાર સ્વપ્નની ક્રિયામાં લેપાઇ જાય, તો જોનાર રહે નહિ અને સ્વપ્નું યાદ આવે નહિ.

તેમણે એક પુસ્તકમાં લખેલું છે, કે એક પરમાત્માએ પોતામાંથી અનેક રૂપ કરેલાં છે. અમે તેમને જવાબ આપ્યો હતો, કે જો કે ઉપનિષદમાં એવી શ્રુતિ છે છતાં તે શરૂઆતના સાધકને સમજાવવા માટે છે. આગળ વધેલા માટે અનેક દેખાતા નથી. મહર્ષિનો પણ એ મત છે.

બીજી એક જગ્યાએ તેમણે લખેલું છે, કે જીવાત્માને પરમાત્મા સાથે પરણાવવો જોઇએ. તેના જવાબમાં અમે તેમને લખેલું હતું, કે જ્યાં બે જુદા હોય ત્યાં તેમને પરણાવવાની જરૂર પડે છે. જ્યાં જુદાઇ લાગતી નથી ત્યાં ભેદ પડતો નથી તેથી વિવાહની જરૂર પડતી નથી.

આ બાબત બ્રહ્મસૂત્ર ઉપર ભામતીની ટીકામાં સ્પષ્ટ કરેલી છે. ત્યાં શ્રીવાચસ્પતિ મિશ્ર લખે છે, કે **न वयं अभेदं साधयामः किन्तु भेदं प्रतिषेधयामः ।** એટલે અમે અભેદ સાધતા નથી પણ ભેદનો નિષેધ કરીએ છીએ. તેનો અર્થ એમ છે કે સગુણ બ્રહ્મ ભેદ મટાડી અભેદ કરે છે, નિર્ગુણ બ્રહ્મ ભેદનો નિષેધ કરે છે; મૂળ વસ્તુ ભેદને સહન કરતી નથી. ખરા પ્રેમી પણ ભેદને સહન કરતા નથી. સ્ત્રી પતિનું નામ લેતી નથી, પતિ સ્ત્રીનું નામ લેતો નથી; કારણ કે બંને અભિન્ન છે. તે કારણને લઇને રાધાજીનું નામ પણ શ્રીમદ્ભાગવતમાં નથી. એ ભગવાનની અભિન્ન શક્તિ છે.

પોલ બ્રન્ટન તેમના પુસ્તકમાં લખે છે, કે 'જાગૃત અવસ્થાનું જગત વર્તમાન દશામાં અનુભવમાં આવે છે, સ્વપ્નું થઇ ગયા પછી તે ભૂતકાળના અનુભવ રૂપે યાદ આવે છે.' તે બાબતમાં અમે તેમને લખ્યું હતું, કે કોઇવાર એક સ્વપ્નની અંદર બીજું સ્વપ્ન આવે છે, ત્યારે પહેલા સ્વપ્નમાં એમ લાગે છે, કે હું (બીજા) સ્વપ્નમાંથી જાગ્યો અને મારું સ્વપ્ન પૂરું થયું; છતાં તે જાગૃત અવસ્થા પહેલા સ્વપ્નની અંદર છે. ત્યાં ભૂતકાળ અને વર્તમાનકાળ બંને ખોટા છે.

તેમણે એમ પણ લખેલું છે, કે જાગૃત જો કે સ્વપ્ન જેવું છે પણ જાગૃત વધારે વખત ટકે છે. તે વાત પણ સાચી નથી. જાગૃત અવસ્થામાં જ્ઞાન થાય તો જાગૃત પણ સ્વપ્નની માફક તરત બાધ પામે છે.

જેમ પોલ બ્રન્ટને શ્રી રમણાશ્રમમાં રહી મહર્ષિ પાસેથી આધ્યાત્મિક લાભ મેળવ્યો, તેમ બીજા પણ યુરોપિયન, અમેરિકન, ફ્રેન્ચ, જર્મન વગેરે પણ મહર્ષિ પાસેથી આધ્યાત્મિક લાભ મેળવી

શક્યા છે. એક મેજર ચેડવીક તો પોતાનું નાનું મકાન બાંધી મહર્ષિના શિષ્ય તરીકે ત્યાં કાયમ રહે છે.

અમે મેજર ચેડવીકને પૂછ્યું, કે આવા આશ્રમો યુરોપ અને અમેરિકામાં ઘણા હોય અને ત્યાં આધ્યાત્મિક ઉપદેશ આપવામાં આવતો હોય, તો ત્યાંનું વાતાવરણ ઘણું આધ્યાત્મિક રહે, રાગદ્વેષ ઓછો થઇ જાય અને લડાઈઓ કાયમ માટે અટકી જાય, તેના જવાબમાં તેમણે કહ્યું, કે 'હાલ કળિયુગ ચાલે છે, આવા કાળમાં એવા સાત્ત્વિક વાતાવરણની આશા રાખી શકાય તેવું નથી.'

શ્રી મહર્ષિ ૫૦ વર્ષ સુધી અરુણાચળ પર્વત પાસે રહ્યા. તેના સ્મરણમાં તે તારીખે એટલે ૧–૯–૧૯૪૬ના રોજ એક સુવર્ણ-જયંતી પુસ્તક પ્રસિદ્ધ થયેલ છે; તેમાં મેજર ચેડવીક મહર્ષિ માટે લખે છે, કે–

૫૦ વર્ષ એ ઘણો લાંબો સમય છે. તે ૫૦ વર્ષમાં માણસનો ઈતિહાસ કેટલો ફરી ગયો છે? માણસની કલ્પનામાં પણ ન હોય તેવા બનાવ એ ૫૦ વર્ષની અંદર બન્યા છે; છતાં મહર્ષિ ઉપર તે બનાવોની કાંઇ અસર થઇ નથી. તે જાણે કે તે બનાવો વિશે તદ્દન અજ્ઞાની હોય તેવું જણાય છે. ઘણીવાર મહર્ષિ કહે છે, કે એ કાળ તો વીજળીના ચમકારાની માફક જતો રહ્યો છે.+ મહર્ષિના જીવનના બનાવ ગણીએ તો ખોરાકમાં અને રહેવાના સ્થળમાં થોડોક ફેરફાર, થોડાક અદેખા સાધુઓ તરફથી થયેલ કનડગત. બસ એટલામાં તેમના જીવનના બહારના મુખ્ય બનાવ સમામ થાય છે; છતાં તેમની ખ્યાતિ બધા દેશોમાં પ્રસરી ગયેલ છે.

+ હાલના સાપેક્ષવાદના વિજ્ઞાનવાળા પણ ગણિતથી એમ સિદ્ધ કરે છે, કે જ્યાં બનાવ બનતા નથી, ત્યાં કાળ ઉત્પન્ન થતો નથી. ઊંઘમાં કોઇ બનાવ (event) નથી તેથી ઊંઘમાં કાળની ખબર પડતી નથી.

તે ગરીબ સ્થિતિમાં ગરીબને ઘેર જન્મ્યા છે, છતાં અત્યારે ધનાઢય લોકો પોતાની બધી લક્ષ્મી તેમને ચરણે ધરવા તૈયાર છે. તેમનું કુટુંબ બહુ રૂઢિચુસ્ત હોવાથી કોઇ પરદેશી માણસ તેમને ઘેર જઇ શકતો નહોતો. હાલમાં તેમની પાસે પરદેશી માણસો અને અવર્ણવાળા પણ બેસી જમી શકે છે. તેમની પાસે કોઇ પ્રકારનો ભેદ નથી. તેમની પાસે બધા જઇ શકે છે.

તેમના જ્ઞાનમાં ચડતી ઊતરતી ભૂમિકા થઇ નથી. તેમના ભાઇના ઘરમાં ૫૦ વર્ષ પહેલાં તેમણે અહંકાર વગરની આત્મિક દશાનો જે અનુભવ લીધો હતો તે અને છેવટનો અનુભવ પણ એવો જ છે. તેઓ કહે છે, કે મારે માટે કાંઇ બન્યું નથી, હું તો જેવો હતો તેવો છું. અહંકાર ગયા પછી જીવ પોતાને સ્વરૂપે જ રહે છે. પછી જગત પણ રહેતું નથી. જગત એ માત્ર અહંકારની કલ્પના છે, માત્ર એક જાતનો પડછાયો છે. સંસારી માણસો માટે અહંકારી જીવન એ જ સર્વસ્વ છે અને જ્ઞાની માટે એ કાંઇ નથી, તેથી ખરું કામ તો અજ્ઞાન દૂર કરવાનું છે; પછી જેમ સ્વરૂપ છે તે રૂપે રહેવાનું છે. પણ એ સહેલું કામ છે કે અઘરું કામ છે, તેનો આધાર અંતઃકરણમાં કેટલો કચરો છે તે ઉપર છે. મહર્ષિનો ઉપદેશ નવો નથી. માંડુક્ય ઉપનિષદમાં એ બધું આપેલું છે. ખરું રહસ્ય મહર્ષિના જીવનમાં છે; એટલે તેઓ જે સમજાવે છે તેવું તેમનું જીવન છે. એ વાત આશ્ચર્યકારક છે, કારણ કે ઘણા સાધુઓ જે પ્રમાણે સમજાવે છે, તે પ્રમાણે રહેતા નથી અથવા રહી શકતા નથી. અહીં ચોક્કસ સારી દશા નજરે પડે છે. તેની હાજરીમાં આપણા પ્રશ્નોના ખુલાસા આપોઆપ મળી જાય છે.

મહર્ષિનું કહેવું એમ છે, કે માત્ર એક જ દૃષ્ટિ સાચી છે અને તે બ્રહ્મદૃષ્ટિ છે.

આરકોટ ડિસ્ટ્રિક્ટ પોલીસ ખાતામાં એક હંફ્રીઝ નામના અંગ્રેજ ઇન્સ્પેક્ટર હતા. તેમને કોઇ મહાત્માને મળવાની ઇચ્છા થવાથી અને કોઇએ મહર્ષિનું નામ આપવાથી તેમના સત્સંગ માટે તે તિરુવન્નમલઇ આવ્યા હતા અને ત્યાં કેટલોક વખત રહી આત્માનો અનુભવ લીધો હતો. પોલ બ્રન્ટનની પહેલાં તે આવ્યા હતા. તેમણે પોલ બ્રન્ટનને મહર્ષિની ઓળખાણ આપી હતી. હંફ્રીઝે એક વખત મહર્ષિને નીચે પ્રમાણે પ્રશ્ન પૂછ્યા હતા:-

હં—આપણે જગતને મદદ કરી સુધારી શકીએ કે નહિ?

મ—પહેલાં તમને સુધારો, પછી જગતને મદદ આપી શકાશે.

હં—મારે જગતનું કલ્યાણ કરવું છે.

મ—તમારું કલ્યાણ કરવાથી જગતનું કલ્યાણ થઇ જશે. તમે જગતમાં છો, તમે જ જગત છો, તમે જગતથી જુદા નથી, જગત તમારાથી જુદું નથી. દૃશ્ય તથા દર્શન તરફ ધ્યાન ન આપો પણ જે દ્રષ્ટા જગતને જુએ છે તેને ઠીક કરો. તે બધા કારણનું કારણ છે. તેનો અનુભવ થયા પછી જે દેખાશે તે જગત તરીકે રહેશે નહિ પણ ભગવાન તરીકે દેખાશે. મન અને ઇંદ્રિયોથી જગત દેખાય છે. બહેરાને કાંઇ સંભળાતું નથી, આંધળાને કાંઇ દેખાતું નથી. આપણી માન્યતા જગત ઉપરથી હઠાવી લઇએ, તો જગત દેખાશે નહિ.

હાલના કાળમાં ઘણા માણસોને લોકોનું કલ્યાણ કરવાની ઇચ્છા કેમ થાય છે? આગળનો ઇતિહાસ જોતાં એ વૃત્તિ આટલી બધી જોવામાં આવતી નથી. તેનું કારણ એમ માની શકાય છે, કે હાલ વેપારીઓનાં રાજ્ય હોવાથી સ્વાર્થ અને અનીતિ વધી ગયેલાં છે. પહેલાંના કાળમાં તેમનું એટલું જોર નહોતું. વળી સંચાની

શોધ થયા પછી વેપારીઓને ધન વધારવાની વધારે સગવડ થઇ ગયેલી છે, તેની સાથે માણસો પણ સંચા જેવા થવા લાગ્યા છે. તેથી સુધારા ઉપર સુધારા કરવા પડે છે અને તે સુધારાનો અંત જણાતો નથી.

ગ્રાંટ ડફ નામના એક અંગ્રેજ પણ રમણાશ્રમમાં આવી રહેલા હતા. મહર્ષિનાં એકબે અંગ્રેજી પુસ્તકોની તેમણે પ્રસ્તાવના લખેલી છે, તે કહે છે, કે અમે પશ્ચિમના લોકો જ્યારે આત્માને માર્ગે ચડીએ છીએ, ત્યારે મનની ક્રિયાને છેવટની ક્રિયા સમજીએ છીએ. અમારા દેશમાં કોઇ કોઇ મહાત્માઓએ મનની ઉપરના પ્રદેશનો અનુભવ લીધેલો છે, પણ તેમની ભાષા અમને સમજાતી નથી. એ મુશ્કેલીનું એક કારણ એ છે, કે આત્માનો અનુભવ લીધા પછી મનનો નાશ થવો જોઇએ. તે નાશ થયા પછી અમને કાંઇ સૂઝ્યું નથી. હિંદના મહાત્માઓ આગળનો રસ્તો ચોખ્ખો કરી બતાવે છે અને છેવટના અનુભવ સુધી પહોંચાડી દે છે.

એક વખત એક જોઇસ હિર્ડિંગ નામની ફ્રેંચ બાઇ રમણાશ્રમમાં સત્સંગ માટે આવી હતી. તેણે મદ્રાસના 'સન્ડે ટાઇમ્સ'માં મહર્ષિના સિદ્ધાંત બાબત એક સારો લેખ પ્રસિદ્ધ કરેલો છે. તે એક નાના પુસ્તકના રૂપમાં પ્રસિદ્ધ થયેલો છે. મહર્ષિનો સિદ્ધાંત સાપેક્ષવાદ સાથે મેળવી તે બાઇ લખે છે, કે "દ્વૈતદૃષ્ટિ એ કેવળ ભ્રાંતિ છે. સ્વપ્નમાં આપણે ઘણાં રૂપ જોઇએ છીએ, છતાં આપણે તેમાંથી એક આપણું રૂપ માનીએ છીએ. ખરી રીતે આખા સ્વપ્નને આપણે બનાવીએ છીએ, તેથી તેમાં દેખાતાં બધાં રૂપ આપણાં છે. વળી આપણે બધાં રૂપને તે વખતે સાચાં માનીએ છીએ અને એકબીજાથી જુદાં માનીએ છીએ. પોતાને પણ એક જુદા જીવ તરીકે માની લઇએ છીએ. એવી ભૂલ જાગૃતમાં પણ

છે. ખરી રીતે જાગૃતમાં પણ ભેદ નથી અને બધાં રૂપ આપણી કલ્પનામાં છે અથવા આપણાથી અભિન્ન છે.'

તેમણે લખેલા નાના પુસ્તકમાં મહર્ષિનું એક વાક્ય તે બાઈએ મૂકેલું છે. તેમાં મહર્ષિ કહે છે, કે સ્વપ્નમાંથી જાગેલા માણસને સ્વપ્નના માણસોને મદદ કરવાની ઈચ્છા થતી નથી. તેવી જ રીતે બ્રહ્મદશામાં આવેલા માણસને પણ બીજાને મદદ કરવાની ઈચ્છા થતી નથી. બીજાને મદદ કરવાના વિચારમાં જ આપણે દ્વૈતની ભાવના ખડી કરીએ છીએ. જ્ઞાની પુરુષ બીજાને મદદ કરે છે પણ મદદ કરવાના વિચાર વગર તે કામ થયા કરે છે.

આ બાબત નીચેના એક દૃષ્ટાંતથી વધારે સ્પષ્ટ થઈ શકે છે. કોઈ એક શેઠ કોઈ ગરીબની કન્યાને તેના પોષણ માટે મહિને પાંચ રૂપિયાની મદદ મોકલે છે. થોડા વખત પછી તે શેઠની સ્ત્રી ગુજરી ગઈ. શેઠની ઈચ્છા બીજી વાર પરણવાની થઈ. તેમને એમ લાગ્યું, કે પૈસાદારની કન્યા લેવાથી, તે પોતાના હક્ક માગે છે અને મારી સેવા બરાબર કરતી નથી, તેથી કોઈ ગરીબ કન્યાને પરણવાનો વિચાર કર્યો. તે બાબતની શોધને અંતે જે કન્યાને પોતે મદદ આપતા હતા તેને જ પરણવાનું નક્કી કર્યું. વિવાહ કર્યા પછી તે શેઠ તેને માટે હીરા, મોતીના દાગીના વગેરેમાં હજારો રૂપિયાનું ખર્ચ કરવા લાગ્યા પણ તે વખતે પોતે દાન કરે છે અથવા બીજા જીવને મદદ કરે છે એવી ભાવના તેમનામાં ઉત્પન્ન થતી નહોતી. જ્યાં અદ્વૈતભાવ છે ત્યાં સેવાના વિચાર વગર સેવા થયા કરે છે.

૧૨ : માયા

એક દિવસ કાળના વિચિત્ર સ્વભાવ માટે મહર્ષિ પાસે વાત નીકળી હતી. એ સ્વભાવ પ્રોફેસર આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદથી વિદ્વાન લોકો હવે કેટલેક અંશે સમજવા લાગ્યા છે. તે પહેલાં આપણાં શાસ્ત્રોમાં એની વિચિત્રતા યોગવાસિષ્ઠમાં બહુ જોવામાં આવે છે. યોગવાસિષ્ઠમાં એક ઠેકાણે શ્રીરામચંદ્રજીએ પ્રશ્ન પૂછેલો છે, કે એક જ બ્રહ્માંડ વિષે મનુષ્યનું વર્ષ એ દેવતાનો દિવસ કેમ? કોઈ ક્ષુદ્ર પ્રાણીનો મોટો કાળ એ બ્રહ્માની ક્ષણ કેમ? કાળ એક છતાં ભિન્નભિન્ન પ્રતીતિ કેમ થાય છે? (યો. વા. ૩–૬૦–૧૬) તેના ઉત્તરમાં વસિષ્ઠ કહે છે, કે—જો અર્થની સત્તાને અનુસરી પ્રતીતિ હોય તો તમારા કહેવા પ્રમાણે કાળનો વિરોધ આવે; પરંતુ પ્રતીતિ અનુસાર અર્થ સત્તા છે અને તે પણ અનિર્વચનીય છે. માટે જે, જ્યારે, જે પ્રકારે, જે પદાર્થની ભાવના કરે ત્યારે, તે પ્રકારે તે પદાર્થને અનુભવે છે; તાત્પર્ય કે દ્રષ્ટાની ભૂમિકાના ભેદથી કાળનો ભેદ વિરુદ્ધ નથી. માટે એક જ કાળ વિષે સંસ્કારે કરીને કોઈને નિમિષનું જ્ઞાન અને કોઈને કલ્પનું જ્ઞાન થાય છે તે વિરુદ્ધ નથી. જો નિમેષ વિષે ઘણા કલ્પની ભાવના થાય તો એ જ નિમેષ કલ્પ થાય અને જો કલ્પ વિષે નિમેષની ભાવના કરે તો કલ્પ નિમેષ થાય છે; કારણ કે ભાવનાનો એવો સ્વભાવ છે. રાત્રિ દુખિયાને કલ્પ જેવી જણાય છે અને તે જ સુખિયાને ક્ષણ જેવી જણાય છે. હરિશ્ચંદ્ર રાજાને એક રાત્રિમાં બાર વર્ષનો અનુભવ થયો હતો અને રાવણે એક રાત્રિમાં સો વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું. મન જેમ અસત્ મનોરાજ્યની કલ્પના કરવામાં સમર્થ છે, તેમ ક્ષણને કલ્પ કરવામાં પણ સમર્થ છે.

આ બાબત વધારે સ્પષ્ટતાથી સમજવા માટે યોગવાસિષ્ઠના કેટલાંક દૃષ્ટાંતની ચર્ચા મહર્ષિ સાથે થઇ હતી. તે બાબત બરાબર સમજવા માટે તે પ્રસંગો ટૂંકામાં નીચે પ્રમાણે આપીએ છીએ.

પ્રસંગ : ૧

કોસલ દેશમાં એક ગાધિ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે વેદવિદ્યામાં અત્યંત નિપુણ અને બુદ્ધિમાન હતો. તેને નાની ઉંમરમાં વૈરાગ્ય આવવાથી તપ કરવા તે વનમાં ગયો. ત્યાં એક નિર્મળ સરોવરને કાંઠે વિષ્ણુનું પ્રત્યક્ષ દર્શન ન મળે ત્યાં સુધી તપ કરવાનો નિશ્ચય કરી બેઠો. ત્યાં તપ કરતાં તેને ૮ મહિના થઇ ગયા. તે પછી એક દિવસ તપથી ખેદ પામેલા તે બ્રાહ્મણ પાસે વિષ્ણુ ભગવાન પધાર્યા. તેમણે તે બ્રાહ્મણને કહ્યું : 'તારે જે વર જોઇએ તે મારી પાસેથી માગી લે.'

બ્રાહ્મણે કહ્યું—તમે પોતાના સ્વરૂપમાં જ રચેલી અને મોહને દેનારી તમારી માયા હું જોવા ઇચ્છું છું.

વિષ્ણુ—તું એ માયાને દેખીશ અને પછી છોડી દઇશ. એમ કહી વિષ્ણુ ભગવાન અંતર્ધાન થઇ ગયા. તે બ્રાહ્મણ તે વનમાં કેટલોક વખત રહ્યો. એક દિવસ તળાવના જળમાં સ્નાન કરતાં તેણે જળમાં ડૂબકી મારી. તે વખતે ધ્યાનના મંત્રોનું વિસ્મરણ થઇ ગયું અને બુદ્ધિ વિપરીત થઇ જતાં જળમાં તેણે પોતાનું ઘર જોયું, તે ઘરમાં પોતાના શરીરને મરેલું જોયું. થોડીવાર પછી તેનાં સગાં તે શરીરને સ્મશાને લઇ ગયાં અને તેને બાળી નાખ્યું.

પછી જળમાં ડૂબકી મારેલ તે ગાધિ બ્રાહ્મણે એવું જોયું કે જાણે 'ભૂતમંડળ' નામના કોઇ દેશના સીમાડાના ગામની પાસે એક ચાંડાળ રહેતો હતો. તેની સ્ત્રીના ગર્ભમાં પોતાને દીઠો. વખત આવતાં ત્યાં તેનો જન્મ થયો. પછી ત્યાં તે મોટો થયો અને

પરણ્યો, તેને પુત્રો થયા. થોડા વખત પછી તેના કુટુંબના બધા માણસો મરી ગયા. ચાંડાળપણામાં તેનું નામ 'કટંજ' હતું. તે પાછો દુઃખી થઇ ભટકવા લાગ્યો. ફરતાં ફરતાં એક દિવસ કિર નામના દેશની એક રાજધાની તેના જોવામાં આવી. ત્યાં એક હાથી તેના જોવામાં આવ્યો. એ રાજધાનીનો રાજા મરી ગયા પછી રાજ્યને યોગ્ય બીજા કોઇ ભાગ્યશાળી પુરુષની પરીક્ષા કરી શોધી લેવાની ઇચ્છાથી તે હાથી ચારે બાજુ ફરતો હતો. તે હાથી તે ચાંડાળે જોયો. હાથીએ પણ તે ચાંડાળને જોઇ તેને સૂંઢ વડે ઉપાડી પોતાની કાંધ ઉપર બેસાડયો. તે વખતે જયસૂચક વાજાં વાગવા લાગ્યાં અને તેને કિરપુરનું રાજ્ય મળ્યું. તેનું નામ 'ગવલ' રાજા પડયું. એક દિવસ ગવલ રાજા રાજમહેલના ચોક-માં બેઠો હતો, ત્યાં બીજા કેટલાક ચાંડાળ તેના જોવામાં આવ્યા. તેમાંથી એક બુઢ્ઢો પટેલ ઊભો થયો અને એકદમ ગવલ રાજાને કહે, કે—'હે કટંજ' એમ ચાંડાળના નામથી બોલાવ્યો અને કહ્યું : 'તારાં દર્શનથી હું આજે બહુ આનંદ પામ્યો છું.' તે વાત ગામમાં ફેલાઇ. આ ગામનો રાજા ચાંડાળ છે એ વાત રાજદરબારમાં અને શહેરમાં જાણીતી થઇ ગઇ. પછી કોઇ તેને અડકે નહિ. બધા લોકોએ તેને અડવાથી પ્રાયશ્ચિત્ત કરવા માટે બળી મરવાની તૈયારી કરી. ઘણી ચિતાઓ સળગાવી અને બધી પ્રજા બળી મરી, એ જોઇ ગવલ રાજાને પણ ઘણું દુઃખ થયું અને તેણે પણ પોતાના શરીરની અગ્નિને આહુતિ આપી. ગવલ નામનો તેનો દેહ અગ્નિના ઢગલામાં પડવાથી અને તેને દાહ થવાથી વ્યાકુળ અવયવવાળો થઇ જતાં જળમાં રહેલો ગાધિ બ્રાહ્મણ પોતાના અંગમાં દાહનું સ્ફુરણ થતાં તુરત જાગૃત થયો. થોડીવાર તેના

ચિત્તમાં મોટો ભ્રમ થયો. તેને લાગ્યું કે 'હું નાહવા સારુ તળાવમાં ઊતરેલો ગાધિ છું, તર્પણ વગેરે મારે કરવાનાં છે અને રાજ્ય કરવાનું નથી.' એમ જોવા લાગ્યો. તે જળમાંથી બહાર આવ્યો. તે પાણી અને પૃથ્વી જાણે બીજાં હોય તેમ દેખતો એ ગાધિ પરમ વિસ્મય પામ્યો.

વળી તેને એવો વિચાર આવ્યો કે મારી તે મા અને સ્ત્રી ક્યાં ગયાં કે જેઓના મધ્યમાં હું મરણ પામ્યો હતો. હું નાનો બાળક હતો ત્યારે મારાં માબાપ મૃત્યુ પામ્યાં હતાં. હું મુદ્દલ પરણ્યો જ નથી. મારા દેશના માણસો તો અહીંથી ઘણા દૂર છે; છતાં હું તેમની વચ્ચે મરી ગયો. તેઓની સાથે મારે શો સંબંધ હતો? મેં જન્મ વગેરેના અભિનિવેશવાળું શું જોયું? જે જોયું તે ભલે પણ હવે મારે તેનો વિચાર કરવાની જરૂર નથી. હું સગાંની વચ્ચે મરણ પામ્યો હતો, એ તો એક જાતની ભ્રાંતિ હતી. આ મોહમાં કાંઈ પણ સાચું નથી. પ્રાણીઓનું ચિત્ત નિત્ય એ જ રીતે અનેક પ્રકારની ભ્રાંતિઓના દેખાવમાં ભમ્યા કરે છે.

એક દિવસ તે ગાધિની પાસે કોઈ અતિથિ આવ્યો. તે થાકેલો હોવાથી ગાધિના આશ્રમમાં જ રહ્યો. ગાધિએ તેને ભોજન આપી તૃપ્ત કર્યો. પછી બંને વચ્ચે શાંતિ ભરેલી વાતો ચાલી. ગાધિએ તે અતિથિને પૂછ્યું : 'તમે કેમ થાકી ગયા જણાઓ છો?' તે અતિથિએ કહ્યું : 'ઉત્તર દિશામાં એક કિર નામનો દેશ છે, ત્યાં એક ચાંડાળે ૮ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું. પાછળથી એ વાત લોકોના જાણવામાં આવવાથી લોકોએ અને તે રાજાએ અગ્નિ-પ્રવેશ કર્યો. હું પણ એ બાબત તે લોકોના મોઢેથી સાંભળી પ્રયાગ તરફ પ્રાયશ્ચિત્ત કરવા ગયો અને ત્યાં ત્રણ ઉપવાસ કરી ચાલ્યો આવું છું તેથી થાકી ગયો છું.'



ગાધિ બ્રાહ્મણે ડૂબકીમાં જોયેલી માયા

આ વાત સાંભળી તે ગાધિ બ્રાહ્મણ બહુ વિસ્મય પામ્યો. તેને લાગ્યું, કે મેં જે ભ્રાંતિમાં જોયું હતું તેને આ અતિથિએ મારી પાસે સાચું બનેલું કહ્યું. પછી તે બાબતની ખાતરી કરવા તે ગાધિ તે દેશ જોવા માટે નીકળ્યો. તેના મનની અંદર જેવી રચનાનું સ્મરણ હતું તેવી જ રચનાવાળું એક ગંધર્વનગર તેના જોવામાં આવ્યું. ત્યાંના માણસોને ગાધિએ પૂછ્યું : 'આ ગામની પાસે બહારના ભાગમાં એક ચાંડાળ રહેતો હતો તે હકીકતની તમને ખબર છે?' તે ગામના લોકોએ કહ્યું : 'હે મહારાજ! જેમ તમે કહો છો તે પ્રમાણે જ હતું.' પછી તે કટંજ નામના ચાંડાળની હકીકત સાંભળી તે ગાધિ કિર દેશમાં ગયો અને ત્યાં કટંજ નામનો ચાંડાળ ગવલ રાજા થયો હતો અને ૮ વર્ષ ત્યાં રાજ્ય કર્યું હતું તે વાત પણ ત્યાંના માણસો પાસેથી સાંભળી. ફરીથી તે ચાંડાળના ફળિયામાં ખાતરી કરવા માટે ગયો અને ત્યાં બધા પદાર્થો અને માણસો જેવા તેણે ડૂબકીમાં જોયા હતા તેવા જોવામાં આવ્યા.

ગાધિના મનમાં બહુ કુતૂહલ ઉત્પન્ન થયું. જે જે માણસોને તે પૂછવા લાગ્યો તે તે માણસોને મોઢેથી તે એકસરખી જ વાત સાંભળવા લાગ્યો. તે વિચાર કરવા લાગ્યો, કે આ માયા શા કારણથી દેખાય છે. લગભગ ૬૦–૭૦ વર્ષના બનાવ થોડી ક્ષણની ડૂબકીમાં કેમ દેખાયા! આ માયા વિષ્ણુએ દેખાડી લાગે છે, માટે હવે ફરીથી તપ કરી તેમને બોલાવી તેનું રહસ્ય પૂછી જોઉં; એ પ્રમાણે વિચાર કરી તેણે દોઢ વર્ષ તપ કર્યું. દોઢ વર્ષ પછી વિષ્ણુ ભગવાન તેની આગળ પધાર્યા. તેમણે ગાધિને કહ્યું, કે 'તેં મારી માયા જોઈ? આ જગતરૂપી જાળની લીલા કે જે કેવળ પ્રતીતિ માત્ર જ છે તે તારા જોવામાં આવી? તને મારી

માયા જોવાની ઇચ્છા હતી તે ઇચ્છા પૂર્ણ થઇ? તો હવે શા માટે તપ કરે છે?'

ગાધિએ તેમને પ્રણામ કરી પૂછ્યું : 'આ તમારી માયાનું સ્વરૂપ સમજાવો. વાસનાથી ઘેરાયેલું મન સ્વપ્નની પેઠે જે જે મિથ્યા પદાર્થોરૂપી ભ્રમને દેખે તે ભ્રમ જાગૃતમાં કેમ જોવામાં આવે? મને જળની અંદર સ્વપ્ન જેવો જે વિભ્રમ બે ઘડીવાર જોવામાં આવ્યો તે વિભ્રમ પાછો પ્રત્યક્ષ પણ કેમ પ્રાપ્ત થયો? મને ચાંડાળપણાની ભ્રાંતિ થઇ હતી તે ભ્રાંતિથી થયેલા કાળની લંબાઇ–ટૂંકાઇ અને શરીરનાં જન્મમરણ મારા મનની અંદર નહિ રહેતાં બહાર પણ કેમ થયાં?

વિષ્ણુ–હે ગાધિ! તત્ત્વને નહિ જાણનારા અને પોતામાં રહેલી વાસનાઓરૂપી રોગથી પકડાયેલા ચિત્તનું જ એ રૂપ છે, કે જે મોટા જગતના વિભ્રમરૂપે તારા જોવામાં આવે છે. એ સઘળું ચિત્તનું જ રૂપ છે. આ આકાશ, પર્વતો, સમુદ્રો, પૃથ્વી તથા દિશાઓ અને તેમના કાળ વગેરે જે કાંઇ જોવામાં આવે છે તે કાંઇ પણ બહાર નથી પણ સઘળું ચિત્તમાં જ છે. જેમ ફળ વગેરે પદાર્થ અંકુરમાંથી પ્રગટ થાય છે તેમ પૃથ્વી વગેરે પદાર્થો ચિત્તમાંથી બહાર પ્રગટ થાય છે. વાસ્તવમાં ફળ, પલ્લવ વગેરે અંકુરમાં જ છે તેમ વાસ્તવિક રીતે પૃથ્વી વગેરે પદાર્થો ચિત્તમાં જ છે, તે ચિત્તથી બહાર કદી નથી.

સ્વપ્નની માફક ચિત્ત જ જગતની ક્રિયાઓને બનાવે છે, તેને સ્થિતિ આપે છે અને તેનો નાશ કરે છે. વાસના વગરના ચિત્તમાં જન્મમરણ થતાં નથી. જેમ તારું ચાંડાળપણું ભ્રાંતિવાળું હતું તેમ અતિથિ આવ્યો, જમ્યો, સૂતો એ પણ ભ્રાંતિ જ હતી. તેં ભૂતમંડળમાં અને કિર દેશમાં જે બનેલું જોયું તે પણ ભ્રાંતિ જ હતી.

તું મનથી જ સર્વ દેશમાં ફર્યો છે. જે તારા જોવામાં આવ્યું તે મનનો વિભ્રમ હતો. હવે વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે રહી જ્ઞાન પ્રાપ્ત કર. એમ કહી વિષ્ણુ અદૃશ્ય થયા.

ફરીવાર ગાધિને શંકા થવાથી તે દેશમાં ગયો અને ફરી ત્યાંના માણસોએ ખાતરી આપી કે અહીં એક કટંજ નામનો ચાંડાળ થયો હતો. તે પછી પાસેના કિર દેશમાં ગવલ નામનો રાજા થયો હતો. અને ત્યાં તેણે ૮ વર્ષ રાજ્ય કર્યું હતું તેનું રહસ્ય જાણવા માટે ગાધિએ ફરીથી તપ કર્યું; વિષ્ણુ ફરીથી પધાર્યા અને ગાધિને પૂછ્યું, કે તું શું જાણવા માગે છે?

ગાધિ—હું ફરીવાર છ મહિના ભૂતમંડળ દેશમાં અને કિર દેશમાં ફર્યો, છતાં લોકોની વાતોમાં અને બીજાં ચિહ્નોમાં મારી હકીકતમાં કાંઇ ફેર જોવામાં આવ્યો નહિ. એ બધું સાચું હતું એમ કેમ લાગ્યું?

વિષ્ણુ—જેમ તારા ચિત્તમાં ચાંડાળની સ્થિતિ પ્રતિબિંબિત થયેલી હતી તેમ કાકતાલીય રીતે ભૂતમંડળ દેશના અને કિર દેશના સઘળા માણસોના મનમાં ચંડાળની સ્થિતિ પ્રતિબિંબિત થયેલી છે. તેથી તેઓ તારા વૃત્તાંતને બરાબર કહે છે. જે મિથ્યા પ્રતિભાસ થયો હોય તેનો જ્ઞાનથી બાધ થાય, પણ તેનું સ્વરૂપથી ઉપમર્દન થાય નહિ. કોઇ ચાંડાળે તે ગામના સીમાડામાં ઘર રચ્યું હતું, તે તારા જોવામાં આવ્યું અને તેમાં તેં પ્રવેશ કર્યો. ઘણા માણસોને કોઇ વખતે એક જ પ્રકારનું સ્વપ્નું આવે છે. કાળ એ એક જાતનો મનનો કલ્પેલો પદાર્થ છે. સૂર્યની ક્રિયા જોઇ મનથી જ ઋતુ તથા મહિના દૃઢ કરી લેવામાં આવે છે. જે વાસ્તવિક અખંડ કાળ છે તે આત્મા જ છે. તે કોઇનું કાંઇ લેતો નથી, અને

મૂકતો પણ નથી. વર્ષો, કલ્પો અને યુગો વગેરે રૂપે જે આ લૌકિક કાળ છે તે તો સૂર્ય વગેરે ગ્રહોની ગતિ ઉપરથી કલ્પાયેલા છે અને તેને આધારે પદાર્થોના પ્રતિબંધ અને ઉદય કલ્પાયેલા છે. તારો ચાંડાળપણાનો આડંબર તેં અને બીજાએ જોયો અને તેનો છેડો પણ તેં જોયો. હવે એ મનના મોહને છોડી દે, હું જાઉં છું. એમ કહી વિષ્ણુ અંતર્ધાન થયા. ફરીથી એકવાર વિષ્ણુએ દર્શન આપ્યાં, ત્યારે તે ગાધિએ તેમને પૂછ્યું, કે મારી ચાંડાળપણાની સ્થિતિનું અને જન્મમરણ વગેરે ઘણા અનર્થવાળી આ સંસારરૂપી માયાનું સ્મરણ કરતો હું ચિત્તમાં મુંઝાયા કરું છું; માટે મારો મોહ ટળી જાય ત્યાં સુધી આપે અહીં જ રહેવું.

વિષ્ણુ—હે ગાધિ! આ જગત માયાના આડંબરરૂપ છે, સ્વ-રૂપના વિસ્મરણને લઇને આ સઘળા પ્રકારના આશ્ચર્યની કલ્પના થઇ શકે છે, તેં જે ભૂતમંડળમાં અને કિર દેશની રાજધાનીમાં જોયું તે સઘળું અજ્ઞાનરૂપ નિમિત્તથી જ સંભવે છે. સંકલ્પોની સમાનતાને લીધે કાળ વગેરેની સમાનતા થવી પણ સંભવે છે. હવે તને ખરી વાત કહું છું તે સાંભળ. ભૂતમંડળ દેશમાં પૂર્વે 'કટંજ' નામનો ચાંડાળ હતો. તે તારા જોવામાં આવેલા જેવા જ સઘળા પ્રકારથી યુક્ત હતો. તેનું કુટુંબ મરી ગયું ત્યારે તે કિર દેશમાં ગયો હતો. ત્યાં રાજા થયો હતો અને ૮ વર્ષ રાજ કરી તેણે અગ્નિમાં પ્રવેશ કર્યો હતો. તેં જળની અંદર ડુબકી મારી ત્યારે તારા ચિત્તમાં જે કટંજરૂપે રહેવાનો ભ્રાંતિરૂપી જે પ્રતિભાસ થયો હતો તે કેવળ મારા સંકલ્પને લીધે જ થયો હતો.* ચિત્ત જેમ કોઇ સમયે દેખેલા અને અનુભવેલા પદાર્થને ભૂલી જાય છે તેમ

* હીપ્નોટીઝમવાળા જમીન હોય ત્યાં કોઇને એવી સૂચના કરે કે આ જળ છે, તો તે માણસને ત્યાં જળ દેખાવા લાગે છે.

કોઈ સમયે નહિ દેખેલા પદાર્થની ભ્રાંતિને પણ પ્રાપ્ત થાય છે. મન જેમ સ્વપ્ન સંબંધી, મનોરાજ્ય સંબંધી અને સન્નિપાત વખતે અનેક પ્રકારના સંભ્રમ દેખે છે તેમ જાગૃતની સ્થિતિમાં પણ અનેક પ્રકારના સંભ્રમ દેખે છે. ત્રિકાળદર્શી યોગીને જેમ ભવિષ્ય-કાળ અને ભૂતકાળના બનાવ વર્તમાન કાળમાં દેખાય છે, તેમ તને ભૂતકાળમાં થઇ ગયેલું કટંજનું આચરણ વર્તમાન કાળમાં ભ્રાંતિ-થી પ્રતીત થયું. જેઓને આત્મજ્ઞાન નથી તે લોકોને પોતારૂપ નથી, એવાં સ્ત્રીપુત્ર અને ઘર વગેરેમાં 'આ મારાં છે' એવી જે પ્રબળ મિથ્યા ભ્રાંતિઓ થાય છે તેની આગળ અલ્પ કાળની આ તારી ભ્રાંતિ કોણ માત્ર છે? જ્ઞાની પુરુષ ભેદ સ્વીકારતા નથી. તું ચિત્ત-નો નિરોધ કર એટલે તને આત્મજ્ઞાન પ્રાપ્ત થશે. પછી તે બ્રાહ્મણે ચિત્તનો નિરોધ કરી આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું.

આ હકીકત મહર્ષિ પાસે મૂકવામાં આવી હતી અને જે જવાબ વિષ્ણુ ભગવાને ગાધિને આપ્યો હતો, તે જ જવાબ મહર્ષિએ પાસે બેઠેલા જિજ્ઞાસુઓને આપ્યો હતો. આ બાબત હાલના આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદથી બરાબર સમજી શકાય છે. એમ માનો કે નેપોલિયનની લડાઇને ૧૫૦ વર્ષ થયાં. તેજની ગતિ એક સેકન્ડમાં ૧૮૬૦૦૦ માઇલ જાય છે. આપણી પૃથ્વીથી કેટલાક તારા એટલા દૂર છે કે ત્યાં અહીંનું તેજ પહોંચતાં ૧૫૦ વર્ષ લાગે છે. તે તારા ઉપર કોઇ યોગશક્તિથી જઇ શકે, તો નેપોલિયનની લડાઇ હમણાં બનતી હોય તેમ તે જોઇ શકે. વળી હાલ કોઇ એક બાળક જન્મ્યો હોય, તેના ૫૦ વર્ષના જીવનના ફોટા ૫૦ વર્ષ સુધી જુદેજુદે વખતે લીધા હોય. તે સિનેમામાં બતાવવામાં આવે, તો પાંચ મિનિટમાં તેના જન્મથી તે ૫૦ વર્ષનો થઇને તે મરણ પામેલો જોઇ શકાય.

ટ્રેન ચાલ્યા પછી જે ગામ ગયું તે દેખાતું નથી, પણ તે વખતે વિમાનમાં ચડીને જોઇએ તો જોઇ શકાય છે. તે વખતે ભૂતકાળ વર્તમાનકાળમાં આવી જાય છે.

વળી વિષ્ણુએ કહ્યું કે બધા માણસોને સરખી ભ્રાંતિ થઇ શકે છે. એ વાત પણ સાચી છે. એક ઝાડ ઉપર રહેતી બધી ચકલી-ઓને તે ઝાડ સરખું લાગે છે. વાસ્તવમાં તે બધી ચકલીઓની ભ્રાંતિરૂપ હોય છે. જેમ ચકલીનું જગત ખોટું છે તેમ માણસનું જગત પણ ખોટું છે. ચકલી અરીસામાં જુએ છે ત્યારે તેને ત્યાં બીજી સાચી ચકલી જોવામાં આવે છે, વાસ્તવમાં ત્યાં બીજી ચકલીનો જન્મ થયો હોતો નથી. આવી રીતે ચિત્ત જીવને માયામાં નાખે છે. જો ગાધિ બ્રાહ્મણે ડૂબકીમાં એવો દેખાવ જોયો હોત, કે પોતે મરીને ચકલી થયો છે, તો ચકલીના જીવનની વાત કરત, ચાંડાળના જીવનની વાત કરત નહિ.

જાગૃત અવસ્થામાં કોઇ માણસ ડૂબતો હોય, ત્યારે જો તેને બચાવી લેવામાં આવે અને તે શુદ્ધિમાં આવે ત્યારે તેને પૂછીએ તો તે કહે છે, કે એટલી થોડી ક્ષણમાં તેની નજર આગળ તેની આખી જિંદગીના બનાવ સિનેમાની પેઠે બનતા જણાયા હતા. દાક્તર કોઇ દરદીને ક્લોરોફોર્મ આપે છે, ત્યારે પણ એવી દશા કેટલાક દરદીના અનુભવમાં આવે છે.

માટે કાળ એ બહુ વિચિત્ર તત્ત્વ છે. તે બાબત હાલ પ્રોફેસર આઇન્સ્ટાઇને બહુ સ્પષ્ટ કરી બતાવેલી છે. એ બાબત બરાબર સમજાય તો માયાનો અત્યંત અભાવ જાણી શકાય અને વેદાંતનો અજાતવાદ સ્પષ્ટ રીતે સમજી શકાય. વાસ્તવિક રીતે કાંઇ બનતું નથી. જે કાંઇ બને છે તે અમુક પ્રકારના પ્રમાતાના અમુક

પ્રમાણથી પ્રમેય જેવું દેખાય છે. તે તે વખતે (જો ચિત્ત ભ્રાંતિમાં પડયું હોય તો) સાચા જેવું દેખાય છે, પણ સુષુપ્તિમાં, સમાધિમાં અને મોક્ષમાં પ્રમાતા, પ્રમાણ અને પ્રમેયનો બાધ થઇ જાય છે. તેથી જે કાંઇ બનાવો બનતા જોવામાં આવે છે, તેમાં માત્ર તે વખતની ચિત્તની કલ્પના રહેલી હોય છે. જે બનાવને કોઇ જાણતો નથી તે બનાવ બનતો નથી અને બનાવને જાણતી વખતે જે પ્રમાતાનું જેવું પ્રમાણ તેવું જગત દેખાય છે અને તેવો કાળ દેખાય છે; એટલે દરેક બનાવની સાથે કાળ ઉત્પન્ન થાય છે.

મંગળના ગ્રહમાં બે ચંદ્ર છે. તેમાં એક ચંદ્રમાસ ૭ કલાક ૩૯ મિનિટનો છે અને બીજો ચંદ્રમાસ સવા દિવસનો છે. આપણો દિવસ ૨૪ કલાકનો છે; તેથી મંગળના પહેલાં ચંદ્રનો મહિનો આપણા દિવસ કરતાં નાનો છે.

૧૩ : કાળની વિચિત્ર ગતિ

શ્રી રમણ મહર્ષિને યોગવાસિષ્ઠનો ગ્રંથ બહુ ગમે છે; કારણ કે તેમાં અજાતવાદ બહુ સારી રીતે સ્પષ્ટ કરેલો છે. યોગવાસિષ્ઠનાં જે જે દૃષ્ટાંતો પૂછનાર તેમની પાસે મૂકે તે તેમણે બરાબર વાંચેલાં હોય તેવું તેમની સાથે થયેલી વાતચીત ઉપરથી જણાતું હતું.

કાળની વિચિત્ર ગતિનો બીજો એક પ્રસંગ યોગવાસિષ્ઠમાં ઉત્પત્તિ પ્રકરણમાં ૧૬ મા સર્ગથી શરૂ થાય છે. તે ત્યાં બહુ વિસ્તારથી આપેલો છે. અહીં તે ટૂંકમાં આપવામાં આવે છે. આ બાબત વિષે પણ મહર્ષિ પાસે વાત થઇ હતી.

એક પદ્મ નામે રાજા હતો. તેને લીલા નામની એક જ રાણી હતી. તે બંને વચ્ચે ઘણો પ્રેમ હતો. સંસારના ભોગમાં પડેલ લીલા

રાણીને એક વખત એવો વિચાર આવ્યો કે આ મારો પતિ પદ્મ રાજા અજર અને અમર શી રીતે થાય, કે જેથી હું તેની સાથે લાંબા કાળ સુધી રમણ કરી શકું? મારે તપથી, જપથી, મંત્રથી, નિયમથી એવો યત્ન કરવો જોઇએ કે જેથી તેને મૃત્યુ ન આવે. આથી તેણે તપ કરી સરસ્વતી દેવીને પ્રસન્ન કર્યાં. દેવીએ દર્શન આપ્યાં અને લીલાને કહ્યું કે તારે જે વરદાન જોઇએ તે માગી લે.

લીલાએ કહ્યું—હે મા! હું બે વરદાન માગું છું : પહેલું એ કે મારો પતિ મરી જાય, ત્યારે પણ તેનો જીવ મારા પોતાના અંતઃપુરના મંડપમાંથી જતો ન રહે અને બીજું એ કે વરદાન સારુ દર્શન માટે હું જ્યારેજ્યારે તમારી પ્રાર્થના કરું, ત્યારેત્યારે તમારે મને દર્શન આપવાં.

દેવીએ કહ્યું—તને એ પ્રમાણે થશે. એમ વર આપી દેવી અંતર્ધાન થઇ ગયાં.

પછી લીલા પોતાને ઠીક પડે તેવી રીતે સંસારનો આનંદ લેવા મંડી. એક વખત પદ્મ રાજાનો કાળ આવ્યો. તે યુદ્ધની અંદર ઘવાતાં મરણ પામ્યો. લીલા તે શરીરને જોઇ દુઃખી થઇ. તે વખતે સરસ્વતી દેવીએ તેને દર્શન આપ્યાં અને કહ્યું : 'હે પુત્રી! આ શબરૂપ થયેલા તારા પતિને ફૂલના ઢગલામાં રાખી મૂક. પછી તું તે પતિને પ્રાપ્ત થઇશ, ફૂલ કરમાશે નહિ અને શરીરપણ બગડશે નહિ. થોડા દિવસમાં પાછો એ તારો પતિ થશે. તેનો જીવ આ તારા અંતઃપુરના મંડપમાંથી તરત નીકળી જશે નહિ.' લીલાએ એ પ્રમાણે પતિના શરીરને પુષ્પથી ઢાંકી દીધું.

એ જ રાત્રીએ જ્યારે બધાં ઊંઘી ગયાં હતાં ત્યારે લીલાએ સરસ્વતીનું સ્મરણ કરી તેમને બોલાવ્યાં અને પૂછ્યું : 'મારો

પતિ હમણાં ક્યાં રહેલો છે, શું કરે છે અને કેવો છે? તમે મને એની પાસે લઈ જાઓ. હું પતિ વગર એકલી જીવી શકીશ નહિ.'

સરસ્વતીએ કહ્યું—એક વાસનામય ચિત્તાકાશ છે, બીજું શુદ્ધ ચિદાકાશ છે અને ત્રીજું આ વ્યાવહારિક આકાશ છે. પહેલાની અને ત્રીજાની સંધિમાં જે ચિદાકાશ છે તે બંનેથી રહિત છે. હમણાં તારો પતિ જ્યાં છે તે સ્થાન જો કે ચિદાકાશના ગર્ભરૂપ છે, પણ ચિદાકાશથી જુદું નથી.* ચિદાકાશનું એકાગ્રપણે ચિંતન કરવાથી તે સ્થાન તરત અહીં જોવામાં અને અનુભવ કરવામાં આવે તેમ છે. સંવિત નિમેષમાત્રમાં એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જતાં તે સંવિતનું બંને પ્રદેશથી રહિત જે મધ્ય છે તે ચિદાકાશ છે એમ સમજવું. તું સઘળા સંકલ્પ છોડી દઈ એ ચિદાકાશમાં સ્થિતિ કર. તે સર્વાત્મક પદ હોવાથી તેમાં તને અવશ્ય તારા પતિના સ્થાનની પ્રાપ્તિ થશે. જો કે એ પદ જગતનો અત્યંત બાધ થાય ત્યારે જ મળે છે, બીજી રીતે મળે તેમ નથી, તો પણ મારા વરદાનના પ્રભાવથી તને એ પદની તરત પ્રાપ્તિ થશે.

સરસ્વતી પોતાને સ્થાને ગયાં. લીલાને ત્યાં સમાધિ પ્રાપ્ત થઈ. તેણે સ્થૂળ દેહનું અભિમાન છોડી દીધું અને ચિદાકાશમાં સ્થિતિ કરી. તેમાં તેણે થોડીવાર પછી ઘણા રાજાને જોયા. તેમાં તેના પતિને એક વિદુરથ નામનો રાજા થઈને કોઈ દેશનું રાજ્ય કરતો જોયો. ત્યાં તેની સભામાં પોતાના નગરના નગરજનો જોયા. તેને વિચાર આવ્યો કે એ બધા મારા રાજ્યમાં હતા તે શું મરી ગયા હશે? તેથી તે સમાધિમાંથી ઊતરી. સવાર પડતાં તેણે પોતાના રાજ્યની સભા બોલાવી. લીલાએ ત્યાં આગળની પેઠે ખંડિયા

* હાલ સાપેક્ષવાદી વિજ્ઞાનવાળા પણ કહે છે કે દિક્ અથવા આકાશ એકસરખાં નથી; પણ દ્રષ્ટાની ભૂમિકા ઉપર ફરતાં હોય તેવું જણાય છે.



કાળની વિચિત્ર ગતિ અને લીલાના ત્રણ પતિ

રાજાઓ, સભાસદો, નગરજનો વગેરે જોયાં. સભા પૂરી કરી અંતઃપુરમાં આવી. તેને લાગ્યું, કે જેમ અરીસામાં બહાર અને અંદર પર્વતનો અનુભવ થાય છે, તેમ ચૈતન્યમાં અંદરના પ્રદેશમાં અને બહારના પ્રદેશમાં પણ એવી જ સૃષ્ટિનો અનુભવ થાય છે. આ પ્રમાણે હોવાથી તેમાં કઇ સૃષ્ટિ સાચી છે? ફરીથી સરસ્વતીને બોલાવી તેણે આ પ્રશ્ન તેમની પાસે મૂક્યો. લીલાએ સરસ્વતીને કહ્યું:–'આ હું અને તમે અહીં બેઠાં છીએ તે સૃષ્ટિ સાચી લાગે છે અને મારો પતિ જે સૃષ્ટિમાં છે તે ખોટી લાગે છે. 'સરસ્વતીએ કહ્યું કે 'એ નવી સૃષ્ટિનું કારણ આ જૂની સૃષ્ટિ છે; પણ જૂની સૃષ્ટિ સાચી હોય તો તેમાંથી નવી ખોટી સૃષ્ટિ કેમ થાય? ખરી રીતે બંને સૃષ્ટિ મિથ્યા છે, જેમ નવી સૃષ્ટિ કલ્પનારૂપ છે તેમ આ જૂની સૃષ્ટિ પણ કલ્પનારૂપ છે. ચિદાકાશમાં કાચના કકડા જેવી શ્યામતાવાળા આકાશથી ઢંકાયેલો કોઇ સંસારરૂપી મંડપ છે. તેમાં સમુદ્ર, નદી, તળાવ, પાતાળ, ભૂતળ, સ્વર્ગલોક વગેરે છે. બ્રહ્મા નામનો એક બુઢ્ઢો બ્રાહ્મણ એ મંડપમાં બેઠો છે. મંડપ જીવોના સમૂહરૂપી કોશેટાઓથી ભરપૂર છે. તેના એક ખૂણામાં એક ખાડા જેવું પહાડી ગામ છે. તેમાં એક અગ્નિહોત્રી બ્રાહ્મણ રહેતો હતો. તેનું નામ વસિષ્ઠ હતું. તેને અરુંધતી નામની સ્ત્રી હતી. એક દિવસ તે વસિષ્ઠ તે ગામના પર્વતના શિખર ઉપર બેઠો હતો, ત્યાં નીચેના પ્રદેશમાં એક રાજા જતો હતો. તે શિકાર કરવા નીકળ્યો હતો. તે રાજાને જોઇ પેલો વસિષ્ઠ બ્રાહ્મણ વિચાર કરવા લાગ્યો કે બ્રાહ્મણપણા કરતાં આ રાજાપણું સારું છે. હું આવો પૃથ્વીપતિ ક્યારે થાઉં? એવા સંકલ્પ કરતાંકરતાં તે વૃદ્ધ થયો. તેની સ્ત્રીએ પણ તારી માફક મારું પૂજન કરી એવી પ્રાર્થના કરી હતી, કે 'મારો પતિ મરી જાય ત્યારે તેનો જીવ આ મારા મંડપમાંથી જાય નહિ.' મેં તેને તથાસ્તુ કહ્યું. પછી કાળના યોગે તે બ્રાહ્મણ મરી

ગયો અને તે જ ઘરના આકાશમાં જીવરૂપે રહ્યો. તે તારો પતિ પદ્મ રાજા થયો હતો. તેની સ્ત્રી (તે બ્રાહ્મણી) તે તું છે. એ બ્રાહ્મણનું ઘર, પૃથ્વી અને સ્થાવર વગેરે ધન તે પહાડી ગામમાં છે. **તેના મરણનો આ જ આઠમો દિવસ છે** અને તેનો જીવ એ પહાડી ગામના ઘરની અંદર રહેલો છે. બ્રહ્મરૂપ આકાશમાં જીવ-ભાવની ભ્રાંતિ થવાથી એવી પ્રતીતિ થઇ શકે છે. એ ભ્રાંતિરૂપી પૂર્વસૃષ્ટિમાંથી આ વર્તમાન સૃષ્ટિરૂપી ભ્રાંતિ પ્રતિબિંબિત થઇ છે. આ સૃષ્ટિ કે જે પોતાની સત્તાથી અસત્ય છે અને અધિષ્ઠાનની સત્તાથી સત્ય છે, તેણે તમને જન્મ અને મરણની મિથ્યા જ પ્રતીતિ કરેલી છે. આ પ્રમાણે હોવાથી કઇ સૃષ્ટિ ભ્રાંતિમય અને કઇ સૃષ્ટિ સાચી કહેવાય? અવિદ્યા કે જે પ્રતિબંધ વગરના અનર્થરૂપ છે તે વિના સૃષ્ટિનું બીજું કાંઇ પણ સ્વરૂપ નથી.

લીલાએ પૂછ્યું—હે દેવી! તમે આ વાત કેમ કરી? બ્રાહ્મણનો જીવ કે જે તેના ઘરમાં છે તે ક્યાં? અને અહીં રહેલાં અમે ક્યાં? સમાધિમાં મેં જે નવી સૃષ્ટિ જોઇ તે આ ઘરમાં જ છે એ વાત પણ કેમ સંભવે?

સરસ્વતીએ કહ્યું—એ પહાડી ગામના બ્રાહ્મણનો જીવ કે જે ચિદ્રૂપ છે તે પોતાના હૃદયાકાશમાં પોતાના ઘરમાં જ આ મોટા દેશને દેખે છે. જેમ જાગૃતની સ્મૃતિ લુપ્ત થઇ તે સ્વપ્નમાં બીજા પ્રકારની સૃષ્ટિ થાય છે તેમ તમને આગળની સ્મૃતિ લુપ્ત થઇને બીજા પ્રકારની સ્મૃતિ થઇ છે. સ્મૃતિનો અત્યંત લોપ થવો એ જ મરણ છે. જેમ સ્વપ્નનું અને સંકલ્પનું ત્રૈલોક્ય ખોટું છે તેમ આ સમજવું.* તું હું અને બ્રહ્માંડ એ સર્વ વાસ્તવિક રીતે ચિદાકાશરૂપ જ છીએ.

* ખોટી સૃષ્ટિની સાથે ખોટો કાળ પણ જોવામાં આવે છે એ બાબત હાલના સાપેક્ષવાદે ગણિ[illegible]ી સિદ્ધ કરેલી છે.

લીલાએ કહ્યું–હે મા! એ બ્રાહ્મણ આજથી આઠમે દિવસે મરી ગયાનું તમે કહો છો અને અમારા જન્મને તો ઘણાં વર્ષો વીતી ગયાં છે; માટે એ બ્રાહ્મણ અને બ્રાહ્મણીમાંથી અમારી ઉત્પત્તિ થવી કેમ સંભવે?

સરસ્વતીએ કહ્યું–હૃદયાકાશમાં જેમ દેશની લંબાઇ સાચી નથી તેમ કાળની લંબાઇ પણ સાચી નથી. જેમ આ જગતની સૃષ્ટિ પ્રતિભાસમાત્ર જ છે; તેમ ક્ષણ અને કલ્પ વગેરે સઘળું જગત, તુંપણાના અને હુંપણાના અધ્યાસને લીધે પોતાનો જન્મ થયાની ભ્રાંતિવાળું જ ભાસે છે. હવે આ પ્રતિભાસ થવાનો ક્રમ કહું છું તે સાંભળ. જીવ ક્ષણમાત્રમાં પોતાના મિથ્યા મરણરૂપી મૂર્છાનો અનુભવ કરી આગલા ભાવને ભૂલી જઇ બીજા ભાવને દેખે છે. તે બીજા ભાવનો પ્રતિભાસ થતાં જ પોતે દેહ વગેરેના આધારથી રહિત હોવા છતાં પણ પોતાના હૃદયાકાશમાં જ 'હું દેહ વગેરે આધારમાં આધેયરૂપે રહેલો છું' એમ અનુભવ કરે છે અને આ હાથ, પગ વગેરે વાળો દેહ મારો છે એમ દેખે છે. દેહનો અધ્યાસ થતાં જ 'હું આ પિતાનો પુત્ર છું, મને આટલાં વર્ષ થયાં, આ મારા સુંદર બાંધવો છે, આ મારું સુંદર ઘર છે, હું જન્મ્યો છું, પ્રથમ બાળક હતો, હમણાં મોટો થયો છું, હું આવો છું અને મારા સઘળા બાંધવો પોતપોતાનાં કાર્યો કરે છે,' એ સઘળું જોવામાં આવે છે. દેહરૂપ થયેલા ચિત્તના અને આત્માની એકતાના દૃઢ અભ્યાસને લીધે, જો કે એ બાંધવ વગેરે પદાર્થો સંબંધ વગરના જ છે, તો પણ સંબંધ ધરાવનારા ભાસે છે. આ પ્રમાણે જીવના ચિત્તમાં સંસારરૂપી ખંડ ઉદય પામ્યો છે, પણ વાસ્તવિક રીતે કાંઇ ઉદય પામ્યું નથી. જીવ શુદ્ધ ચિદાકાશરૂપ જ છે. સ્વપ્નમાં જે ચૈતન્ય દ્રષ્ટામાં છે તે જ ચૈતન્ય દૃશ્યમાં છે; તેમ જાગૃતમાં પણ જે

ચૈતન્ય દ્રષ્ટામાં છે તે જ ચૈતન્ય દૃશ્યમાં છે. એક ચૈતન્ય જ સર્વરૂપે પ્રતીત થાય છે. ચૈતન્ય જેમ સ્વપ્નમાં બીજા પ્રકારથી પ્રતીત થાય છે તેમ પરલોકમાં ત્રીજા પ્રકારથી પ્રતીત થાય છે. અને તેવી જ રીતે આ લોકમાં ચોથા પ્રકારથી પ્રતીત થાય છે. ચૈતન્ય સઘળી સ્થિતિમાં એક જ છે, જેમ તરંગો જળથી જરા પણ જુદા નથી, તેમ સ્વપ્ન, પરલોક અને આ લોક ચૈતન્યથી જરા પણ જુદા નથી. તેથી જગત ઉત્પન્ન થયું જ નથી અને તેથી નાશ પામવાનું નથી. જગત પોતાના સ્વરૂપથી કાંઇ છે જ નહિ.+

જે પ્રકાશે છે તે ચૈતન્ય જ પ્રકાશે છે. જેમ દૃશ્યોવગરનું ચૈતન્ય પરબ્રહ્મ જ છે તેમ દૃશ્યોવાળું ચૈતન્ય પણ પરબ્રહ્મ જ છે. જીવને મરણરૂપ મોહ થયા પછી નિમેષમાત્રમાં જ દેશ, કાળ, આરંભ, કુળ, જન્મ, માતા, પિતા, સંતાનો, અવસ્થા, સમજણ, સ્થાન, ચેષ્ટા, બંધુઓ, સેવકો, અસ્ત અને ઉદય વગેરે વાસનાઓને અનુસરતી બ્રહ્માંડરૂપી દૃશ્યવર્ગની શોભાનો પ્રતિભાસ થાય છે. જીવ પોતે કે જે ચૈતન્યસ્વરૂપ છે તે જન્મેલો નહિ છતાં પણ 'હું જન્મેલો છું' એમ ધારી લે છે અને તેથી દેશ, કાળ, ક્રિયાઓ, દૃશ્યો, મન, બુદ્ધિ અને ઇંદ્રિય વગેરેને દેખે છે અને નિમેષમાત્રમાં કલ્પ જેવડો મોટો કાળ જતો રહ્યાની પ્રતીતિ પણ તેને થાય છે. આ જગત છે અને આ સૃષ્ટિ છે એ રીતે વાસના જ સ્ફુરે છે અને એ વાસના સમીપમાં દૂરપણાનો અને ક્ષણમાં કલ્પપણાનો વિપરીત ભ્રમ કરે છે. **જેમ સ્વપ્ન સંબંધી ભ્રમમાં બીજા પિતામાં પણ પિતાની વાસના થાય છે, તેમ આ સંસારમાં નહિ અનુભવેલામાં પણ અનુભવેલાપણાની વાસના કોઇ સમયે ઉદય પામે છે.** જગતનું અત્યંત વિસ્મરણ તે જ મોક્ષ કહેવાય છે.

+ શ્રી મહર્ષિએ પણ આવો જવાબ આપ્યો હતો.

લીલાએ કહ્યું–એ બ્રાહ્મણ જે સૃષ્ટિમાં અને જે પહાડી ગામમાં રહેતો હતો ત્યાં મને લઇ જાઓ કે જેથી હું તે સૃષ્ટિ જોઉં. સરસ્વતીએ કહ્યું, કે તું સમાધિ કરી આ દેહને ભૂલી નિર્મળ થા. આ સ્થૂલ દેહથી પોતાના સંકલ્પના નગરમાં પહોંચાતું નથી, તો બીજાના સંકલ્પનગરમાં શી રીતે પહોંચી શકાય? સંકલ્પરૂપ થયા વગર સંકલ્પિતમાં પહોંચાય નહિ.

લીલાએ તે પ્રમાણે સમાધિ કરી. પછી અનેક લોકને ઓળંગી જે પૃથ્વીની અંદર પોતાનું પ્રથમનું ઘર હતું, એવા ઊંડા પહાડી ગામને જોયું. સરસ્વતી પણ પોતાના સંકલ્પથી ત્યાં આવ્યાં. ત્યાં વસિષ્ઠને રહેવાનો મંડપ લીલાએ જોયો, ત્યાં વસિષ્ઠના મરણથી ઘરના લોક ચિંતામાં પડયા હતા. લીલાએ પૂર્વજન્મના પોતાના મોટા પુત્ર જ્યેષ્ઠશર્માને જોયો. તેમણે વસિષ્ઠ અને અરુંધતીના મરણની વાત તે દેવીઓ પાસે કહી. લીલાએ પોતાના પુત્રના માથા ઉપર હાથ ફેરવી શાંતિ આપી.

હવે લીલાની ઇચ્છા ફરીથી પોતાના પતિનો દેશ જોવાની થઇ અને તેમ કરી આપવા માટે સરસ્વતીને કહ્યું. સરસ્વતીએ તેના જવાબમાં કહ્યું : 'હે અરુંધતી! તારા અનેક જન્મોમાં સેંકડો પતિઓ થઇ ગયા છે કે જેમાંના ત્રણ તો હમણાં જ થઇ ગયા. તેમાં વસિષ્ઠ બ્રાહ્મણ ભસ્મ થઇ ગયો છે, પદ્મ રાજા અંતઃપુરમાં શબ થઇને પુષ્પોમાં પડયો છે અને ત્રીજો વિદુરથ હમણાં આ સંસારમંડપમાં રાજ્ય કરે છે. હવે તને કયા પતિની પાસે લઇ જાઉં તે કહે! જો કે ચૈતન્યની દૃષ્ટિથી એ સઘળાં સંસારમંડળો અહીં પાસે જ છે, તો પણ લૌકિક દૃષ્ટિથી તેઓ વચ્ચે કરોડો યોજનનું અંતર છે. જે પરમ ચૈતન્ય છે તે પોતામાં જ આ જગત વગેરે રૂપે સ્ફુરે છે. જેમ તળાવમાં તરંગો થઇ થઇને વળી જાય છે, તેમ

ચૈતન્યના વિચિત્ર આકારવાળા દિવસ વગેરે કાળના વિભાગો અને બ્રહ્માંડ વગેરે દેશ થઇથઇને વળી થયા કરે છે.

લીલાએ કહ્યું–મને પણ તેમ જ લાગે છે. મેં મારાં કર્મ પ્રમાણે અનેક જન્મ ભોગવેલા છે. કોઇ જન્મમાં હું ભમરી થઇ હતી, કોઇમાં માછલી થઇ હતી, કોઇમાં નાગણ, કોઇમાં ભીલડી પણ થઇ હતી. આ પહાડી ગામમાં પણ હું અરુંધતી હતી એમ મને યાદ આવે છે. હવે મને મારા પતિ પદ્મ રાજાના નગરમાં જવાની ઇચ્છા થઇ છે. એવી માગણી કરતાં બંને સ્ત્રીઓ સંકલ્પ-બળથી પદ્મ રાજાના નગરમાં આવી. ત્યાં રાજાનું શરીર પુષ્પના ઢગલામાં પડયું હતું. ત્યાંથી પછી બંને ઊડી વિદુરથ રાજાના રાજ્યમાં આવી. તે વખતે બીજો કોઇ સિંધુરાજ નામનો રાજા સેના લઇ તે વિદુરથ રાજાના રાજ્ય ઉપર ચઢી આવ્યો હતો અને રણક્ષેત્ર લાંબા વખતના યુદ્ધથી ભયંકર થઇ ગયું હતું.

લીલાએ અને સરસ્વતીએ વિદુરથ રાજાના ઘરમાં સૂક્ષ્મ છિદ્રમાંથી પ્રવેશ કર્યો. ચિદાકાશ સર્વ પ્રદેશમય છે અને તેમાં આતિવાહિક કહેવાતો સૂક્ષ્મ દેહ જ્ઞાનના પ્રભાવથી ધાર્યા પ્રમાણે વિચરી શકે છે. રાજાએ એ બંને દેવીઓને દીઠી. સરસ્વતીએ રાજાને પૂછ્યું, કે–તું કોણ છે? કોનો પુત્ર છે? અને આ દેશમાં ક્યારે જન્મેલો છે? તેના જવાબમાં તે રાજાના મંત્રીએ કહ્યું– અમારા રાજાના પિતાનું નામ નભોરથ છે, તેમની માતાનું નામ સુમિત્રા છે. વિદુરથ ૧૦ વર્ષના થયા ત્યારે તેમનાં માબાપ તેમને રાજ્ય આપી વનમાં ચાલ્યાં ગયાં છે. સરસ્વતીએ રાજાને કહ્યું : 'તું વિવેકથી તારી મેળે તારા પૂર્વજન્મનું સ્મરણ કર.' એમ બોલી તે રાજાના માથા ઉપર હાથ ફેરવ્યો. તે હાથનો સ્પર્શ થતાં તે રાજાને પૂર્વજન્મનું ચક્રવર્તીપણું, લીલા રાણી સાથેનો વિલાસ

અને છેવટ પોતાનું મરણ થયાનો સઘળો વૃત્તાંત હૃદયમાં પ્રત્યક્ષ જેવું થતાં બધું સ્મરણમાં આવ્યું. રાજાએ દેવીઓને કહ્યું—આ સંસારમાં મારા મનની અંદર જે માયાનો વિસ્તાર થયો છે, તે હમણાં તમારી કૃપાથી મારા જાણવામાં આવ્યો. હે દેવીઓ! આ તે શું! **મારું મરણ થયાંને હજુ એક જ દિવસ થયો છે અને અહીં તો મારી અવસ્થા સિત્તેર વર્ષની થઇ છે.**

સરસ્વતીએ કહ્યું—તને પૂર્વજન્મમાં 'મરણ' નામની મહા મોહરૂપી મૂર્ચ્છા પ્રાપ્ત થયા પછી તે સર્ગનું ભાન ટળી જતાં, તે જ ઘડીએ, તે જ ઘરના, તે જ આકાશમાં તને આ સર્ગની પ્રાપ્તિ થઇ છે. ચિદાકાશની અંદર જે પહાડી ગામ છે, તે ગામની અંદરના બ્રાહ્મણના ઘરની અંદરના મંડપમાં જ તારો પૂર્વસર્ગ થયો હતો અને તે પૂર્વસર્ગના ઘરના મંડપની અંદરના આકાશમાં જ તને આ સર્ગનો પ્રકાશ થયો છે. એ પ્રત્યેક સર્ગમાં જગત ભિન્નભિન્ન હોય છે, પહેલા સર્ગમાં તારા ચિત્તમાં આ વર્તમાનકાળના વ્યવહારરૂપી વિસ્તીર્ણ ભ્રમ ભાસમાન થયો છે. 'મને ૭૦ વર્ષ થયાં, મારાં અમુક માબાપ હતાં, મેં અમુકઅમુક કામ કર્યાં' એવા પ્રકારની તને ભારે મોટી ભ્રાંતિ થઇ છે. પૂર્વજન્મમાં જે ક્ષણે તું મૃત્યુ પામ્યો તે જ ક્ષણમાં તને પોતાની મેળે જ હૃદયમાં આ પ્રતીતિ ઉદય પામી છે. જેમ કોઇ સ્વપ્નમાં એક ક્ષણની અંદર જ સો વર્ષની ભ્રાંતિ થાય છે, જેમ સંકલ્પની રચનામાં જીવન અને મરણની ભ્રાંતિ થાય છે, જેમ સ્વપ્નમાં પોતાનું માથું કપાયેલું લાગે છે તેમ જ તને આ વિસ્તીર્ણ સંસારની ભ્રાંતિ થઇ છે.[1] તું

૧. આપણે સ્વપ્નમાં કોઇ વૃદ્ધ (૮૦ વર્ષનો) માણસ જોઇએ તો તેને ૮૦ વર્ષ થયાં હશે એમ માની લઇએ છીએ. ખરી રીતે તેને ઉત્પન્ન થયાં એક મિનિટ થઇ હોય છે. જાગૃત થતાં તેની ખબર પડે છે. જાગૃત અવસ્થામાં

વાસ્તવિક રીતે કદી પણ જન્મ્યો નથી અને કદી પણ મૂઓ નથી. તું તો વિશુદ્ધ જ્ઞાનરૂપ છે અને સદા શાંતસ્વરૂપ છે. આ પર્વત, ગામ, શત્રુઓ અને આપણે કોઇ સાચી વસ્તુ નથી. કેવળ પૂર્ણ-બ્રહ્મમાં મિથ્યા ઘરમાં મિથ્યા લોકો મિથ્યા વ્યવહાર કરે છે.

વિદુરથ રાજાએ પૂછ્યું—હે દેવી! જો એમ હોય, તો આ મારા અનુચર જેઓ જીવે છે તે મારી પેઠે સાચા છે કે નહિ?

સરસ્વતીએ કહ્યું—હે રાજા! પરમ બ્રહ્મને જાણી જેઓ શુદ્ધ બોધસ્વરૂપ અને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ થયા છે, તેમની દૃષ્ટિમાં તો આ જગત સંબંધી કાંઇ પણ સાચું નથી. શુદ્ધ બોધસ્વરૂપ બ્રહ્મમાં આ જગતરૂપી અવિદ્યાએ ભ્રમ કરેલો છે એમ પ્રતીત થાય છે. જગતરૂપી ભ્રમનું મિથ્યાત્વ જણાયા પછી તે ભ્રમની સત્તા રહેલી સંભવે જ કેમ? રજ્જુમાં થયેલો સર્પરૂપી ભ્રમ શાંત થયા પછી એ ભ્રમની સત્તા રહે જ કેવી રીતે? આ ઝાંઝવાનું પાણી છે એમ જણાયા પછી તેમાં 'જળ છે' એવી બુદ્ધિ રહેવી કેમ સંભવે? આ સ્વપ્ન છે એમ જણાયા પછી સ્વપ્ન સંબંધી મરણ થવું કેમ સંભવે? જેમ જીવતા માણસને પોતાના સ્વપ્નમાં થતો પોતાના મરણનો ભય મિથ્યા છે, તેમ જાગૃતમાં થતો પોતાના મરણ વગેરેનો ભય પણ મિથ્યા જ છે. જ્ઞાની પુરુષની દૃષ્ટિમાં 'આ હું

પણ કોઇ ૮૦ વર્ષનો વૃદ્ધ માણસ આપણા જોવામાં આવે છે. તેને ૮૦ વર્ષ થયાં હશે એમ આપણે માનીએ છીએ. ખરી રીતે તેનો જન્મ થયો નથી; અને દેહભાવે જન્મ માનીએ અને બેત્રણ જન્મનો સાથે વિચાર કરીએ તો તેને કેટલાં વર્ષ થયાં તે કહી શકાય નહિ.

વળી તુકારામની ફિલ્મમાં તુકારામના ૫૦ વર્ષના બનાવ આપણે બે કલાકમાં જોઇએ છીએ. બે કલાકમાં તુકારામ ૫૦ વર્ષના થઇ શકે નહિ, છતાં જોવાવાળા તે જોઇ આનંદ પામે છે.

છું અને આ જગત છે' એવા તુચ્છ શબ્દોના અર્થો વાસ્તવિક રીતે રહેતા જ નથી, સ્વપ્નનગરનો દ્રષ્ટા જેઓને તે નગરના રહેવાસી માણસો જાણે છે તેઓ ક્ષણમાત્રમાં જ માણસો થઇ જાય છે. દ્રષ્ટાનું જે ઉપાધિવાળું ચૈતન્યસ્વરૂપ તે સ્વપ્નને પ્રફુલ્લિત થવાના સ્થાનકરૂપ અતિસૂક્ષ્મ નાડીના છિદ્રમાં રહેલું છે. તે ચિત્ત વાસના અનુસાર વિવર્ત પામી 'માણસો' રૂપે જણાય છે. જાગૃતમાં પણ તે ચિત્તનું જોર જમણી આંખમાં આવી અધિષ્ઠાનમાં મનુષ્ય વગેરેનો અધ્યાસ થતાં મનુષ્ય વગેરે પદાર્થ સત્ય જેવા લાગે છે. જેમ સ્વપ્નમાં તમને પ્રતીત થયેલી હું તમારી દૃષ્ટિએ સાચી છું અને સ્વપ્નમાં મને પ્રતીત થયેલા તમે મારી દૃષ્ટિએ સાચા છો; તેમ જ આ જાગૃત સંબંધી સંસાર કે જે મોટું સ્વપ્ન છે તેમાં પણ હું તમારી દૃષ્ટિએ સાચી છું અને તમે મારી દૃષ્ટિએ સાચા છો. વળી સ્વપ્નના પ્રપંચમાં જાગૃતના બાહ્ય દેશ, કાળ વગેરે જેવો યથાર્થ સંબંધ નહીં રહેવાથી સ્વપ્નના પ્રપંચ મિથ્યા છે એમ માનતા હો, તો જેને જાગૃતનો પ્રપંચ માનો છો તેમાં પણ સ્વપ્નની અંદર દેશકાળ વગેરેના જેવો યથાર્થ સંબંધ ન રહેવાથી જાગૃતનો પ્રપંચ પણ મિથ્યા છે.

વિદુરથે કહ્યું—હે દેવી! હું જેમ એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં જાઉં છું, તેમ આ દેહ છોડી અહીંથી મારા પહેલાંના સંસારમાં આવું એવું કરો, મારા ઉપર એટલી કૃપા કરો.

સરસ્વતીએ કહ્યું—તું ત્યાં આવી શકીશ. હે રાજા! આ મોટા સંગ્રામમાં હમણાં તારે મરવું પડશે અને પછી તને પૂર્વનું રાજ્ય મળશે.

આટલી વાત થયા પછી યુદ્ધ વધારે ઉગ્ર થયું. તેમાં વિદુરથ

રાજા લડતાંલડતાં મરણ પામ્યો. તેની સ્ત્રી જે નવી લીલા હતી તેણે સરસ્વતીની પાસે એવી માગણી કરી, કે આ મારો પતિ જ્યાં જાય ત્યાં હું પણ તેની સ્ત્રી થાઉં. સરસ્વતીએ કહ્યું—તેમ જ થશે.

પહેલી લીલા આ જવાબથી ગભરાઇ. સરસ્વતીએ તેને કહ્યું—કોઇ પણ પ્રપંચને વાસ્તવમાં સ્થિતિ નથી, બધું સ્વપ્નરૂપ છે. આ બધું વસિષ્ઠ નામના બ્રાહ્મણના ઘરમાં દેખાય છે. આ ત્રણ જગતરૂપી તેં જોયેલો મોટો આરંભ ભ્રમરૂપ છે. ભ્રમને સત્તા છે જ નહિ. જેને સત્તા નથી તેને અસ્તિત્વ નથી. અહંકારના સાક્ષી-ભૂત ચૈતન્ય આકાશને જ અજ્ઞાની માણસોએ જગતરૂપે માનેલું છે; તેથી એક અણુમાં ઘણાં જગત પ્રતીત થવાનો સંભવ છે.*

જ્યારે માણસનું ચિત્ત અભ્યાસની દૃઢ વાસનાથી આધિ-ભૌતિક વ્યવહારનો અનુભવ કરે છે, ત્યારે તે અનુભવથી દૃશ્ય પદાર્થ જો કે અસત્ય હોય તો પણ સાચો હોય તેવો દેખાય છે. જ્યારે વિવેક થાય ત્યારે સાચું જ્ઞાન થાય છે.

પછી તે વિદુરથ રાજાનો જીવ અને તેની સ્ત્રી લીલા જ્યાં પદ્મ રાજાનું શબ હતું ત્યાં આવ્યા. રાજાએ તે શબમાં પ્રવેશ કર્યો અને ત્યાં બે લીલા જોઇ.

સરસ્વતીએ જ્ઞાની લીલાને કહ્યું, કે ચૈતન્યરૂપે આકાશને જ્યારે આકાશરૂપે થવાની ઇચ્છા થઇ, ત્યારે આકાશરૂપે થયું અને કાળરૂપે થવાની ઇચ્છા થઇ ત્યારે કાળરૂપે થયું. સ્વપ્નમાં ચૈતન્ય જળરૂપે પણ થઇ જાય છે અને કાળરૂપે પણ થઇ જાય છે.

* બીજા જોનારની દૃષ્ટિ સાથે સરખામણી કરીએ, તો ભ્રાંતિ સમજવી સહેલી છે. ઊંઘમાં એ બધો સંસાર જતો રહે છે એટલું જ નહિ પણ જાગૃતમાં પણ પશુપક્ષીઓને જન્મમરણના વિચાર આવતા નથી.

આ બધા બનાવોને માત્ર એક મહિનો થયો હતો. રાજાએ પોતાની પાસે ઊભેલી બે લીલાને જોઇ પ્રશ્ન કર્યો, કે તમે કોણ છો? પહેલી લીલાએ કહ્યું, કે હું તમારી સ્ત્રી લીલા છું અને આ બીજી મારા પ્રતિબિંબરૂપ સ્ત્રી તમારી સેવા માટે ઉત્પન્ન થયેલી છે. તે પછી પદ્મ રાજાએ ૮૦૦૦૦ વર્ષ રાજ્ય કર્યું. એ કાળ પણ તેની કલ્પનામાં હતો. આત્માને કાળ નથી. ચૈતન્યનો સ્ફુરણ સ્વભાવ હોવાથી તે જેવી કલ્પના કરે, તેવું તેને જ્ઞાન થાય છે. ભાવનાથી નિમેષમાં કલ્પ દેખાય છે અને કલ્પ નિમેષરૂપ થાય છે.

આ જગત માયિક દૃષ્ટિથી સાચું લાગે છે પણ શુદ્ધ દૃષ્ટિથી ખોટું છે. શુદ્ધ જળમાં જેવી રીતે તરંગો રહેલા છે તેવી રીતે દેશ, કાળ અને ક્રિયારૂપે જણાતું આ જગત શુદ્ધ ચૈતન્ય જ છે; તેમાં ઉદય—અસ્તરૂપી વિચાર છે નહિ.

શ્રી શંકરાચાર્યે પણ પોતાનું સ્થૂલ શરીર એક ઝાડની બખોલમાં રાખી સૂક્ષ્મ શરીરથી કાશીના રાજાના મૃત દેહમાં પ્રવેશ કર્યો હતો. તે રાણીને એમ લાગ્યું કે મારો પતિ જીવતો થયો, પણ તેમાં ખરી રીતે શંકરાચાર્ય હતા. હરણના દેહમાં જડભરત હતા. કાચીંડામાં નૃગ રાજા રહેલા હતા. પથ્થરમાંથી અહલ્યા નીકળી હતી. બે ઝાડમાંથી મણિગ્રીવ અને નલકુબેર નીકળ્યા હતા. વાંસમાંથી ધંધુકારી નીકળ્યો હતો. તેથી આ સૃષ્ટિ બહુ વિચિત્ર પ્રકારની છે અને વિચાર કરતાં તે માત્ર સ્વપ્ન જેવી કલ્પના છે.

જ્યાં કાળ જુદા પ્રકારનો છે ત્યાં દિક્ પણ જુદા પ્રકારની છે અને જ્યાં દિક્ જુદા પ્રકારની છે ત્યાં કાળ પણ જુદા પ્રકારનો છે. એ બંને દ્રષ્ટાની ભૂમિકા ઉપર સાપેક્ષ છે. જેમ કે મુંબઇથી મદ્રાસ ચાલીને જવું હોય તો ઘણો વખત લાગે, પણ ટ્રેનમાં જતાં બહુ થોડો વખત લાગે અને વિમાનમાં તેથી પણ થોડો વખત લાગે. જ્યાં વખત થોડો લાગે છે ત્યાં જુદા પ્રકારની જગ્યા છે. લીલાના આ આખ્યાનમાં જ્યાં જ્યાં કાળનો ફેર જણાય છે, ત્યાં ત્યાં જુદાજુદા પ્રકારની દિક્ છે એમ સમજવું અને તે દિક્—કાળ સ્વપ્નની માફક જોનારની મનોદશામાંથી ઉત્પન્ન થાય છે.

આ પ્રમાણે દિક્ અને કાળ એ કોઇ સાચી વસ્તુ નથી. ભાવના પ્રમાણે તેમની ગતિ ફરે છે. તેથી જીવે તે બંનેની ઉપર જવાની ટેવ પાડવી જોઇએ. તે માટે મહર્ષિના જેવો વૈરાગ્ય જોઇએ. તેમની દૃષ્ટિમાં બ્રહ્મનિષ્ઠા જણાઇ આવે છે. જ્યારે અહંકાર તદ્દન નાશ પામે છે અને આત્મામાં સ્થિતિ થાય છે ત્યારે એવી દશા પ્રાપ્ત થાય છે.

લગભગ ૫૦ વર્ષ પહેલાં ધૂળિયાના એક સ્વામી હંસને શ્રી ગુરુદત્તાત્રેયનાં સાક્ષાત્ દર્શન કરવાની ઇચ્છા થઇ હતી. તે માટે તેમણે ૧૨ વર્ષનું એક અનુષ્ઠાન શરૂ કર્યું. તે દરમ્યાન તે ગિરનાર ગયા હતા. ત્યાં તેમણે એવો અવાજ સાંભળ્યો કે 'મારાં દર્શન કરવાં હોય, તો હિમાલયમાં કૈલાસ પર્વત આગળ ગવરી કુંડ છે ત્યાં આવ.' તે આદેશ પ્રમાણે સ્વામી હંસ હિમાલય જવા માટે નીકળ્યા. રસ્તો અજાણ્યો હોવાથી તેમણે એક ભોમિયો (તેના કામ માટે પૈસા ઠરાવી) રાખી લીધો. જ્યારે કૈલાસ પર્વત નજીક આવ્યો, ત્યારે સ્વામીજીએ તે ભોમિયાને તેનો પગાર આપી પાછો વાળ્યો અને તેના ઘરનું ઠેકાણું લખી લીધું. તે પછી સ્વામીજીને શ્રીગુરુદત્તાત્રેયનાં દર્શન થયાં. તે ગુરુની સાથે ત્રણ દિવસ રહ્યા, પણ તે આનંદમાં તેમને એ વખત ત્રણ મિનિટ જેવો લાગ્યો. વળતી વખતે સ્વામીની ઇચ્છા તે ભોમિયાને ઘેર જવાની થઇ. ત્યાં સ્વામીજી ગયા ત્યારે તે ભોમિયાના દીકરાનો દીકરો તેના દાદાનું

(ભોમિયાનું) શ્રાદ્ધ કરતો હતો. સ્વામીજીએ પૂછ્યું કે તે ક્યાં છે? તે છોકરાએ કહ્યું : 'તેમને મરી ગયે ૫૦ વર્ષ થયાં છે.' આ વાત સાંભળી સ્વામીજીની આંખમાં આંસુ આવી ગયાં. ખરી રીતે શ્રીગુરુદત્તાત્રેયે સ્વામીજી માટે તે ભોમિયો ઉત્પન્ન કરી મોકલ્યો હતો. આ વાત ૩૦ વર્ષ પહેલાં અમને સ્વામીજીએ કરી હતી. કાળની વિચિત્ર ગતિ જણાવનાર આવા બનાવો ભક્તોના જીવનમાં ઘણીવાર જોવામાં આવે છે.

૧૪ : ઇંદ્રજાળ

(લવણાખ્યાન, યોગવાસિષ્ઠ–ઉત્પત્તિ પ્રકરણ સર્ગ ૧૦૪ ઉપરથી)

મહર્ષિએ વાતચીતમાં કાળની વિચિત્ર ગતિ અને તેમાંથી ઉત્પન્ન થતો અજાતવાદ સમજાવવા માટે લવણ રાજાનું આખ્યાન ટૂંકામાં કહેલું હતું. યોગવાસિષ્ઠમાં એ આખ્યાન વિસ્તારથી આપવામાં આવેલું છે; પણ સિદ્ધાંત સમજવા માટે અહીં તે ટૂંકમાં આપવામાં આવે છે.

આ પૃથ્વી ઉપર ઉત્તરપાંડવ નામનો દેશ હતો ત્યાં હરિશ્ચંદ્ર રાજાના કુળમાં ઉત્પન્ન થયેલ એક લવણ રાજા નિષ્કપટપણે વિનયથી રાજ્ય કરતો હતો. એક દિવસ તે સિંહાસન પર બેઠો હતો, અને રાજસભા ભરાઇ હતી, તેવામાં એક ઇંદ્રજાળ કરનાર માણસ તે સભામાં આવ્યો. તેણે રાજાને પ્રણામ કર્યા અને કહ્યું : 'હે વિભુ! આકાશમાંનો ચંદ્ર જેમ પૃથ્વીને જુએ તેમ હું તમને એક મિથ્યા રમત બતાવું છું તે તમે તમારા આસન પર બેઠાબેઠા જુઓ.' એમ કહી તેણે ભ્રમ ઉત્પન્ન કરનાર મોરપીંછની મૂઠ રાજાના ઉપર ફેરવી. રાજાએ તે મૂઠ દીઠી. થોડીવારમાં ત્યાં એક

ઘોડેસવાર ઘોડો લઇ આવ્યો અને લવણને કહ્યું કે અમારા રાજાએ આ ઘોડો આપને ભેટ તરીકે મોકલેલો છે. તે ચાલવામાં અતિ વેગવાળો છે. આ સુંદર ઘોડા ઉપર બેસી આપ પૃથ્વીમાં વિહાર કરો.* ઘોડાને જોતાં રાજા સ્તબ્ધ બની ગયો. રાજાનાં નેત્ર સ્થિર થઇ ગયાં અને બે મુહૂર્ત સુધી તે ને તે જ આસન ઉપર ધ્યાન લાગી ગયું. રાજા કાંઇ વિચારમાં પડી ગયા હશે એમ માની સભાના કોઇ માણસે તેમને જાગૃત કર્યા નહિ. બે મુહૂર્ત પછી રાજા જાગૃત થયો અને ભયથી કંપાયમાન થતાં આસન ઉપરથી પડી જવા લાગ્યો; એટલામાં તેના માણસોએ તેને ટેકો આપી બરાબર બેસાડયો. રાજાએ મંત્રીઓને કહ્યું 'આ કોનો પ્રદેશ છે, તથા આ કોની સભા છે?' મંત્રીઓએ પૂછ્યું—તમારું મન કયા પદાર્થમાં મોહ પામ્યું છે? એટલામાં રાજાને પોતાના અસલ સ્વરૂપનું સ્મરણ થયું. તેણે સભાસદોને કહ્યું—અરે સભાસદો! ઇંદ્રજાળ કરનાર આ માણસે એક મુહૂર્તમાં મને જે બતાવ્યું છે તે આશ્ચર્યકારક આખ્યાન હું તમને કહું છું તે સાંભળો. એમ કહી રાજાએ પોતાને થયેલા અનુભવની વાત નીચે પ્રમાણે સભાસદોને કહી :

મોરપીંછની એ ચપળ મૂઠ જોયા પછી મેં એક ઘોડો જોયો. હું તે ઘોડા ઉપર બેઠો અને મેં ફરવા માંડયું. હું મૃગયા કરવા નીકળ્યો, એટલામાં મારા જોવામાં એક વન આવ્યું. તે વનનું ઉલ્લંઘન કરી હું આગળ ચાલ્યો. ત્યાં ફરી એક જંગલ આવ્યું. હું ત્યાં એક ઝાડ નીચે સૂતો. મારો ઘોડો ત્યાંથી ચાલ્યો ગયો.

ત્યાં રાત્રિ પડી. મને તે રાત્રિ દુઃખને લીધે એક કલ્પ સમાન

* અહીં ઘોડાનો અર્થ મન સમજવાનું છે. તે બહુ વેગવાળું છે અને અનેક જાતની ભ્રાંતિ ઉત્પન્ન કરે છે.

લાગી. સવારે ઊઠી મેં પૂર્વ દિશા તરફ નજર કરી. પછી બપોર થયા. મને ભૂખ લાગી એટલામાં રાંધેલા ભાતનું પાત્ર હાથમાં લઇ જતી એક કન્યા મારી નજરે આવી. મેં તેને કહ્યું : 'મને કાંઇક ખાવાનું આપ, મને ભૂખ બહુ લાગી છે.' તેણે કહ્યું : 'હું ચાંડાળ કન્યા છું. તમે જો મારા પતિ થાઓ તો આ ભોજન હું તમને આપું.' મને ભૂખ બહુ લાગી હતી, તેથી મેં હા પાડી. પછી તે કન્યા મને તેના પિતા પાસે લઇ ગઇ. અને તેના પિતાને કહ્યું કે આ માણસને મારો પતિ કરો. ત્યારપછી એ કન્યા સાથે મારો વિવાહ થયો. તે કન્યાને મારાથી ગર્ભ રહ્યો અને નવ મહિને તેણે એક બાળકીને જન્મ આપ્યો. ત્રણ વર્ષ પછી અમને એક પુત્ર થયો, તે પછી એક પુત્રી આવી અને પછી એક પુત્ર થયો. એમ હું કુટુંબવાળો થયો. મેં તે ચાંડાળ કન્યા સાથે ઘણાં સુખદુઃખ ભોગવ્યાં. પછી વખત જતાં હું વૃદ્ધ થયો. મારું શરીર જર્જરિત થઇ ગયું. હું કાળરૂપી સમુદ્રમાં તણાવા લાગ્યો. તે દેશમાં અતિ દુષ્કાળ પડયો. હું મારા કુટુંબ સહિત બીજા દેશમાં ચાલવા માંડયો. છોકરાં રસ્તામાં ખાવા માટે ચીસ પાડતાં હતાં અને માંસ માગતાં હતાં. પુત્ર ઉપર અતિ સ્નેહ થવાથી મેં તેમને કહ્યું કે 'મારું માંસ પકવીને ખાઓ.' તેમણે કહ્યું કે 'આપો!' એટલે મેં લાકડાં ભેગાં કરી ચિતા સળગાવી. એ ચિતામાં હું દેહ નાખતો હતો એટલામાં આ સિંહાસન ઉપરથી હું વેગથી ચલાયમાન થયો, અને આ સભાના તુરીના અને જય જયકારના શબ્દથી તમે મને જાગૃત કર્યો.

રાજા આ વાત સભાને કહે છે એટલામાં તે ઇન્દ્રજાળ કરનાર માણસ ત્યાંથી અંતર્ધાન થઇ ગયો. રાજાએ સભાસદોને કહ્યું, આ ઇન્દ્રજાળ કરનાર માણસ નથી પરંતુ કોઇ દૈવી માયા છે. આ માયામાં સંસાર મનના વિલાસરૂપ છે.

વસિષ્ઠે રામચંદ્રજીને કહ્યું, કે હું તે સભામાં હાજર હતો. એ મનની માયા મેં જોઇ હતી. સ્વપ્નમાં થયેલી જાગૃત દશા જેમ સાચી લાગે છે તેમ વાસનાયુક્ત માણસનું ચિત્ત અસત્ એવા ગંધર્વનગરને સત્‌રૂપે જુએ છે. જેમ નાટકમાં રહેલો નટ બહુ વેશ ધારણ કરે છે તેમ દેહમાં મનની વૃત્તિઓ બહુ વેશ ધારણ કરે છે. મન લઘુ પદાર્થને દીર્ઘ કરે છે, સત્યમાં અસત્યતા કરે છે અને શત્રુમાં મિત્રતા કરે છે. માણસને ચિત્તવૃત્તિમાં જેવો પ્રતિભાસ થાય છે તેવો તેને પ્રત્યક્ષ અનુભવ થાય છે. પ્રતિભાસને લીધે જ સ્વપ્નથી આકુળ ચિત્તવાળા હરિશ્ચંદ્રને એક રાત્રિ બાર વર્ષની થઇ પડી હતી. ઇંદ્રદ્યુમ્ન રાજા બ્રહ્મલોકમાં ગયા, ત્યારે ચિત્તના પ્રભાવથી એક મુહૂર્તમાં એક યુગનો કાળ ચાલ્યો ગયો હતો. પ્રાતઃકાળે જેને રાજ્ય મળવાનું છે એવા બંદીવાનને બંધન પણ સુખરૂપ થાય છે, તેવી રીતે સારી મનોવૃત્તિ વડે રૌરવ નરક પણ સુખરૂપ થઇ પડે છે. વીતરાગ નામના કોઇ મુનિ ધ્યાનસ્થ હતા. તે સમયે વનમાં કોઇ રાક્ષસ તેમનો હાથ ચાવી ગયો, તો પણ મુનિને તેની ખબર પડી નહિ. લવણ રાજાને મનના પ્રતિભાસથી ચંડાળપણું પ્રાપ્ત થયું હતું, તેવી રીતે આ બ્રહ્માંડ મનનો વિલાસમાત્ર છે.

રામ બોલ્યા—મને એ જ આશ્ચર્ય લાગે છે કે અવિદ્યાનો અત્યંત અભાવ છે છતાં સર્વ જગત તેનાથી વશ થઇ રહેલું છે. સંસારના મૂળ કારણરૂપ માયાનું સ્વરૂપ કહો. બીજું લવણ રાજાને ચંડાળ—અવસ્થામાં દુઃખ ભોગવવું પડયું તેનું શું કારણ? એ મારા મનમાં મોટો સંદેહ છે. વળી તે ઇન્દ્રજાળ કરનાર માણસ કોણ હતો?

વસિષ્ઠ બોલ્યા—કાષ્ઠ અને ભીંતની ઉપમા જેવો આ દેહ

વાસ્તવિક રીતે નથી, પણ સ્વપ્નની પેઠે ચિત્ત વડે કલ્પેલો છે. ચિત્ત, અવિદ્યા, મન, જીવ, વાસના તથા કર્માત્મા એવા નામથી કહેવાતો દેહધારી દુઃખનો ભોક્તા છે. લવણ રાજાને જે ચાંડાળ-પણાનું દુઃખ ભોગવવું પડયું હતું તેનું કારણ એ હતું કે તેણે જ્યારે રાજસૂય યજ્ઞ કર્યો, ત્યારે ઘણા જીવોને દુઃખ થયું હતું. તેનું ફળ દેવા માટે ઇન્દ્ર દેવતાએ એક ગારુડીના વેશમાં દેવદૂત મોકલ્યો હતો.

લવણ રાજાનો ભ્રમ નીકળી ગયા પછી તેણે પોતે નજરે જોયેલી પૃથ્વીમાં જવાની પ્રવૃત્તિ કરી અને વિચાર કર્યો કે 'જે અરણ્યમાં મેં દુઃખનો અનુભવ કર્યો છે તે અરણ્ય ચિત્તરૂપી અરીસામાં ઓળખાયેલું હોય તેમ મને સ્મરણમાં છે; માટે કદાચ વિંધ્યપર્વતમાં જવાથી તે અરણ્ય મને પ્રાપ્ત થાય.'

એમ વિચાર કરી તે વિંધ્યપર્વતમાં આવ્યો, ત્યાં તેણે એક અરણ્ય જોયું અને પોતે જે જે અનુભવો લીધા હતા તે વિષે ત્યાંના લોકોને પ્રશ્ન કર્યા. તેમના જવાબ સાંભળી તે રાજા વિસ્મય પામ્યો. તેણે ત્યાં રહેનારા પારધી અને ચંડાળને ઓળખ્યા. જે ગામમાં પોતે ચંડાળ બન્યો હતો તે ગામ તેણે જોયું. ત્યાં પોતાની સાસુ જોઇ, બધા કુટુંબને ગરીબ સ્થિતિમાં રડતું જોયું. તે સાસુને એટલે વૃદ્ધ ચાંડાળણીને વિલાપ કરતાં જોઇ તે રાજાએ તેને પૂછ્યું, કે 'આ સ્થળે શું થયું હતું? તારી પુત્રી કોણ હતી? તારો જમાઇ કોણ હતો?' તે સ્રીએ જવાબ આપ્યો કે આ ગામમાં ચંડાળ જાતિનો મારો પતિ હતો. અમારે એક ચંદ્ર સમાન પુત્રી હતી. મારી પુત્રીને એક રાજા પતિ તરીકે પ્રાપ્ત થયો. પછી તેને કેટલાક પુત્રો અને પુત્રીઓ થયાં. પછી આ ગામમાં અનાવૃષ્ટિને

લઇને દુકાળ પડયો એટલે એ બધાં અહીંથી દૂર દેશમાં ગયાં અને ત્યાં મરણ પામ્યાં.

લવણ રાજા આ હકીકત સાંભળી બહુ જ વિસ્મય પામ્યો. તેણે તે ચાંડાળના કુટુંબને દાન આપી તેમનું દુઃખ દૂર કર્યું. પછી તે પોતાના રાજ્યમાં પાછો આવ્યો. રાજાએ બીજે દિવસે મને (વસિષ્ઠને) પ્રશ્ન પૂછ્યો કે જે બાબત સ્વપ્નમાં જોયેલી હતી તે પ્રત્યક્ષ કેમ જોવામાં આવી?

વસિષ્ઠે કહ્યું—મેં તે રાજાને કહ્યું કે અવિદ્યામાં સર્વ વસ્તુનો સંભવ છે. સ્વપ્નમાં ઘટમાં પટની બુદ્ધિ થાય છે. વાસનાવાળું ચિત્ત જેવીજેવી ભાવના કરે છે તેવો તેવો તેને અનુભવ થાય છે.

પ્રતિભાસના પરવશપણાથી બધું અવળું દેખાય છે. એક ક્ષણ કલ્પરૂપ અને એક કલ્પ ક્ષણરૂપ દેખાય છે. બુદ્ધિ અવળી થવાથી જીવ પોતાના આત્માને ઘેટારૂપે જુએ છે અને ઘેટો સિંહનું રૂપ ધારણ કરે છે. **જેમ કોઇ કરેલા કામનું વિસ્મરણ થાય છે તેમ કોઇ ન કરેલા કામનું સ્મરણ પણ થઇ જાય છે.*** ચંડાળના સ્થાનમાં કોઇ ચંડાળ કન્યાનો કોઇ ચંડાળની સાથે વિવાહ થયો, તે સત હોય અથવા અસત હોય, તો પણ લવણ રાજાના મનમાં તે સાચો પ્રતીત થયો. જેમ સ્વપ્નમાં કોઇ પ્રાચીન કથા જોવામાં આવે તેમ લવણ રાજાને પ્રતિભાસથી ઉપરની હકીકત અનુભવમાં આવી. લવણ રાજાએ સ્વપ્નમાં જે વિભ્રમ જોયો હતો તે જ વિભ્રમ વિંધ્યપર્વતમાંના ચંડાળના ચિત્તમાં પ્રાપ્ત થયો; એટલે કે લવણ રાજાના મનની કલ્પનાનો વિંધ્યપર્વતના ચંડાળના ચિત્તમાં

* થોડા વખત પહેલાં એક માણસને સ્વપ્નમાં એક સ્રી દેખાઇ હતી. પછી તે ગાય થઇ ગઇ અને થોડીવામાં તે ગાયમાંથી ધૂળ થઇ ગઇ.

ઉદય થયો અથવા વિંધ્યપર્વતના ચંડાળની કલ્પનાનો લવણ રાજાના ચિત્તમાં ઉદય થયો. જે પ્રમાણે ઘણાં માણસોનાં નામ, તેમનાં વચન તથા તેમણે પોતાના મનથી કરેલી કલ્પના એ બધું કોઇ સમયે શબ્દ તથા અર્થને મળતું આવે છે તે જ પ્રમાણે સ્વપ્નમાં જુદાજુદા માણસે જોયેલાં કાળ, દેશ તથા ક્રિયા પણ મળતાં આવે છે. ખરી રીતે અધિષ્ઠાન ચૈતન્યની સત્તાથી જ, પ્રતિભાસને લીધે, સર્વ વસ્તુની સત્તા છે અને સંવેદન વિના સર્વ પદાર્થની કાંઇ પણ સત્તા નથી. ચૈતન્ય અને જડમાં વિલક્ષણતા હોવાથી તેમની એકતા થતી નથી. જ્યાં સુધી ભેદબુદ્ધિ છે, ત્યાં સુધી સર્ગપણું તથા અહંતા વગેરે ભ્રમનો ઉદય થાય છે. હે રામ! તમે સર્વદા એકરૂપ થઇ રહો. કોઇ પણ વસ્તુનો ઉદય પણ થતો નથી તેમ લય પણ થતો નથી; માટે તમે નિરંતર ચિત્તરૂપી ચંડાળનો અનાદર કરો. ચિત્ત અસત્ય છતાં સત્ય જેવું લાગે તેવું છે. સંકલ્પવિકલ્પનો ક્ષય થયા પછી ચિત્ત ગળી જાય છે. તે મટવાથી જન્મરહિત એક ચૈતન્યસ્વરૂપ જ જણાય છે.

આ લવણાખ્યાનની વચમાં (૩–૧૧૦) એક ઇન્દ્રદ્યુમ્ન રાજાની પુત્રી રેવતીની વાત આવે છે. તેનું લગ્ન કરવા માટે (તેનો સંબંધ કયા રાજા સાથે કરવો તે પૂછવા માટે) ઇન્દ્રદ્યુમ્ન રાજા બ્રહ્મલોકમાં ગયા. ત્યાં બ્રહ્માની પાસે ગાન થતું હતું. તેથી તે ત્યાં એક મુહૂર્ત સુધી ઊભા રહ્યા. ગાન પૂરું થઇ રહ્યા પછી બ્રહ્માને પોતાની પુત્રીના લગ્ન સંબંધી સલાહ પૂછી. ત્યારે બ્રહ્માએ ઉત્તર દીધો કે 'તમે અહીં એક મુહૂર્ત ઊભા રહ્યા તેટલી વારમાં તમારા દેશમાં એક યુગનો કાળ ચાલ્યો ગયો છે, તેથી તમે મનમાં સંકલ્પ કરેલા સર્વ રાજાઓનો નાશ થયો છે; માટે તમારી પુત્રી હવે ભૂતળમાં બલભદ્રજીનો જન્મ થયો છે તેમને પરણાવજો.'

મહર્ષિએ એક વખત નીચે પ્રમાણે નારદજીએ જોયેલી માયાનું દૃષ્ટાંત આપ્યું હતું :

એક વખત નારદજીએ ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું કે 'મને આપની માયા બતાવો.' તે પછી કેટલાક દિવસ વીતી ગયા. એક દિવસ શ્રીકૃષ્ણે નારદજીને કહ્યું કે ચાલો આપણે એક જંગલ જોવા જઇએ. ત્યાં જતાં એક રણ આવ્યું. ત્યાં શ્રીકૃષ્ણને તરસ લાગી એટલે તેમણે નારદજીને કહ્યું કે 'મને તરસ બહુ લાગી છે, માટે કોઇ જગ્યાએથી પાણી લઇ આવો.' તેમની આજ્ઞા પ્રમાણે નારદજી ગયા. થોડે દૂર ગયા પછી નારદજીએ એક ગામડું જોયું. પાણી માટે તે ગામમાં ગયા. કોઇના ઘરનું બારણું ખખડાવ્યું, તેમાંથી એક સુંદર કન્યા નીકળી. તેને જોતાં નારદજી ભગવાને મંગાવેલું પાણી ભૂલી ગયા. બધું ભૂલી નારદજી તે કન્યા સાથે ચાલવા લાગ્યા. તે દિવસે તે ભગવાન પાસે પાછા વળ્યા નહિ. બીજે દિવસે નારદજી તે જ કન્યા પાસે ગયા અને વાતો કરવા લાગ્યા. તેને પરિણામે બંને વચ્ચે પ્રેમ થયો. તે કન્યાના બાપની સંમતિથી બંનેનો વિવાહ થયો અને છોકરાં થયાં. તેને ૧૨ વર્ષ થઇ ગયાં. નારદજીના સસરા ગુજરી ગયા અને તેમની મિલકત નારદજીને મળી. નારદજી સુખથી કુટુંબ સાથે રહેવા લાગ્યા. તે પછી એક વખત અતિવૃષ્ટિને લઇને તે ગામની નદીમાં પૂર આવ્યું. તે પૂરમાં તે ગામ તણાવા લાગ્યું. મકાનો પડી ગયાં. માણસો અને પશુઓ ડૂબવા લાગ્યાં. નારદજીએ એક હાથમાં સ્ત્રીને લીધી અને બીજા હાથમાં બે બાળકો લીધાં અને ત્યાંથી ભાગવા લાગ્યા. ત્રીજું બાળક તેમણે પોતાના ખભા ઉપર લીધું. પણ પૂર બહુ જોરમાં આવવાથી અને તેમાંથી પાર નીકળવામાં મુશ્કેલી નડવાથી

નારદજીના ખભા ઉપરનું બાળક પાણીમાં પડી ગયું. તે બાળકને બચાવવા જતાં બીજું હાથમાંથી છટકી ગયું અને તે પણ પાણીમાં પડી ડૂબી ગયું. છેવટે તેમની સ્ત્રી પણ પાણીમાં તણાઇ ગઇ. નારદજી તે બધાનો શોક કરતા નદીને કાંઠે બેઠા. એટલામાં તેમની પછવાડેથી એક અવાજ આવ્યો કે–'બેટા, પાણી ક્યાં છે? તને પાણી લેવા મોકલ્યો હતો અને હું અહીં પાણીની રાહ જોઇ બેઠો છું, તને ગયે અરધો કલાક થઇ ગયો માટે હવે જલદી લાવ.' નારદે તે સાંભળી વિચાર કર્યો : 'અર્ધો કલાક!' બાર વર્ષના બનાવ તેમની દૃષ્ટિ આગળ ખડા થયા અને તે બધું અર્ધા કલાક-માં બન્યું! આનું નામ માયા, અથવા ભગવાનની ઇંદ્રજાળ, જે કહો તે.

જીવ પણ કોઇ કન્યાને સ્ત્રી માની સંસારમાં એવો ફસી જાય કે જે જીવન ભગવાનને આપવાનું છે તે ભૂલી જાય છે. જેઓ માત્ર આત્મનિષ્ઠામાં રહે છે તેઓ જ આવી માયા જીતી શકે છે.

જ્યાંજ્યાં કાળનો આવો ફેરફાર જોવામાં આવે ત્યાંત્યાં નવી જાતની દિક્ અથવા દેશ ઉત્પન્ન થાય છે અને જ્યાં દિક્ ફરે છે ત્યાં કાળ ફરે છે. દિક્ અને કાળને જુદાં પાડી શકાતાં નથી. તે બાબત હાલ સાપેક્ષવાદથી (રિલેટીવિટીથી) સિદ્ધ થયેલ છે.

એમ માનો કે મુંબઇમાં ૧૯૪૮નું અંગ્રેજી વર્ષ ચાલે છે અને કરાંચીમાં પાકિસ્તાનવાળા પોતાની હીજરી સંવત ૧૩૬૬ની શરૂ કરે. એવા સંજોગોમાં જો કોઇ મુંબઇમાં મરેલ હિંદુ કે મુસલમાન કરાંચીમાં જન્મે, તો ૧૯૪૮ ની સાલમાં મરેલ જીવ ૧૩૬૬ની સાલમાં જન્મે અને તેને તે બાબતની ખબર પડે નહિ. સ્વપ્નના પિતાનો જન્મ અને સ્વપ્નના પુત્રનો જન્મ એક કાળે થાય છે; છતાં પિતા પહેલાં જન્મ્યો હોય તેવું જણાય છે. કોઇ કન્યા પરણી

સાસરે જાય. પછી બીજે દિવસે કોઇ તેને પૂછે, કે તારા પતિને કેટલાં વર્ષ થયાં? તો જવાબમાં સ્ત્રી કહે છે કે ૨૦ વર્ષ થયાં. ખરી રીતે જોતાં તેના પતિને એક દિવસ થયો હોય છે. એક દિવસ પહેલાં તે તેનો પતિ નહોતો.

યોગવાસિષ્ઠના ત્રણચાર બનાવો જે આગળ આવી ગયા તે સંબંધમાં મહર્ષિ પાસે વાતચીત થઇ હતી. તેમણે જણાવ્યું કે દિક્ અને કાળ એ મનની કલ્પનામાંથી ઉત્પન્ન થાય છે. જેવું સ્વપ્નમાં બને છે તેવું જાગૃતમાં પણ બને છે.

અમે મહર્ષિને પૂછ્યું, કે યોગવાસિષ્ઠ એ અજાતવાદનો ઉત્તમ ગ્રંથ છે અને શ્રી શંકરાચાર્યના મતને બહુ ટેકો આપે છે; છતાં તેમણે પોતાના ભાષ્યમાં કોઇ પણ જગ્યાએ તે બાબતનો ઉલ્લેખ કેમ ન કર્યો? આનો જવાબ મહર્ષિએ આપ્યો નહિ. આ બાબત ઉપર કેટલાક વિદ્વાનો પણ વિચાર કરે છે. શ્રી વિદ્યારણ્ય સ્વામીના 'જીવન્મુક્તિવિવેક' નામના પુસ્તકમાં યોગવાસિષ્ઠમાંથી કેટલાક શ્લોક લીધેલા છે, તેથી તેમના વખતમાં એ ગ્રંથ પ્રસિદ્ધ હશે એમ અનુમાન થઇ શકે છે.

૧૫ : અજાતવાદ

મહર્ષિનો મુખ્ય સિદ્ધાંત અજાતવાદ છે. તે બાબતની કેટલીક હકીકત પાછળનાં પ્રકરણો વાંચવાથી સમજી શકાય તેમ છે. અજાતવાદની વધારે હકીકત નીચેના ગ્રંથોમાં પણ મળી શકે છેઃ–

૧. માંડુક્ય ઉપનિષદ અને તે ઉપર શ્રી ગૌડપાદાચાર્યની કારિકા.

૨. યોગવાસિષ્ઠ.

૩. અવધૂત ગીતા.

૪. અષ્ટાવક્ર ગીતા.

૫. જ્ઞાનેશ્વર મહારાજનો અમૃતાનુભવ.

૬. પ્રોફેસર આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ.

૭. શ્રીમદ્ ભાગવત, એકાદશસ્કંધ, અધ્યાય ૧૩ (હંસગીતા).

સામાન્ય માણસો માટે અજાતવાદ સમજવો બહુ અઘરો છે. તેમને નીચેના ક્રમ પ્રમાણે સમજાવી શકાય છે.

૧. સૃષ્ટિદૃષ્ટિવાદ—સામાન્ય માણસ સૃષ્ટિ જોઈને વિચાર કરે છે.

૨. સૃષ્ટિ ઈશ્વરે કરેલી છે. ભક્તને એવું લાગે છે. બગીચાનું કામ કરનાર માળી કોઈ ઝાડને કાપે છે, કોઈને જડમૂળથી ઉખેડી નાખે છે અને કોઈ નવાં ઝાડ રોપે છે; તેમાં માળીનો હેતુ શુભ જ હોય છે. તેમ જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર પ્રભુની ક્રિયામાં ભક્તો શુભ હેતુ જ જુએ છે.

૩. પછી ઈશ્વરના સ્વરૂપનો વિચાર કરતાં ઈશ્વર સિવાય બીજું કાંઈ રહેતું નથી.

૪. તેથી જોનારની ભૂલનો વિચાર કરવો જોઈએ. અહીં દૃષ્ટિ-સૃષ્ટિવાદની શરૂઆત થાય છે.

૫. તેને પરિણામે જેટલી દૃષ્ટિ તેટલી સૃષ્ટિ જણાય છે.

૬. પછી દૃષ્ટિકાળે સૃષ્ટિ જણાય છે.

૭. પછી દૃષ્ટિકાળે સૃષ્ટિની પ્રતીતિ થાય છે, ત્યારે જ્ઞાનની શરૂઆત થાય છે.

૮. પછી સૃષ્ટિ થઈ જ નથી એવું ભાન સતત રહે, ત્યારે અજાતવાદનો નશો ચડે છે અને બ્રહ્મ પ્રત્યય ચાલુ રહે ત્યારે બ્રહ્મનિષ્ઠા થાય છે.

ઉપરના ક્રમ પ્રમાણે અજાતવાદમાં આવી શકાય છે. સૃષ્ટિ થઈ નથી, છતાં સામાન્ય માણસને સાચી દેખાય છે તેનું કારણ માયા અથવા એક પ્રકારની ભૂલ છે; તે ભૂલ જોનારમાં છે. તે ભૂલનું સ્વરૂપ નીચે પ્રમાણે છેઃ—

૧. જે ખોટી હોય.

૨. સાચા જેવી લાગે.

૩. જેનાથી વ્યવહાર થાય.

૪. જે બીજી દશામાં બાધ પામે અથવા બીજા જ્ઞાનથી બાધ પામે અને—

૫. બાધ પામે છે માટે ખોટી છે.

એ બાબત સમજવી હોય તો સ્વપ્નનું દૃષ્ટાંત અથવા ઘુવડનું અંધારું અથવા વાઈસરોયે અગાઉ (૧૯૪૨—૪૫માં) કરેલો એક કલાકનો વધારો; એ બધા ખોટા બનાવ છે છતાં સાચા જેવા દેખાય છે. દૃષ્ટિસૃષ્ટિવાદમાં સમસ્ત જગત એટલે જગતના સમસ્ત પદાર્થો પ્રાતિભાસિક છે. પ્રાતિભાસક પદાર્થ જ્યારે જ્ઞાત થાય છે ત્યારે તેની સત્તા જણાય છે. અજ્ઞાન પ્રાતિભાસિકની સત્તા જ હોતી નથી. રજ્જુમાં અજ્ઞાત સર્પ કોઈ કાળે કોઈને ભય, ઉદ્વેગ કે વ્યાકુળતા ઉત્પન્ન કરી શકતો નથી. જ્યારે તે જ્ઞાત થાય છે ત્યારે પોતાનું કાર્ય કરી શકે છે. એ દૃષ્ટિસૃષ્ટિવાદનું રહસ્ય છે. તેથી મૂર્ખને જગત દેખાય છે, જ્ઞાનીને દેખાતું નથી. પ્રપંચ હોય તો

તેની નિવૃત્તિ થાય, પ્રપંચ ત્રણે કાળમાં નથી. એવું જ્ઞાન થાય એ જ તેની નિવૃત્તિ છે.

જે માયિક છે તે સાચું હોય તો જ્ઞાનથી તેની નિવૃત્તિ થાય નહિ. છીપમાં રૂપું નથી તેથી રૂપાનો અનુભવ એ પ્રમાજ્ઞાન નથી; તેમ બ્રહ્મમાં જગતનો અનુભવ એ પ્રમા નથી. ઇદંવૃત્તિમાં બ્રહ્મ આવવું જોઇએ તેને બદલે જગત આવે, તો તે સ્વપ્નની માફક જ્ઞાનનો આભાસ છે, જ્ઞાન નથી.

જ્ઞાન વસ્તુને ઉત્પન્ન કરતું નથી. જ્યારે રૂપાની જગ્યાએ છીપ દેખાય ત્યારે છીપ ઉત્પન્ન થતી નથી. જ્યારે જગતને બદલે બ્રહ્મ દેખાય ત્યારે બ્રહ્મ ઉત્પન્ન થતું નથી. સાચી વસ્તુની ઉત્પત્તિ કે નાશ નથી અને કલ્પિત વસ્તુની ઉત્પત્તિ કે નાશ પણ થતાં નથી. સત્ વસ્તુનો સદા ભાવ છે અને અસત્ વસ્તુનો સદા અભાવ છે.

માયા કેવી છે એ ન સમજાય તેમાં માયાનું ભૂષણ છે. જો માયા બરાબર સિદ્ધ કરી શકાય, તો એક ભગવાન અને બીજી માયા એવું દ્વૈત ઉત્પન્ન થાય અને તે દૂર થઇ શકે નહિ. છતાં શાસ્ત્રો ભૂલના પ્રકાર કેટલેક અંશે સમજી શકાય તેવી રીતે જણાવે છે. એક ગુલાબના ફૂલનું દૃષ્ટાંત લઇને તેને નીચે પ્રમાણે પાંચ રીતે સમજાવી શકાય છેઃ—

૧. પ્રાતિભાસિક ભૂલનું દૃષ્ટાંતઃ—ગુલાબ પીળું છે, કમળાવાળાને તેવું દેખાય પણ છે.

૨. વ્યાવહારિક ભૂલ અથવા મોટી ભૂલ—ગુલાબ રાતું છે, સામાન્ય માણસને એવું દેખાય છે.

૩. પારમાર્થિક ભૂલ—ભગવાન ગુલાબરૂપે થયા છે, વૈષ્ણવો એવું માને છે.

૪. સત્ય—ભગવાન ગુલાબરૂપે દેખાય છે.

૫. પૂર્ણ સત્ય—ભગવાન જ છે, ગુલાબ છે જ નહિ.

પહેલો પ્રકાર અને છેલ્લો પ્રકાર એ સામાન્ય માણસની દૃષ્ટિનો વિષય નથી.

પહેલી દૃષ્ટિ કમળાવાળાની છે. તે તેનું દરદ દૂર થતાં દૂર થઇ જાય છે. બીજી દૃષ્ટિથી ગુલાબ રાતું દેખાય છે પણ વધારે વિચાર કરતાં તે દૃષ્ટિ ખોટી લાગે છે. કૂતરા કે બિલાડાને તે રાતું ન લાગતું હોય. તેથી માણસની દૃષ્ટિની ઉપર જવું જોઇએ. માણસની દૃષ્ટિની ઉપર જઇએ ત્યારે યોગીઓને વિજ્ઞાનમય કોશમાં એવું લાગે છે, કે જાણે જગત ભગવાનમાંથી નીકળેલું છે અને તેમાં રહેલું છે; તેથી ભગવાન ગુલાબરૂપે થયા છે. એ વિચાર પણ આનંદમય કોશમાં જતો રહે છે. ત્યાં બધું મધની માફક એક રસરૂપ છે.

મહર્ષિ કહે છે, કે જગત સ્વસત્તાથી રહેતું નથી. જગત કહેતું નથી, કે હું છું. બ્રહ્મભાવમાં ભેદ બનતો નથી. વાયુ નિસ્પંદ હોય ત્યારે વાયુ મટી જતો નથી અને સ્પન્દનવાળો હોય તેથી દ્વિતીયત્વ થતું નથી.

અજાતવાદનો સિદ્ધાંત એવો છે કેઃ—

आदावन्ते च यन्नास्ति वर्तमानेऽपि तत्तथा ।

જે પહેલાં નથી, પછી નથી; તે વચમાં પણ નથી. સ્વપ્નું આવ્યા પહેલાં નથી, પૂરું થયા પછી નથી; તો વચમાં પણ સાચું નથી.

મહર્ષિ કહે છે, કે સોનાના કટકામાં અને સોનાના ઘાટમાં વસ્તુ એક જ છે. સ્વપ્નમાં ઘણું દેખાય તો એ ખરી વસ્તુ એક

જ છે. જાગૃતમાં પણ દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય એક જ છે. સ્વપ્નમાં હું–તું–તે બધું એક છે; જાગૃતમાં પણ હું–તું–તે બધું એક જ છે. ખોટો હું બીજા હુંને તું કહે છે. એ માણસોની માયા છે, અજ્ઞાન છે. સ્વપ્નમાં જે જડ દેખાય છે તે અને જે ચેતન દેખાય છે તે એક જ છે, જાગૃતમાં પણ એવું છે. જે સુખ એકમાં મળે છે તે ભેદદૃષ્ટિથી મળતુંનથી. એકનું જ્ઞાન સુખકારક છે, તેથી એક જ સત્ય છે.

સ્વપ્નમાં તમે બીજા બની જાઓ છો. તે બીજા તમે છો એમ માનો છો? તે તમે હો તો જાગો છો ત્યારે તે ક્યાં જાય છે? તે તમે નથી, તેમનું વાસ્તવ સ્વરૂપ (અધિષ્ઠાન) તમે છો?

બધી વિદ્યાનો ઉદ્દેશ અહંકારને મારવા માટે છે. અહંકારને મારવા માટે રાજા કાયદા ઘડે છે અને જ્ઞાની ઉપદેશ આપે છે. તેથી શાસ્ત્રમાં તમોગુણી માણસને સુધારવા માટે લડાઇ જેવા ભયાનક સાધનની જરૂર માનેલ છે, રજોગુણી માટે રોચક વાક્યો કહેલ છે અને સત્ત્વગુણી માટે એમ કહેલ છે, કે 'તું પોતે જ બ્રહ્મ છે, એ સિદ્ધાંતમાં નિશ્ચય કરી લે.'

વેદાંતમાં મુખ્ય રીતે એક જીવવાદ માનેલો છે, એટલે ચેતન-માં ભેદ નથી અને બીજું કલ્પિત હોવાથી વ્યવહારદશામાં અથવા અજ્ઞાનદશામાં સાચા જેવું લાગે છે. પણ બીજી દશામાં બાધ પામે છે. એક જીવવાદની કેટલીક પ્રક્રિયા નીચે પ્રમાણે છેઃ–

૧. અજ્ઞાનરૂપ ઉપાધિરહિત શુદ્ધ ચૈતન્ય ઈશ્વર છે.

૨. અજ્ઞાન ઉપહિત ચૈતન્ય જીવ છે.

૩. જીવ પોતાના અજ્ઞાન દ્વારા જગતનું ઉપાદાન કારણ છે અને નિમિત્ત કારણ છે.

૪. દેહના ભેદથી જીવના ભેદની ભ્રાંતિ થાય છે.

૫. અજ્ઞાત પ્રાતિભાસિકની સત્તા નથી.

૬. જ્ઞાત પ્રાતિભાસિકની કલ્પિત સત્તા છે.

૭. આ મતમાં માયા અને અવિદ્યા એક હોવાથી અવિદ્યા એક છે અને જીવ પણ એક છે.

૮. સુખદુઃખની જે ઉપલબ્ધિ થાય છે, તે અંતઃકરણના ભેદથી થાય છે; કારણ કે કર્તાભોક્તાપણાની ઉપાધિ અંતઃકરણ છે અને અંતઃકરણ અનેક છે તેથી એક જીવવાદમાં ક્રિયા સામ્ય અને ભોગ સામ્ય થતું નથી.

૯. જગતની રચના ઈશ્વર કરતા નથી, કારણ કે જગત પ્રાતિભાસિક છે. સ્વપ્નના હાથી, રથ વગેરેની માફક જીવની આશ્રિત અવિદ્યા જગતની કલ્પના કરે છે.

૧૦. અવિદ્યાનું સ્વગત ચિદાભાસની સાથે તાદાત્મ્ય છે, તેથી સમસ્ત કાર્ય આભાસ દ્વારા ચેતનથી અનુગત છે.

૧૧. કર્તૃત્વ વગેરે બધા ધર્મોથી વિશિષ્ટ અંતઃકરણનો આત્મા-માં અધ્યાસ થવાથી (સ્વપ્નની માફક) વ્યાવહારિક અને પ્રાતિ-ભાસિક ભેદની ખબર પડતી નથી. જ્યારે જ્ઞાનથી અધ્યાસ દૂર થાય છે, ત્યારે (સ્વપ્નમાંથી જાગ્યાની માફક) અંતઃકરણ અને તેના ધર્મોનો બાધ થાય છે અથવા જીવન્મુક્ત દશામાં તેની પ્રતીતિ માત્ર રહે છે.

૧૨. ધર્મવિશિષ્ટ અંતઃકરણનો અધ્યાસ આત્મામાં કેવી રીતે થાય છે, તે નીચેના દૃષ્ટાંતથી સમજી શકાશે. જેમ કોઇ વખતે લાલ રંગના ફૂલની પાસે શુદ્ધ સ્ફટિક હોય, ત્યારે કોઇ પ્રકારના આવ-

રણને લઈ લાલ ફૂલ જોવામાં ન આવે, તે વખતે સ્ફટિક લાલ છે એવી બુદ્ધિ થઈ જાય છે, તેવી જ રીતે, જે અવસ્થામાં અંતઃ-કરણનું પૃથક્ દર્શન થઈ શકતું નથી તે અવસ્થામાં અંતઃકરણ અને તેના ધર્મોની આત્મામાં પ્રતીતિ થાય છે; અને વ્યાવહારિક અને પ્રાતિભાસિક સત્તાના ભેદની ખબર પડતી નથી. સ્વપ્નમાં સ્વપ્નજગતથી સ્વપ્નસાક્ષી જુદો જોઈ શકાતો નથી. અને જાગ્રતમાં પણ ઘણા માણસો જાગ્રતજગતથી જાગ્રતસાક્ષીને જુદો પાડી શકતા નથી, તેથી સ્વપ્નમાં અને જાગ્રતમાં વ્યાવહારિક અને પ્રાતિભાસિક સત્તાનો ભેદ જાણી શકાતો નથી, પણ કોઈ માણસને પુણ્યવશાત્ શુદ્ધ બુદ્ધિ પ્રાપ્ત થઈ હોય અથવા ગુરુદ્વારા શાસ્ત્રોનો અભ્યાસ બરાબર કર્યો હોય, તો જાગ્રતમાં જાગ્રતસાક્ષી અને જાગ્રતજગત જુદા અનુભવમાં આવી શકે છે. એટલું જ્ઞાન થયા પછી જગતને કલ્પિત માની શકાય છે, કારણ જાગ્રત સ્વપ્નમાં જતું રહે છે અને સ્વપ્ન જાગ્રતમાં જતું રહે છે.

જેમ ભૂખ્યા માણસને અન્ન વગર ચાલતું નથી તેમ સત્ત્વ-ગુણી માણસોને અજ્ઞાનમાંથી નીકળવા માટે તીવ્ર જિજ્ઞાસા રહે છે.

એક માણસે મહર્ષિને એવો પ્રશ્ન પૂછ્યો કે આપણાં કરેલાં કર્મ આપણે બીજા જન્મમાં ભોગવવાં પડે કે નહિ? મહર્ષિએ પૂછ્યું–તમે હાલમાં જન્મ્યા છો? જો વાસ્તવમાં હાલમાં તમારો જન્મ થયો નથી તો બીજા જન્મનો વિચાર શા માટે કરો છો? ખરી રીતે કર્મ નડતાં નથી, પણ 'મેં કર્યું' એ ભાવ નડે છે. તેથી કર્મ કરવાનો કે કર્મના ત્યાગનો વિચાર ખોટો છે. કોણ કર્મ કરે છે તેનો વિચાર કરો.

બીજા એક માણસે મહર્ષિને પૂછ્યું–સાધુઓ માણસો સાથે મળી જઈ તેમને સુધારે તો સારું. મહર્ષિએ કહ્યું–જ્ઞાનીની દૃષ્ટિમાં બીજા નથી, તેથી બીજા સાથે મળવાનું કામ રહેતું નથી.

ત્રીજા કોઈએ પૂછ્યું–આપણે દેશનું અભિમાન રાખીને દેશ-ની સેવા ન કરવી જોઈએ? મહર્ષિએ કહ્યું–પહેલાં તમે જેવા છો તેવા થાઓ. તેમાં જ બધું તત્ત્વ છે અને સુખ છે. બીજી જાતના થવામાં અહંકાર ઘૂસી જશે. તમને લાગે છે કે તમારી શક્તિથી જગત જીતી શકાશે, પણ જ્યારે તમે અંદર આત્મા તરફ વળશો, ત્યારે જણાશે કે તમારા કરતાં એક મોટી સત્તા બધે કામ કરી રહેલ છે.

મહર્ષિની બધી વાતોમાં એક બાબત મુખ્ય રીતે આગળ તરી આવે છે અને તે એ છે કે પોતે અદ્વૈતભાવ એક ક્ષણ પણ વીસ-રતા નથી. તેમના બધા જવાબ અદ્વૈતના અનુભવને અનુસરતા આવે છે, તેથી તેમની નિષ્ઠાનું પ્રમાણ તરત મળી શકે છે.

મહર્ષિની વાણી એ અનુભવની વાણી છે. તે વાણીમાં અનુ-ભવનું જોર જણાઈ આવે છે. ખરા જિજ્ઞાસુના કાન વીંધી તેના હૃદયમાં તે ઊતરી જાય છે.

એક વખત કોઈએ પૂછ્યું–માંડુક્ય ઉપનિષદના અલાતશાંતિ પ્રકરણમાં આત્મધર્મા આદિ શાન્તાઃ, અનાવરણાઃ, અનુત્પન્નાઃ, નિત્યનિશ્ચયસ્વરૂપાઃ એમ બહુ વચન કેમ વાપરેલ છે?

મહર્ષિ–ઉપાધિભેદથી એવું જણાય છે.

પ્રશ્ન–ત્યાં એમ પણ કહેલું કે જો જરા પણ વૈધર્મ્યભાવ રહેશે તો અસંગપણું સિદ્ધ થશે નહિ અને આવરણભંગ થશે નહિ. ત્યાં વૈધર્મ્યતાનો અર્થ શો છે?

મહર્ષિ—ત્યાં વૈધર્મ્યતા એટલે પરિચ્છિન્ન ભાવ સમજવાનો છે. જો ભગવાન જ જોઈએ તો તે સદા હાજર છે. જ્યાં સુધી જગત મિથ્યા નહિ લાગે ત્યાં સુધી જગતના વિચાર આવ્યા કરશે. રજ્જુ—સર્પમાં સર્પ જણાય છે ત્યાંસુધી રજ્જુ પ્રત્યક્ષ થતી નથી. જે મન જગતને બનાવે છે તે જગતને ખોટું માની શકશે નહિ. એવું જેમ સ્વપ્નમાં બને છે તેમ જાગ્રતમાં પણ બને છે. મન વગર જગત નથી. ઊંઘમાં મન નથી તો જગત નથી. તેથી મન-થી કલ્પેલ જગતનો વિચાર કરવાની જરૂર નથી. જે નિત્યનિવૃત્ત છે તેનો વિચાર જરૂરનો નથી. હજામ માથા ઉપરના વાળ કાતરી નાખે છે, તે પછી તે ગણતો નથી કે તેમાં કેટલા કાળા છે અને કેટલા ધોળા છે; કારણ કે બધા ફેંકી દેવાના છે. તેવી જ રીતે કલ્પિત વસ્તુઓ કેટલી છે તે ગણવાની જરૂર નથી.

રજ્જુમાંથી સર્પ કાઢવા માટે સર્પને મારવો પડતો નથી. તેવી જ રીતે મનને મારવાની જરૂર પડતી નથી. મનને અત્યંતાભાવ જાણવાથી તે જતું રહે છે. દ્રષ્ટા—દૃશ્યવગરનો જે દેશકાળથી રહિત અનુભવ છે, તે જ સાચો અનુભવ છે.

મહર્ષિ કહે છે કે આપણને જ્યારે સ્વપ્ન આવે છે, ત્યારે ઘણા આકાર દેખાય છે. તેમાં પણ અનેક પ્રકાર હોય છે. છતાં તેમાં એક રૂપને મારું માનીએ છીએ અને તે હું છું એમ માનીએ છીએ. આપણે જો સ્વપ્નના કર્તા છીએ તો તેમાં રહેલા બધા રૂપના કર્તા છીએ અને પોતાના રૂપના પણ કર્તા છીએ. જેને સ્વપ્ન આવ્યું છે તે બધા રૂપને સાચા માને છે. તે બધા જુદાજુદા છે એમ પણ માને છે. વળી પોતાને બીજાથી જુદો માને છે. પોતે, બીજાં રૂપ, સ્વપ્નનો કર્તા વગેરે બધા એક જ છે એમ જાણતો નથી. જાગ્યા પછી તેને ખબર પડે છે, કે એ બધું પોતે જ હતો.

તેવી જ રીતે જ્ઞાની પુરુષ જાણે છે કે આ જગત ઉત્પન્ન થયું નથી. જે કાંઇ છે તે અખંડ સ્વરૂપ છે.

એક દિવસ કેટલાક જિજ્ઞાસુઓને મહર્ષિ સાથે નીચે પ્રમાણે પ્રશ્ન—ઉત્તર થયા હતાઃ—

પ્રશ્ન—ઈશોપનિષદમાં કહેલું છે કે જગતમાં જે કાંઇ જગત છે, તે ઈશ્વરથી આચ્છાદન કરવા યોગ્ય છે; તેથી ત્યાગથી ભોગવ, કોઈના ધનની ઇચ્છા કર નહિ. એ મંત્રમાં ત્યાગનો અર્થ શો છે? જો બધું ઈશ્વરરૂપ છે તો ત્યાગ શાનો કરવો?

ઉત્તર—બધું ઈશ્વરરૂપ છે એ સિવાયના જ્ઞાનનો ત્યાગ કરવો એટલે કે અજ્ઞાનનો ત્યાગ કરવો અથવા ભેદનો ત્યાગ કરવો.

પ્રશ્ન—જે આપણાથી જુદું દેખાય છે તેને જગત કહે છે, જ્યારે તે જ વસ્તુ જુદી ન દેખાય ત્યારે તેને બ્રહ્મ કહે છે.

ઉત્તર—એમ જ છે.

પ્રશ્ન—તેમ છતાં પૉંડીચેરીમાં શ્રી અરવિંદના આશ્રમમાં સ્વ-ગત ભેદ માને છે, એટલે કે જેમ એક ઝાડમાં પાંદડાં, ફૂલ, ફળ વગેરે એકમાં રહેલાં છે તેમ બ્રહ્મમાં સ્વગત ભેદરૂપે જગત રહેલું છે. પણ જો બીમાંથી ઝાડ થાય તો બીનું ઝાડ થયા પછી મૂળ બી મળતું નથી તેમ જગત થયા પછી ભગવાન મળે નહિ.

ઉત્તર—બીમાંથી જેમ ઝાડ થાય છે, ત્યારે જેમ બી મળતું નથી, તેવી રીતે બ્રહ્મમાંથી જગત થયું નથી. બીની શક્તિ જ ઝાડરૂપે દેખાય છે. બીનું સ્વરૂપ જેમનું તેમ રહે છે.

પ્રશ્ન—તેમ હોય તો પણ સ્વગત ભેદ રહેશે.

ઉત્તર—સ્વગત ભેદ વાસ્તવમાં નથી. બધું દૃશ્ય દ્રષ્ટામાં છે. સ્વપ્નમાં જેમ બધું દૃશ્ય દ્રષ્ટામાં છે તેમ જાગ્રતમાં પણ બધું દૃશ્ય

દ્રષ્ટામાં છે. દ્રષ્ટા ઠીક થયો એટલે દૃશ્ય રહેશે નહિ. સુષુપ્તિમાં સ્વગત ભેદ નથી. જો સ્વગત ભેદ સાચો હોય તો તે સુષુપ્તિમાં પણ મળવો જોઈએ.

પ્રશ્ન—ઈશોપનિષદમાં ત્રીજા મંત્રમાં કહેલું છે કે **तदेजति तन्नेजति।** એટલે કે બ્રહ્મ ચાલે છે અને બ્રહ્મ ચાલતું નથી. તો એ બે વિરુદ્ધ ધર્મ બ્રહ્મમાં શી રીતે આવ્યા?

ઉત્તર—નિષ્ક્રિય ધર્મ એ સ્વરૂપનો ધર્મ છે. સક્રિય ધર્મ સાપેક્ષભાવે જણાય છે.[૧]

પ્રશ્ન—આપણી પૃથ્વી સ્થિર દેખાય છે, પણ સૂર્ય ઉપર જઈને જોઈએ તો સૂર્યની આસપાસ પૃથ્વી ફરતી દેખાય છે. તેવું નિર્ગુણ અને સગુણ વિષે સમજવું?

વચમાં મેજર ચેડવીકે કહ્યું કે 'પૃથ્વી ઉપરથી પૃથ્વી સ્થિર દેખાશે અને સૂર્ય ચાલતો દેખાશે અને સૂર્ય ઉપરથી સૂર્ય સ્થિર દેખાશે અને પૃથ્વી ચાલતી દેખાશે. હાલમાં પ્રોફેસર આઈન્સ્ટાઈને

૧. ઈશોપનિષદ બધાં ઉપનિષદોની શરૂઆતમાં કેમ મૂકવામાં આવેલું છે, તે અમને બરાબર સમજાતું નથી. શ્રી રામચંદ્રજીએ હનુમાનજીને કહેલું છે કે 'બધાં ઉપનિષદમાં માંડુક્ય ઉપનિષદ શ્રેષ્ઠ છે; તે ન સમજાય તો બીજાં ઉપનિષદ જોવાં.' સગવડની ખાતર એમ માની શકાય કે સાધારણ માણસોને સૃષ્ટિ—દૃષ્ટિવાદ સમજવો વધારે સહેલો પડે છે. તેથી શરૂઆતના બે ઉપનિષદ ઈશ અને કેનમાં સૃષ્ટિ—દૃષ્ટિવાદ છે. કઠમાં અને મુંડકમાં દૃષ્ટિ—સૃષ્ટિવાદની શરૂઆત છે. માંડુક્યમાં દૃષ્ટિ—સૃષ્ટિવાદનું જોર ત્રણ અવસ્થાના વિચાર દ્વારા સારી રીતે બતવેલું છે. તે પછીનાં ઉપનિષદોમાં એટલે તૈત્તિરિયથી બૃહદારણ્યક સુધીમાં કોઈ જગ્યાએ સૃષ્ટિ—દૃષ્ટિવાદ છે અને કોઈ કોઈ જગ્યાએ દૃષ્ટિ—સૃષ્ટિવાદ છે. અધિકારીભેદે બંનેની જરૂર છે. શ્રી અરવિંદને ઈશ ઉપનિષદ બહુ ગમે છે અને શ્રી મહર્ષિને માંડુક્ય ઉપનિષદ બહુ ગમે છે.

ગણિતથી એવું સિદ્ધ કરી આપેલું છે, કે જે જગ્યા ઉપર આપણે હોઈએ તે ચાલતી લાગશે નહિ અને તે વખતે બીજી ચાલતી લાગશે, તેથી બંને સાપેક્ષ છે.'

પ્રશ્ન કરનાર—એ વાત સાચી લાગે છે. માંડુક્ય ઉપનિષદની અંદર એમ કહેલ છે, કે એ એક અપૂર્વ સ્થાનધર્મ છે. એવા સ્થાનધર્મથી સાપેક્ષ ધર્મ જણાય છે. તેવી જ રીતે જીવ જ્યારે પોતાને ભગવાનથી જુદો માને, ત્યારે ભગવાન સગુણ લાગશે અને પોતાને જુદો નહિ માને ત્યારે ભગવાન નિર્ગુણ લાગશે.

મહર્ષિ—દ્રષ્ટાનો વિચાર છોડી કાંઈ સિદ્ધ થઈ શકશે નહિ અને દ્રષ્ટાના વિચારમાં બધું દૃશ્ય સમાઈ જાય છે. બ્રહ્મ સિવાય બીજું દેખાય તેનું કારણ જોનારની ખોટી દશા છે.

પ્રશ્ન કરનાર—એ વાત સાચી છે. સ્વપ્નમાં અનુભવથી એ બાબતની ખાતરી થઈ શકે છે. જાગ્રતમાં પણ એવું જ છે.

દક્ષિણમાં એવું એક દૃષ્ટાંત પ્રચલિત છે કે કોઈ કામની શરૂઆતમાં કોઈએ ગણપતિનું પૂજન કરવાનો વિચાર કર્યો. ગણપતિની મૂર્તિ ન મળવાથી તેણે એક ગોળનો પિંડો મૂકી તેને ગણપતિ માની તેમાં ગણપતિનું આહ્વાન કર્યું. પછી ગણપતિને નૈવેદ્ય ધરવા માટે કાંઈ ન મળ્યું એટલે તે ગોળના ગણપતિમાંથી થોડોક ગોળ લઈ તે જ તેને ધર્યો. એ દૃષ્ટાંત આપી મહર્ષિ સમજાવતા હતા, કે માણસ પહેલાં અહંકારથી—બ્રહ્મથી જુદો થાય છે. પછી તે જ અહંકાર ભગવાનનું શરણ લે છે; પણ પોતાને જુદો ન કરે તો શરણભાવની જરૂર નથી. ગોળના ગણપતિમાંથી ગોળ ઓછો કરવાથી તેની કિંમત ઓછી થાય છે; માટે બધું અભિન્ન છે એમ સમજવાની ટેવ પાડવી અને તેમાં નિષ્ઠા રાખવી.

એક માણસે શ્રી રમણાશ્રમમાંથી જતી વખતે મહર્ષિને કેટલાંક ફળ ધર્યાં એટલે મહર્ષિએ કહ્યું કે આ ગોળ પણ તે ગણપતિનો છે. એ સાંભળી સૌ હસવા લાગ્યા.

૧૬ : પરમહંસદશા

આત્મનિષ્ઠાવાળી દશાને પરમહંસદશા કહે છે. તેને જ જીવન્મુક્તિ અથવા સ્થિતપ્રજ્ઞદશા અથવા ગુણાતીતદશા કહે છે. હાલમાં પરમહંસ શબ્દ સામાન્ય થઇ પડેલો છે; પણ વાસ્તવિક દૃષ્ટિએ જોતાં એ સ્થિતપ્રજ્ઞની દશા છે. શ્રીરામકૃષ્ણ પરમહંસ કહેવાતા હતા. પરમહંસો માટે બહારનો આચાર સ્વાભાવિક રીતે સારો રહે છે, પણ આત્મામાં નિષ્ઠા એ પરમહંસોનું મુખ્ય લક્ષણ છે.

શ્રીરામકૃષ્ણ પરમહંસ એમ કહેતા હતા કે માયાની જાળમાં ન પકડાવા માટે કાં તો (તેમના શિષ્ય) નાગમહાશયના જેવા બહુ નાના માછલા જેવું થવું એટલે દીન થવું; અથવા સ્વામી વિવેકાનંદના જેવા બહુ મોટા માછલા જેવું થવું; એટલે પોતાને અને સર્વને બ્રહ્મરૂપે જોતાં શીખવું. બંને જાતનાં માછલાં માયાની જાળમાં પકડાતાં નથી. પહેલો ભક્તિનો માર્ગ છે, બીજો જ્ઞાનનો માર્ગ છે. મહર્ષિનો માર્ગ એ જ્ઞાનમાર્ગ છે.

કોઇ પણ અવસ્થા અથવા પરિસ્થિતિથી આત્મજ્ઞાનમાં સંશય ન થાય અને વિપરીત ભાવના ન થાય, તો જ્ઞાનમાં નિષ્ઠા થાય છે. તેથી જ્ઞાની પુરુષોએ કર્મ કરવાં જ જોઇએ એ વાત વધારે ઉપયોગી નથી. કર્મ વખતે કેવો ભાવ રાખવો તે વાત વધારે જરૂરની છે.

કર્મ થાય કે ન થાય તો પણ કેવળ એક જ વસ્તુ રહે છે, એ વાત પહેલાં નક્કી કરી લેવાની જરૂર છે. એ ભાવ જ્યારે કર્મ

વખતે પ્રગટ રહે છે, ત્યારે કર્મ વખતે પણ બ્રહ્મની દિવ્ય શક્તિનો કાંઇક પરિચય જરૂર થાય છે. તેથી આત્મનિષ્ઠાવાળાના વ્યવહારમાં જે આત્મતત્ત્વ નિત્યપ્રાપ્ત છે તેનો પરિચય મળે છે. તેથી પ્રાપ્તની પ્રાપ્તિની જાગૃતિ નિરંતર (એટલે અંતર વગર) રહેવી જોઇએ.

જેઓ સ્થિતપ્રજ્ઞ છે તેમના વ્યવહારમાં દ્વૈતની ભાવના મળતી નથી. તેમને નિરંતર એવી શાંતિ રહે છે, કે બ્રહ્મનું વિસ્મરણ બનતું નથી. બધે વખતે બધા રૂપથી તે પ્રાપ્ત રહે છે. તેની પ્રાપ્તિ પ્રયત્નસાધ્ય નથી. તે સિદ્ધ છે. જે સિદ્ધ છે તે પ્રગટ રહી શકે છે અને બીજાને તેનો પરિચય મળે છે.

આવી દશામાં નીચે પ્રમાણે પાંચ પ્રયોજન સિદ્ધ થાય છેઃ—

૧. જ્ઞાનરક્ષા.

૨. સ્વાભાવિક તપ.

૩. વિસંવાદનો અભાવ.

૪. દુઃખનો અભાવ.

૫. આનંદનો સતત અનુભવ.

વિદેહમુક્તિ એ ઉધારનો વેપાર છે, જીવન્મુક્તિ એ રોકડનો વેપાર છે.

તેથી આત્મલક્ષી બની રહેવું જોઇએ. જો જ્ઞાન પ્રમાણે જીવન નહિ થાય, તો જીવન પ્રમાણે જ્ઞાન થઇ જશે. દ્વૈતનું અવલંબન લેવાથી ચિત્તવૃત્તિમાં બીજી વસ્તુના ગુણ અનુસાર ચેતના પ્રાપ્ત થશે અને તે વખતે નવીન કર્તવ્યજ્ઞાન ઉત્પન્ન થતાં જે ઇંદ્રિયોની ક્રિયા થવા લાગે છે, તેને જ પરધર્મ કહે છે. જ્યાં સુધી હું અને બીજા દેખાય છે ત્યાંસુધી બહુ પ્રવૃત્તિ વધારવાથી બહુ અજ્ઞાન વધે છે. જ્યારે હું અને બીજા જેવું દ્વૈત દેખાતું નથી, ત્યારે થોડી

પ્રવૃત્તિથી પણ ઘણું સારું કામ થાય છે. લોકનિંદા અથવા સમાજ-ની ટીકાના ભયથી સત્યની મર્યાદાનું ઉલ્લંઘન થવું ન જોઈએ. દૃઢ વિશ્વાસમાં પરમાત્મા સુલભ છે. ઈષ્ટ વસ્તુનું નિરૂપણ એ જ પ્રથમ કર્તવ્ય છે અને શેષ કર્તવ્ય છે. તેથી જે આધારરૂપથી પ્રાપ્ત છે તેની અનુસાર વર્તવાનું વ્રત લેવું જોઈએ. તેવા વ્રતથી જો ન રહેવાય તો અહંકાર પ્રગટ રહેશે અને આધાર અનુભવમાં રહેશે નહિ.

જ્યાં બીજાનું ભાન પણ ન રહે તે જ શાંતિપદ છે. જે ચેતનાથી જે કાર્યનો આરંભ થશે તેનું આચરણ તે ચેતનાનું પ્રમાણ છે. ધારણામાં બીજાની શૂન્યતા રહેવી જરૂરી છે. પૂર્ણ સદા પૂર્ણ છે.

દૃઢ અપરોક્ષ જ્ઞાનવાળા પરમહંસને કર્તવ્યબુદ્ધિથી કર્તવ્ય નથી, છતાં સહજ ભાવે જે કર્મ પ્રારબ્ધયોગે આવે, તે ઈચ્છા વગર અગર બીક વગર કરી શકે છે. જેમ કપૂર બાળીએ તો અગ્નિ અને કપૂર બંને અદૃશ્ય થઈ નવી દશા ધારણ કરે છે, તેવી જ રીતે બ્રહ્મભાવે થતાં કર્મ બ્રહ્મદશામાં એકતા પામી જાય છે. ગીતામાં પહેલા **ब्रह्मार्पणं ब्रह्महविः**નો એ જ અર્થ છે.

આવા પરમહંસને કર્મ કરવાનું બંધન નથી તેમ કર્મ ન કરવાનું પણ બંધન નથી; છતાં પોતે સદાચારમાં રહી વર્તે છે. તેમાં જેઓ અવધૂત કોટીના હોય છે, તેઓ ઉપદેશ આપતા નથી. તેમનું જીવન વૈરાગ્યનો બોધ કરે છે. તેમની નિષ્ઠાથી પાસે બેસનારને અસર થયા કરે છે. દૂરના ભાવિક જનોને પણ તેની અસર થાય છે. જેઓ આચાર્ય કોટીના હોય છે, તેઓ ઉપદેશ આપે છે. તેમનું જીવન લોકોને અભ્યાસ કરાવવામાં ઉપયોગી છે.

સ્વરૂપમાં જે સ્વયંસિદ્ધતા છે તેને જ પ્રકૃતિ–પુરુષની એકતા કહે છે. જ્યાં ભેદ નથી ત્યાં સ્વરૂપનો અનુભવ છે. એ અનુભવને પ્રકૃતિ–પુરુષની એકતાની સંજ્ઞા મળે છે. આકારવાળી વસ્તુમાં ભેદ બને છે. નિરાકારમાં ભેદ કે અભેદ બનતો નથી, એવું સમજવા-માં ભેદનો નિષેધ થાય છે અને અભેદ તો સિદ્ધ જ છે.

શ્રુતિમાં જે નિષેધવાક્યો છે તે શરૂઆતમાં પ્રપંચમાં અનાત્મા-ની સત્તાનો નિષેધ કરે છે. એ દશામાં ભક્તોનું જીવન શરૂ થાય છે. પછી જ્યારે માંડુક્ય ઉપનિષદની શ્રુતિ જેવી શ્રુતિ પ્રપંચના સ્વરૂપનો નિષેધ કરે છે ત્યારે જ્ઞાનીનું જીવન શરૂ થાય છે. અપ્રાપ્તનો નિષેધ થાય નહિ પણ કલ્પિત પ્રાપ્તવત્ છે તેનો નિષેધ બની શકે છે.

સાક્ષાત્કાર થયા પછી નથી પ્રમાણ રહેતું કે નથી પ્રમાતા રહેતો. લક્ષ્યનો સ્વભાવ જ એવો છે કે તે અનાત્માની અવસ્થિતિ સહન કરી શકતો નથી. તેથી એમ ન સમજવું કે અવિદ્યા જેવી કોઈ વસ્તુ છે અને તે વિદ્યાથી નિવૃત્ત થાય છે. અવિદ્યા પહેલેથી જ નિવૃત્ત હતી પણ તેની હયાતી માની લીધી હતી. ફરી વિચારથી નિવૃત્તની નિવૃત્તિનો નિશ્ચય થયો. ઈદંતા ભ્રમથી કલ્પિત છે. ઈદંરૂપથી કાંઈ જોવું નહિ; સર્વ અહંરૂપ, સત્તા–સ્ફૂર્તિરૂપ છે, પ્રતીતિ સતની જ થાય છે, નામરૂપની પ્રતીતિ થતી નથી. અધ્યાસ થઈ શકે છે, પણ પ્રતીતિ બ્રહ્મની જ થાય છે. અસતની પ્રતીતિ થાય તો સસલાના શિંગડાની પણ પ્રતીતિ થવી જોઈએ.

નિષ્ઠાવાળા સંતપુરુષો અથવા પરમહંસો કેવી રીતે વ્યવહાર કરે છે તેનું સ્વરૂપ સમજાવવા માટે મહર્ષિએ કેટલાક શ્લોકો યોગવાસિષ્ઠમાંથી ચૂંટેલા છે. તેમનો અર્થ નીચે પ્રમાણે છેઃ–

૧. હે રામ! પૂર્ણ દૃષ્ટિનો આધાર લઇ, બધી ઇચ્છા છોડી, જીવન્મુક્ત અને સ્વસ્થ થઇ લોકવ્યવહારમાં વિચરો.

૨. અંદર બધી આશાથી મુક્ત, રાગથી મુક્ત, વાસનાથી મુક્ત થઇ, બહારથી બધા કામ કરતા લોકવ્યવહારમાં રહો.

૩. ઉદાર વૃત્તિ રાખી, વિનયી થઇ, અને અંદર સર્વત્યાગી થઇ લોકવ્યવહારમાં રહો.

૪. બધી ભૂમિકા અને જીવનના બનાવો ક્ષણિક છે એમ સમજી, બ્રહ્મમાં સ્થિતિ કરી લોકવ્યવહારમાં વિચરો.

૫. અંદરથી નિરાશા સેવી, બહારથી બીજાના હિતમાં રહેતા હોય તેવું રાખી, અંદર શાંત, બહાર કરુણામય થઇ લોકવ્યવહારમાં રહો.

૬. બહારથી કર્મમાં જાણે કે જોડાયેલા હોય તેવા, અંદરથી બધા આરંભથી રહિત, બહાર કર્તા, અંદરથી અકર્તા થઇ લોકમાં રહો.

૭. બધા ભાવનું અધિષ્ઠાન જાણી, તે દૃષ્ટિ સ્થિર કરી લોકમાં રહો.

૮. કૃત્રિમ ઉલ્લાસ અને હર્ષવાળા, કૃત્રિમ ઉદ્વેગવાળા અને કૃત્રિમ આરંભવાળા અને ક્રિયાવાન થઇ લોકમાં રહો.

૯. અહંકારથી રહિત થઇ, મનમાં અત્યંત શાંતિ રાખી, આત્મભાવથી તેજસ્વી થઇ અને દોષથી અસંગ રહી જગતમાં વિચરો.

૧૦. અનેક આશારૂપી પાશથી મુક્ત થઇ, બધી વૃત્તિઓમાં સમ થઇ અને બહારથી પ્રકૃતિના કાર્યમાં રહી લોકમાં વિહાર કરો.

ગીતાના બીજા અધ્યાયમાં જે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ આપેલાં છે અને ચૌદમા અધ્યાયમાં જે ગુણાતીતનાં લક્ષણ આપવામાં આવેલાં

છે તે ઉપરની દશાને મળતાં જ છે. શ્રીમદ્ ભાગવતમાં મુખ્યત્વે એવા પરમહંસોની કથા આપેલી છે; તેથી શ્રીમદ્ ભાગવત એ પરમહંસોની સંહિતા કહેવાય છે. તે બધામાં મુખ્ય પરમહંસ શ્રીકૃષ્ણ પરમાત્મા છે. જ્યારે શ્રીકૃષ્ણને કંસ પાસે મોકલવા માટે નારદજી તેમની પાસે આવેલા છે, ત્યારે નારદજી તેમની સ્તુતિ કરતાં કહે છે : હે દેવ! આપ વિશુદ્ધ વિજ્ઞાનઘન છો, આપ **પોતાના સ્વરૂપમાં સ્થિત રહો છો.** તેથી આપને સંપૂર્ણ પદાર્થ પ્રાપ્ત છે, આપની ઇચ્છાશક્તિ અમોઘ છે, આપના તેજથી આ ગુણપ્રવાહરૂપ સંસાર સદા બાધિત છે એવા આપ ભગવાનને હું શરણે છું.

શ્રીમદ્ ભાગવતના બીજા એક પરમહંસ શ્રીશુકદેવજી છે. પરમહંસો નિજ–લાભ–તુષ્ટ થઇને રહે છે; એટલે કે પોતાના આનંદમાં મસ્ત રહી કાર્યો કરે છે. શુકદેવજીની પણ એવી દશા હતી. તેમણે પરીક્ષિત રાજાને જ્યારે બોધ આપવો શરૂ કર્યો. (૨–૧–૭) ત્યારે કહ્યું, કે હે રાજન્! જે મુનિજન નિર્ગુણ ભાવમાં સ્થિત થઇ વિધિનિષેધથી પર થઇ ગયા હોય છે, તે પણ ઘણું કરી શ્રીહરિના ગુણગાનમાં રમણ કર્યા કરે છે. **હું નિર્ગુણ બ્રહ્મમાં નિષ્ઠાવાળો હોવા છતાં** પુણ્યશ્લોક ભગવાનની લીલાથી આકર્ષિત થઇ શ્રીમદ્ ભાગવતરૂપી જે આખ્યાન ભણ્યો તે તમને કહી સંભળાવું છું. વળી શુકદેવજી પાંચમા સ્કંધની શરૂઆતમાં પરીક્ષિત રાજાને કહે છે, કે જેનું ચિત્ત ભગવાનમાં આસક્ત છે તે ગમે તેવાં વિઘ્ન આવે તો પણ પરમહંસોને પ્રિય એવી શ્રીવાસુદેવ ભગવાનની કથારૂપ પરમ કલ્યાણમય પંથને કદી છોડતા નથી.

પાંચમા સ્કંધમાં બે પરમહંસોની વાત આવે છે. એક ઋષભદેવજી છે. તે જ્ઞાની પરમહંસ કહેવાતા હતા. તેમને અનિચ્છા

પ્રારબ્ધ રહેતું હતું. તેમને કોઈ જાતની ઇચ્છા રહેતી નહોતી. બીજા જડભરત ભાગવત પરમહંસ કહેવાતા હતા. તે પરેચ્છા પ્રારબ્ધથી રહેતા હતા. જ્યાં ભગવાનની ઇચ્છા લઇ જાય ત્યાં જવાને તૈયાર રહેતા હતા. એમ કરતાં રહુગણ રાજાની પાલખી ઉપાડવાનું તેમનું પ્રારબ્ધ આવ્યું અને રહુગણે જ્યારે જડભરતને ધમકાવી બોધ આપવા માંડયો, ત્યારે જવાબમાં જડભરત કહે છેઃ 'હે વીર! હું કે જે મત્ત, ઉન્મત્ત અને જડની સમાન પોતાની સ્થિતિમાં રહેવાવાળો છું તેને દંડ દેવાથી તારો શો અર્થ સિદ્ધ થશે? અને જો હું (તારી દૃષ્ટિમાં) વાસ્તવમાં મૂર્ખ અને પ્રમાદી છું, તો પણ તારી શિક્ષા ભૂકાનો ભૂકો કરવાની માફક નિરર્થક છે.'

આપણા દેશમાં કેટલાક આવી પરમહંસદશા સમજતા નથી, તેથી પરમહંસ હમેશાં આળસુ હોય એમ માની બેસે છે પણ તેમાં મોટી ભૂલ છે. આળસુ માણસોની અંદર આત્માની જાગૃતિ હોતી નથી. પરમહંસોમાં આત્માની જાગૃતિ સારી હોય છે એટલું જ નહિ પણ તે સ્થિતિવાળા અને નિષ્ઠાવાળા હોય છે. જેઓની નિષ્ઠા થતી નથી અને જેઓમાં ભેદબુદ્ધિ રહી જાય છે, તેઓ જય-વિજયની માફક વૈકુંઠમાંથી પણ પડે છે. જ્યારે સનકાદિક વૈકુંઠમાં પ્રવેશ કરતા હતા અને જયવિજયે તેમને અટકાવ્યા, ત્યારે સનકાદિક મુનિઓએ તેમને કહ્યું, કે જેની બગલમાં સંપૂર્ણ બ્રહ્માંડ સ્થિત છે એ સર્વાત્મા હરિથી અહીં રહેવાવાળા જ્ઞાની પુરુષ મહાકાશ ને ઘટાકાશની માફક પોતાનો કાંઇ ભેદ રાખતા નથી; છતાં તમે એ પ્રભુના વિષયમાં અહીં ભેદભાવજન્ય ભય કેમ રાખો છો? તમે વૈકુંઠમાં રહેવા લાયક નથી તેથી તમે અહીંથી નીકળી પાપમય લોકમાં જાઓ કે જ્યાં ભેદબુદ્ધિના દોષરૂપ કામ, ક્રોધ અને લોભરૂપી શત્રુ રહે છે.

સાતમા સ્કંધમાં એક નાની ઉંમરના પરમહંસ પ્રહ્લાદની કથા આવે છે. તેનું વર્ણન આપતાં શુકદેવજી કહે છે, કે તે કોઇ આપત્તિથી ગભરાતા નહોતા અને સાંભળેલા અને જોયેલા બધા વિષયોને મિથ્યા સમજી તેની ઇચ્છા કરતા નહોતા. તેમનું ચિત્ત હરિમાં એવું રંગાઇ ગયું હતું, કે આ જગત છે એવું તેમને લાગતું નહોતું. તેમને શિક્ષક બીજું શિખવાડે તો પણ તે શીખતા નહોતા. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થમાં તેમનું મન જતું નહોતું. તે એમ માનતા હતા, કે એ વિદ્યા તો વિષયી પુરુષો માટે છે. હાલના માણસો ફી ખરચી એ વિદ્યા ખુશીથી ભણે છે. પ્રહ્લાદનું ચિત્ત અનિર્વાચ્ય સર્વાત્મા ભગવાન પરબ્રહ્મમાં એવું લીન હતું, કે જેમ પુણ્યવગરના માણસના બધા ઉદ્યોગ નિષ્ફળ જાય છે, તેમ તેના પિતાએ તેના ઉપર કરેલા બધા પ્રહાર નિષ્ફળ ગયા.

પ્રહ્લાદ પણ જડભરતની માફક ભાગવત પરમહંસની કોટિના હતા. તે ઉપરામ વૃત્તિથી રહેતા હતા. શ્રીનરસિંહ ભગવાનની સ્તુતિ કરતાં તે કહે છે, કે સત્ત્વ વગેરે ગુણ, ગુણના પરિણામરૂપ મહત્તત્ત્વ વગેરે અને દેવતા ને મનુષ્ય સહિત મન, બુદ્ધિ વગેરે આપને જાણી શકતાં નથી; કારણ કે એ બધા આદિ અને અંતવાળા છે; એવું જાણી પંડિતો શાસ્ત્રથી અને અભ્યાસથી ઉપરામ થઇ જાય છે.

નવમા સ્કંધમાં એક રાજર્ષિ પરમહંસ અંબરીષની કથા આવે છે. તેનું વર્ણન કરતાં શુકદેવજી કહે છે, કે તે રાજા બધા ઐશ્વર્યને સ્વપ્નની માફક અનિત્ય માનતા હતા. તેમને ભગવાનમાં એવી ભક્તિ હતી, કે આખા જગતને તેઓ માટીના ઢગલા જેવું સમ-

જતા હતા. જ્યારે દુર્વાસા પોતાની રક્ષા માટે ભગવાન પાસે ગયા, ત્યારે ભગવાને અંબરીષ રાજાની નિષ્ઠાનાં બહુ વખાણ કર્યાં હતાં.

અગિયારમા સ્કંધમાં શ્રીદત્તાત્રેયની દશા પરમહંસના જેવી જોવામાં આવે છે. તેવી દશામાં જ્યારે તે યદુરાજાના રાજ્યમાં નીકળ્યા ત્યારે યદુરાજાએ તેમને પૂછ્યું, કે હે બ્રહ્મન્! આપની પાસે સ્ત્રીપુત્ર વગેરેનું સંસાર જેવું કોઈ સુખ નથી છતાં આપના આત્મામાં આટલો આનંદ કેમ જણાય છે? તેના જવાબમાં શ્રીદત્તાત્રેયે પોતાના ૨૪ ગુરુઓ પાસેથી મળેલો વૈરાગ્ય સમજાવી કહ્યું, કે આવા વૈરાગ્યથી જ જ્ઞાન સ્થિર થઈ શકે છે.

એકાદશ સ્કંધમાં (૨૮મા અધ્યાયમાં) ભગવાન નિષ્ઠાનું સ્વરૂપ ઉદ્ધવજીને સમજાવતાં કહે છે, કે જો દ્વૈત જેવી વસ્તુ નથી તો ભદ્ર કે અભદ્ર કેમ જણાય અને કોને જણાય? સૂર્યની આડાં વાદળાં આવે તેથી સૂર્યને કાંઈ નુકસાન નથી અને વાદળાં ખસી જાય તેથી સૂર્યને કાંઈ ફાયદો નથી; તેવી જ રીતે આત્મનિષ્ઠાવાળાને સમાધિ કરવાથી કાંઈ વધારે ફાયદો નથી તેમ વિક્ષેપથી કાંઈ નુકસાન નથી. એવું શુદ્ધ આત્માનું સ્વરૂપ છે; છતાં જ્યાં સુધી મનના કષાય બરાબર દૂર થયા ન હોય, ત્યાં સુધી સંગમાં બહુ ધ્યાન રાખવું. જે રોગનું મૂળ બરાબર બાળ્યું હોતું નથી તે વારંવાર ઊગી નીકળે છે, તેમ મન અને વાસના બરાબર જિતાય નહિ ત્યાં સુધી સંગમાં બરાબર ધ્યાન રાખવું.

આત્મામાં નિષ્ઠાવાળા શુકદેવજીએ પરીક્ષિતને પણ સાત દિવસમાં નિષ્ઠાવાળા બનાવી દીધા છે એવું બારમા સ્કંધમાં સ્પષ્ટ જણાઈ આવે છે. જ્યારે શુકદેવજીએ પરીક્ષિત રાજાને પૂછ્યું, કે હે રાજન્! તમને બરાબર આ જ્ઞાન સમજાયું? અને જો

સમજાયું તો હવે તેમાં નિષ્ઠા કરી લો. તેના જવાબમાં પરીક્ષિત રાજા કહે છે, કે મારું અજ્ઞાન દૂર થઈ ગયું છે. **આપે જ્ઞાન અને વિજ્ઞાનમાં મારી સ્થિતિ કરાવી** મને પરમ મંગળમય સ્વરૂપનો અનુભવ આપી દીધો છે. એટલો જવાબ આપ્યા પછી શુકદેવજી ત્યાંથી ચાલી નીકળ્યા અને પરીક્ષિત રાજા બ્રહ્મભૂત થઈ આત્મામાં એવા સ્થિર થઈ ગયા, કે તક્ષક આવી તેને કરડયો તો યે તેને ખબર રહી નહિ.

આવી દશાને આત્મનિષ્ઠા કહે છે. થોડા શબ્દોમાં તેની કાંઈક ઝાંખી આ પુસ્તકમાં આપવામાં આવેલી છે. હાલમાં પણ નિષ્ઠાવાળા મહાત્માઓ આ દેશમાં છે, પણ તેમની સંખ્યા બહુ ઓછી થઈ ગઈ છે. તેવી દશાવાળામાં એક જીવંત દૃષ્ટાંત મહર્ષિનું છે. અમને તેમના સત્સંગનો લાભ ઈશ્વરકૃપાથી મળ્યો હતો, તે સત્સંગની જે અસર થઈ તેના પરિણામમાં જે કાંઈ વર્ણન કરવાનું બની શક્યું તે અહીં મૂકેલ છે. મહર્ષિનાં દર્શન હજુ પણ ભાગ્યશાળી લોકો લઈ શકે તેવું છે. ટ્રેનોમાં આવવાજવાની અગવડ હોવા છતાં ખરા જિજ્ઞાસુઓ તેવી અગવડની દરકાર કરતા નથી અને ત્યાં તેમના આશ્રમના આધ્યાત્મિક વાતાવરણનો લાભ લઈ શકે છે. વળી જેમની દૃઢ ઈચ્છા હોય તેમનાં આવરણ પણ ખસતાં જાય છે. તેથી કોઈ પણ રીતે દૃઢ અપરોક્ષ જ્ઞાન મેળવવું અને તેમાં નિષ્ઠા કરવી એ મનુષ્યજન્મમાં પરમ પુરુષાર્થ છે. હિંદુસ્તાનમાં જેમણે જન્મ લીધો છે તેઓને જો ઈચ્છા હોય તો આ એક મોટો લાભ મળી શકે તેવું છે.

આત્મજ્ઞાન મેળવવામાં જે પ્રતિબંધ લાગે તે દૃઢ જિજ્ઞાસાથી દૂર થઈ શકે છે. તેમાં બીજા ઉપર જેટલો આધાર છે તે કરતાં

પોતાના પુરુષાર્થ ઉપર ઘણો આધાર છે. જેઓને તે માટે દૃઢ ઇચ્છા થાય છે તેમનાં આવરણ તૂટવા લાગે છે, તેમના ઉપર ઈશ્વરનો અનુગ્રહ થાય છે. જેના ઉપર ઈશ્વરનો અનુગ્રહ થાય છે તેમને યોગ્ય ગુરુ મળી રહે છે, કે જે જ્ઞાન આપી નિષ્ઠા કરાવી દે છે.

વ્યવહારમાં રહી નિષ્ઠા કરવી હોય, તો નીચે પ્રમાણે એક કથામાં તેનો ઉપાય મળી શકે છે : એક વખત નારદજીને એવી ઇચ્છા થઇ કે ભગવાન એકલા ૧૬૧૦૮ સ્ત્રીઓ સાથે કેવી રીતે રહેતા હશે. ભગવાનની એવી લીલા જોવાનો વિચાર કરી નારદજી દ્વારકામાં આવ્યા. પહેલાં તે રુક્મિણીના મહેલે ગયા. ત્યાં ભગવાને તેમને જોઇ પોતે આસન ઉપરથી ઊતરી નારદજીને પ્રણામ કરી આસન ઉપર બેસાડયા, અને પૂછ્યું, કે અમે આપની શી સેવા કરીએ? નારદજીએ કહ્યું કે ભક્તો ઉપર પ્રેમ રાખવો અને દુષ્ટોનું દમન કરવું એ તો આપનો સ્વભાવ છે. આપના સ્વરૂપનાં આજે મને દર્શન થયાં તેથી હું મને ભાગ્યશાળી માનું છું. હવે આપ મારા ઉપર એવી કૃપા કરો કે હું આપનું સ્મરણ કરતો ફરું અને મને આપની સ્મૃતિ કાયમ રહે.

ભગવાનનું સ્મરણ કાયમ રાખવું હોય, તો બધે ભગવાન દેખાવા જોઇએ. એવી નિષ્ઠા ઉત્પન્ન કરવા માટે ભગવાનની ઇચ્છાથી નારદજીના જીવનમાં આ પ્રયોગ બનવા લાગ્યો. થોડીવાર પછી નારદજી બીજા મહેલમાં ગયા. ત્યાં ભગવાન ઉદ્ધવજીની સાથે ચોપાટ રમતા હતા. ત્યાં ભગવાને ઊભા થઇ તેમને પૂછ્યું, કે 'નારદજી આપ ક્યારે પધાર્યા? આપ આમકામ છો તેની શી સેવા અમે સકામ કરીએ? અમને કાંઇ સેવા બતાવો તો અમારો જન્મ સફળ થાય.' નારદજી આ સાંભળી આશ્ચર્યચકિત થઇ ગયા

અને ત્રીજા ભવનમાં તરત ગયા. આજે પણ જો કે ભગવાન સર્વત્ર છે છતાં કોઇ જગાએ આપણે કોઇના ઘરમાં જઇએ છીએ, તો તે પૂછે છે કે તમે ક્યારે આવ્યા? ભગવાન સર્વત્ર હોવાથી આપણા આવવા જવાની વાત જાણે છે; છતાં અજ્ઞાનની લીલા બતાવી એવું પૂછે છે. ત્રીજા ભવનમાં નારદજી ગયા તો ત્યાં ભગવાન સ્નાન કરતા હતા. કોઇ જગ્યાએ ભોજન કરતા જોવામાં આવ્યા, કોઇ જગ્યાએ રથ ઉપર ચડીને ફરતા હતા. કોઇ જગ્યાએ મિત્રો સાથે વાત કરતા હતા. કોઈ જગ્યાએ ઇતિહાસ-પુરાણ સાંભળતા હતા. કોઇ જગ્યાએ યુદ્ધ કરતા હતા અને કોઇ જગ્યાએ સંધી પણ કરતા હતા. કોઇ જગ્યાએ સાધુઓનું કલ્યાણ કેમ થાય તેનો વિચાર બલરામજીની સાથે કરતા હતા. તેને જ હાલના કાળમાં લોકસેવા અથવા સમાજસેવા કહે છે.

એ પ્રમાણે આજ પણ સર્વત્ર બની રહેલું છે. આવો ભાવ કાયમ રહે, તો વ્યવહારમાં પણ નિષ્ઠા રહી શકે, પણ માણસનું મન એવું છે કે જ્યારે કોઇ જગ્યાએ ક્રોધના પ્રસંગ જોવામાં આવે અથવા લુચ્ચાઇના પ્રસંગ જોવામાં આવે, ત્યારે ભગવાન એવું કરે નહિ એવી શંકા થાય છે; તેથી તેવા બનાવમાં ભગ-વાનની ભાવના રહેવી મુશ્કેલ છે.

એવી દશામાં પણ શાસ્ત્રકારો અને અનુભવી પુરુષો કહે છે, કે જ્યાં કોઇ ક્રોધી માણસ જોવામાં આવે ત્યાં એમ જાણવું કે મને શ્રીનરસિંહ ભગવાને દર્શન દીધાં; પણ તે વખતે આપણે પ્રહ્લાદ થઇ જવું જોઇએ. આપણે સામો ક્રોધ કરીએ તો બે ભગવાન જેવું થઇ જાય અને શ્રીનરસિંહ ભગવાનનાં દર્શન થાય નહિ. તેવી જ રીતે જો કોઇ લુચ્ચો માણસ આપણને મળે તો આપણે જાણવું, કે વામન ભગવાને દર્શન આપ્યાં. પણ તે વખતે

આપણે બલિ રાજાના જેવું આત્મસમર્પણ રાખવું જોઈએ. આપણે લુચ્ચાની સામે લુચ્ચા થઈશું તો વામન ભગવાનનાં દર્શન થઈ શકશે નહિ.

વળી કોઈ માણસ આપણી દૃષ્ટિમાં ખરાબ લાગે તો એવો વિચાર કરવો, કે તે ભગવાનથી જુદો છે કે નહિ. જો તે ભગવાનથી જુદો લાગે તો આપણી દૃષ્ટિ સાચી નથી અને જો તે ભગવાનથી જુદો ન લાગે તો તે ભગવાનનું અંગ છે; અને તે અંગ ખરાબ છે એમ કહી શકાય નહિ. જેમ આપણા શરીરમાં ખાવા માટે સારું મોઢું મળેલ છે અને ખોરાક નીકળવા માટે શરીરના નીચેના ભાગની ગટરો ખરાબ છે એમ કહી શકાતું નથી, તેમ ભગવાનની અંદરનો કોઈ ભાગ ખરાબ છે એમ કહી શકાય નહિ. વરસાદ જોઈએ તો તે પહેલાં ગરમી સહન કરવી જોઈએ અને પછી થતો ગારો પણ સહન કરવો જોઈએ. એ વરસાદની સાથે જ આવે છે. તેથી જગત કેવું છે એ જાણવું હોય, તો જગતને જોનારો કેવો છે તે જાણવું જોઈએ.

સંસારની પ્રવૃત્તિઓ વચ્ચે રહી પ્રહ્લાદના જેવી દશા રાખવાનું ન બની શકે અથવા બલિ રાજાના જેવું આત્મસમર્પણ જેનાથી ન બની શકે, તો તે માણસે ગૃહસ્થાશ્રમમાંથી નીકળી વાનપ્રસ્થાશ્રમમાં આવવું જોઈએ અથવા સંન્યાસ લેવો જોઈએ. તે સિવાય આત્મનિષ્ઠા થઈ શકશે નહિ. જેઓ રાતદિવસ સંસારની રાગદ્વેષવાળી પ્રવૃત્તિમાં પડેલા હોય છે તેમને આત્મજ્ઞાન થઈ શકતું નથી તો નિષ્ઠા ક્યાંથી થઈ શકે? તેથી આ માર્ગે જેમ શાસ્ત્રોએ રસ્તા બતાવેલા છે અને અનુભવી પુરુષોએ તે રસ્તા ઉપર ચાલી પ્રયોગ કરી આપણી પાસે પોતાના નિશ્ચય મૂકેલા છે, તે ઉપર શ્રદ્ધા રાખી વર્તવામાં આવે, તો જ મોક્ષ નામનો પરમ

પુરુષાર્થ સાધી શકાય છે. આપણા દેશમાં એને પુરુષાર્થ કહેલો છે. તેમાં આળસુ માણસોનું કામ નથી. એ પુરુષાર્થના ફળમાં આત્યંતિક દુઃખનિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. પુરુષ માટે એટલે પરમાત્મા માટે જીવવું એ જ પુરુષાર્થ છે, બાકી બીજી બધી પ્રવૃત્તિ એ પ્રકૃતિ–અર્થ છે. હાલની વેપારી દૃષ્ટિની વિદ્યાકળામાં આ બાબત ભૂલી જવામાં આવી છે, પણ સારો વખત આવશે ત્યારે તેની જરૂર જણાશે, તે વખતે મહાત્માઓની શોધ થશે અને તેઓને સમાજમાં પહેલું માન મળશે.

૧૭ : મિથ્યા જ્ઞાનનું સ્વરૂપ

વેદાંતનો સિદ્ધાંત એવો છે કે બધું બ્રહ્મરૂપ છે અને બીજું કાંઈ નથી; છતાં ઘણા માણસોને બ્રહ્મની જગ્યાએ જગત દેખાય છે. તેનું ખરું કારણ એ છે, કે માણસો પ્રત્યક્ષ પ્રમાણને સાચું માને છે, પણ પ્રત્યક્ષ પ્રમાણ સાચું છે કે નહિ તેની તપાસ કરતા નથી. તત્ત્વ જાણવું હોય તો માત્ર જે દેખાય છે તેનાથી શરૂઆત કરી શકાય નહિ, પણ જોનારો અને તેનું પ્રમાણ (જ્ઞાન) એ તે વખતે કેવી દશામાં છે તેનો વિચાર સાથે જ કરવો જોઈએ. તેથી પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય એ ત્રણેયનો વિચાર કરવો જોઈએ. હાલમાં સાપેક્ષવાદના વિજ્ઞાનવાળા પણ પ્રત્યક્ષ પ્રમાણને ખોટું ઠરાવી દે છે.

પ્રત્યક્ષ પ્રમાણ ખોટું થયા પછી સાચું પ્રમાણ વેદાંતના શ્રવણથી મળે છે. તે વખતે આત્મા અથવા બ્રહ્મ પોતે પોતાનું પ્રમાણ થાય છે, ચૈતન્યની વ્યાપકતા ધુમાડા અને અગ્નિના જેવી નથી પણ રજ્જુ અને સર્પના જેવી છે. રજ્જુથી પૃથક્ રજ્જુ–સર્પની

સ્થિતિ નથી પણ સર્વાત્મના રજ્જુમાં જ તેની સ્થિતિ છે; તેવી જ રીતે બ્રહ્મથી પૃથક્ જગતની સ્થિતિ નથી. આત્મવ્યતિરિક્ત વસ્તુ આત્મામાં કલ્પિત હોવાથી આત્મમાત્ર રૂપ છે, તેથી વ્યતિરેક બનતો નથી અને અન્વય પણ બનતો નથી. જ્યાં કલ્પિતની પૃથક્ સત્તા ન હોય ત્યાં અન્વયપણ શી રીતે થાય? સર્પનો રજ્જુની સાથે અન્વય થઈ શકતો નથી. માત્ર ભ્રાંતિની નિવૃત્તિ કરવાની છે.

એક વખત મહર્ષિને કોઈ જિજ્ઞાસુએ પૂછ્યું : 'આપણે બધા માણસોને સમાન કરવા જોઈએ.' મહર્ષિએ જવાબ આપ્યો : 'બધાને ઉંઘાડી દો એટલે બધા સમાન થઈ જશે. ઊંઘમાં બધા સમાન છે.' પણ જાગતા માણસમાં અહંકારને લીધે ઘણી વૃત્તિઓ ઊઠે છે અને તે ભેદ કરાવે છે. એક રાજાના મહેલ પાસે નજીકમાં એક ફકીર ઠંડીમાં પડયો હતો. રાજાએ સવારે ઊઠી જોયું અને ફકીરને પૂછ્યું કે રાત કેવી ગઈ? ફકીરે જવાબ આપ્યો: 'ઊંઘી ગયા પછી તું અને હું સરખા હતા. જાગ્યા પછી તારે માથે રાજ્યની ચિંતા આવી પડી અને મારે ચિંતા નથી એટલો તારામાં અને મારામાં ફેર છે.' જગત પણ ઊંઘમાં નથી. જાગ્રતમાં અજ્ઞાનથી સમકાલે તે પ્રતીત થાય છે. જગત બ્રહ્મમાં આરોપિત છે. આરોપ્ય પદાર્થ ઉપાદાનનાં અજ્ઞાન સમકાલે પ્રતીત થાય છે, તેથી અજ્ઞાનની નિવૃત્તિની સાથે આરોપિત પદાર્થની નિવૃત્તિ પણ થઈ જાય છે. તેથી આત્મામાં અબ્રહ્મત્વની નિવૃત્તિ થાય છે અને બ્રહ્મમાં અનાત્મત્વની નિવૃત્તિ થાય છે.

સ્વામી વિવેકાનંદે શ્રી રામકૃષ્ણને પ્રશ્ન પૂછ્યો હતો, કે 'તમે ભગવાનને જોયા છે?' શ્રી રમણ મહર્ષિ કહે છે કે 'એવો કોઈ માણસ છે કે જેણે ભગવાન જોયા ન હોય?' કારણ કે ભગવાન સિવાય કાંઈ નથી એ બરાબર સમજવાનું છે. આત્માનો અનુભવ થાય ત્યારે નવી શરૂઆત થતી નથી. જેમ સૂર્ય સવારે ઊગે ત્યારે

પહેલું ઊગવું બનતું નથી, કારણ કે સૂર્ય હમેશાં પ્રકાશિત છે; તેમ આત્માનો સાક્ષાત્કાર એ નવી વસ્તુ નથી. જે પ્રાપ્ત છે તેની પ્રાપ્તિ સમજીને ધારણ કરવાની છે.

જ્યાં ઘણા બનાવ બનતા નથી ત્યાં કાળ તરત ચાલ્યો જાય છે. એ સિદ્ધાંત હાલના સાપેક્ષવાદના વિજ્ઞાનથી પણ સિદ્ધ થાય છે. ઊંઘમાં કોઈ બનાવ નથી તો કાળ પણ નથી, જાગ્રતમાં પણ જેવા બનાવ અને તે બનાવ સાથે જીવનો જેવો સંબંધ, તે પ્રમાણે કાળ જણાય છે. બહુ ઘણા બનાવ યાદ રાખીએ તો ઈતિહાસ જેવું રાજદ્વારી જીવન થાય, પણ જ્ઞાનીનું જીવન થાય નહિ. તેથી લોકોમાં એવી કહેવત છે કે **राजा कालस्य कारणम्।** એટલે રાજા કાળનું કારણ છે; કારણ કે રાજા અને રાજ્ય કરનાર ઈતિહાસ અને ભૂગોળને ફેરવે છે અને નવાં ઈતિહાસ–ભૂગોળ તૈયાર કરે છે. તેથી ક્ષત્રિયપણા સુધી જીવ દેશકાળની હદમાં રહે છે. તેમાંથી છૂટવું હોય તો મહર્ષિના જેવા બ્રાહ્મણત્વમાં આવવું જોઈએ, એટલે બ્રહ્મજ્ઞાન મેળવવું જોઈએ. બ્રહ્મદશામાં કલ્પિતની નિવૃત્તિ થઈ જાય છે તેથી કોઈ બનાવ બનતો નથી; અથવા સાચો બનાવ બનતો નથી. બ્રહ્મ પોતે અવ્યાકૃત છે અને અનનુગત છે. તે એક અને અદ્વૈત હોવાથી કોઈનું કારણ થતું નથી અને કોઈનું કાર્ય થતું નથી.

સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ

ગીતાના બારમા અધ્યાયમાં (૧૨–૫) કહેલું છે કે જે માણસમાં દેહનું અભિમાન છે તેને માટે અવ્યક્ત અથવા નિર્ગુણનો માર્ગ બરાબર નથી. મહર્ષિને દેહનું અભિમાન નાની ઉંમરથી જ છૂટી ગયું હતું, તેથી તેમને માટે નિર્ગુણનો માર્ગ બહુ જ સરળ થઈ પડેલો છે. સાધારણ માણસ માટે દેહનું અભિમાન છોડવું

અને તટસ્થ દૃષ્ટિ કેળવવી એ બહુ જ મુશ્કેલ કામ છે. માણસના વ્યવહારના કામમાં તેનું ચૈતન્ય એટલું બધું વપરાઈ જાય છે, કે તે માણસ પોતાને પોતાના કર્મના સાક્ષી તરીકે જોઈ શકતો નથી. આપણી ઇચ્છાઓ અને વાસનાઓ અનેક પ્રકારનાં આવરણ ઉત્પન્ન કરે છે. તેથી જ્ઞાતા જ્ઞેયરૂપ થઈ જાય છે અને તે બાબતની તેને ખબર પડતી નથી. જ્ઞાન પણ જ્ઞેયરૂપ થઈ જાય છે અને તેથી સાક્ષીભાવ કેળવી શકાતો નથી. સ્ફટિકની પાસે પડેલા લાલ પુષ્પથી સ્ફટિક લાલ લાગે છે અને જ્યારે પુષ્પ જુદું જોઈ ન શકાય ત્યારે સ્ફટિકમાં રતાશ છે એવું લાગે છે. તેવી જ રીતે જે માણસો આત્માને સાક્ષી તરીકે જોઈ શકતા નથી તે આત્માને કર્મવાળો અથવા રાગવાળો માની બેસે છે. નીચેનાં કેટલાંક દૃષ્ટાંતોથી આ બાબત સ્પષ્ટ થઈ જશે:—

૧. ગુજરાતી ભાષામાં એક કહેવત છે કે 'પારકી મા બાળક-ના કાન વીંધી શકે છે પણ તે બાળકની મા તે બાળકના કાન વીંધી શકે નહિ.' આ પ્રસંગે પોતાની મા રાગને લીધે સાક્ષીભાવ રાખી શકતી નથી.

૨. કોઈ દાક્તર બીજા દરદીઓની દવા બરાબર કરી શકે છે પણ તેના પોતાના ઘરમાં કોઈ માંદું પડયું હોય, તો તે સાક્ષીભાવે દવા કરી શકતો નથી અને બીજા દાક્તરને બોલાવવો પડે છે.

૩. વકીલ બીજા માણસોના કેસ બરાબર ચલાવી શકે છે. પણ પોતાના ઘરના કેસ માટે તેને બીજા વકીલની સલાહ લેવી પડે છે.

૪. એન્જિનિયર બીજાનાં મકાનો સાક્ષીભાવે બાંધી શકે છે, પણ તે પોતાનું ઘર બાંધવા માટે બીજા એન્જિનિયરની સલાહ લે છે.

૫. મ્યુનિસિપાલિટીનો કારકુન ગામનાં જન્મમરણ સાક્ષી-ભાવે નોંધે છે, પણ પોતાના ઘરમાં જન્મમરણ થયાં હોય, તો તેને હર્ષશોક થાય છે.

૬. કેટલાક માણસો બીજાના છોકરાંને સુધારવા માટે તરત સલાહ આપે છે, પણ પોતાના દીકરાને સુધારવા માટે બીજાને વિનતિ કરે છે.

આ ઉપરથી સમજાશે કે જ્યાં મમતા અથવા આસક્તિ હોય, ત્યાં સાક્ષીભાવ રાખી શકાતો નથી. ઘણા માણસો પોતાનાં કર્મમાં એવા આસક્ત થઈ જાય છે, કે પોતાને કર્મના દૃષ્ટા તરીકે જોઈ શકતા નથી અને તે બાબતનો વિચાર આવતો નથી. માત્ર દુઃખ વખતે એવો વિચાર આવે છે કે માણસના જીવનમાં ભૂલ રહેલી છે.

તેથી જ મહર્ષિ જીવને 'હું કોણ?' તેની તપાસ કરવાનું કહે છે. જ્યારે તપાસ પૂરી થાય છે ત્યારે તપાસની શરૂઆતનો હું રહેતો નથી. તેની સાથે જ જ્ઞાનમાં પણ ફેરફાર થાય છે અને જ્ઞેય-માં પણ ફેરફાર થાય છે. બીજગણિતમાં ૨ + ૨ + ૨ = ૬ એમ સમીકરણ (ઇક્વેશન) થાય છે. તેમાં કોઈ પણ એક રકમમાં ફેર-ફાર થાય તો આખું સમીકરણ રદ થાય છે અને નવું સમીકરણ કરવું પડે છે; તેવી જ રીતે જો જ્ઞાતામાં અથવા જ્ઞાનમાં જરા પણ ફેરફાર થાય કે તરત પહેલાંનું સમીકરણ રદ થાય છે.

પણ આત્મજ્ઞાન એવું છે કે તેમાં ફેરફાર થતો નથી, તેથી આત્મજ્ઞાન મેળવવું જોઈએ.

હાલના કાળમાં જીવન એવું કઢંગું થઈ ગયેલ છે, કે આખું જીવન જડ વસ્તુઓની પછવાડે જાય છે. તેની કોઈ હદ નથી.

દ્વૈતનું જીવન ભયવાળું રહે છે, તેથી માણસને અનેક જાતની બીક રહે છે. બહુ ચિંતા થાય છે ત્યારે થોડોક આરામ લેવા માટે જીવ વિષયસુખ તરફ વળે છે; છતાં તેને સંતોષ થતો નથી કે પૂર્ણતા મળતી નથી. હાલની દ્વૈતભાવવાળી કેળવણી અને હાલના સુધારા—એ એક પ્રકારના નવા રોગ છે.

અખંડ આનંદ તો અખંડ વસ્તુમાંથી મળી શકે. તેવી વસ્તુ માત્ર બ્રહ્મ છે. તે બ્રહ્મના અનુભવ માટે ખંડિત આનંદ છોડવો જોઈએ અને ખંડિત આનંદ છોડવા માટે વૈરાગ્ય જોઈએ. વૈરાગ્ય એટલે ફાંસીની સજા સમજવાની છે. તે કોઈને ગમે તેવી નથી પણ તે સિવાય બીજો ઉપાય નથી.

શ્રીકૃષ્ણ ભગવાન પણ સાંદીપનિ ગુરુ પાસે ઉપનિષદ ભણ્યા હતા, ત્યારે સુદામાજીને સાથે રાખીને ભણ્યા હતા. અહીં અધ્યાત્મ-ભાવે સુદામા એટલે ઇંદ્રિયોનું દમન સમજવાનું છે; માટે ઇંદ્રિયો-નો નિગ્રહ કરીને વેદાંતનું જ્ઞાન મેળવવું જોઈએ.

મહર્ષિના જીવનમાંથી જ્ઞાન અને વૈરાગ્ય એ મુખ્ય સાધન નજરે પડે છે. ઉપનિષદમાં કહેલું છે કે આત્માનું સુખ મેળવવાનો પ્રયત્ન કરવો એ તરવારની ધાર ઉપર ચાલવા જેવું છે. દ્વૈતનું ભાન બ્રહ્મના આનંદને અટકાવે છે અને વ્યવહાર એવો છે, કે દ્વૈતનું ભાન થયા વગર રહેતું નથી; તેથી સાધકને વારંવાર મુશ્કેલીઓ આવ્યા કરે છે અને નિષ્ઠા તરત થતી નથી.

એક માણસે મહર્ષિને પૂછ્યું : 'હું બધા વિચારોને હઠાવતો જાઉં તો ધ્યાન બરાબર થાય કે કેમ?' મહર્ષિએ જવાબ આપ્યો : 'શરૂઆત માટે તે ઠીક છે પણ જ્યારે આત્મામાં આસક્તિ થશે ત્યારે ખરા વિચાર શરૂ થશે. તે વખતે તમારા બધા પ્રયત્ન બંધ થશે અને નવી દશા ઉત્પન્ન થશે.'

વાસ્તવિક આત્મા શબ્દગોચર નથી. તેમાં શબ્દની શક્તિ કામ કરતી નથી પણ લક્ષણાવૃત્તિથી તેનો બોધ થઇ શકે છે. બ્રહ્મ હેય અથવા ઉપાદેય નથી, કારણ કે તે વ્યાપક છે અને નિત્ય છે. વસ્તુતઃ દ્વિતીય અર્થ જ નથી કે જે હેય કે ઉપાદેય થઇ શકે. તેથી જ્ઞાનીના ધ્યાનમાં સામાન્ય વિશેષભાવ નથી. અનાત્મ પદાર્થ ચૈતન્યનો વિષય થાય છે પણ ચૈતન્ય પોતે વિષય નથી. પોતામાં કર્મકર્તૃનો વિરોધ એ વિષયભાવમાં બાધક છે. વિશેષ સંજ્ઞાનો ધર્મી એ અવિદ્યોપાધિક ચૈતન્ય છે. તેના અભાવનો ધર્મી શુદ્ધ ચૈતન્ય છે. બુદ્ધિના સંબંધથી સંસાર અને બુદ્ધિના વિયોગથી મોક્ષ એ સાંખ્યનો પણ સિદ્ધાંત છે. વિશેષ સંજ્ઞાનું કારણ શરીર વગેરે સંબંધીઓમાં અન્યત્વ બુદ્ધિ છે, એટલે બ્રહ્મથી ભિન્નત્વ બુદ્ધિ છે. આરોપથી ભિન્નત્વ પ્રતીત થાય છે. મુક્ત દશામાં આરોપ નથી. બ્રહ્મ સદા અપરોક્ષ છે, તેમાં પરોક્ષપણું અજ્ઞાનકૃત છે. વસ્તુતઃ આત્મા જ કેવળ તત્ત્વ છે અને તેવો અનુભવ ન થાય એમ કેમ બની શકે? પણ એકને લઇને બેસી રહેવાની ટેવ પાડી નથી. અનેકને સાચા માન્યા હોય તો અનેકનો અનુભવ રહે, એકનો રહે નહિ. એક મિથ્યા જ્ઞાનથી અનેક મિથ્યા જ્ઞાન નીકળે છે. અનાત્મ પદાર્થ વસ્તુતઃ આત્માના અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. એ અજ્ઞાન દૂર થતાં અન્ય વગેરેનો પ્રશ્ન જ રહેતો નથી. આત્મા અદ્વિતીય છે અને દ્વૈત અવિદ્યાવાળું છે. ભેદપ્રત્યય ઔપાધિક છે; તેથી અજ્ઞાનના ભેદ પણ ઔપાધિક છે. આત્માના સાક્ષાત્કાર વગર દ્વૈતની ભ્રાંતિ દૂર થતી નથી. આત્માના સ્વ—સ્વરૂપ સાક્ષા-ત્કારમાં વિષય પ્રતિકૂલ થાય છે. વિષયોના ત્રૈકાલિક અભાવનો બોધ થતાં વિષયો તરફ પ્રવૃત્તિ થતી નથી, તેથી સુખમય આત્મામાં અનાયાસે સ્થિતિ આવી જાય છે. ચિત્ત નિરાલમ્બ રહી શકતું

નથી, તેથી બાકી રહેલ આત્મા જ તેનું અવલંબન રહે છે. આત્મૈક્ય બીજા પદાર્થની અપેક્ષાવાળું નથી. દ્વૈત નિવૃત્તિ, રજ્જુસર્પ વગેરેની નિવૃત્તિની માફક છે, તેથી જ્ઞેયની સમાપ્તિ થઇ જાય છે.

તેથી જ્ઞાનીને કોઇની સાથે વાદમાં ઊતરવાની ઇચ્છા થતી નથી. વાદનો અભાવ એ જીવન્મુક્તિનું મુખ્ય લક્ષણ છે. મહર્ષિ કોઇની સાથે વાદમાં ઊતરતા નથી. કોઇ ખોટા પ્રશ્ન કરે તો પોતે મૌન રાખે છે.

જગતમાં જે જે હુલ્લડો, યુદ્ધ વગેરે બનાવો બને છે તેના તરફ મહર્ષિનું દુર્લક્ષ જોઇને કેટલાકને આશ્ચર્ય થાય છે. મહર્ષિ ન્યુસપેપરો વાંચે છે અને સામાજિક અને રાજકીય બનાવો જાણે છે; છતાં મોટી લડાઇથી પણ તે ઉશ્કેરાતા નથી. ભગવાને જગતમાં ભૂલ કરી છે અને તે સમાજસેવકોએ કે રાજ્યના પ્રધાનો સુધારવી જોઇએ એવું મહર્ષિ માનતા નથી. તેઓ એક સત્તામાં માને છે અને તે સત્તા પૂર્ણ છે એમ માને છે. વળી જેમાં સત્તા નથી તે કોઇ વસ્તુ નથી તેથી જ્યારે આત્મજ્ઞાનથી દ્વૈતની નિવૃત્તિ થાય છે ત્યારે દ્વૈતને ઉત્પન્ન થવાની સંભાવના જ નથી. આત્માના સ્વરૂપઅવસ્થાનમાં વિષય પ્રતિકૂળ છે. બહારના વિષયોના ગ્રહણ માટે ઇંદ્રિયો દ્વારા પુરુષ વિષય ગ્રહણ કરવા તત્પર થાય છે; તેથી સ્વ–સ્વરૂપથી પડી જાય છે; પણ જ્યારે મહાવાક્ય દ્વારા વિષયોનો ત્રૈકાલિક અભાવનો બોધ થાય છે ત્યારે તેના ઉદ્દેશથી પ્રવૃત્તિ હોતી નથી. જ્યારે જગતનો ત્રૈકાલિક નિષેધ થાય છે ત્યારે ચિત્તનું અવલંબન આત્મા જ રહે છે.

એક વખત કોઇએ મહર્ષિને આત્મા વિશે પ્રશ્ન પૂછ્યો, ત્યારે તેણે કહ્યું કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, શુદ્ધ પ્રકાશસ્વરૂપ છે, તેમાં

દૃશ્ય જગત નથી; કારણ કે જગત આત્માના અજ્ઞાન વખતે જણાય છે.

તેથી જગત અને બ્રહ્મનો સંબંધ થઇ શકતો નથી. કલ્પિત સર્પનો અજ્ઞાત રજ્જુરૂપ અધિષ્ઠાન સાથે વાસ્તવિક ભેદ અથવા અભેદ નથી; કારણ કે કલ્પિત પદાર્થ અકલ્પિત ધર્મીનો ધર્મ જ થઇ શકતો નથી. તેવી જ રીતે સિદ્ધાંતમાં કલ્પિત જગત વગેરે વસ્તુ જ નથી, તેથી તેની સાથે વાસ્તવિક ભેદ કે અભેદનો વિચાર જ નકામો છે. બ્રહ્મભેદના નિરાસ દ્વારા કેવળ બ્રહ્મ જ છે. કલ્પિત પદાર્થ અધિષ્ઠાનનો પરિચ્છેદક થતો નથી અને કલ્પિતની નિવૃત્તિ અધિષ્ઠાનરૂપ થાય છે. જે જગત કલ્પિત છે તેમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયની પ્રતીતિ થાય છે. પ્રતીતિમાં ક્રમ નથી. તે સમકાળ હોય છે. જો જગતની સ્થિતિ નથી તો તેમાં ક્રમ શી રીતે પડશે? ક્રમ તો જેમાં સ્થિર હોય તેવી વસ્તુઓમાં હોય છે, ક્ષણિકમાં હોતો નથી. ક્ષણિક પદાર્થ તો કેવળ અવિદ્યાથી પ્રતીત થાય છે. આકાશમાં જેમ દિશાઓનો ભેદ કલ્પિત છે, તેમ જગતમાં પણ કલ્પિત ભેદ જ પ્રત્યક્ષનો વિષય છે; પણ કલ્પિત ભેદથી સાચું દ્વૈત થતું નથી.

મહર્ષિ અહંકારના નાશ ઉપર બહુ ભાર દે છે અને અહંકાર-વગરની બ્રાહ્મી સ્થિતિમાં રહેવાનું કહે છે. તે પ્રાપ્ત છે. માત્ર અજ્ઞાન દૂર કરવાની જરૂર છે. જગતના બધા વ્યવહારનો આધાર અહંકાર ઉપર છે, પણ અહંકાર એ કોઇ સાચી વસ્તુ નથી. અહં-કાર ઊંઘમાં જતો રહે છે. સ્વપ્નમાં નવો થાય છે અને જાગ્રતમાં પણ નવો થાય છે. અહંકાર દૂર કરી શકાય તો બ્રહ્મદશા આવતાં વાર લાગે નહિ. એ દશામાં ઘણા જીવ રહે નહિ. હુંનું બહુવચન થતું નથી. હુંનું બહુવચન કરીએ તો હુંની સાથે તું અને તેને લેવા

પડે. તેથી હું એક છે પણ ખોટો હું બીજા હુંને તું કહે છે. પરિચ્છિન્નનું અભિમાન એ દુઃખનો હેતુ છે. વિદ્વાનને પરિચ્છેદનું અભિમાન નથી. અધ્યાસ વિશિષ્ટ જ્ઞાન જ કર્મનું અંગ થાય છે. પરબ્રહ્માત્મ વેદન તો અધ્યાસનું નિવર્તક છે, ઉપકારક નથી, તેથી કર્તૃત્વ વગેરે આત્મામાં કલ્પિત છે, સત્ય નથી.

એક જિજ્ઞાસુ શ્રી રમણાશ્રમમાં સત્સંગ માટે ગયા હતા. વળતી વખતે એટલે છેવટની રજા લેતી વખતે તેણે મહર્ષિને પૂછ્યું કે 'અહીં મને આટલા દિવસ બહુ આનંદ આવ્યો, હવે મારે ઘેર જઇ શું કરવું?' મહર્ષિએ કહ્યું કે 'કાંઇ કરવાનું નથી?' એટલે કોઇ પણ ઇચ્છા થાય કે તે ઇચ્છા જીવને બ્રહ્મથી જુદો પાડી દે છે, તેથી વેદાંતીને કેટલાક રમૂજમાં ભગવાનના અકર્મી દીકરા માને છે. ખરી રીતે પ્રાપ્તની પ્રાપ્તિ છે અને નિવૃત્તની નિવૃત્તિ છે.

૧૮ : જીવન્મુક્તનો વ્યવહાર

વેદાંતનો વિષય નિરૂપાધિક બ્રહ્મ છે. ઉપાધિવિશિષ્ટ બ્રહ્મ પ્રત્યક્ષ પ્રમાણનો વિષય છે. આત્મજ્ઞાન થયા પહેલાં વિષયનો બાધ નથી, તેથી બધાં પ્રમાણોની પ્રમાણતા છે. જ્ઞાન થયા પછી વિધિ વગેરે પ્રમાણ નથી. જ્ઞાની વ્યવહાર કરે છે; પરંતુ પ્રત્યક્ષ પ્રમાણ વગેરે વાસ્તવિક છે એમ માનીને વ્યવહાર કરતા નથી. તેમની દૃષ્ટિમાં જીવ કે જગત ભિન્ન રહેતાં નથી. એક વખત સસ્તું સાહિત્યના ટ્રસ્ટી મંડળના પ્રમુખ અને જ્ઞાનેશ્વરી ગીતાના અંગ્રેજી-ના ભાષાંતર કર્તા શ્રી મનુ સૂબેદાર રમણાશ્રમમાં ગયા હતા. તેમણે મહર્ષિને એવી ફરિયાદ કરી કે વેદાંતનાં ઘણાંખરાં પુસ્તકો

જેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તે જ સમજી શકે તેવાં હોય છે; અને જેઓ તે દિશામાં પ્રયત્ન કરવાની સ્થિતિમાં હોય, તેમને મદદરૂપ થતાં નથી. તેના જવાબરૂપે મહર્ષિએ તેમના પુસ્તકાલયમાંથી નાભાજીકૃત 'મહાભક્તવિજયમ્' નામનું પુસ્તક મંગાવ્યું, અને તેમણે પોતે જ્ઞાનેશ્વર અને તેમના પિતાની વચ્ચે આખો સંવાદ ત્યાં હાજર રહેલા સર્વને વાંચી સંભળાવ્યો. તે આખો પ્રસંગ સર્વેએ એકચિત્તે સાંભળ્યો.

વાતનો પ્રસંગ એ છે કે જ્ઞાનેશ્વરના પિતા સાધના માટે વન-માં ગયા હતા. કોઇક પ્રસંગે રાજાને તેમનાં બાળકોની મુલાકાત થઇ અને બાળકોને જોતાં જ રાજા આશ્ચર્યમુગ્ધ બની ગયો; અને તેમના પિતાને જોવાની તેને ઇચ્છા થઇ. રાજાએ પોતાના દૂતો દ્વારા આમંત્રણ મોકલ્યું; પણ તેમણે વનમાંથી પાછા આવવાની ના કહેવડાવી. ત્યારપછી છોકરાં પિતા પાસે ગયાં અને બાળ જ્ઞાનેશ્વર મહારાજે પોતાના પિતાના ખોળામાં બેસી તેમની સાથે નીચે પ્રમાણે દલીલ કરી, જેથી તે પાછા પોતાને ગામ આવ્યા. જ્ઞાનેશ્વરની ભાષા કોઇ સિદ્ધ જ્ઞાનીની છે અને તેમના પિતાના સંશયો; ભય અને વિઘ્નોનો ખ્યાલ દૂર નહિ કરી શકનાર સામાન્ય માનવીના છે. ભાવિકજનો માટે એ સંવાદ નીચે આપવામાં આવ્યો છે:

વિઠોબા : જે એક વખત ઊલટી દ્વારા ઓકી કાઢયું હોય, તે ગમે તેવું સ્વાદિષ્ટ હોય, તો પણ કોઇ ફરીથી ચાખશે કે? ધર્મ-નિષ્ઠોએ શું પોતાનાં વચનને વળગી ન રહેવું? મારે સંસારનો ત્યાગ કર્યા પછી શું ત્યાં પાછા જવું? અવિવેકી લોકો સાથે ભળવું? તેમના તરફ પ્રીતિ રાખવી? શું મારે રાજાની પૂજા કરવી? મારું

સ્થાન જંગલ જ રહેશે અને તમારે માટે સંસાર. પાછા જાઓ અને સુખે સંસારમાં રહો.

જ્ઞાનેશ્વર : પણ તમે જંગલમાં શા માટે રહો છો?

વિઠોબા : બેટા, મારે માટે ત્યાં પાછા આવવામાં શું લાભ અથવા આનંદ છે? પાછા આવવામાં તો લાભ થવાને બદલે મુક્તિ મળવામાં વિઘ્ન આવે છે. મૌનનિષ્ઠા માટે તો સમાજના સંસર્ગથી દૂર આ જંગલ જ યોગ્ય સ્થાન છે; અને તેથી જ આ ટેકરીઓ ઉપર રહું છું.

જ્ઞાનેશ્વર : ગામ અને જંગલ એવા ભેદભાવનો ખ્યાલ રાખીને બ્રહ્મનિષ્ઠા જાળવી રાખવાનો તમે જે પ્રયત્ન કરો છો, એ તો આકાશનો દેખાવ અટકાવવા માટે પોતાની આંખ બંધ કરવાને બદલે પોતાની આગળ પડદો ધરી રાખીને ફર્યા કરવા જેવું છે—અનેક પાપો કરીને પુણ્ય મેળવવા સમાન છે. કઠણ હૃદયના માણસે ઈશ્વરદર્શનની ઇચ્છા સેવવા જેવી છે અને અહંભાવને દૂર કર્યા વિના જ્ઞાનનિષ્ઠા મેળવવા જેવો પ્રયત્ન છે. જે નિષ્ઠામાં બધા ભેદભાવો ઓગળી જાય ત્યાં ઘર અને જંગલ એવો દ્વૈતભાવ રહી શકે ખરો?

વિઠોબા : જ્યાં સુધી 'મારું' એવો ખ્યાલ કાયમ રહે છે ત્યાં સુધી અહંભાવ અને 'આ' અને 'પેલું' વગેરે દ્વૈતભાવોનો નાશ થઈ શકતો નથી. નિર્વિકલ્પ નિષ્ઠા જ એ બધાંનો નાશ કરી શકે. બધા સંકલ્પો અને ઇચ્છાઓમાંથી મુક્ત થવાની એ નિષ્ઠા પ્રાપ્ત કરી શકાય. જનસમાજથી દૂર રહેવાથી જ એ બની શકે. તેથી હું અહીં રહું છું; કારણ કે જંગલનો એકાંતવાસ જ એવી મૌનનિષ્ઠા માટે યોગ્ય સ્થાન છે.

જ્ઞાનેશ્વર : પોતાના સ્વરૂપનું ભાન થવું અને તેમાં સ્થિતિ રાખવી એ જ બ્રહ્મનિષ્ઠા; નહિ કે જંગલમાં રહેવું.

વિઠોબા : ગુરુ પાસે રહી પોતાના સ્વરૂપને જાણ્યા પછી તેમાં દૃઢ નિષ્ઠા કાયમ રાખવા માટે જંગલમાં એકાંતમાં જ રહેવાની જરૂર છે.

જ્ઞાનેશ્વર : ખરા જ્ઞાનીઓનો અનુભવ છે, કે માત્ર વનમાં રહીને તેમ કરવાથી અજ્ઞાન અને 'હું'–'મારું' વગેરે ખ્યાલોનો નાશ થઈ શકતો નથી અને તેથી જ તેમણે ગામ અને જંગલ, ઘરનું જીવન અને સંન્યાસ એવા ભેદભાવોનો ત્યાગ કરીને દૃઢ નિશ્ચય કરીને નિર્વિકલ્પ સમાધિની સાધના કરી હતી; તો પછી તમે શા માટે ઘરના જીવન તરફ અણગમો રાખીને જંગલમાં રહો છો?

વિઠોબા : જેમણે સાક્ષી(દૃષ્ટા)ને જોયો છે અને બધાંના સાક્ષી જે આત્મા તેની સાથે ઐક્ય પામ્યા છે, તેઓ જો કુટુંબમાં રહે તો તેમની સમાધિમાં ભંગ થાય અને તેઓ પોતાનો આત્મસાક્ષાત્કારનો અનુભવ ગુમાવે; તેથી જેમણે સહજ સ્થિતિનો આનંદ અનુભવ્યો છે, તેમને સ્વપ્નમાં પણ કુટુંબમાં રહેવાની ઇચ્છા ઉદ્‌ભવે નહિ.

જ્ઞાનેશ્વર : રાગ અને દ્વેષ બંનેમાંથી મુક્તિ તે જ સહજ નિષ્ઠા. ગામ તરફ અણગમો રાખવો અને જંગલમાં પ્રીતિ રાખવી એ નિષ્ઠા કહેવાય?

વિઠોબા : જેને 'અમુક કરવું' 'અમુક નહિ કરવું' એવી ઇચ્છાઓ હોતી નથી તે સંસારમાં રહી સંસારનાં કાર્યો કેવી રીતે કરી શકે? અને સંસારમાં રહી ત્યાંનાં કાર્યો નહિ કરી શકતો હોય,

તેણે ત્યાં રહેવાનું શું પ્રયોજન? જ્યાં શરીરના ભોગોને તૃપ્ત કરવાની ઇચ્છા ઉત્પન્ન થાય એવાં વિઘ્નોનો શિકાર બનવાનો સંભવ રહે તેવા સ્થાનમાં ન રહેવું જોઈએ. આ શરીરના ભોગોને ઉત્તેજન આપવું એ તો મુડદાની લગ્નક્રિયા કરવાનો સમારંભ કરવા જેવું છે.

જ્ઞાનેશ્વર : જેણે બધાં કર્મનો ત્યાગ કર્યો છે, તેને માટે સમાધિ સાધવી એ પણ કર્મ નથી શું? અને જે આવાં કર્મમાં રોકાય તેને માટે કુટુંબનાં કાર્યોમાં રોકાવું શું ખોટું છે.

વિઠોબા : સમાધિ સાધવી એ ક્રિયા છે ખરી, પણ તે બધા વિચારો અને ચિંતાને દૂર કરે છે; અને કુટુંબનાં કાર્યો અને વિચારો તો ચિંતાઓ અને શોક ઉત્પન્ન કરે છે.

જ્ઞાનેશ્વર : જ્યારે પોતે સચ્ચિદાનંદસ્વરૂપ છે, ત્યારે તેણે નિષ્ઠાસાધનામાં શા માટે રોકાવું?

વિઠોબા : જાગ્રત અવસ્થામાં સુષુપ્તિની સ્થિતિ પ્રાપ્ત કરવી, એને જ્ઞાનીઓ બ્રહ્મનિષ્ઠા નથી કહેતા શું? જો આપણે એવો અનુભવ નહિ કરીએ, તો સમાધિમાંથી મળતો સતત આનંદ કેવી રીતે મેળવી શકીએ?

જ્ઞાનેશ્વર : વેદો એમ કહે છે કે જાગ્રત દશામાં ઇંદ્રિયોની ક્રિયાઓ, સ્વપ્નદશાની માત્ર મનની ક્રિયાઓ અને ઊંઘની અભાવાત્મકદશાને સાક્ષીરૂપે જોવી એ જ ખરો આનંદ છે. જાગ્રત અવસ્થામાં સુષુપ્તિદશા એ તો પડછાયા જેવી હોય છે. તેને સ્પર્શ થવા છતાં સ્પર્શ લાગતો નથી. તમે તો કહો છો કે ઊંઘના જેવી અભાવાત્મકદશા જ ખરું સુખ છે અને તેનું નામ જ જાગ્રત–સુષુપ્તિ છે.

વિઠોબા : જાગ્રત અને સ્વપ્ન અવસ્થાઓ તો માણસને સંસારમાં નાંખે છે અને ઇંદ્રિયોરૂપી પશુઓનો માણસ શિકાર બને છે; તેથી જ્યાં બધી સંસારની બાબતોનો અભાવ હોય અને ઊંઘના જેવી શૂન્ય અવસ્થા હોય, એ જ ખરી સમાધિ છે.

જ્ઞાનેશ્વર : ખરી સમાધિ બધાંનો અભાવ નથી પણ શસ્ત્રની સામે શસ્ત્ર ધારણ કરવાથી, સંસારનાં કાર્યો કરવાથી અને જનકની માફક જ્ઞાન–તલવારથી–બધા વિષયો તરફ ઉદાસીનતા ધારણ કરીને–ઇંદ્રિયોનો સંયમ જાળવવાથી જ ખરી સમાધિ સાધી શકાય.

વિઠોબા : અનેક જન્મોની વાસનાના સમૂહરૂપી વાંદરા જેવા મનને માત્ર શુકદેવે સર્વ સંસર્ગનો ત્યાગ કરીને જીત્યું હતું; અને સુષુપ્તિ–દશા નહિ પ્રાપ્ત કરવાથી માત્ર પોતે બ્રહ્મ છે, તેવા સતત જ્ઞાનથી જનક તેમ કરી શક્યા નહોતા.

જ્ઞાનેશ્વર : માત્ર જનક જ મનનો નાશ કરીને પોતાનું ઇચ્છિત ધ્યેય પ્રાપ્ત કરી શક્યા હતા અને શુક બહારના સંસર્ગનો ત્યાગ કરીને માત્ર વનવાસ સ્વીકાર્યાથી તેમ કરી શક્યા નહોતા.

વિઠોબા : દૃષ્ટપણામાં સ્થિત રહેવાથી જ દૃશ્યનો ત્યાગ થઇ શકે. દૃશ્યમાં રહીને દૃશ્યનો કેવી રીતે ત્યાગ થઇ શકે? જેનામાં ઝેર દાખલ થયું છે, તેને વધુ ઝેર આપવાથી અચૂક મરણ જ નીપજે.

જ્ઞાનેશ્વર : એક ઝેરનો નાશ કરવા માટે બીજો ઝેરી પદાર્થ આપવામાં આવે છે, તે પ્રમાણે ઇંદ્રિયોના બાહ્ય અને આંતરિક વિષયોરૂપી વિષની અસર મટાડવા માટે એક માત્ર રામબાણ ઇલાજ (સંસાર–વિષ દ્વારા મેળવેલું) જ્ઞાન જ છે. એથી ઊલટું જે

ઇંદ્રિયોરૂપી પશુઓનો શિકાર બની જવાની બીકથી એકાંતનિષ્ઠામાં રહે છે, તે કદાપિ ભયમુક્ત થતો નથી. તેને હમેશાં ભયનો જ ખ્યાલ આવ્યા કરશે અને તે કદી બ્રહ્મનું અખ.ડ સુખ પ્રાપ્ત કરી શકશે નહિ.

વિઠોબા : જેઓ સંન્યાસી થયા છે અને હમેશાં સમાધિ-નિષ્ઠાના અભ્યાસમાં મંડયા રહે છે, તેમને પણ ઇંદ્રિયોના વિષયો પાછા શોકમાં નાંખે છે; તો જેઓ ગૃહનો ત્યાગ નથી કરતા તેમને તો કેટલા હેરાન કરે? પૂરજોસથી વહેતા પાણીમાં એક સૂકું પાંદડું કેવી રીતે સ્થિર રહી શકે?

જ્ઞાનેશ્વર : જેણે જ્ઞાનનિષ્ઠા પ્રાપ્ત કરી નથી, તે ગમે તેટલો વખત અંતર્મુખ રહેવાનો પ્રયત્ન કરે; તો પણ તેને ઇંદ્રિયો હેરાન કરશે. પાણીમાં એક મોટો ખડક સ્થિર રહે તેમ ઇંદ્રિયોની ક્રિયાઓ ગમે તેટલી હોય, તો પણ જ્ઞાનનિષ્ઠ પુરુષે તેથી ચલિત થવું નહિ. આવો જ પુરુષ બ્રહ્મનો આનંદ મેળવી શકે. જે જ્ઞાનનિષ્ઠ થયો નથી તેનું અજ્ઞાન કદી દૂર થશે નહિ.

વિઠોબા : જ્ઞાનનિષ્ઠામાં ગમે તેટલો સ્થિર થયો હોય, તો પણ જે પુરુષ સંસારનો ત્યાગ કરીને બ્રહ્મના ધ્યાનમાં સતત લીન રહે નહિ તે માયાના અંધકારમાં જરૂર સપડાવાનો.

જ્ઞાનેશ્વર : બ્રહ્મથી જુદી વસ્તુ કોઇ માયા જેવું કંઇ હોય, તો જ નિષ્ઠા રાખીને તેને દૂર કરવાની જરૂર પડે. પોતાનો પડછાયો પોતાની સાથે લડશે એવો ખ્યાલ રાખીને, જે માયા અને અહં નથી તે પેદા કરીને નિષ્ઠામાં રહેવાની તમે વાત કરો છો તેમાં ખોટા પડછાયા સામે બાઝવાથી માત્ર વ્યર્થ થાક લાગશે. તે પ્રમાણે માયા કોઇ ચીજ નથી એમ સમજીને તમે મૌનનિષ્ઠામાં નહિ રહો;

અને 'આ નહિ, આ નહિ' એમ એક પછી એક બધી ચીજોનો ત્યાગ કરવાનો જ પ્રયત્ન કર્યા કરશો, તો તમારે ભાગે પાર-વિનાનો વ્યર્થ પ્રયત્ન કરવાનો જ રહેશે.

વિઠોબા : અસત્યને દૂર કર્યા વિના, મનથી એકાગ્ર થયા વિના, જે બને તેનાથી અવિચલિત રહી, માત્ર સાક્ષીરૂપે રહ્યા વિના સહજ જ્ઞાન કેવી રીતે મળી શકે?

જ્ઞાનેશ્વર : 'આ નહિ, આ નહિ' એમ કરીકરીને ઇંદ્રિયોના પદાર્થોને દૂર કર્યા કરીશું, ત્યાં સુધી કીડીના દરમાંથી ઊભરાતી કીડીઓની માફક તે બહાર ઊભરાયા કરશે. મનને એકાગ્ર કરવા-નો પ્રયત્ન કર્યા કરીશું, ત્યાં સુધી તે ઊછળતા દડાની માફક વધારે ઉછાળો માર્યા કરશે. સાક્ષીભાવ ધારણ કરવાનો જેટલો વધુ પ્રયત્ન કરશો, તેટલો કૂતરાની પૂંછડી સીધી કરવાના પ્રયત્નની માફક વ્યર્થ જશે; અને દેહાત્મભાવ ખડો થયા કરશે, તેથી આત્મશોધન દ્વારા પોતે સચ્ચિદાનંદબ્રહ્મ જ છે; અને અવિદ્યા અથવા અહં અને માયાનું 'રજ્જુસર્પ' ન્યાયે અસ્તિત્વ જ નથી; એવું દૃઢ જ્ઞાન થાય તો જ બ્રહ્મનિર્વાણનું કૈવલ્યસુખ મળી શકે.

વિઠોબા : જ્ઞાનવિચારને પરિણામે પોતે બ્રહ્મ જ છે, એવા માત્ર જ્ઞાનથી બીજી કોઇ પણ સાધના વિના સચ્ચિદાનંદરૂપ સર્વ વ્યાપક આત્માની સાથે ઐક્ય કેવી રીતે સાધી શકાય? અને શોક ઉત્પન્ન કરનાર ઇંદ્રિયવિષયોને કેવી રીતે જીતી શકાય?

જ્ઞાનેશ્વર : જીવતી ગાય વાઘને ન મારી શકે, તો મરેલી તો કેવી જ રીતે મારી શકે? તેવી રીતે જે અમર, દોષરહિત, સર્વ-વ્યાપક, આનંદરૂપ આત્મા છે, તેને ઇંદ્રિયોના પદાર્થો શું કરી શકે? ગાય માતબર હોય, તો પણ વાઘ આગળ આવતાં ડરે, તેમ એવા

પદાર્થો દૃઢ જ્ઞાનથી પૂર્ણજ્ઞાની આગળ દેખાવ દેતા નથી; અને કદી દેખાવા પામે તો તરત જ વાઘથી ગાયનો નાશ થાય છે, તેમ થોડી ક્ષણમાં જ તે નાશ પામે છે.

વિઠોબા : એક પવિત્ર સ્ત્રી પણ દુષ્ટ સ્ત્રીઓના સહવાસથી બગડે તેમ શું જ્ઞાનીઓએ ઇંદ્રિયોના પદાર્થોમાં ભેળાવું? મનના ક્ષોભના ભોગ બનવું? અને અનેક શોકથી પીડાવું?

જ્ઞાનેશ્વર : જે સતી છે તે અનેક સંસર્ગની વચ્ચે પણ સતી જ રહેશે. જેનું મન સ્થિર નથી તે ખરાબ સંગ વિના પણ બગડશે. તેવી રીતે જે જ્ઞાની છે તે સંસારના માણસોની વચ્ચે પણ જ્ઞાની જ રહેશે. જે સ્થિર નથી તેનું ખરાબ સંગ વિના પણ પતન થશે. અસ્થિર એકાંતમાં પણ જ્ઞાનહીન થશે.

વિઠોબા : સંસારનાં કાર્યોમાં ગૂંથાયેલો કેવી રીતે સહજ જ્ઞાની થઇ શકે?

જ્ઞાનેશ્વર : જેમ નાટકશાળામાં બ્રાહ્મણ શૂદ્રનો ભાગ ભજવે તો પણ બ્રાહ્મણ જ રહે છે, તેમ જ્ઞાનીઓ બીજાઓ સાથે ભળીને જુદાજુદા વેષ ધારણ કરે છે; તો પણ તેના સતત આનંદના અનુભવમાં વિઘ્ન આવતું નથી.

વિઠોબા : જ્ઞાન ગમે તેટલું દૃઢ થયું હોય અથવા આધ્યાત્મિક દૃષ્ટિ ગમે તેટલી શુદ્ધ હોય; તો પણ પોતે બ્રહ્મ છે એવું દરરોજ થોડો વખત ચિંતન કર્યા વિના બ્રહ્મજ્ઞાની થવું બહુ મુશ્કેલ છે.

જ્ઞાનેશ્વર : જે બ્રાહ્મણ શૂદ્રનો ખેલ ભજવે છે, તેણે શું પોતે બ્રાહ્મણ છે, એવો વારંવાર વિચાર કરવો? પોતે તેમ ન કરે તો શું તે શૂદ્ર બની જશે? જેને આખી દુનિયા બ્રાહ્મણ તરીકે ઓળખે છે, તેને ઓળખવાને જનોઇની જરૂર છે? અહંનો નાશ કર્યા પછી

અહંભાવની ગાંઠ કાયમ રાખી 'હું બ્રહ્મ છું' એવું ધ્યાન કર્યા કરવું? જેમ પ્રસિદ્ધ બ્રાહ્મણે જનોઇ ન પહેર્યું હોય, તો પણ બ્રાહ્મણ તરીકે જ ઓળખાય છે, તેમ જેણે 'હું' 'મારું' વગેરે ખ્યાલો તજ્યા છે તે કોઇ પણ ધ્યાનનો અભ્યાસ નહિ કરે તોપણ બધાથી પૂજાશે અને સતત પૂર્ણાનંદ અનુભવશે.

વિઠોબા : જગદીશના જેવો સિદ્ધ પુરુષ પણ જો દરરોજ 'હું છું' એવું ધ્યાન કરે, તો તે ખચિત અજ્ઞાની થાય અને દેહના સાથે એકતા અનુભવનાર અહંભાવનો કદાપિ નાશ થાય નહિ.

જ્ઞાનેશ્વર : હાથમાં દીવો ધરીને અંધકારને કહીશું કે ઊભો રહે, તો શું તે ઊભો રહેશે? તેમ પોતે દેહ છે એવા મિથ્યા જ્ઞાનનો ત્યાગ કરીને પોતે સચ્ચિદાનંદ આત્મા છે, એ જ્ઞાન મેળવ્યા પછી અજ્ઞાનને કહીશું કે તું ઊભું રહે તો તે ઊભું રહેશે? હાથમાં બિલાડી રાખીને પોપટને બોલાવીશું, તો તે બોલશે કે? જીવાત્મા, ઈશ્વર અને જગતનું જુદું અસ્તિત્વ જ નથી એ જ્ઞાન થયા પછી માયાને બોલાવીશું તો તે આવશે કે? જે નપુંસકને બીજા ઓળખતા હોય તેમની આગળ હાજર થઇને કોઇ નપુંસક પોતાની મર્દાનગી દેખાડવાની હિંમત કરશે કે? જેમ જેણે ગુરુની હાજરીમાં બ્રહ્મ જ સત્ય છે, માયાનું અસ્તિત્વ જ નથી, બ્રહ્મ વિચારકક્ષાથી પર છે અને માયા માત્ર રાગદ્વેષરૂપી વૃત્તિઓમાં જ રહેલી છે, પોતે બ્રહ્મ છે અને બ્રહ્મ જ પોતાનું સ્વરૂપ છે એવું નિઃસંશય જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેને માટે રાગદ્વેષ, બંધનમુક્તિ, જન્મમરણ, ગામજંગલ, દાનતપ, સંન્યાસ—ગૃહજીવન વગેરે ભાવો રહેતા નથી. જે પહેલાં ઘેટાંની આંખ જેવા બની ગયા છે તેને માયા શું કરી શકે? તે તેમને અજ્ઞાની બનાવી શકે? માટે જરા વિચાર કરો.

આ જવાબ સાંભળી વિઠોબા ઘેર આવવા સંમત થયા અને સાથે પાછા આવ્યા.

ઉપરની વાતચીત ઉપરથી સમજી શકાશે, કે અવિવેકથી બ્રહ્મમાં અવિદ્યાની પ્રતીતિ થાય છે. વિવેક કરતાં વાસ્તવિક અવિદ્યાશૂન્ય બ્રહ્મ સિદ્ધ થાય છે. તેથી સંસાર હેય કે ઉપાદેય નથી. તેનો બ્રહ્મમાં ત્રૈકાલિક નિષેધ છે એમ સમજવાનું છે. અવિદ્યામાં રહીને એટલે અવિદ્વાન થઈને બ્રહ્મ અને અવિદ્યાના સંબંધની કલ્પના થાય છે. જ્યારે 'तत्त्वमसि' વગેરે વાક્યજન્ય જીવ–બ્રહ્મ અભેદ વિષયનું સમીચીન જ્ઞાન થાય છે ત્યારે એમ લાગે છે કે અવિદ્યા હતી નહિ, છે નહિ અને રહેશે નહિ. જે અવસ્તુ છે તેનું પ્રમાણ મળતું નથી. છીપમાં રૂપું દેખાય તેનું કોઈ પ્રમાણ નથી. પ્રમાણને સહન ન કરે તેનું નામ અવસ્તુત્વ છે.

ઉત્પન્ન થયેલું આત્મજ્ઞાન સંસારના ક્લેશવાળી બુદ્ધિથી બાધિત થઈ જશે એ વાત સાચી નથી. જેમ કોઈ કારણથી નીચ કુળમાં ઊછરેલ રાજપુત્રને, કોઈ મહાન પુરુષ સ્મરણ કરાવે, કે તું રાજપુત્ર છો તો લાંબાકાળની નીચ કુળની ભાવના નિવૃત્ત થઈ જાય છે. તેમ તું સંસારી નથી પણ સચ્ચિદાનંદ બ્રહ્મ છો; એવો ગુરુનો ઉપદેશ થતાં અનાદિ કાળની સંસારી ભાવના નિવૃત્ત થઈ જાય છે. એ દૃઢ થયા પછી કાળાંતરે સંસારી ભાવનાની સંભાવના નથી. બ્રહ્મની સિદ્ધિ બીજા કોઈને આધીન નથી. જ્ઞાનીના આત્મામાં કલ્પિત અવસ્થાઓના સંસ્કાર પડતા નથી. વાસ્તવિક દ્વૈત તો છે નહિ, પણ અજ્ઞાન હોય ત્યારે દ્વૈતનું ભાન થાય છે. તે વખતે એકબીજાને દેખે છે. વસ્તુતઃ ચોર નથી તો પણ સ્વપ્નમાં કલ્પિત ચોર દેખાય છે. જાગ્યા પછી સ્વપ્નના અજ્ઞાનની નિવૃત્તિ સાથે

ચોરની નિવૃત્તિ પણ થઈ જાય છે. જાગ્યા પછી ચોરના અદર્શનમાં જાગ્રત બોધ જ કારણ છે, બીજું કારણ નથી. તે જ પ્રમાણે અજ્ઞાનકલ્પિત શરીર વગેરેના અદર્શનમાં આત્મબોધ જ કારણ છે, નિરોધ કારણ નથી.

છતાં સંસારમાં વિક્ષેપ લાગે તો કાં તો મન ફેરવવું અથવા સંજોગો ફેરવવા. જ્ઞાનેશ્વર મહારાજે તેમના પિતાને કહ્યું હતું, કે મન જીતી શકાય તો સંજોગો નડશે નહિ. તેમના પિતાએ જ્યારે સંસાર છોડયો ત્યારે તેમનું મન જીતી શકાયું નહિ હોય. પછીથી તેમને લાગ્યું હશે કે હવે સંસારમાં રહેવા છતાં પણ વિક્ષેપ લાગશે નહિ.

અમારા ગુરુ સ્વામી વામદેવતીર્થનો મત એવો હતો કે અસંગત્વ વગર સર્વાત્મત્વ આવતું નથી. તેથી પહેલાં અસંગત્વ દ્વારા મનને કેળવી લીધું હોય, તો પછી બધામાં બ્રહ્મદૃષ્ટિ કરવી સહેલી પડે છે. જેને કોઈ બાબતમાં સંગદોષ થઈ જાય તેવું હોય અને વ્યવહારમાં સર્વાત્મભાવ જે રાખી ન શકે, તેમને માટે એકાંતસેવન પણ સારું છે. શ્રી રમણ મહર્ષિ પણ ઘર છોડીને ગયા હતા અને ઘરનાં સગાં તેમને પાછા લેવા આવ્યાં તો પણ તે પાછા ઘેર ગયા નહિ.

જ્ઞાનેશ્વર મહારાજના પિતા વિઠ્ઠલપંત સંન્યાસ લીધા પછી પાછા ઘેર ગયા અને તેમને પ્રજા થઈ તેથી તેમની જ્ઞાતિના માણસોએ તેમનો તિરસ્કાર કર્યો અને જ્યારે જ્ઞાનેશ્વર વગેરેને જનોઈ આપવાનો પ્રસંગ આવ્યો ત્યારે બ્રાહ્મણોએ વાંધો ઉઠાવ્યો; અને વિઠ્ઠલપંતને કહ્યું, કે તમારો અપરાધ એવો છે કે તમારે માટે દેહાંત પ્રાયશ્ચિત્ત સિવાય બીજું કાંઈ પ્રાયશ્ચિત્ત લાગુ થતું નથી. તે

વાત સાંભળી વિઠ્ઠલપંતે દેહાંત પ્રાયશ્ચિત્ત કરવાની તૈયારી કરી. તેમણે બ્રાહ્મણોને નમસ્કાર કર્યા અને પાછળ દૃષ્ટિ કર્યા વગર પ્રયાગ ક્ષેત્ર તરફ ચાલવા માંડયું. ત્યાં તેમણે પોતાના દેહનું વિસર્જન કર્યું. તેમના પત્નીએ પણ પોતાના દેહનો મોહ રાખ્યા વગર નદીના પાણીમાં ભૂસકો માર્યો અને નશ્વર દેહનો ત્યાગ કર્યો. આ હકીકત જ્ઞાનેશ્વરી ગીતામાં આપેલી છે. આ હકીકત ઉપરથી એમ જણાય છે કે જો કે જ્ઞાનેશ્વર મહારાજે વિઠ્ઠલપંતને સાચું જ્ઞાન આપ્યું હતું; છતાં તેમાં વિઠ્ઠલપંતની નિષ્ઠા થઇ નહિ હોય અને તેથી લોકોની નિંદાની અસર થઇ હશે. જે નિષ્ઠાવાળા જ્ઞાની પુરુષો હોય છે તે લોકોની આવી નિંદાથી બીતા નથી. મહર્ષિને પણ અરુણાચળ પર્વત આગળ રહેતા કેટલાક સાધુઓએ નિંદા કરી પજવ્યા હતા પણ તેમણે તે પ્રસંગ ખામોશ રાખી સાચવી લીધો હતો.

૧૯ : પદાર્થાભાવિની

જ્ઞાની પુરુષની સ્થિતપ્રજ્ઞ દશાને પદાર્થાભાવિની કહે છે. તે દશામાં બ્રહ્મ સિવાય બીજું કાંઇ નજરે પડતું નથી. આવી ભાવના યુરોપિયન સંસ્કારવાળા માણસોને બહુ વિચિત્ર લાગે છે. મુસ્લિમ ધર્મમાં પણ જીવ, જગત અને બ્રહ્મની એકતા માનેલી નથી. ફક્ત કેટલાક સૂફીઓ અને તેમાં પણ બહુ જ થોડા આટલી હદ સુધી પહોંચેલા હોય છે. પશ્ચિમના સુધારામાં અને સંસ્કારમાં આત્માની શાંતિ અને સહજ સ્થિતિ સિવાય બીજું બધું છે. સારા ઘર અને સારા બગીચા મળવા એ એક વાત છે, પણ તેમાં રહેનારનું મન કેવું છે તે બીજી વાત છે. માણસને બહારની વસ્તુઓનો મોહ

લાગ્યા પછી તેની હદ રહેતી નથી. બહારની સગવડો વધતાં છતાં પોતે એવો ને એવો અજ્ઞાની રહે છે, તેનું તેને ભાન રહેતું નથી. તેથી બીજાની પાસે બે મોટર હોય અને પોતાની પાસે એક હોય તો પોતાને દુઃખ થાય છે. દુઃખ પોતાના સ્વભાવની ભૂલમાંથી આવે છે એ વાત સમજવામાં પણ ઘણા પુરુષાર્થની જરૂર રહે છે. મહર્ષિની પાસે સંસારનું કાંઇ સુખ નથી છતાં આનંદમાં રહે છે. પશ્ચિમના માણસોએ બીજા દેશોને પણ પોતાનો ચેપ લગાડી દીધો છે. હવે હિંદુસ્તાનની આત્મવિદ્યાનો વખત આવ્યો છે. એક માણસે મહર્ષિને પૂછ્યું : 'ગૃહસ્થાશ્રમીને મોક્ષ મળે કે નહિ?'

મહર્ષિએ જવાબ આપ્યો : 'તું ગૃહસ્થ છે એમ શા માટે માની બેઠો છે? તું સંન્યાસ લઇશ, તો હું સંન્યાસી છું એવા વિચાર પણ તારી પછવાડે લાગ્યા કરશે. જ્યાં તું જઇશ ત્યાં તારું મન તારી સાથે જ આવશે. બધા વિચારનું મૂળ અહંકાર છે. અહંકારથી જીવ અને જગત જણાય છે, તે અહંકારથી જ તું તને ગૃહસ્થ માને છે; તેથી મનને ઠીક કરવાની જરૂર છે જો જંગલમાં મન ઠીક થઇ શકે તો ઘરમાં કેમ ઠીક થઇ શકે નહિ? જો મન ઠીક થઇ જશે તો સંજોગો પણ ઠીક થઇ જશે. કર્મ કરવામાં કે કર્મ છોડવામાં બંનેમાં અહંકાર આવવો જોઈએ નહિ. ઈચ્છા એ જ બંધન છે. જો તારા નસીબમાં પ્રવૃત્તિ હશે તો પ્રવૃત્તિ આવશે અને તે અહંકાર વગર કરવી. જો તારા પ્રારબ્ધમાં નિવૃત્તિ હશે તો તે પણ અહંકાર વગર સ્વીકારવી.'

કોઈએ મહર્ષિને પૂછ્યું : 'આવા જ્ઞાન માટે ગુરુની જરૂર છે કે નહિ?' મહર્ષિએ કહ્યું : 'કાંઇક જ્ઞાન મેળવવું હોય, તો ગુરુની જરૂર છે, પણ આ માર્ગમાં તો બધું ભણેલું ભૂલવાનું છે. જ્યારે

કપૂર બળે છે ત્યારે બાકી કાંઇ રહેતું નથી. મન કપૂરના જેવું કરવું. આત્માની શોધમાં મન બળી જવું જોઇએ. પછી અંદર-બહાર જેવું કાંઇ રહેશે નહિ.'

અવિદ્યા સત્‌થી વિલક્ષણ છે તેથી દ્વૈતાપત્તિ નથી. અસત્‌થી વિલક્ષણ છે તેથી સવિશેષ જેવી પણ લાગે છે, તેથી જાગ્રત વગેરે અવસ્થા દેખાય, તોપણ તે પારમાર્થિક સત્ય નથી.

દ્વૈત માત્ર કલ્પિત છે, કલ્પિત ધર્મ ઐક્યમાં બાધક થતો નથી, કારણ કે ઐક્ય વખતે કલ્પિત ધર્મોની નિઃશેષ નિવૃત્તિ થાય છે. જો કલ્પિત ધર્મ છે જ નહિ, તો બાધક શી રીતે થાય? કલ્પિત સર્પત્વ વાસ્તવિક રજ્જુત્વનું વિઘાતક થતું નથી. તત્ત્વવિષયક બુદ્ધિ અતત્ત્વબુદ્ધિથી પ્રબળ હોય છે. અત્યંત અસત્ વસ્તુ નિર્ધર્મક અને નિરૂપાખ્ય હોય છે. છીપના રૂપામાં રૂપાની કલ્પના પહેલાં તેમાં કલ્પિત રૂપું નથી, તેથી તેમાં જ્ઞાતત્વ ધર્મ અને અજ્ઞાતત્વ ધર્મ એવો કોઇ ધર્મ રહેતો નથી. જ્યાં ધર્મી નથી ત્યાં ધર્મ કેવી રીતે રહે? જ્ઞાતત્વ અને અજ્ઞાતત્વ આત્મધર્મ છે. જેમ છીપમાં દેખાતા રૂપામાં જ્ઞાતત્વ નથી અને અજ્ઞાત્વ નથી, પરંતુ બંને ધર્મોથી શૂન્ય જેમ રૂપું છે તેમ ઘટ વગેરે પણ વસ્તુતાએ જ્ઞાત નથી તેમ અજ્ઞાત પણ નથી પણ બંને ધર્મથી રહિત–કલ્પિત છે એમ સમજવું જોઇએ.

જે જ્ઞાનનો વિષય બાધ પામે છે તે ભ્રાંતિજ્ઞાન છે. ભ્રાંતિજ્ઞાન વિષયસાધક હોતું નથી. બાધક જ્ઞાન આવ્યા પછી ભ્રાંતિજ્ઞાનના વિષયનો અવભાસ રહેતો નથી. કેવળ અનાત્મજ્ઞને સંસારની અનુવૃત્તિ ઉત્તરોત્તર હોય છે, આત્મજ્ઞને હોતી નથી. જેને સર્વ આત્મમય થઇ ગયું તે કોનાથી કોને દેખે, એવી શ્રુતિઓથી પણ

સ્પષ્ટ પ્રતીત થાય છે કે આત્મજ્ઞાનીઓને પરમાર્થતઃ પ્રપંચ ભાસે છે એમ કહી શકાય નહિ. અપરોક્ષ ભ્રમ અપરોક્ષ પ્રમાથી નિવૃત્ત થાય છે, પરોક્ષ પ્રમાથી નહિ.

જ્યારે જગતને જોતી વખતે જગતને જોવાવાળાનો વિચાર કરીએ, ત્યારે જગત પ્રાતિભાસિક બની જાય છે એ વાત હાલના સાપેક્ષવાદના સિદ્ધાંતથી પણ સિદ્ધ થાય છે. પ્રાતિભાસિક સત્તાનો વધારે ખુલાસો નીચે પ્રમાણે થઇ શકે છે.

(૧) પ્રાતિભાસિક વસ્તુ સ્વપ્નની માફક સાચી હોતી નથી.

(૨) પ્રાતિભાસિક વસ્તુ દૃષ્ટાથી જુદી હોતી નથી.

(૩) પ્રાતિભાસિક વસ્તુ અર્થકારી થઇ શકે છે. તે માટે શ્રીમદ્ ભાગવતમાં એકાદશ સ્કંધમાં નીચે પ્રમાણે કહેલ છેઃ–

छाया प्रत्यह्वयाभासा ह्यसन्तोऽप्यर्थकारिणः ।
एवं देहादयो भावा यच्छान्त्यामृत्युतो भयम् ॥
૧૧–૨૮–૫

અર્થઃ–છાયા, પ્રતિધ્વનિ અને આભાસ અસત્ હોવા છતાં (સત્યવત્ દેખાવાથી) જેમ અર્થકારી થાય છે, તેમ દેહ વગેરેની ઉપાધિઓ મૃત્યુ પર્યંત ઘણા પ્રકારના ભય આપે છે.

(૪) જ્ઞાનમાં વધારે સાચું જ્ઞાન અને ઓછું સાચું એવું બનતું નથી. સર્પના જ્ઞાન કરતાં રજ્જુનું જ્ઞાન વધારે સાચું નથી, કારણ કે પહેલું જ્ઞાન ખોટું છે. તેમ ચકલીના જ્ઞાન કરતાં માણસનું જ્ઞાન વધારે સાચું નથી, કારણ કે બંને મિથ્યા છે.

(૫) મિથ્યા એટલે તદ્દન ખોટું નહિ પણ જે ખોટું હોય, છતાં સાચા જેવું લાગે અને બીજી દશામાં તેનો બાધ થાય તેવું.

(૬) કોઇ કહે કે જગત તો સર્વને સરખું દેખાય છે, તો પૂછનારને કહેવું કે તને દેખાય છે તેવું લખ અને નીચે સહી કર અને પછી તપાસ કર કે એવું બીજા કોઈને દેખાય છે કે નહિ.

(૭) પ્રાતિભાસિક વસ્તુ ખોટી હોવાથી તેનું જ્ઞાન રાખવાની જરૂર નથી.

(૮) પ્રાતિભાસિક વસ્તુની ઉત્પત્તિ, સ્થિતિ કે લય થતા નથી.

(૯) પ્રાતિભાસિક વસ્તુમાં એક અંશની નિવૃત્તિ થાય નહિ. જેમ સ્વપ્નમાં એક અંશની નિવૃત્તિ થતી નથી અને છીપમાં દેખાતા રૂપામાં એક અંશની નિવૃત્તિ થતી નથી તેમ.

(૧૦) પ્રાતિભાસિક વસ્તુ નિરાકાર હોય છે. તેમાં અંશ–અંશી ભાવ બનતો નથી.

(૧૧) જ્ઞાનકાળે પ્રાતિભાસિક વસ્તુનો ત્રૈકાલિક નિષેધ થાય છે. જે અજ્ઞાનકાળે પણ ખોટું છે તે જ્ઞાનકાળે સાચું રહી શકે નહિ.

(૧૨) પ્રાતિભાસિક વસ્તુની નિવૃત્તિ સમકાળે થાય છે. મૃગ-જળ ધીરેધીરે સુકાતું નથી, તેમ કલ્પિત જગત ધીરેધીરે અદૃશ્ય થતું નથી.

(૧૩) પ્રાતિભાસિક વસ્તુ અધિષ્ઠાનની સાથે રહે, તેથી દ્વૈત થતું નથી. અરીસામાં મોઢું દેખાય તેથી બે મોઢાં થતાં નથી.

(૧૪) વસ્તુ એક હોવાથી જ્ઞાનીને શરીરમાં અહંભાવ નથી અને જગતમાં ઇદંભાવ નથી.

(૧૫) જેમ ઠૂંઠામાં દેખાતા પુરુષ માટે બે જ્ઞાનની સામગ્રી નથી તેમ પ્રાતિભાસિક બનાવમાં બે જ્ઞાનની સામગ્રી નથી.

(૧૬) સ્વપ્નું સ્વપ્ન વખતે વ્યાવહારિક છે, જાગ્યા પછી પ્રાતિભાસિક લાગે છે, પ્રાતિભાસિક લાગ્યા પછી બધું હું હતો, એ માનવું સહેલું છે.

(૧૭) પ્રાતિભાસિક વસ્તુમાં માત્ર જ્ઞાત સત્તા રહે છે, એટલે તેનું જ્ઞાન થાય ત્યારે અર્થકારી થાય છે. અજ્ઞાત રજ્જુસર્પથી કોઈને બીક લાગતી નથી.

(૧૮) કલ્પિતવસ્તુની તેના અધિષ્ઠાન સાથે એકતા થતી નથી, કારણ કે કલ્પિતનું અસ્તિત્વ નથી.

(૧૯) કલ્પિતનું અસ્તિત્વ અધિષ્ઠાનના અસ્તિત્વથી અન્ય નથી પણ અભિન્ન છે.

(૨૦) જ્ઞાન થાય ત્યારે કલ્પિતનું અસ્તિત્વ બાધ પામે છે, તેથી બંનેની એકતા થતી નથી, તેથી બ્રહ્મની અને જગતની એકતા થતી નથી. જગતનું સાચું સ્વરૂપ બ્રહ્મ જ છે.

(૨૧) પ્રાતિભાસિક વસ્તુ વિદ્યાવેદ્ય નથી, રજ્જુમાં સર્પ વિદ્યાવેદ્ય નથી, તેમ બ્રહ્મમાં જગત વિદ્યાવેદ્ય નથી. જીવ અને બ્રહ્મની એકતા પણ થતી નથી, કારણ કે બ્રહ્મભાવ આવે ત્યારે જીવ(ચિદાભાસ)નો બાધ થાય છે. જીવનું સાચું સ્વરૂપ બ્રહ્મ જ છે. એક જિજ્ઞાસુએ મહર્ષિને પૂછ્યું : 'આપની પાસેથી મને કાંઇ લાભ મળ્યો નહિ.' મહર્ષિએ કહ્યું : 'તેનું કારણ એ છે કે તમે કાંઇ ખોયું નથી.' જેણે બ્રહ્મ ગુમાવ્યું હોય તેને બ્રહ્મપ્રાપ્તિ માટે ઉપાય કરવો જોઇએ, પણ બ્રહ્મ હેય અથવા ઉપાદેય નથી. બ્રહ્મમાં જીવભાવ અને જગતભાવ કલ્પિત છે. કલ્પિત ધર્મીથી અધિષ્ઠાન-માં વાસ્તવિક દોષનો સંભવ નથી; અને કલ્પિત ધર્મીથી પાર-માર્થિક અદ્વૈતને હાનિ પણ નથી.

અસંગ અદ્વિતીય આત્મામાં સાક્ષીત્વ, ઈશ્વરત્વ વગેરે કોઈ ધર્મ નથી, અજ્ઞાનનું વિશ્વાકાર પરિણામ થતાં વાસનાને લઈને તેમાં પ્રપંચ તથા તેમાં ચૈતન્યની છાયા પડવાથી તે છાયામાં તે ધર્મ પ્રતીત થાય છે. જેમ સ્વપ્ન અવસ્થામાં ગંધર્વનગર વગેરે રૂપથી અજ્ઞાનનું પરિણામ થાય છે તેમ વાસનાવશ મનની કલ્પના અનુસાર તે તે મનુષ્ય, હાથી, ઘોડા વગેરે રૂપે અજ્ઞાનનું પરિણામ થાય છે. તે વખતે મન તેને દેખે છે પણ એમ નથી સમજતું કે તે પરમાર્થ સત્ નથી. તેવી જ રીતે ઇષ્ટ અને અનિષ્ટથી આજ સુધી જીવ અજ્ઞાન દ્વારા સુખી અને દુઃખી થાય છે. સ્વપ્નમાં કલ્પિત નગરના રાજાનો હુકમ પણ જીવ માને છે, પણ જાગ્યા પછી તે પદાર્થનું અસલી સ્વરૂપ તેને સમજાય છે.

અજ્ઞાન વિચારને સહન કરી શકતું નથી. જો બરાબર વિચાર થાય તો અજ્ઞાન રહેશે નહિ. પ્રત્યક્ આત્મામાં ભેદ નથી કારણ કે જ્ઞાન ઉત્પન્ન થતાં પ્રમાતા વગેરે ભેદ બાધિત થઈ જાય છે.

એક વખત એક જિજ્ઞાસુ નીલકંઠે મહર્ષિને પૂછ્યું, કે જગત-નું શું થશે?

મહર્ષિએ કહ્યું–જગત.

નીલકંઠ–જગતમાં આટલું બધું દુઃખ ચાલ્યા કરે છે તેનું શું?

મહર્ષિ–તમારા દુઃખનું કારણ તમને મળ્યું છે કે જેથી તમે બીજાના દુઃખની તપાસ કરવા લાગો છો?

નીલકંઠ–પણ તમે તો આવી બાબતમાં મૌન જ રહો છો!

મહર્ષિ–મૌનથી આખા જગતને અસર પહોંચાડી શકાય છે.

એક માણસે તેમને પૂછ્યું કે ભવિષ્યમાં શું થશે? મહર્ષિએ કહ્યું, કે તમને વર્તમાનની પણ પૂરી ખબર નથી તો ભવિષ્યનો પત્તો શી રીતે મળશે?

ખરી રીતે સુખદુઃખ ચિદાભાસમાં છે પણ ભૂલથી આત્મામાં પ્રતીત થાય છે. જેમ સ્વપ્રકાશ સૂર્યમાં રાત્રિ કે દિવસ નથી તેમ સ્વપ્રકાશ ચિત્ તત્ત્વમાં આવરણ નથી. દુઃખથી અતીતપણું એ આત્માનો વસ્તુધર્મ છે. મેઘનું જળ એકરસ હોય છે. તેમાં ખાટો, મધુર વગેરે અનેક રસ આશ્રયના ભેદથી એટલે ઉપાધિના ભેદથી જણાય છે. સાધ્ય–સાધનના ભેદથી ઈચ્છાઓ ઉત્પન્ન થાય છે. બ્રહ્મવેત્તામાં એવા ભેદ નથી, તેથી તેમને માટે કર્મ નથી અને કર્મ સાધન નથી. આત્મજ્ઞનો વિષય અભેદ છે અને અજ્ઞાનીના વિષય, ક્રિયા, ફળ, સાધન વગેરે ભેદ છે. તેથી ઈચ્છાના તિરસ્કારમાં જ પંડિતતા રહેલી છે. આત્માના અજ્ઞાનથી અનાત્માના ધર્મોની આત્મામાં પ્રતીતિ થાય છે; અને યથાર્થ જ્ઞાનથી તેની મુક્તિ થાય છે. જે ધર્મ આત્મામાં કોઈ વખતે દેખાય અને કોઈ વખતે ન દેખાય તે આત્માનો ધર્મ નથી. તે રજ્જુસર્પની માફક આત્મામાં અધ્યસ્ત છે. અધ્યસ્ત સંસારી ધર્મ સાથે આત્માનો વાસ્તવિક સંબંધ થતો નથી. એકવાર દાક્તર હાફીઝે મહર્ષિને પૂછ્યું, કે હું જ્યારે ભગવાનને પ્રાર્થના કરું છું ત્યારે તે ખોટી પ્રાર્થનાનો જવાબ ન આપે તે હું સમજું છું, પણ મને સારો માણસ બનાવવા માટે પ્રાર્થના કરું છું તેનો જવાબ ભગવાન કેમ આપતા નથી? મહર્ષિએ કહ્યું : ભગવાને જવાબ આપ્યો હોય, તો તમે પ્રાર્થના કરવા માટે જુદા રહી શકત નહિ.

એક માણસે મહર્ષિને પૂછ્યું : 'જો બધામાં એક શિવ છે તો તમે બીજાના પ્રણામ કેમ સ્વીકારો છો?' મહર્ષિએ કહ્યું : 'તે મને

પ્રણામ કરે છે તે પહેલાં હું તેમનામાં રહેલ શિવને નમસ્કાર કરું છું.'

મહર્ષિની ઉંમર મોટી થવાથી કોઇએ તેમને માટે ખાસ ખોરાક તૈયાર કરવાની માગણી કરી. તેમણે જવાબ આપ્યો : 'તેવો ખોરાક બધાને આપો તો મને લેવામાં હરકત નથી કે જેથી તે ખાસ ખોરાક તરીકે રહે નહિ.'

ટૂંકમાં તેમની દૃષ્ટિમાં વ્યવહાર વખતે પણ ખાસ જેવું અને ભેદ જેવું રહેતું નથી. શ્રુતિમાં કહેલ છે, કે જ્યારે પોતે દ્વૈત જેવો થાય ત્યારે બીજાને દેખે, તેથી કલ્પિત ભેદ પણ અવિદ્યાની દશામાં રહે છે. જ્યારે બધું આત્મમય લાગે ત્યારે વિદ્યાની દશા ઉત્પન્ન થાય છે; છતાં કોઇવાર વાતચીતમાં દ્વૈત જેવું જણાય તોપણ જેને દૃઢ અપરોક્ષ જ્ઞાન થયું હોય, તેને થોડીવારની કલ્પિત દ્વૈતવૃત્તિ બાધ કરતી નથી. અધિષ્ઠાન સ્વરૂપ કલ્પિત ધર્મથી વિપરીત હોય છે. આત્મજ્ઞાનથી દ્વૈતનું ગ્રહણ થતું નથી. રજ્જુમાં સર્પ વિદ્યાવેદ્ય નથી, તેમ અનાત્મા વિશે પણ સમજવું. ગીતાના ૧૫મા અધ્યાયમાં પણ ભગવાન કહે છે, કે બધામાં હું એક જ વેદ્ય છું, એટલે જાણવા જેવો છું.

જે વસ્તુનો તેના અધિષ્ઠાનમાં બાધ થાય છે તે બીજે કોઇ ઠેકાણે પ્રતીત થતી નથી. બ્રહ્મજ્ઞાનથી જે વસ્તુનો નિષેધ થાય છે તે કોઇ સાચી વસ્તુ નથી. માત્ર કલ્પિતનો નિષેધ કરવાનો છે. કલ્પિત વસ્તુ અને તેના વિચાર ભેગા કરવાથી આત્માની અથવા બ્રહ્મની કિંમત વધતી નથી, પણ ઊલટું આવરણ ઊભું થાય છે.

માણસો સમાજમાં સુધારો કરવાનું કહે છે. પણ ખરી રીતે જોઇએ તો સાધુઓ જ સમાજને સારા સંસ્કાર આપે છે; અને

નવું જીવન અને નવું ચેતન આપે છે. લડવૈયા તો ખરાબ માણસોનો નાશ કરવામાં ઉપયોગી થાય છે. પણ તે બ્રહ્મજ્ઞાન આપી શકતા નથી. કેટલાક માણસોએ મહર્ષિ પાસે જઇને પૂછ્યું : 'અમે સંસારની ચિંતાઓમાંથી કેવી રીતે મુક્ત થઇએ?' મહર્ષિએ તેમને પૂછ્યું : 'ઊંઘમાં તમને ચિંતાઓ નડે છે?' તેમણે કહ્યું : 'નહિ?' મહર્ષિએ કહ્યું : 'તમે ઊંઘમાં છો તે જ જાગ્રતમાં છો તેથી એમ સિદ્ધ થાય છે, કે ચિંતા તમારા સ્વરૂપમાં નથી.' દુઃખનું કારણ બહારના જીવનમાં નથી પણ અહંકારમાં છે. તમે પહેલાં ખોટાં બંધન ઉત્પન્ન કરો છો અને પછી તેમાંથી છૂટવાનો વ્યર્થ પ્રયત્ન કરો છો. જાગ્રત અવસ્થામાં પણ મનોબળથી આપણે કેટલાક સંકલ્પો દૂર કરી શકીએ છીએ.

માણસ ખોટા સંબંધો ઉત્પન્ન કરે છે અને એ ખોટી કલ્પનાઓ કરીને તેમાં (સ્વપ્નની માફક) બંધાય છે. ઊંઘમાં પદાર્થોની સત્તા નથી. જાગ્યા પછી જેવું જ્ઞાન અથવા અજ્ઞાન હોય છે, તે પ્રમાણે પદાર્થની સત્તા સમકાલીન લાગે છે. કોઇને એમ લાગે કે જ્ઞાન નિરાકાર છે અને પદાર્થો સાકાર છે, તો બંનેનો અભેદ શી રીતે થઇ શકે? તો તેનો ઉત્તર એ છે, કે એ નિયમ અધ્યસ્ત પદાર્થોને લાગુ થઇ શકતો નથી. સ્વપ્નના પદાર્થ પ્રમાણે જાગ્રતના સર્વ પદાર્થ પણ અધ્યસ્ત હોવાથી વાસ્તવિક રીતે તે સાકાર નથી. તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં સર્વ સૃષ્ટિ જ્ઞાનમય અમૂર્ત એટલે નિરાકાર જ છે; સાકાર નથી. હાલના સાપેક્ષવાદના સાયન્સવાળા પણ કહે છે, કે આપણે જે જોઇએ છીએ તે કોઇ વસ્તુ (ઓબજેક્ટ) નથી પણ બનાવ (ઇવેન્ટ) છે; અને બનાવ(ઇવેન્ટ)ને આકાર હોતો નથી. સ્વપ્નસ્થ પદાર્થ જેમ વાસ્તવિક રીતે સાકાર નથી કે નિરાકાર નથી, પણ અવિદ્યાના દોષને લઇને સાકાર જેવા જણાય છે,

તેવું જાગ્રતમાં છે. યોગવાસિષ્ઠમાં પણ કહેલું છે, કે માયામય સાકાર વસ્તુનો અને નિરાકાર જ્ઞાનનો ઐક્યભાવ હમેશાં સંભવી શકે છે. એક ખુરશી ૨૫ વર્ષ થયાં એક જગાએ પડી હોય તે નાની ઉંમરમાં આપણને ઊંચી લાગે છે અને મોટી ઉંમરે નીચે લાગે છે. એ બેમાં કઇ ખુરશી સાચી? તેનો બરાબર વિચાર કરીએ તો જણાશે, કે ખુરશી એ કોઇ વસ્તુ નથી. ખુરશીનું જ્ઞાન એ વસ્તુ છે અને તે નિરાકાર છે; છતાં જ્ઞાન કેમ ફરી જાય છે, તેનું કારણ દેહના અધ્યાસરૂપ માયા છે. મહર્ષિ કહે છે, કે દેહનો અધ્યાસ છોડવો એ જ સંન્યાસ છે, કર્મ વિઘ્ન કરતું નથી પણ હું કરું છું એ ભાવ વિઘ્નકર્તા છે.

સિદ્ધિ બાબત મહર્ષિનો મત એ છે, કે આત્મસિદ્ધિ એટલે આત્મસાક્ષાત્કાર એ મોટામાં મોટી સિદ્ધિ છે. બીજાને બતાવવા જેવી સિદ્ધિ જ્ઞાની પુરુષમાં હોતી નથી, કારણ કે તેની દૃષ્ટિમાં બીજા નથી અને એવો કોઇ ખાસ વખત નથી, કે જ્યારે સિદ્ધિ પ્રગટ થાય. આત્મસિદ્ધિ એ નિત્ય સિદ્ધિ છે. બીજી અનિત્ય સિદ્ધિઓ જિજ્ઞાસુને આવરણરૂપ છે. મુક્ત પુરુષને તેની જરૂર નથી.

બધા દેશો પોતાની આર્થિક, સામાજિક અને રાજદ્વારી મુશ્કેલીઓ દૂર કરવા માટે અનેક જાતના ઉપાયો શોધે છે; છતાં હાલમાં જેટલી મુશ્કેલીઓ છે તેટલી પહેલાં હતી નહિ. જે ધર્મ આશા આપતા હતા તે હવે આશા આપી શકતા નથી. એ બધાનું મૂળ તપાસીએ તો આત્મજ્ઞાનની ખામી છે. જ્યાં જડવાદ વધતો હોય ત્યાં દુઃખનું કારણ બહાર લાગે છે. દુઃખનું કારણ પોતાનું મન છે એ વાત ઘણાને સમજાતી નથી.

જ્ઞેયને પૃથક્ સત્તા નથી તેથી જ્ઞાન અને જ્ઞેય એક જ પદાર્થ છે. દેવદત્ત ઊભો છે, દેવદત્ત બેસે છે, દેવદત્ત ચાલે છે, દેવદત્ત

દોડે છે. આવી દેવદત્તની બધી સ્થિતિઓ દેવદત્ત કરતાં જુદી નથી, એ બધી ક્રિયાઓમાં દેવદત્ત પોતે જ દેવદત્ત છે. એ ઊઠબેસમાં દેવદત્ત કાંઇ અન્ય વસ્તુ નથી બની જતો. ઊભા થવાની કે બેસવાની દશાઓ જોનારની બુદ્ધિમાં આવનારી કલ્પિત આકૃતિઓ છે. જેવી રીતે જોનારની બુદ્ધિમાં પોતાની સ્વપ્ન-અવસ્થામાં ઉપરાઉપરી આકૃતિઓ દેખાય અને બદલાય તેવી જ રીતે દેવદત્તના ઊઠવાબેસવારૂપી વિલાસને લીધે દૃષ્ટાના અંતઃકરણમાં આકૃતિઓ દેખાયા કરે છે અને બદલાયા કરે છે. જેવી રીતે સ્વપ્નકાળની એ આકૃતિઓ સ્વપ્નદૃષ્ટાના મનમાંથી નીકળે છે તેવી જ રીતે એ આકૃતિઓના અંદર અને બહારના વિભાગ અને કાળ પણ સ્વપ્નશીલ દૃષ્ટાના સ્વરૂપમાંથી જ નીકળીને આકૃતિઓ સાથે એકાકાર થઇ જાય છે. તેથી તે આકૃતિઓ પૃથક્-પૃથક્ દેખાય છે. વસ્તુતઃ કેવળ દૃષ્ટા જ ત્યાં વિદ્યમાન હોવાથી એ આકૃતિઓ તેમ જ એ આકૃતિઓનાં અંતર અને વિભાગનું પણ એ જ અધિષ્ઠાન છે. એટલે દૃષ્ટા જ અનેક જેવો દેખાય છે, પણ મિથ્યા વસ્તુઓનો સત્ય વસ્તુ ઉપર કાંઇ પ્રભાવ પડતો નથી. આત્માના જ્ઞાનનો ધર્મ પ્રકાશ કરવાનો છે, ગ્રહણ કરવાનો નથી. અંતઃકરણનો ધર્મ ગ્રહણ કરવાનો છે, પ્રકાશ કરવાનો નથી. તેથી જે અંતઃકરણમાં જ્ઞાન પરિચ્છિન્ન થઇને પ્રકાશ કરે છે તે અંતઃકરણ તે ક્રિયાને ગ્રહણ કરે છે, તેથી દેવદત્તનું જ્ઞાન વિષ્ણુદત્તને થતું નથી. દૃષ્ટાનું ચિત્ત અધિષ્ઠાનની સ્થિર અવસ્થામાંથી ખસીને અધ્યસ્તમાં તદ્રૂપભાવે પ્રવૃત્ત થતાં દૃષ્ટાને પોતાના સ્વભાવનું અજ્ઞાન થઇ જાય છે. તેથી બધા પદાર્થ વિપરીત અવસ્થાએ દેખાય છે. તેવું વિપરીત દર્શન એ જોનારાની જ્ઞાન–અવસ્થાની અપેક્ષાવાળું છે. અજ્ઞાનદશા ઉપાધિને વધારે છે. જ્ઞાનદશા ઉપાધિનો ગ્રાસ

કરે છે. દ્વૈતનું અવલંબન લેવાથી માણસની ચિત્તવૃત્તિમાં બીજી વસ્તુના ગુણો અનુસાર ચેતના પ્રાપ્ત થાય છે અને તે પ્રમાણે નવીન કર્તવ્યજ્ઞાન ઉત્પન્ન થતાં ઇંદ્રિયોની જે ક્રિયા થવા લાગે છે, તેને પરધર્મ કહે છે અને તે બધા ભયનું કારણ છે. તેથી બ્રહ્મના સુખની વાતો સંસારના સુખમાં રહેલા માણસો પાસેથી શીખી શકાય નહિ. બ્રહ્મનું જ્ઞાન બ્રહ્મનિષ્ઠ પુરુષો પાસેથી જ મળી શકે.

૨૦ : સ્વરૂપસ્થિતિ

એક માણસે મહર્ષિને પૂછ્યું : 'ભગવાન જગતમાં આટલો અન્યાય કેમ ચાલવા દે છે અને જગતમાં આટલી અપૂર્ણતા કેમ રહે છે?' મહર્ષિએ જવાબ આપ્યો : 'તું ભગવાન પાસે જઇ ભગવાનને પૂછ.' પહેલા માણસે કહ્યું : 'હું તેની પાસે જઇ શકતો નથી.' મહર્ષિએ કહ્યું : 'તું તેની પાસે જઇ ન શકે તો તેને પ્રશ્ન કેવી રીતે કરી શકીશ? મુક્તિ નબળા માણસને મળતી નથી.' એક માણસે પૂછ્યું. 'મને જે નજરે ન દેખાય તે હું માનતો નથી. ભગવાન નજરે દેખાતા નથી તેથી હું ભગવાનમાં માનતો નથી.' મહર્ષિએ કહ્યું : 'મને તમારું મગજ દેખાતું નથી તેથી તમને મગજ નથી એમ હું માનું તો શું ખોટું છે?'

જ્યાં દ્વૈતની વાતોનું જોર હોય, દ્વૈતના વિચારોનું જોર હોય અને દેહ ને ઇંદ્રિયોના સુખની ચર્ચા ચાલતી હોય, ત્યાં જીવ અને બ્રહ્મનો પ્રત્યક્ષ અભેદ તરત અનુભવમાં આવતો નથી. સંસારની દશામાં બ્રહ્મ અનાવૃત અનુભવમાં આવતું નથી. અવિદ્યા–અવસ્થામાં સાચું દ્વૈત થતું નથી પણ અદ્વૈતનું વિસ્મરણ થઇ જાય છે અને સ્વરૂપસ્થિતિ બંધાતી નથી. જ્ઞાનદશાથી જોતાં જણાય છે

કે આપણા જગતમાં દ્વૈત નથી, એટલે બે જ્ઞાનની સામગ્રી નથી. સામે દેખાય તે ઠૂંઠું છે કે પુરુષ છે? તેમાં બે જ્ઞાનની સામગ્રી નથી. તેવી રીતે બ્રહ્મ અને જગત એ બે વસ્તુ ત્યાં નથી. કલ્પિત-ની સત્તા સંભવતી નથી, તેથી જ્ઞાન પ્રમાણે જગત દેખાય છે, જગત પ્રમાણે જ્ઞાન થતું નથી. જ્ઞાન ખોટું હોય ત્યારે પણ જગત પ્રાતિભાસિક હોય છે. એ કોઇ સાચી વસ્તુ નથી; તેથી સંસારનો ત્યાગ થઇ શકે તેમ નથી તેમ ગ્રહણ થઇ શકે તેમ નથી. છીપમાં દેખાતું રૂપું નિરાકાર હોવાથી તે ગ્રહણ કરી શકાય તેમ નથી, તેમ છોડી શકાય તેમ નથી. તેમાંથી અરધા રૂપાનાં ઘરેણાં આજ કરવાં હોય અને અરધું ભવિષ્ય માટે બાકી રાખવું હોય, તો તેમ બની શકે તેવું નથી. કલ્પિત વસ્તુમાં એક અંશની નિવૃત્તિ બની શકતી નથી.

ભેદ પુરુષાર્થ નથી તેમ પુરુષાર્થનું સાધન પણ નથી, પણ દુઃખનું સાધન છે. **द्वितीयाद्वै भयं भवति** એટલે બીજાનાં દર્શનથી ભય થાય છે જેને ભેદ દેખાય છે તે આત્મજ્ઞાની નથી. મહર્ષિમાં ભેદદૃષ્ટિ ઉત્પન્ન થતી નથી. તે સહજ અભેદભાવે જ રહે છે. તે આખો દિવસ બધાંની વચ્ચે એક ઓરડામાં બેઠા હોય છે અને બધાની વચ્ચે સૂએ છે; છતાં તેમને કોઇ જાતનો વિક્ષેપ થતો નથી. જ્ઞાની પુરુષ કેવા હોય તેનો એ નમૂનો છે.

અજ્ઞાનીને જગત એ સર્વસ્વ છે. તે જગતના વિચાર છોડી શકતા નથી. જ્ઞાનીની દૃષ્ટિમાં દેહ નથી અને જગત નથી. ભ્રાંત માણસ છીપમાં રૂપાના જ્ઞાનને પ્રમાણ માને છે અથવા બ્રહ્મમાં જગતના જ્ઞાનને પ્રમાણ માને છે. બાધ–જ્ઞાન થયા પછી ભૂલની ખબર પડે છે. જગત માયિક સામગ્રીથી પ્રતીત થતું હોવાથી પ્રમાણ નથી. તેમાં જ્ઞાતત્વ કે અજ્ઞાતત્વ એવો કોઇ ધર્મ રહેલો

નથી. જ્યાં ધર્મી નથી ત્યાં ધર્મની સ્થિતિની સંભાવના પણ રહેતી નથી. હાલ સમાજમાં જે જ્ઞાન ફેલાય છે, તે અજ્ઞાનનું વિરોધી નથી પણ અજ્ઞાનનું સાધક છે. ખરી રીતે બધા પ્રકારના અજ્ઞાનને બાધ કરે તેવું જ્ઞાન સમાજને આપવું જોઈએ. તેવું જ્ઞાન માત્ર આત્મજ્ઞાની પુરુષો આપી શકે છે. તેમાં અભ્યાસ અને વૈરાગ્યની જરૂર છે. જેના ચિત્તમાં રાગદ્વેષ છે તે તત્ત્વજ્ઞાની થઈ શકતા નથી. વળી જેઓ રાગ વગેરેને આત્મધર્મ માને છે તેનામાં તો તત્ત્વ-જ્ઞાનનો સંભવ પણ નથી. જ્યારે બુદ્ધિ ઈંદ્રિયોનું પ્રમાણ સાચું માને છે, ત્યારે બુદ્ધિ અપ્રમાત્મક થઈ જાય છે; છતાં વ્યવહાર-દશામાં (સ્વપ્નની માફક) ખોટા પ્રમાણથી વ્યવહાર ચાલી શકે છે. જગતમાં કાંઈ ભૂલ નથી પણ જે રીતે આપણે જગત સાથે સંબંધ બાંધીએ છીએ તેમાં ભૂલ છે. જે જ્ઞાનનો વિષય બાધ પામે તે ભ્રાંતિજ્ઞાન છે. સરકારે જે ફરજિયાત કેળવણી દાખલ કરેલ છે તે જગત બાબતની હોય છે, આત્મા સંબંધી હોતી નથી. તેથી માણસો સત્યને બદલે અસત્ય વધારે ભણે છે. ઈતિહાસ, ભૂગોળ, ખગોળ વગેરેના જ્ઞાનથી અજ્ઞાન વધે છે. એવા અજ્ઞાની માણસો-ની બહુમતિથી સારું રાજ્ય ચાલે નહિ. જે જ્ઞાનથી જીવ પોતાનું સ્વરૂપ સમજે નહિ, તે જ્ઞાનથી સુખ વધે નહિ. તેથી જગતને સમજવા કરતાં સમજનારને સમજવાની જરૂર છે. આ બાબત ઉપર મહર્ષિ ખાસ ભાર દે છે.

સામાન્ય માણસ એમ સમજે છે કે હું પોતાને જાણું છું પણ તે ભૂલ છે. પોતાની ભૂલ પકડવી જેમ સ્વપ્નમાં મુશ્કેલ છે તેમ જાગ્રતમાં પણ મુશ્કેલ છે. સ્વપ્નદૃષ્ટા સ્વપ્નદેહને પોતાનું સ્વરૂપ, જ્યાં સુધી માની બેસે છે, ત્યાં સુધી ભૂલ જડતી નથી. જાગ્રતમાં પણ એવું જ છે. અજ્ઞાની અનાત્માના વિચારથી જીવે છે અને અનાત્માના વિચારોનો અંત નથી.

કોઈએ મહર્ષિને પૂછ્યું : 'આપણાં કર્મ આપણે આવતા જન્મમાં ભોગવવાં પડશે કે નહિ?' મહર્ષિએ જવાબ આપ્યો : 'તમે હમણાં જન્મ્યા છો? તમે બીજા જન્મનો વિચાર શા માટે કરો છો? સાચી વાત તો એ કે જન્મ કે મરણ સાચાં નથી. પુનર્જન્મના વિચાર એ અજ્ઞાનના વિચાર છે. આત્મજ્ઞાનના વિચારથી જન્મમરણના વિચાર તૂટી જાય છે. એટલું જ નહિ પણ બધા વિચાર તૂટી જાય છે અને સ્વરૂપમાં સ્થિતિ થાય છે.' હાલના સાયન્સવાળા પણ કહે છે કે ભૂત, વર્તમાન કે ભવિષ્યકાળ જેવું કાંઈ નથી. કાળ એ એક પ્રકારની માયા છે. તેથી પૂર્વજન્મની વાતો અથવા આવતા જન્મની વાતો એ માયાની વાતો છે. જેમ કાળ ખોટો છે તેમ જગ્યા પણ ખોટી છે. તેથી અંદરબહાર જેવું જે સામાન્ય માણસને લાગે છે તે ખોટું છે. અંદરબહારની સંજ્ઞા ખોટી હોવાથી કોઈ જડ વસ્તુ નથી, તેમ જ કોઈ બીજા માણસો નથી.

વેદાંતમાં ત્રણ અવસ્થાના વિચારની પદ્ધતિ છે, તે મહર્ષિને બહુ પસંદ છે. તે માંડુક્ય ઉપનિષદમાં, યોગવાસિષ્ઠમાં અને શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં આવે છે. એ પદ્ધતિથી જગત અસત્ય થઈ જાય છે. તેથી સંજોગો ફેરવવા કરતાં મન ફેરવવું એ વધારે સારું છે. મન ફેરવવાથી પુરુષાર્થ જલદી થાય છે. સંજોગો ફેરવવામાં વાર લાગે છે. છતાં સંજોગો ફેરવ્યા વગર મન ફરે નહિ તો સંજોગો પણ ફેરવવા જોઈએ. મહર્ષિએ પણ ઘર છોડયું હતું અને પાછા આવવા માટે તેમના કુટુંબીજનો લેવા આવ્યા તો પણ ગયા નહિ. હવે તેમનું મન એવું થઈ ગયું છે કે તેમને ઘર અને જંગલ બંને સમાન લાગે છે.

જ્યાં અજ્ઞાન નથી ત્યાં વિશેષ જ્ઞાન નથી. એવા વ્યતિરેકમાં શ્રુતિ પણ પ્રમાણ છે. यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत्केन कं पश्येत्। એ શ્રુતિ એમ બતાવે છે, કે જ્યાં બધું આત્મમય થયેલું લાગે ત્યાં કોણ કોને દેખે? બહારની વસ્તુનું ભાન થવાથી તે વસ્તુની હાનિ તથા વૃદ્ધિની ચિંતા પુરુષનું ચિત્ત વિક્ષિપ્ત કરી દે છે. તે વિક્ષેપ દૂર કરવાનાં સાધનોનો અભાવ હોય ત્યારે જીવ દુઃખી થાય છે.

દ્વૈત ચિત્તપ્રસાદથી અને ચિત્સંબંધથી ભાસિત થાય છે, તેથી તે સ્વોપજીવત્વ ચિત્તનું બાધક થતું નથી. અદ્વૈતાત્મક ચિત્ત અબાધ્ય હોવાથી તેમાં વસ્તુતત્ત્વ સુસ્થિત છે. દ્વિતીયની કલ્પના કરનાર અવિદ્યા છે, તે શાંત થઈ જાય એટલે આત્માનું અમૃતત્ત્વ અને અભયતા સિદ્ધ છે.

ડન્કન ગ્રીનલેસ નામનો એમ. એ. થયેલો એક અંગ્રેજ રમણાશ્રમમાં ગયો હતો. જીવન્મુક્ત પુરુષો કેવા હોય તે બાબત તેમણે બધા ધર્મોનાં શાસ્ત્રોમાંથી જાણ્યું હતું. તેણે મહર્ષિને ઘણી સ્થિતિમાં જોઈને તેમના જીવનનો અભ્યાસ કર્યો અને છેવટે તેણે કહ્યું : 'મહર્ષિની સહજ સમાધિ અથવા સ્વરૂપસ્થિતિ સાચી છે.' એકવાર એક મુસ્લિમ મંડળ રમણાશ્રમમાં આવ્યું હતું. તેણે મહર્ષિને પૂછ્યું : 'મનુષ્યજીવનનું ઉત્તમમાં ઉત્તમ લક્ષ્ય શું છે?' મહર્ષિએ જવાબ આપ્યો : 'ઈસ્લામ' એટલે પરમાત્માને શરણ રહેવું તેનાથી સલામ એટલે શાંતિ મળે. મહર્ષિ થોડું બોલે છે છતાં તેમના થોડા શબ્દોમાં બ્રહ્મસૂત્રના જેવા ગંભીર અર્થ નીકળે છે.

શરણાગતિ પણ બીજું દેખાય ત્યાં સુધી રહે છે. જ્યાં બીજું દેખાતું નથી ત્યાં વિચારથી અદ્વૈત સિદ્ધ થાય છે. દ્વૈતનું ભાન પરમ

આનંદને અટકાવે છે, તેથી અદ્વૈતનું ભાન રહે તેવી રીતે રહેવું. એવી પૂર્ણ દશા તરત પ્રાપ્ત ન થાય તો યે એ લક્ષ્ય રાખવું જોઈએ. સૂર્યની આડાં વાદળાં વધારે હોય તો પ્રકાશ ઓછો દેખાય અને ઓછાં વાદળાં હોય તો પ્રકાશ વધારે દેખાય. તે સૂર્યનો સ્વભાવ નથી પણ આવરણનો સ્વભાવ છે. તેવી જ રીતે જેટલા પ્રમાણમાં દ્વૈતનું ભાન દૂર થાય તેટલાં વાદળાં ખસે અને તેટલા પ્રમાણમાં આનંદ પણ મળે. શમ, દમ વગેરે સાધનોના અનુષ્ઠાન-થી નિઃશેષ મલનિવૃત્તિ થતાં બુદ્ધિપ્રકાશ એક પ્રકારનો થાય છે; તેથી તેમાં અભિવ્યક્ત થનાર મોક્ષનું સુખ પણ એક જ છે. જે જે વિષયોથી પુરુષ નિવૃત્ત થાય છે તે તે વિષયોથી ઉત્પન્ન થતા બંધનથી વિમુક્ત થાય છે. આ પ્રમાણે ક્રમશઃ બધા વિષયોની નિવૃત્તિ થતાં થોડું દુઃખ પણ અનુભવમાં આવતું નથી. ઉપર જે સંકોચ અને વિકાસ કહ્યો, તે સાક્ષાત્ આત્મામાં નથી પણ તે બુદ્ધિની ઉપાધિવાળા ચેતનમાં થાય છે.

આત્મામાં સદ્વયત્વ અને બ્રહ્મમાં પારોક્ષ્ય અવિદ્યા પ્રયુક્ત છે, વાસ્તવિક નથી. વિદ્યા દ્વારા અવિદ્યાનો નાશ થતાં કલ્પિત સદ્વયત્વ, પારોક્ષ્ય વગેરે નિવૃત્ત થતાં બંનેનો વાસ્તવિક અભેદ જ સિદ્ધ થાય છે. અજ્ઞાન વગર દ્વૈત રહેતું નથી અને દ્વૈત વગર અધિકારી, સાધન અને ફળ વગેરે રહેતાં નથી. આત્મતત્ત્વનું અપરિજ્ઞાન એ જ કામનામાં કારણ છે. આત્મજ્ઞાન થતાં હેય–ઉપાદેય જેવું કાંઈ અવશેષ રહેતું નથી.

એક જિજ્ઞાસુએ મહર્ષિને પૂછ્યું : 'ભગવાન જીવના ઉપર અનુગ્રહ કરે છે કે નહિ?' મહર્ષિએ કહ્યું : 'તમે ભગવાનનું જેટલું સ્મરણ કરો છો તે કરતાં તે તમારું સ્મરણ વધારે કરે છે.'

ટૂંકમાં ભગવાન આત્મારૂપે નિત્ય પ્રાપ્ત છે પણ જીવનું સ્મરણ નિત્ય રહેતું નથી. બ્રહ્મ સિવાય જે કાંઇ બુદ્ધિમાં આવશે તે આરોપ થશે અને આરોપીને સજા થશે. બ્રહ્મ અનન્ય હોવાથી ઉપાદેય નથી. બ્રહ્મ આત્મરૂપ હોવાથી હેય નથી.

જ્ઞાનીને કર્તવ્યરૂપે કર્મ રહેતાં નથી. સ્વેચ્છાથી કે પરેચ્છાથી પ્રારબ્ધના ભોગવટામાં જે કર્મ થાય છે, તે વાસનાત્મક હોતાં નથી. અજ્ઞાનીને વાસનાત્મક કર્મ રહે છે અને વાસનાત્મક કર્મના ભોગવટા માટે સંસાર જરૂરનો છે. વાસનાવાળાં કર્મ અવિદ્યાવાળાં હોય છે. તે વિદ્યાથી બાધ્ય થાય છે. કર્મ ઉપાધિનો ધર્મ છે. તેની અસર પ્રતિબિંબમાં થાય છે, બિંબમાં થતી નથી. દર્પણમાં રહેલી મલિનતા પ્રતિબિંબમાં દેખાય છે, બિંબમાં દેખાતી નથી. સ્વરૂપ-સુખનું વાસ્તવિક વ્યવધાન બનતું નથી. અવાસ્તવિક એટલે કલ્પિત આવરણ માનવામાં મતભેદ રહેતો નથી. અવિદ્યાની નિવૃત્તિ થતાં બધા વિશેષોની નિવૃત્તિ થાય છે, તેથી જીવન્મુક્ત દશામાં પણ મુક્તિનો અનુભવ રહે છે. આત્મસ્વરૂપમાં નિષ્ઠા અથવા સ્થિતિ એ જ મુક્તિ છે. રજ્જુતત્ત્વનું જ્ઞાન થાય ત્યારે રજ્જુસર્પ ક્યાંય બહાર જતો નથી, તેમ રજ્જુમાં રહેતો નથી અને તે સર્પનો નાશ પણ થતો નથી.

તેવી જ રીતે મન, પ્રાણ અને શરીર વગેરે બધા અનાત્મ પદાર્થો માટે સમજવાનું છે. તે બધા અધ્યસ્ત હોવાથી બ્રહ્મભાવમાં બાધ પામે છે.

એક જિજ્ઞાસુએ મહર્ષિને પૂછ્યું : 'ધ્યાન કેવી રીતે કરવું?' મહર્ષિએ કહ્યું : 'અંતર્વિચાર એ જ સાચું ધ્યાન છે. જ્યારે સંકલ્પ છોડી ચિત્ત પોતાના સ્વરૂપમાં વળે છે ત્યારે આરૂઢ અથવા સિદ્ધ

દશા ઉત્પન્ન થાય છે. જ્યારે અહંકાર જોર કરે છે ત્યારે આવી દશા પ્રાપ્ત થતી નથી.'

જેમ ભાડૂતી ઘરમાં રહેવાવાળાને તેમાં મારાપણાનું અભિ-માન રહેતું નથી તેમ દેહના સંબંધના પ્રયોજક અજ્ઞાનની નિવૃત્તિ પછી આત્માને મારો દેહ એવું અભિમાન રહેતું નથી. તેથી સાક્ષી અશરીર કહેવાય છે. અજ્ઞાન જ દેહનો સંબંધ કરાવનાર છે. જ્ઞાનથી અજ્ઞાનનો નાશ થતાં જ્ઞાની અશરીર અવસ્થા ભોગવે છે. રજ્જુના અજ્ઞાન વગર તેમાં સર્પની ભ્રાંતિ અને સર્પનો સંબંધ થતો નથી, તેમ આત્માના અજ્ઞાન વગર આત્મ–દેહ સંબંધ બનતો નથી. અસંગ ચિદાત્મામાં સ્વતઃ દેશકાળ વગેરેનો સંબંધ જો થઇ શકતો નથી તો શરીર વગેરેનો સંબંધ શી રીતે થાય? પરંતુ અવિદ્યા દ્વારા શરીર વગેરેનો સંબંધ માનવામાં આવેલ છે તે વાસ્તવિક નથી. કલ્પિત વસ્તુની સાથે અકલ્પિત વસ્તુનો એટલે પરમાર્થ સદ્ વસ્તુનો સંબંધ અજ્ઞાનકાળે એટલે વ્યવહારદશામાં જો પરમાર્થથી થતો નથી તો અજ્ઞાનની નિવૃત્તિકાળે તેવા સંબંધ-ની સદ્ભાવના કેવી રીતે થશે? મહર્ષિ કહે છે કે જ્યારે જે વખતે અહંકાર પોતાનું ખરું સ્વરૂપ જાણવાનો પ્રયત્ન કરે છે ત્યારે અહં-કારનું રૂપ ફરવા લાગે છે; એટલે તેમાં જડનો ભાગ ઓછો થતો જાય છે અને ચેતનનો ભાગ વધારે થતો હોય તેવું જણાય છે.

બુદ્ધિમાં સમતા આવે તે આત્મદર્શનમાં હેતુ છે. વિષયોથી જેની બુદ્ધિ ચંચળ થઇ ગઇ હોય છે, તે વિષયભોગવાસનાથી લિપ્ત પુરુષ આત્માનું દર્શન કરવા સમર્થ થતો નથી. તેથી શ્રુતિ કહે છે, કે **कश्चित् धीरः** કોઇક જ ધીર પુરુષ આ માર્ગે ચડે છે. ધી એટલે બુદ્ધિમાં રમનાર એટલે તેનું મૂળ શોધનાર આ રસ્તે ચડે છે. દેહભ્રાંતિ અન્ધતમ છે. કામ્ય કર્મનું અનુષ્ઠાન કરનાર

પ્રાણી દેહભ્રાંતિની પરંપરામાં પડે છે. તેનાથી મુક્ત થતો નથી. જેઓ સિદ્ધિવાળી યોગવિદ્યા, શિલ્પવિદ્યા અને દાક્તર, વકીલ કે રાજદ્વારી કામોમાં આસક્ત છે તે પણ અંધારામાં ભમે છે; કારણ કે એ બધી વિદ્યામાં ગ્રાહ્યગ્રાહકભાવ રહી જાય છે. એ વિદ્યા એકાત્મ્ય સમીક્ષણરૂપ નથી. એ ભેદદૃષ્ટિ વિશિષ્ટ હોવાથી અંધકાર જેવી છે. જેને બ્રહ્મજ્ઞાન થાય છે તેને બ્રહ્મથી અતિરિક્ત પદાર્થનો અભાવ થાય છે. તેથી તે આમકામ થાય છે. તેની બધી ઇચ્છા સમામ થઇ જાય છે, કારણ તે વખતે જ્ઞેયની અને ધ્યેયની સમાપ્તિ થઇ જાય છે.

પ્રમાતા વગેરેનો સ્વીકાર એકાત્મત્વનો પ્રતિબંધક છે. તેનો નિરાસ થતાં બ્રહ્મજ્ઞાનમાં વાસ્તવિક પ્રમાતા વગેરેની અપેક્ષા રહેતી નથી. વૃત્તિવ્યાપ્તિ પછી ફળવ્યાપ્તિ માટે બ્રહ્મને બીજાની અપેક્ષા નથી.

એક જિજ્ઞાસુએ મહર્ષિને પૂછ્યું : 'આશ્રમધર્મ એટલે બ્રહ્મ-ચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ વગેરે જરૂરના છે કે નહિ?' મહર્ષિએ કહ્યું : 'પહેલા ત્રણ આશ્રમ વ્યવહાર માટે જરૂરી છે, પણ તેમાં એવી રીતે રહેવું જોઇએ કે તે જીવન આત્મજ્ઞાનને પ્રતિકૂળ થાય નહિ.' જિજ્ઞાસુ–'ત્યારે સંન્યાસી માટે તમે શું કહો છો?' મહર્ષિ–સંન્યાસ એટલે હાથમાં દંડકમંડળ લઇને ભિક્ષા માગવી એ અર્થ નથી. ગૃહસ્થધર્મમાં સેવા કરીને, પછી વાન-પ્રસ્થમાં તપ કરવાનું કહેલ છે. એ તપનું સહજ પરિણામ આવશે તે સંન્યાસ થશે, તે અંતર્દશા સમજવાની છે. બહારનો વેશ એ ગૌણ બાબત છે. વ્યક્તિ માટે શાંતિની જરૂર છે, સમાજ માટે શક્તિની જરૂર છે. શક્તિથી સમાજને સુધારીને પછી તેને શાંતિ આપવી જોઇએ.' શક્તિથી મન બ્રહ્મમાં લીન થાય છે. તે દશામાં

નિરતિશય આનંદસ્વરૂપ પરમાત્મામાં તત્સ્વરૂપ માત્રથી સ્થિતિ થાય છે. સમાજ અજ્ઞાન અને દ્વૈતથી ચાલે છે, તેથી તેમાં એક બનાવ ઉપર ઘણા કારણની અસર રહે છે; પણ વાસ્તવિક રીતે જોતાં બધા બનાવનું એક કારણ છે અને તે અજ્ઞાન છે. સ્વપ્નમાં સમાજ છે અને ઘણા બનાવ પણ છે; પણ તે બધાનું કારણ માત્ર એક અજ્ઞાન છે. જાગ્યા પછી સ્વપ્નનો સમાજ અને તેનો ઇતિહાસ રહેતો નથી. જ્યારે વિષય અને વિષયવૃત્તિ બંનેનો લય થઇ જાય ત્યારે અદ્વૈતજ્ઞાન સ્વાત્મામાં પ્રતિષ્ઠિત થાય છે.

સદ્દર્શન ભાષ્ય(શ્લોક ૧૬)માં મહર્ષિ કહે છે : 'મારા સિવાય દેશ ક્યાં છે અને મારા સિવાય કાળ ક્યાં છે? એટલે જેમ હાલના સાપેક્ષવાદના સાયન્સવાળા કહે છે તેમ હુંરૂપી અહંકાર આવે, તો દેશ અથવા જગ્યા તૈયાર થાય છે અને તે જ હું કાળની પરિ-ચ્છિન્નતા ઉત્પન્ન કરે છે. પણ આપણે શરીર નથી, તેથી દેશ-કાળની ભાવના ખોટી છે.'

દેશકાળની ભાવના ખોટી છે એવું સમજાય ત્યારે જન્મમરણ ખોટાં થાય છે. ઇતિહાસભૂગોળ ખોટાં થાય છે, રાજ્યપ્રકરણ અને ન્યૂસપેપરો ખોટાં થાય છે. સમાજના વિચાર પણ બંધ પડે છે; કારણ કે સમાજ અનેક જીવનો બનેલો છે; અનેક જીવ માટે દેશ એટલે જગ્યા જોઇએ અને કાળ જોઇએ. એવા કોઇ નિયત દેશકાળ તત્ત્વદૃષ્ટિએ રહેતા નથી અને સાયન્સવાળા પણ એ મતને ટેકો આપે છે. મહર્ષિનો અનુભવ અને બીજા ઘણા મહાત્માઓનો અનુભવ પણ દેશકાળને ખોટો ઠરાવે છે. આ બાબત તત્ત્વજિજ્ઞાસુ માટે બહુ ઉપયોગી છે. દેશકાળની માયા બાબત જેને વધારે વિચાર કરવો હોય, તેઓએ અમારું પુસ્તક 'દેશ–કાળની માયા' જોવું. □

૨૧ : ઉપસંહાર

પંચદશીના પ્રખ્યાત લેખક શ્રી વિદ્યારણ્ય સ્વામીએ એક 'જીવન્મુક્તિવિવેક' નામનો ગ્રંથ લખેલો છે. તે ગ્રંથનો ઉદ્દેશ જીવન્મુક્તિનું સ્વરૂપ સમજાવવાનો અને એ દશા ઉત્પન્ન કરાવવાનો છે. તેમનું માનવું એવું છે કે જેઓ ઉપાસના કરીને પછી બ્રહ્મજ્ઞાન તરફ વળેલા હોય છે, તેઓને જીવન્મુક્તિ તુરત પ્રાપ્ત થાય છે. જેઓએ ઉપાસના કરી ન હોય તેમને જ્ઞાન થાય તો યે મનમાં વિક્ષેપ રહ્યા કરે છે; તેથી તેઓ માટે યોગ–સાધનાની જરૂર છે.

શ્રી વિદ્યારણ્ય સ્વામી કહે છે કે જેઓ રાગદ્વેષવાળા હોય છે, કનક અને કાંતા મનથી પણ ત્યાગી શકતા નથી છતાં પોતાને જનકની માફક જીવન્મુક્ત માને છે, તે (લોકોને ભુલાવનાર) બે પગના ગધેડા છે; તેથી આત્મજ્ઞાન થયા પછી પણ મનોનાશ અને વાસનાક્ષય માટે વિદ્વત્સંન્યાસ લેવો જોઇએ. મહર્ષિ કહે છે, કે આત્મજ્ઞાન બરાબર થાય તો મનોનાશ અને વાસનાક્ષય સાથે જ થઇ જાય છે તેથી જીવન્મુક્તિ અને વિદેહમુક્તિ જેવો ભેદ જ્ઞાનીની દૃષ્ટિમાં રહેતો નથી. મહર્ષિનો વૈરાગ્ય નાની ઉંમરથી જ બરાબર ઘડાયેલો છે, તેથી તેમની દૃષ્ટિથી તેમની વાત ઠીક લાગે છે. શ્રી વિદ્યારણ્ય સ્વામીને મોટી ઉંમરે વૈરાગ્ય આવ્યો હતો, તેથી તેમની દૃષ્ટિએ તેમની વાત પણ ઠીક લાગે છે. આત્મજ્ઞાન ગમે તે આશ્રમમાં અથવા ગમે તે વર્ણમાં થઇ શકે છે. તેનાં કેટલાંક દૃષ્ટાંત નીચે પ્રમાણે છે :

૧. નારદજીને બ્રહ્મચર્ય–અવસ્થામાં જ્ઞાન થયું હતું.

૨. વસિષ્ઠને ગૃહસ્થાશ્રમમાં જ્ઞાન થયું હતું.

૩. વાનપ્રસ્થ આશ્રમવાળા કેટલાકને જ્ઞાન થયાનું પ્રમાણ પુરાણોમાં મળી શકે છે.

૪. ક્ષત્રિયોમાં જનકને જ્ઞાન થયું હતું.

૫. શૂદ્રોમાં વિદુરને જ્ઞાન થયું હતું.

૬. સ્રીઓમાં મૈત્રેયી વગેરેને જ્ઞાન થયું હતું.

૭. વામદેવને ગર્ભમાં જ્ઞાન થયું હતું.

૮. નચિકેતાને કુમાર અવસ્થામાં જ્ઞાન થયું હતું.

ઉપરનાં દૃષ્ટાંતો ઉપરથી જણાશે કે સંસાર છોડવા કરતાં પોતામાંથી સંસારી ભાવ કાઢવાની વધારે જરૂર છે. જીવજગતનો ત્રણે કાળમાં અભાવ જાણ્યા પછી, તે તરફ વૃત્તિ ન જાય અને આત્મામાં સ્થિરતા રહે, તો વ્યુત્થાન સંસ્કારનો તિરોભાવ થાય છે; અને નિરોધ સંસ્કારનો પ્રાદુર્ભાવ થાય છે. જેમ અગ્નિમાં લાકડાં ન નાખીએ તો ધીરેધીરે તે શાંત થાય છે તેમ એક વખત ઉત્પન્ન થયેલ શાંતિ પાસે સંસારી વાસનાનાં આવરણ ન આવે, તો તે વધારે શાંતિ ઉત્પન્ન થવાનું નિમિત્ત બને છે.

ગીતામાં કહેલું છે, કે वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः । બધું વાસુદેવમય છે એવો સતત અનુભવ જેને રહેતો હોય એવા મહાત્મા દુર્લભ છે. નિષ્ઠાવાળા જ એવી દશા રાખી શકે છે. ખાસ કરીને કર્મ વખતે ઘણા સાધુઓને હુંપણાનું અને દેહનું અનુસંધાન થઇ જાય છે અને જ્ઞાન દૃઢ થતું નથી. શુકદેવજીને જ્ઞાન થયા પછી શરૂઆતમાં સંશય થયા હતા, તેથી તેમને નિષ્ઠા માટે જનક પાસે જવું પડયું હતું; અને રામચંદ્રજીને જ્ઞાન થયા પછી સંશય થયા હતા, તેથી તેમને વસિષ્ઠમુનિ પાસે જવું પડયું

હતું. વસિષ્ઠમુનિએ રામચંદ્રજીને વિવર્તવાદ અને અજાતવાદ સમજાવ્યો હતો.

યોગવાસિષ્ઠનો ગ્રંથ એવો છે કે જો નિષ્ઠાવાળા ગુરુ પાસેથી સાંભળેલો હોય, તો સાંભળનારમાં પણ સ્થિતિ ઉત્પન્ન થવા લાગે છે. જ્યાં સુધી જગતમાં સત્યતા છે, ત્યાં સુધી મન તેમાં ભટક્યા કરશે. જ્યારે જગતનું મિથ્યાત્વ બરાબર જાણવામાં આવે છે ત્યારે મન શાંત થવા લાગે છે.

વસિષ્ઠમુનિ (પાષાણ આખ્યાનમાં) પોતાનો અનુભવ રામચંદ્રજીને કહે છે : મેં સત્ય સંકલ્પ વડે એક જગ્યા કલ્પી લીધી અને તેમાં ચિત્ત વડે પ્રાણીમાત્રથી અગમ્યપણું કલ્પી લીધું. તેમાં મને અનંત બ્રહ્માંડોની પ્રતીતિ થઇ. તેમાં કેટલાંક શૂન્ય હતાં, કેટલાંક એક ભૂતવાળાં હતાં, કેટલાંક બે ભૂતવાળાં હતાં, કેટલાંક પાંચ ભૂતવાળાં હતાં, કેટલાંક બ્રહ્માંડો તો દેશ, કાળ, વસ્તુ, સ્વભાવ વગેરેના નિયમથી રહિત હતાં; અને બીજાં ઘણાં દેશકાળના નિયમવાળાં પણ હતાં. જેમ કાદવનાં રમકડાં સૂર્યનારાયણના તાપથી કઠણ થઇ જાય છે, તેમ એ બધાં જગત પણ 'અમુક તમે છો, અમુક હું છું, અમુક તે છે અને અમુક વળી બીજી વસ્તુ છે' એવા અભિમાનથી ઉત્પન્ન થયેલી બુદ્ધિના બળથી અત્યંત દૃઢ થઇ ગયાં હતાં. વળી તેમની અંદર તેમ જ તેમની બહાર પણ તેમના જ જેવાં જગત જોવામાં આવતાં હતાં. સમાધિમાં જોવામાં આવેલાં એવાં લાખો જગતમાં કોઇમાં ચંદ્રો મને ગરમ લાગતા હતા અને સૂર્યની મૂર્તિઓ ઠંડી લાગતી હતી. કેટલાંક જગતોમાં તો પ્રજા અંધારામાં દેખતી હતી અને પ્રકાશમાં દેખતી નહોતી,*

* ઘુવડના જગતમાં એવું બની શકે છે.

કેટલાંક બ્રહ્માંડોમાં ઝેર ખાવાથી પ્રાણી જીવતાં હતાં અને અમૃતનું ભોજન કરવાથી તેમનું મરણ થતું હતું.

કેટલાંક જગતમાં રેતીને ઘાણીમાં પીલવાથી તેમાંથી તેલ નીકળતું હતું, ભીંતોમાં દેવાંગનાઓ ગાયન કરતી હતી અને વાર્તાલાપ પણ કરતી હતી. (હાલના સિનેમામાં એવું બને છે.) કેટલાંક જગતમાં પ્રાણીઓ માથા વડે ચાલતા હતા. (ઝાડ એવી રીતે ચાલે છે.)

વસિષ્ઠમુનિ રામચંદ્રજીને સમજાવતાં કહે છે, કે જ્યારે ઉત્તમ વિવેકદૃષ્ટિનો ખરેખર પાકકાળ આવી જાય છે, ત્યારે દૃષ્ટા, દર્શન અને દૃશ્ય એ ત્રિપુટી સંબંધી કશી પણ બુદ્ધિ ઉત્પન્ન થતી નથી. અપરોક્ષ અનુભવ દૃઢ થાય ત્યારે આત્માનું સર્વત્ર એકપણું જ જણાય છે. એવા પરબ્રહ્મની અંદર અનંત કલ્પિત ચિત્તના સમૂહો રહેલા છે. તેથી પ્રત્યેક કાળમાં જેટલાજેટલા જીવો મોક્ષ પામ્યા વિના મરી ગયા છે, તેમની અંદર તેટલાતેટલા સંસાર નાશ પામ્યા વિના જુદાજુદા થઇને રહેલા છે. એ સંસારોની અંદર માણસો રહેલા છે, પ્રત્યેક માણસની અંદર મન રહેલું છે અને પ્રત્યેક મનની અંદર જગત રહેલું છે; અને પ્રત્યેક જગતની અંદર પાછાં માણસ રહેલાં છે. બ્રહ્મવેત્તા પુરુષોના વિચારમાં તો સર્વ બ્રહ્મરૂપ છે અને તેમાં દેશકાળ વગેરેના પરિમાણની કશી જ કલ્પના નથી. તેથી આરોપ દૃષ્ટિએ બ્રહ્મમાં બધું જ છે અને અપવાદની દૃષ્ટિએ જોતાં બ્રહ્મ સિવાય કાંઇ નથી.

આવી બ્રહ્મદૃષ્ટિમાં સ્થિતિ બંધાય ત્યારે બ્રહ્મનિષ્ઠની દશા કેવી થાય તેનું વર્ણન કરતાં વસિષ્ઠ રામચંદ્રજીને કહે છે :

'આજ મને આ મળ્યું અને હવે પછી અમુક ઉત્તમ વસ્તુ મેળવીશ એવી ચિંતા જ્ઞાની પુરુષને રહેતી નથી. તે પોતાના તથા

પરાયા કોઈ પદાર્થની સ્તુતિ નિંદા કરતો નથી. તેને સુખની પ્રાપ્તિમાં હર્ષ થતો નથી અને દુઃખની પ્રાપ્તિમાં ખેદ થતો નથી. તેમનું મન ચપળતાથી રહિત રહે છે, શોકવગરનું રહે છે, સ્વસ્થ સમાધિવાળું અને શાંત રહે છે. લાકડું, સ્ત્રી, પર્વત, ખડ, અગ્નિ, બરફ અને આકાશ સમાન લાગે છે. વૃદ્ધાવસ્થા, દુઃખ અને મરણની બીક રહેતી નથી. આ શત્રુ છે, આ મારો છે, આ પારકો છે એવું જ્ઞાન રહેતું નથી. ચૈતન્ય કે જે સર્વરૂપ છે, સર્વ પદાર્થોના અધિષ્ઠાનરૂપ છે, આદિ અને અંતથી રહિત છે અને જેમાં દુઃખનું નામ નથી તે હું છું એમ લાગે છે. સંસાર સંબંધી કાર્ય જાણે ન જ હોય તેમ લાગે છે. અર્થ અને અનર્થ એ એક શરીરના બે હાથ હોય તેમ લાગે છે, જ્ઞાની કાંઈ જાણવા છતાં જાણતો નથી, દરિદ્ર છતાં કાંઈ ઇચ્છતો નથી.

બહારના વિષયોમાં સુષુપ્ત જેવો રહે છે, જગતમાં ગમે તેવા ઉદય કે અસ્ત થાય તો યે કોઈ વાતમાં તેને આગ્રહ રહેતો નથી. ઘડો, વસ્ત્ર, આકાશ, વન, ગાડું અને જે કાંઈ છે તે સઘળું ચૈતન્ય છે, એવા પ્રકારનો ભાવ જ્ઞાનીને રહે છે.

જેમ બીકણ મનુષ્ય પણ પોતાના સંકલ્પથી કલ્પેલા મનોરાજ્યના સિંહથી બીતો નથી, તેમ જ્ઞાની પુરુષ પોતાના સંકલ્પથી કલ્પેલા આ સંસારથી બીતો નથી. જે પોતાનો આત્મા છે તે જ બહિર્મુખ દશામાં જગતરૂપે પ્રતીત થાય છે.

આવી વિચિત્ર સૃષ્ટિનો એક પ્રસંગ શ્રી રમણાશ્રમમાં આવેલા એક જિજ્ઞાસુએ નીચે પ્રમાણે કહેલો હતો :

એક વખત મહર્ષિના એક શિષ્યને શ્રી અરુણાચળ પર્વતની એક ગુફામાં રહી ધ્યાન વધારવાની ઇચ્છા થઈ. તેમણે એ વાત મહર્ષિને કહી. મહર્ષિએ હા પાડી. તે ઉપરથી તે શિષ્ય તે પર્વતની

એક ગુફામાં રહેવા ગયા. ત્યાં ઘણા સર્પ રહેતા હતા. એક વખત તે શિષ્ય ધ્યાનમાં બેઠા હતા. એટલામાં એક સર્પ ત્યાં આવ્યો અને તેના પગ ઉપર ફેણ મારી. શિષ્યે આંખ ઉઘાડી. સર્પ કરડયો નહોતો. તે થોડીવારમાં જતો રહ્યો. શિષ્યે ફરીથી ધ્યાન કરવા માંડયું ફરીથી સર્પે આવી તેને ફેણ મારી. એ તે શિષ્યે જોયું. સર્પ કરડયો નહોતો. શિષ્યે વિચાર કર્યો કે આવી રીતે બને તો આ ગુફામાં ધ્યાન માટે રહી શકાશે નહિ. તે મહર્ષિને મળવા ગયો. મહર્ષિએ પૂછ્યું કે શું બન્યું હતું? શિષ્યે બધી વાત કહી. મહર્ષિએ જવાબ આપ્યો, કે એ સર્પ તમારી પાસે આવીને એમ કહેતો હતો કે 'અહીં જ રહેજો.' જો એ સર્પને તમે પકડયો હોત તો તે સર્પ મોઢેથી પણ (તામીલ ભાષામાં) બોલત, કે 'અહીં જ રહેજો.' તે સર્પના રૂપમાં ભગવાન તમારી પરીક્ષા કરવાને આવ્યા હતા. આ જવાબ સાંભળ્યા પછી તે શિષ્ય ફરીથી તે ગુફામાં રહેવા ગયા છે.

ગીતામાં કહેલું છે, કે જ્યારે નિયમમાં લાવેલું ચિત્ત આત્મામાં જ સ્થિર થાય છે ત્યારે બધી કામનાઓમાં નિઃસ્પૃહતા આવે છે, તે વખતે તે માણસ મુક્ત અથવા યોગી કહેવાય છે. આવા જીવન્મુક્તને કાંઈ હેય કે ઉપાદેય રહેતું નથી, એટલે કે ન હોય તે મેળવવાની ઇચ્છા રહેતી નથી અને હોય તે છોડવાની ઇચ્છા રહેતી નથી. એવાની દશા નીચેના શ્લોક જેવી થાય છે :

> किं करोमि, क्व गच्छामि, किं गृह्णामि, त्यजामि किम्।
> आत्मना पूरितं सर्वं महाकल्पांबुना यथा ॥

એટલે કે જેમ મહાકલ્પ વખતે બધું જળમય થઈ જાય છે તેમ આત્માથી જ બધું પુરાયેલું હોવાથી હું શું કરું? ક્યાં જાઉં? શું ગ્રહણ કરું કે શું તજું?

આવા જ્ઞાનયોગી પોતાને નિત્ય સર્વત્ર જોઇ શકે છે. તેને એમ લાગે છે કે એવી કોઇ જગ્યા નથી કે જ્યાં હું નથી અને એવી કોઇ વસ્તુ નથી કે જે મારામાં ન હોય; બધું મારું સ્વરૂપ છે તો મારે બીજું શું જોઇએ?

પ્રારબ્ધ એ અદૃષ્ટ છે એટલે ન ભોગવેલાં કર્મોનો સમૂહ છે. જ્ઞાનપૂર્વક યોગ એ દૃષ્ટ ફળ આપે છે, તેથી જો પ્રારબ્ધ ભોગવવામાં ઉપર પ્રમાણે જ્ઞાનનું જોર હોય તો જ્ઞાનની રક્ષા થાય છે અને આત્મામાં સુખ અને શક્તિ વધે છે. સ્વરૂપમાં વૃત્તિ રાખવાથી બીજા સંસ્કારનું જોર નરમ પડે છે.

જેમ બાળકને તેની રમતમાં જ્યારે ચિત્ત આસક્ત થાય છે, ત્યારે તે ઉઘાડે શરીરે જેમતેમ રખડે તો પણ તેને ટાઢ કે તડકાનું વિશેષ ભાન રહેતું નથી તેમ જેનું મન આત્મામાં આસક્ત છે, તેના શરીરના પરમાણુ ઉપર પણ તે આસક્તિની અસર થાય છે.

છતાં સાધુ પુરુષો સ્થૂલ દેહનો મોહ રાખતા નથી. સ્વપ્ન, સુષુપ્તિ, મરણ, મૂર્ચ્છા અને પ્રલયમાં સ્થૂલ શરીર દેખાતું નથી, તેથી તેનો મોહ રાખવો એ ભૂલ છે. સુષુપ્તિ અને સમાધિમાં સૂક્ષ્મ શરીર પણ નથી, માત્ર ચૈતન્ય જ છે. જાગૃતમાં પણ સ્થૂલસૂક્ષ્મ મિથ્યા છે, માત્ર ચૈતન્ય જ સત્ય છે એવો અનુભવ લેવો. વૃત્તિઓ ઊઠે તો સમુદ્રનાં મોજાંની માફક શુદ્ધ ચૈતન્યનાં મોજાં માનવાં.

બ્રહ્મજ્ઞાનીની દૃષ્ટિમાં બ્રહ્મથી ભિન્ન બીજું કાંઇ છે જ નહિ; માટે સર્વ લોકો અને સર્વ લોકોમાં બનતા બનાવ જો તે જાણે તો ભેદજ્ઞાન થયું; તેથી અનર્થની નિવૃત્તિ ન થાય, અનર્થની પ્રાપ્તિ થાય. સિદ્ધિઓને જગ્યા આપવાથી ભગવદ્ભાવ નાશ પામે છે. તેથી નિર્વિકલ્પતાની જરૂર છે. સસલાને કેટલાં શિંગડાં છે તે

ગણતાં ન આવડે તેથી સર્વજ્ઞતા ઓછી થતી નથી. જ્ઞાની પુરુષોને જગતના બનાવ જાણવાની જરૂર નથી. જગતના બનાવ ન જાણવામાં આવે, તેથી જ્ઞાન ઓછું થતું નથી. જ્યારે જ્યારે પરરચિત પ્રારબ્ધના સંસ્કાર સ્ફુરે ત્યારે બ્રહ્મવિચારથી તેને દાબી દેવા.

જેમ સ્વપ્નસાક્ષીમાં સ્વપ્નદેહ અને સ્વપ્નજગતની પ્રતીતિ છે તેમ પરિપૂર્ણ ચેતન વિષે આપણી અને જગતની પ્રતીતિ છે. વાસ્તવમાં ભગવાનથી જુદું કાંઇ છે નહિ, તેથી ભગવાનમાં નિમગ્ન ચિત્ત રાખી ભગવાનના ગુણ ગાયા કરવા અને શરીરનું જેવું પ્રારબ્ધ હોય, તેવું રાજીખુશીથી ભોગવી લેવું. શ્રીહરિના મહિમામાં ખોવાઇ જવું પછી કર્તવ્યબુદ્ધિથી કાંઇ કર્તવ્ય નથી.

સાક્ષાત્ નારાયણ પરિપૂર્ણ ચૈતન્યને મળવું એટલે તે સ્વરૂપે સ્થિતિ થવી. તે શ્રીહરિમાં પ્રારબ્ધરૂપ ધર્મ અને સ્થૂલસૂક્ષ્મ સહિત ચિદાભાસરૂપ ધર્મી નિત્ય નિવૃત્ત છે.

શ્રીહરિરૂપ આનંદસમુદ્રમાં માયાથી વિવર્તરૂપે જણાતા પ્રારબ્ધ, જીવ, દેહ, જગત, સમષ્ટિ, વ્યષ્ટિ, જે ક્ષણે દેખાય, તે ક્ષણમાં તેમની પ્રતીતિ છે—રજ્જુસર્પની માફક—આગળપાછળ નહિ. તેથી દૃષ્ટિકાળે સૃષ્ટિની પ્રતીતિ છે, આગળપાછળ નથી. રજ્જુસર્પની બીકથી વ્યાકુળ થયેલો માણસ સર્પથી પર રહેલ રજ્જુને જાણી શકતો નથી, તેવી જ રીતે જે માણસો આ જગતના ત્રણ ગુણથી મોહિત છે, તે ત્યાં જ રહેલા ભગવાનને જાણી શકતા નથી. ભગવાનને ઉપાધિના ધર્મનું અભિમાન નથી, તેથી તેની માયા તેને મોહ કરતી નથી. જેઓ ઉપાધિના ધર્મનું અભિમાન લે છે, તેમને તે માયા મોહ કરે છે. જ્ઞાનદશા ઉપાધિનો ગ્રાસ કરે છે, અજ્ઞાનદશા ઉપાધિને ઉત્પન્ન કરે છે. સ્વપ્નમાં દીઠેલ રજ્જુસર્પમાં રજ્જુ અને સર્પ બંને મિથ્યા છે; છતાં રજ્જુ સત્ય અને સર્પ મિથ્યા એ

વિકલ્પનું આલંબન સ્વપ્નવ્યવહાર માત્ર છે. ત્યાં વસ્તુતત્ત્વનું આલંબન નથી; તેવી જ રીતે જાગૃતમાં પણ સમજવું. મૂર્ખને ભ્રમ થાય છે, જ્ઞાનીને થતો નથી.

જ્ઞાનીની સમાધિમાં ચડઊતર થતી નથી. આત્મા અચ્યુત છે. સર્વદા પોતે પોતાને અખંડ, અદ્વિતીય આત્મા સમજીને રહેવું એ જ્ઞાનસમાધિ છે. આત્માથી બીજું કાંઇ નથી, તેથી જ્ઞાની સદા વ્યુત્થાનદશાથી રહિત છે. આવી સમાધિ રામ, કૃષ્ણ વગેરેની હતી.

આવી સમાધિ મહર્ષિએ પ્રાપ્ત કરેલી છે. આવી સમાધિ વખતે કેટલો વ્યવહાર રહી શકે એ મોટો પ્રશ્ન છે. રામ, કૃષ્ણ અને જનકને વ્યવહાર ઘણો હતો પણ એવા પુરુષો હાલ કેટલા હશે તે કહી શકાય તેવું નથી. ઘણાને જનક જેવા થવાની ઇચ્છા થાય છે અને કેટલાક તેવી પ્રવૃત્તિ કરે છે, પણ તેવી નિષ્ઠા મેળવી શકતા નથી. શુકસનકાદિ નિવૃત્તિવાળા હતા. તેમની દૃષ્ટિમાં જગત હતું જ નહિ તેથી વ્યવહાર કે પરમાર્થનું જ્યાં દ્વૈત જ નહોતું, જ્યાં દ્વૈતભાવ ખડો થતો નથી ત્યાં સારી નિષ્ઠા થઇ શકે છે. સનકાદિ બ્રહ્માના માનસપુત્ર હતા. બ્રહ્માએ તેમને સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું કહ્યું, છતાં તેમણે સૃષ્ટિ ઉત્પન્ન કરી નહિ અને નૈષ્ઠિક બ્રહ્મચારી રહેવાનું પસંદ કર્યું.

શુકદેવજી નિર્ગુણમાં નિષ્ઠાવાળા હતા, છતાં તેમણે ભગવાનની સગુણ લીલાનો અનુભવ લેવા માટે શ્રીમદ્ ભાગવતનો અભ્યાસ કર્યો અને તે પરીક્ષિત રાજાને સંભળાવ્યું હતું. એ એક પ્રકારની સજાતીય પ્રવૃત્તિ હતી. તેમણે વિજાતીય પ્રવૃત્તિ કરી નહોતી. આગળ કહ્યું તેમ વિજાતીય પ્રવૃત્તિ વચ્ચે પણ નિષ્ઠા રાખી શકાય તે માટે શ્રી અરવિંદના આશ્રમમાં પ્રયાસ થાય છે. તેનું ફળ જ્યારે આવશે ત્યારે જોઇ શકાશે.

અંતર્મુખવૃત્તિ અને બહિર્મુખવૃત્તિ એ પણ દેહનો અધ્યાસ હોય ત્યાં સુધી છે. જે સ્વરૂપમાં અંદરબહાર જેવું નથી ત્યાં વૃત્તિના એવા ભેદ પણ બની શકતા નથી. સાધનદશામાં જેને તત્ત્વ સમજાવવાનું છે તેમને માટે એ બધા કલ્પિત ભેદ રાખીને સમજાવવું પડે છે, કે જેથી તે સાધકને પોતાની દશાની સમજણ પડે.

ભક્તિમાર્ગમાં પણ સાધક માટે નીચેની ત્રણ ભૂમિકા કહી છે:

૧. **तस्यैवाऽहम्** હું તેનો છું.

૨. **ममैवाऽसौ** તે મારા છે.

૩. **स एवाऽहम्** તે અને હું એક છીએ.

એ માર્ગે નિષ્ઠા થાય છે ત્યારે પણ તન્મયતા થાય છે અને સર્વાત્મભાવ અને આનંદ આવે છે; ફેર માત્ર એટલો હોય છે કે જ્ઞાનમાર્ગવાળા સ્વગતભેદ માનતા નથી. તેથી તેમનો આત્મા બ્રહ્મરૂપે નિત્ય વ્યાપક રહે છે અને ભક્તિમાર્ગવાળા સ્વગત ભેદ માને છે, તેથી તે દશામાં આત્મા પહેલાંની માફક વ્યાપક થતો નથી. ભક્તિમાર્ગમાં જીવ, ઈશ્વર, જગત અને તેમના પરસ્પર સંબંધ બધું ભગવાનરૂપે લેવામાં આવે છે, તેથી કોઈકોઈ વાર આશ્રય–આશ્રિતભાવ જેવું દ્વૈત જણાઇ આવે છે.

સાધકની દશામાં જે સાધન હોય છે, તે નિષ્ઠાની દશામાં સ્વભાવ થઇ જાય છે. સાધકે અહંકાર દૂર કરવા માટે બહુ સંભાળ રાખવી જોઈએ. નિષ્ઠાની દશામાં હું અને મારું બોલવામાં શરમ આવે છે અથવા બોલી શકાતું નથી. નિષ્ઠાની દશાનો આનંદ તે દશાની સાથે જ હોય છે. તે સ્વરૂપનો આનંદ છે. તેમાં ઓછો કે વધારે તેવું તારતમ્ય નથી.

અદ્વૈતિક સત્યનું સાકાર સ્વરૂપ
શ્રી રમણ

: લેખક :

સ્વામી શ્રી માધવતીર્થ (ગુજરાત)

ઈ. સ. ૧૯૪૪ ની સાલમાં શ્રી મનુ સુબેદારે મને તેમની સાથે રમણાશ્રમ આવવા માટે આમંત્રણ આપ્યું. અમે મુંબઈમાં મળ્યા. પરંતુ કેટલાક સંયોગોને કારણે તેઓ નક્કી કરેલા કાર્યક્રમ મુજબ રમણાશ્રમ આવી શકે તેમ ન હતા. તેથી શ્રી રમણ મહર્ષિના નિવાસસ્થાન અરૂણાચલ તરફ એકલા જ આગળ વધવાનો મેં નિર્ણય લીધો, કારણ આ અગાઉ મહર્ષિ વિશે મેં ઘણું બધું સાંભળેલું તેમ જ વાંચેલું.

ઓગસ્ટ માસની ૧૪ મી તારીખે હું રમણાશ્રમ પહોંચ્યો. શ્રી મહર્ષિના સર્વ પ્રથમ દર્શન મને ભોજન ખંડમાં થયા. કોઈપણ પ્રકારની બાહ્યરૂઢિના નિયમોથી સંપૂર્ણપણે મુક્ત રીતે થયેલાં આ દર્શનથી મેં તરત જ હળવાશ અનુભવી અને સાથે જ શ્રી મહર્ષિના (દિવ્ય) વાતાવરણમાં હું પૂર્ણપણે તન્મય બન્યો. મહર્ષિની દિવ્ય આવકાર યુક્ત કૃપાદૃષ્ટિએ જાણે હું મારા નિવાસમાં જ હોઉં તેવાં સંવેદનો પ્રગટ્યાં અને સાથે જ અવર્ણનીય આનંદની વૃત્તિમાં મને તરબોળ કર્યો, જે મારા રમણાશ્રમના રોકાણ દરમ્યાન સતત ટકી રહી. મહત્ત્વના સ્થળોની અને વ્યક્તિઓની મુલાકાતના મારા પ્રતિભાવોની નોંધ લેવાની અને ત્યારબાદ, અન્ય સાધકોના લાભાર્થે, તે નોંધનું વ્યવસ્થિત સંકલન કરવાની મારી હંમેશની ટેવ છે. રમણાશ્રમમાં મેં કરેલી આ પ્રકારની નોંધ એ મારા ગુજરાતી

પુસ્તક "રમણ મહર્ષિ"ની મૂળભૂત ભૂમિકારૂપ બની કે જે પુસ્તક શ્રી મનુ સુબેદારના પ્રયત્નથી સસ્તા સાહિત્ય તરફથી પ્રગટ થયું છે.

આ મુલાકાત દરમ્યાન કેટલેક અંશે રહસ્યમય કહી શકાય તેવા મારા અનુભવ વિશે સર્વ પ્રથમ રજૂઆત કરવી યોગ્ય લાગે છે. આવા અનુભવોનું ભાષાદ્વારા વર્ણન કરવું એ જરા કઠિન છે, પરંતુ શ્રીમદ્ ભાગવતમાંથી એક સાદૃશ્યતાનું દૃષ્ટાંત લઇ મારે જે કંઇ કહેવું છે તે વિષે વાચકને કંઇક ખ્યાલ (Idea) આપવા હું પ્રયત્ન કરીશ. કહેવાય છે કે શ્રીકૃષ્ણના જન્મ પહેલાં, ભગવાને શ્રી વસુદેવજીના હૃદયમાં પ્રવેશ કર્યો, જે (પ્રવેશ) થતાં શ્રી વસુદેવજી સૂર્ય સમાન તેજથી ઝળહળવા લાગ્યા. ત્યારબાદ શ્રી વસુદેવજીના દૃષ્ટિપાત માત્રથી આ તેજપૂંજ શ્રી દેવકીજીમાં સંક્રાંત થયો, અને દેવકીજી ચંદ્ર સમાન ઝળહળવા લાગ્યા. આ મુજબ જ ભોજનખંડમાં થયેલાં મહર્ષિના પ્રથમ દર્શને જ શ્રી મહર્ષિની દૃષ્ટિમાં આંજી નાંખે તેવું સૂર્ય સમાન તેજ મેં અનુભવ્યું. પછીના દિવસે જ્યારે મહર્ષિના સાંનિધ્યમાં તેમના ખંડમાં હું બેઠો હતો ત્યારે જે રીતે ભગવાનનું દિવ્ય તેજ વસુદેવજીના દૃષ્ટિપાતથી દેવકીજીમાં પ્રવેશ્યું એજ રીતે શ્રી મહર્ષિના તેજોમય દૃષ્ટિપાતે મારા હૃદયના અંતઃતલને તીવ્ર રીતે વેધી નાંખ્યું. મારા પ્રાણસ્પંદનની પ્રક્રિયા થોડીવાર માટે સ્તંભી ગઇ હોય તેમ મને જણાયું, અને મારું મન અવર્ણનીય શાંતિ અને આનંદના ઉચ્ચ આધ્યાત્મિક સ્તરે સંક્રાંત થયું.

શ્રી મહર્ષિના સાંનિધ્યમાં થયેલ મારા અનુભવનું ઉપરોક્ત વર્ણન, હું જાણું છું કે, વાચકને મારા ભાવો કે સંવેદનો યથોચિત રીતે અભિવ્યક્ત કરવા સમર્થ નથી. ઉપર કહ્યું જ છે તેમ અભિવ્યક્તિની આ મર્યાદાનું એક કારણ આધ્યાત્મિક અનુભૂતિનું

અદ્વિતીય અને અવર્ણનીય સ્વરૂપ છે; તો આ અભિવ્યક્તિની મર્યાદાનું બીજું કારણ પ્રત્યેક વાચકે સજ્જતાની ક્ષમતામાં રહેલા તફાવતમાં તેમ જ ભિન્નભિન્ન સાધકો આધ્યાત્મિક મુલ્યાંકન કરવામાં જે ભિન્નભિન્ન દૃષ્ટિકોણથી અનુભવને મૂલવે છે તેમાં રહેલું છે. આ સંદર્ભમાં વાચક, આધ્યાત્મિક માર્ગે કઇ ભૂમિકામાં છે તેનો (જાતે જ)સ્વઅર્થે નિર્ણય લઇ શકે તે માટે સાધકના અધિકાર વિષે કંઇક કહેવું એ અહીં અસ્થાને નથી. આ બાબતમાં સર્વ પ્રથમ વેદાંત–શાસ્ત્રના અભ્યાસ પર હું ભાર મૂકું છું, કારણ શાસ્ત્રાભ્યાસ એ ભરોસાપાત્ર (આધારભૂત) પ્રમાણ છે, કે જે સાધકને આધ્યાત્મિક માર્ગે ભળતા જ આદર્શ પાછળ પુરુષાર્થને વેડફતાં બચાવે છે. અલબત્ત, શ્રી મહર્ષિ પોતે આ નિયમ બાબતમાં એક અસામાન્ય અપવાદરૂપ છે. વેદાંત–શાસ્ત્રના જરૂરી એવા કોઇપણ જાતના જરાપણ બૌદ્ધિક ખ્યાલ સિવાય કે કોઇની પણ સલાહ કે માર્ગદર્શન વિના જે સત્યાનુભૂતિ તેમનામાં કૌમારાવસ્થામાં પ્રગટી, માત્ર તેનાથી જ પ્રેરાઇને પોતે નક્કી કરેલ પથને તેઓ અવિચલિત રીતે અનુસર્યા છે. પાછળથી પ્રસંગોપાત્ત જે કાંઇ શાસ્ત્રજ્ઞાન તેમને વિના પ્રયાસે ઉપલબ્ધ થયું, તે અલબત તેમની અનુભૂતિને અને તેમના ખ્યાલને પુષ્ટિકારક નિવડયું.

તો હવે અધિકાર પરત્વે કહેવાનું કે સાધકને માટે, સર્વપ્રથમ "વિવેક"ની જરૂર છે, કે જેના દ્વારા તે વૈરાગ્ય કેળવી શકે. અલિપ્તભાવ કે વૈરાગ્ય દ્વારા જ સાક્ષીભાવ કે દૃષ્ટાભાવની સ્થિતિ પ્રગટાવવી શક્ય છે. વધુ ઉચ્ચતર ત્રીજી ભૂમિકામાં સાધક પોતાના સ્વરૂપને જ સાર્વત્રિક અનુભવે છે. આ સ્થિતિનો અભિન્નભાવ તરીકે નિર્દેષ કરેલો છે. અલબત્ત આ અનુભૂતિની પરિપૂર્ણતા તો મહર્ષિ જેવા સંતોમાં જ શક્ય છે. છતાં તે અભિન્નભાવની અનુ-

ભૂતિની મહત્તા અને તેના સ્વરૂપનો ખ્યાલ સામાન્ય સાધકને મહર્ષિ જેવા સંતના સાંનિધ્યમાં થોડો સમય ગાળવાથી મળી શકે છે. ખંડમાં બેઠો હતો ત્યારે મેં નિહાળ્યું કે કોચ ઉપર આરામ કરતા શ્રી મહર્ષિ તેમની હાજરીમાં ખંડમાં જે કાંઈ બનતું હતું તેનાથી સંપૂર્ણ અલિપ્ત હતા (દા. ત. દંડવત્ પ્રણામ કરી એક પછી એક એમ સતત પસાર થતો મુલાકાતીઓનો પ્રવાહ) અને તેમ છતાં હું બહુ સરળતાથી જોઈ શક્યો અને તેથી ખાત્રીપૂર્વક કહી શકું છું કે તેમનામાં રહેલા સર્વાત્મૈક્ય ભાવનાનો દૃષ્ટિકોણ–(એટલે કે અભિન્નભાવ) દ્વારા તેઓશ્રી મુલાકાતીઓના અંતઃસ્થલના સ્વરૂપને સ્પર્શી રહ્યા હતા, (અને તેના પરિણામે) મુલાકાતી (વર્ગ) પોતાની અંદર, વિચારોથી પર એવા વિશ્વાત્માની અનુભૂતિ કરવા સમર્થ થતો હતો.

ધ્વનિપ્રસારણયંત્રનું સાદૃશ્યતાનું દૃષ્ટાંત લઈ તે દ્વારા આ પ્રક્રિયા રજૂ કરવાનું સાહસ કરું તો કહી શકાય કે શ્રી મહર્ષિ પોતાના અભિન્નભાવમાં (રેડીયો) ધ્વનિપ્રસારકયંત્રરૂપે હતા અને ત્યાં બેઠેલા સાધકો એ ધ્વનિ–ગ્રહણ કરનારા રેડીયોસેટ–રૂપે હતા. તેમ વર્ણવી શકાય. શ્રી મહર્ષિની દિવ્ય અસર કે જે તેમના મૌન સાંનિધ્યમાંથી પ્રગટતી–પ્રસરતી હતી તે દિવ્ય અસરને પૂરેપૂરી ઝીલવા માટે જિજ્ઞાસુ મુલાકાતી ત્યારે જ સક્ષમ બની શકે જ્યારે તે પોતાના મનની વેવલેન્થને યથોચિત રીતે ગોઠવી શ્રી મહર્ષિ સાથે તાદાત્મ્યપણું એકસૂરતા સાધી શકે. શ્રી મહર્ષિનું વલણ, કે જેઓ ઉપરોક્ત દૃષ્ટાંતમાં "ધ્વનિપ્રસારકયંત્ર" તરીકે પોતાની આધ્યાત્મિક અસર બીજામાં સંક્રાંત કરી રહ્યા છે તેમ વર્ણવ્યું છે અને મુલાકાતી સાધકની અવસ્થા કે જેઓને એ અસર ઝીલવા માટે પોતાના મનને ખુલ્લું રાખવા સલાહ આપી છે કે જેથી તેઓ

મહર્ષિની અગમ્ય આધ્યાત્મિક અસર ઝીલવા અને તેનો પ્રતિભાવ પ્રગટાવવામાં સફળ થઈ શકે એમ જણાવ્યું છે. આ બાબતમાં કેટલીક સ્પષ્ટતા કરવા માટે થોડો ખુલાસો કરવો જરૂરી જણાય છે. આ સંદર્ભમાં આપેલ ધ્વનિપ્રસારણયંત્ર અને ધ્વનિગ્રહણ કરનાર (રેડીયાના) સાદૃશ્યતાના દૃષ્ટાંતથી; પારમાર્થિક સત્‌માં પણ દ્વૈતની સંભાવના છે એવા ખોટા ખ્યાલ તરફ વાચકે ન દોરાવું ઘટે. "બીજા"ના સંદર્ભમાં મહર્ષિનો પોતાનો જે દૃષ્ટિકોણ છે તેની સાચી સમજ આપવા માટે હું તેમના પોતાના જ ઉપદેશ–વાક્યો ટાંકુ કે જે સંપૂર્ણપણે સ્પષ્ટ તેમ જ તમામ પ્રકારની સંભવિત શંકાઓથી પર છે. "સદ્દર્શનભાષ્ય અને મહર્ષિ સાથેના વાર્તાલાપ" પુસ્તકમાં પાના ૨૯ માં નીચે મુજબ જણાવ્યું છે : "જ્યારે યોગી સમાધિની સર્વોચ્ચ અવસ્થાએ પહોંચે છે ત્યારે હૃદયસ્થ અધિષ્ઠાન–સ્વરૂપ જ છે. તેને ખ્યાલ હોય કે ન હોય તોપણ હૃદયસ્થ સ્વરૂપ જ તેનું અવલંબન હોય છે. જો તે આ હૃદયમાં સભાન હોય તો તે જાણે છે કે, ભલે ગમે તે સ્થિતિમાં હોય, પરમ સત્–સ્વરૂપ તો હંમેશા અવિકારી તે જ હૃદય–સ્વરૂપ, એકાત્મસ્વરૂપ, શાશ્વત, અખંડ અને સર્વવ્યાપક સ્વરૂપ જ છે. વિભિન્ન સાધકો કે જેઓ મહર્ષિનું સાંનિધ્ય ઇચ્છી રહ્યા છે, તેમને જે કાંઈ આધ્યાત્મિક કૃપાવર્ષા મહર્ષિમાંથી સંક્રાંત થાય છે તે મહર્ષિની આ જ અવસ્થા મારફત થાય છે. તેથી આ પરમોચ્ચ–સ્વરૂપ કે જે અદ્વિતીય અને શાશ્વત છે, તેમાં દ્વૈતના લેશની પણ સંભાવના (Scope) નથી. મહર્ષિએ બીજા સંદર્ભમાં ઉચ્ચારેલા શબ્દો પણ અલબત ઉપરોક્ત બાબતને જ દૃઢ કરે છે. (આ બીજો સંદર્ભ આ મુજબ છે.) જ્યારે કોઈ મુલાકાતીએ મહર્ષિને પૂછ્યું કે "શા માટે તમે બહાર જઈ તમને જે સત્યાનુભૂતિ થઈ છે, તેનું

પ્રચાર–કાર્ય કરતાં નથી?" તેમણે જવાબ આપ્યો "ખરો પ્રચાર મૌન દ્વારા જ શક્ય છે." વૈખરી વાણીના પ્રચારમાં જે આરોપિત દ્વૈત અનિવાર્ય સંકળાય છે, તેનાથી આ મૌન સંપૂર્ણપણે મુક્ત છે. તદુપરાંત સત્ જો સત્ જ હોય તો તે સાર્વત્રિક અને સર્વવ્યાપી હોવું ઘટે. એટલે કે જે અવસ્થામાં સત્‌ની અનુભૂતિ થાય છે, તેના ઉપર મનનું કે મન સાથે સંકળાયેલ જાગ્રત્, સ્વપ્ન કે સુષુપ્તિ આ ત્રણ અવસ્થામાંથી કોઈપણ અવસ્થાના આવરણથી તેને આવૃત્ત કે અવરોધ કરવાનું શક્ય નથી. સ્વરૂપસ્થિતિ (State) મનની ત્રણેય અવસ્થાથી પર હોવા છતાં ત્રણેય અવસ્થામાં અનુસ્યૂત છે. તેનો નિર્દેષ "સહજસ્થિતિ" તરીકે કરેલ છે. બીજા શબ્દોમાં કહીએ તો મહર્ષિ બાહ્ય જગત સાથે સંકળાયેલા દેખાતા હોય કે ન દેખાતા હોય, મહર્ષિના મૌનની કૃપાવર્ષા કોઈપણ જાત-ના અવરોધ વિના (સાહજિકતાથી) અવિરત પ્રસરતી જ હોય છે. ધ્વની–પ્રસારણના દૃષ્ટાંત તરફ પાછા વળીયે તો કહી શકાય કે જ્યાં સુધી આ બાબત મહર્ષિ સાથે સંકળાયેલી છે, આ આધ્યાત્મિક અસર તેમનામાંથી અવિરત સંક્રાંત થતી રહેતી હોય છે. પણ જિજ્ઞાસુના દૃષ્ટિબિંદુથી વિચારીયે કે જે હજી માયાકૃત (અવિદ્યા-કૃત) આવરણશક્તિથી પ્રતિબદ્ધ છે તે મહર્ષિમાંથી સતત મળતી પેલી સક્રિય કૃપાવર્ષાની કોઈ દેખી શકાય તેવી અસર ન અનુભવી શકે, સિવાય કે તે જિજ્ઞાસુ તેને ઝીલવા માટે સક્ષમ (Prepared) હોય. જેમ રેડીયોનું ધ્વનિ–પ્રસારણ યોગ્ય વેવલેન્થ પર (સ્ટેશન) મૂક્યું હોય તો જ શબ્દો બરોબર સ્પષ્ટ સાંભળી શકાય છે, તેજ પ્રમાણે જિજ્ઞાસુ જો તે માટે "તૈયાર" હોય તો જ તે આ દિવ્ય–અસર સ્પષ્ટ ઝીલી શકે છે. સાધના માટેની આ "તૈયારી" એટલે, અગાઉ નિર્દેષ કરેલ "વિવેક– વૈરાગ્ય"ની તાલીમ.

દ્વૈતના લેશમાત્રની સંભાવના પરબ્રહ્મ સ્વરૂપમાં નથી તે સ્વીકારી લઈએ તોપણ ભેદ અને વ્યવહાર એ સાપેક્ષ–સ્તરે પણ કઈ રીતે ઉદ્ભવે છે તે પ્રશ્ન બાકી જ રહે છે. માનવજ્ઞાનની લાક્ષણિકતા સ્વરૂપ જે ભેદજ્ઞાન છે, તેના ઉદ્ભવની ભૂમિકાના પ્રાથમિક તત્ત્વો ક્યા છે? અંતિમ પૃથક્કરણ કરતાં સમજાય છે કે–સમય, દેશ અને કાર્ય–કારણભાવ–આ ત્રણ મહત્ત્વનાં તત્ત્વો (કારણરૂપ) છે.

લગભગ બે સમાહના રમણાશ્રમના મારા રોકાણ દરમ્યાન શ્રી મહર્ષિને વિભિન્ન તાત્ત્વિક પ્રશ્નો પૂછવાની મને સંપૂર્ણ તક મળી કારણ આવા તાત્ત્વિક કૂટ–પ્રશ્નો પરના મહર્ષિના સારગ્રાહી દૃષ્ટિકોણથી હું પરિચિત હતો. બીજો પણ એક મુદ્દો વિચારી લેવા યોગ્ય છે કે ઇંદ્રિયજન્ય જ્ઞાન અને તેના વિસ્તારરૂપ વ્યાવહારિક ભેદજ્ઞાન તથા દ્વૈત વગેરે પરબ્રહ્મ અદ્વૈતસ્વરૂપ સાથે કેવા પ્રકારના સંબંધથી સંકળાયેલા છે, કઈ રીતે સંકળાયેલા છે? આ તમામ વિભિન્ન મુદ્દાઓ પર મહર્ષિએ જે સમાધાન કર્યું તે (તેજ ક્રમમાં) હું રજૂ કરીશ.

શ્રી રમણગીતામાં એક અતિ મહત્ત્વનો શ્લોક છે. (આ શ્લોક શ્રી મહર્ષિએ પોતે જ રચ્યો છે, અને તેમના જ શિષ્ય શ્રી ગણ-પતિમુની દ્વારા રમણગીતામાં તે સમાવિષ્ટ કરાયો છે) જે આધ્યા-ત્મિક સાધનાના મુદ્દા રજૂ કરી, સાર આપતાં પરબ્રહ્મની આત્મા સાથેની એકતાપર ભાર મૂકે છે. શ્લોક નીચે મુજબ છે.

हृदयकुहरमध्ये केवलं ब्रह्ममात्रं
हृाहमहमिति साक्षादात्मरूपेण भाति।
हृदिविशमनसा स्वं चिन्वता मज्जता वा
पवनचलनरोधादात्मनिष्ठो भवत्वम्॥

અર્થઃ–હૃદય ગુફાની મધ્યમાં કેવળ બ્રહ્મ જ "અહં–અહં" તરીકે સાક્ષાત્ આત્મરૂપે વિલસી રહ્યું છે; તેની શોધ કરતાં કરતાં એકાગ્ર મન કરી, મજ્જન કરી, અથવા પ્રાણનો નિરોધ કરી તું હૃદયમાં પ્રવેશ કર અને આત્મનિષ્ઠ થઇ જા.

પરાત્પર–સ્વરૂપ કે બ્રહ્મના હૃદયસ્થિત હોવાનું જે વર્ણન છે, તે બાબતમાં મને એક નાનકડી શંકા હતી. મેં મહર્ષિને પૂછ્યું, "શ્લોકમાં દર્શાવ્યા પ્રમાણે સ્થૂળ શરીરમાં કોઇ એક મુકરર જગ્યા આત્મા માટે છે તેમ જો કહીએ તો જે સર્વ–વ્યાપક અને અસીમ છે તેને સીમીત કરવાનું સૂચન શું તેમાંથી નહિ ફલિત થાય? જો આત્મસ્વરૂપનું નિવાસ–સ્થાન ભૌતિક શરીરમાં હૃદય–મધ્યે હોય તો દેશ અને કાળ (કે જે ખરેખર તો ભૌતિક શરીરને લાગુ પડે છે) પણ આત્મ–સ્વરૂપને લાગુ નહિ પડી જાય?" શ્રી મહર્ષિએ કૃપાદૃષ્ટિપૂર્વક મારું ધ્યાન શ્રી રામે શ્રી વસિષ્ઠજીને પૂછેલા આવા જ પ્રશ્ન તરફ દોર્યું, આ બાબત યોગવાસિષ્ઠના ૫ માં પ્રકરણના ૭૮ માં સર્ગમાં ૩૨ માં શ્લોકમાં છે. શ્રી વસિષ્ઠ કહે છે કે "હૃદય બે પ્રકારનાં છે. એક સર્વવ્યાપક છે, અને ઉપાદેય (સ્વીકાર કરવા યોગ્ય) છે, અને બીજું દેશ–કાળથી પ્રતિબદ્ધ છે, અને હેય (ત્યજવાયોગ્ય) છે. સર્વવ્યાપક હૃદય અંદર તેમ જ બહાર છે અને જ્યારે "હું શરીર છું," એવો વિચાર (ભાવ) નિવૃત્ત થાય છે, ત્યારે તે બાહ્ય છે કે અંદર છે તેમ કહેવાનું રહેતું નથી. તે ખરૂં હૃદય છે. તેમાં, જેમ સર્વ દૃશ્ય પદાર્થો અરિસામાં પ્રતિબિંબિત થાય છે તે માફક દૃશ્યમાન થાય છે. જ્યારે મન તમામ ઇચ્છાઓથી મુક્ત થાય છે ત્યારે પ્રાણ શાંત થાય છે, અને સર્વવ્યાપક હૃદયની આ પ્રમાણેની અનુભૂતિ પ્રગટે છે.

ત્યારબાદ મેં શ્રી મહર્ષિને પૂછ્યું કે "યોગવાસિષ્ઠમાં વર્ણવેલ

આત્માનુભૂતિની આ પ્રક્રિયા બીજી પારિભાષિક રીતે નીચે મુજબ દર્શાવી શકાય કે નહિ?" જ્યારે માણસ આત્મખોજ કરે છે અને "હું"નું મૂળ શોધવા પ્રયત્નશીલ બને છે ત્યારે તે, આત્માનો સાક્ષી તરીકે અનુભવ કરવાની ભૂમિકાએ પહોંચે છે, અને જ્યારે આ સાક્ષીભાવનું ક્ષેત્ર વ્યાપક થવા લાગે છે કે જેથી તમામ બાહ્ય વસ્તુ માત્રના અસ્તિત્વને આવરી લે ત્યારે તે સાક્ષીનું તાદાત્મ્ય સર્વવ્યાપક બ્રહ્મ સાથે થાય છે. તેમ થતાં દૃશ્ય પદાર્થોના સ્વતંત્ર અસ્તિત્વ જેવું કશું રહેતું નથી. આ પ્રમાણેની મારી સ્પષ્ટતા હું શ્રી મહર્ષિને કરી રહ્યો હતો ત્યારે વચ્ચે જ અટકાવીને તેમણે મને કહ્યું "કોઇ શાસ્ત્ર ગ્રંથમાં આ સ્થિતિની સ્પષ્ટતા નીચે મુજબ દર્શાવી છે."

निमेषार्धं न तिष्ठन्ति वृत्तिं ब्रह्ममयीं विना ।
यथा तिष्ठन्ति ब्रह्माद्याः सनकाद्याः शुकादयः ॥

જેમ બ્રહ્માદિ, સનકાદિ ને શુકાદિ બ્રહ્માકારવૃત્તિ વિના અર્ધો નિમેષ પણ રહેતા નથી તેમ (બ્રહ્મનિષ્ઠો અર્ધો નિમેષ પણ બ્રહ્માકારવૃત્તિ વિના) રહેતા નથી.

શ્રીમદ્ ભાગવતનો ઊંડો અભ્યાસ હોવાથી મને એક પ્રશ્ન ઉદ્દ્ભવ્યો કે શ્રી શુકદેવજી માટે ૧૮૦૦૦ શ્લોકનું ભાગવત–પુરાણનું શ્રવણ શ્રી પરીક્ષિતને કરાવવું એ જો શુકદેવજી શુદ્ધ બ્રાહ્મીસ્થિતિમાં જ રહેતા હોય તો કઇ રીતે શક્ય બને? તરત જ શ્રી મહર્ષિ સમક્ષ મેં મારી શંકા રજૂ કરી, જેનો તરત જ ઉત્તર આપતા તેઓશ્રીએ કહ્યું "શ્રવણ કરાવવું કે ન કરાવવું અને હકીકતમાં તો કંઇપણ કરવું કે ન કરવું, તેનાથી તે બ્રાહ્મી–સ્થિતિમાં લેશમાત્ર પણ ફરક પડતો નથી." મહર્ષિના ઉપદેશનો બરોબર અભ્યાસ કરવાથી કોઇની પણ સમજમાં (એ સ્પષ્ટતા) આવી જશે

કે આ એજ બ્રાહ્મિકસ્થિતિ છે કે જેનો નિર્દેશ તેઓશ્રી "સહ-જાત્મ-નિષ્ઠ" અથવા "સહજ નિર્વિકલ્પ સમાધિ" તરીકે કરે છે, કે જેમાં સાહજિક રીતે જ અખંડ આત્મસ્વરૂપમાં અવસ્થિતિ હોય છે. આધારભૂત પુસ્તક "આત્મસાક્ષાત્કાર"માં વર્ણવ્યા પ્રમાણે જ્યારથી શ્રી મહર્ષિ તિરૂવણ્ણામલઇ આવ્યા (લગભગ પચાસ વર્ષ પહેલાં) ત્યારથી લઈને, અને તેમના હંમેશનાં નિત્યક્રમનું નિરીક્ષણ કરવાથી કે જે આપણે પ્રત્યક્ષ નિહાળીએ છીએ, તે તેમની બ્રાહ્મિક-સ્થિતિના પ્રત્યક્ષીકરણરૂપે મળતી સાબિતી (રૂપ) છે.

થોડા સમય પહેલાં મેં શ્રી મહર્ષિને મોકલેલ મારા પુસ્તક "માયા" વિષે શ્રી મહર્ષિજીનો પોતાનો શું અભિપ્રાય છે, તેમ મેં તેઓશ્રીને પૂછ્યું. તેમણે જણાવ્યું કે, તેમણે એ પુસ્તક જોયું છે, અને વાંચ્યું છે. તે પુસ્તકમાં વિષય-વસ્તુની રજૂઆતમાં જે ક્ષતિ છે તે તથા કેવા પ્રકારની ખોટી પૂર્વ-ધારણા પર મેં તર્ક પ્રસ્થાપિત કરેલ છે તે દર્શાવવા પણ તેઓશ્રીએ કૃપા કરી. ખરા દૃષ્ટિકોણ વિષે કંઈક વિસ્તારપૂર્વક તેઓશ્રીએ મને સમજૂતી આપી. તે પુસ્તક લખવામાં મારો હેતુ એ સિદ્ધ કરવાનો હતો કે શ્રી શંકરા-ચાર્ય દ્વારા રજૂ કરાયેલા "માયા"વાદને આધુનિક સાપેક્ષવાદનું સંપૂર્ણ સમર્થન મળી રહે છે. એ જાણીતું છે કે આ વાદમાં કાળ અને દેશના ખ્યાલોએ સંપૂર્ણ રીતે સાપેક્ષ છે કે જે જોનારની સ્થિતિપર અને જોવાની વસ્તુ પર સંપૂર્ણ રીતે આધાર રાખે છે. (તેથી) વસ્તુલક્ષી દિક્ કે કાળ જેવાં કોઈ તત્ત્વ અસ્તિત્વ ધરાવતાં નથી. જ્યારે બે દ્રષ્ટા જુદાજુદા દેશમાં રહી કોઈ એક ચોક્કસ બનાવનું નિરીક્ષણ કરે છે ત્યારે તેઓ ભિન્નભિન્ન દેશ-કાળનું માપ મેળવે છે કે જે બંને વચ્ચે વિસંવાદિતા પ્રગટાવશે અને એ બનાવ વિષે કોઈપણ પ્રકારના સંવાદી તારણ પર આવવામાં તેઓ

એક બીજાના મતનું ખંડન કરશે. શ્રી મહર્ષિએ મારું ધ્યાન દોર્યું કે ભિન્ન દેશમાં રહેલા બે દ્રષ્ટાની મૂળ પૂર્વધારણા પોતે જ અસ્વીકાર્ય છે, એટલે કે સ્વીકારી લઈએ કે વ્યક્તિગત બે ભિન્ન દ્રષ્ટા બે ચોક્કસ સ્થળે રહેલા છે તો તે બંનેને ભિન્ન કરનાર દિક્-માપને જ સાપેક્ષવાદનો સિદ્ધાંત જરૂર લાગુ કરવો જોઈએ. બીજા શબ્દોમાં બે દ્રષ્ટા વચ્ચે રહેલ જે અવકાશ (દેશ-Space) છે તે સાપેક્ષ હોવાથી અને મિથ્યા હોવાથી વાસ્તવમાં એક કરતાં વધારે સાચા દ્રષ્ટાની શક્યતા (જ) નથી. "માયા" વિષેના દૃષ્ટિ-કોણને રજૂ કરવામાં મેં જે ક્ષતિ કરી છે તેને હું તુરત જ સમજી શક્યો. મારા પુસ્તકમાં હું દર્શાવી શક્યો હોત કે એક ચોક્કસ દેશ-કાળના માપથી બે દ્રષ્ટા જૂદા પડે છે, તેવી જે પૂર્વધારણા છે (કે જે બધા જ વૈજ્ઞાનિકોએ "સ્વીકૃત સત્ય" તરીકે સ્વીકારેલી છે) કે જે સાપેક્ષવાદ દ્વારા પ્રસ્થાપિત કરાયેલ છે તે પોતે જ કઈ રીતે આપણા ઈન્દ્રિયજન્ય જ્ઞાનની વારસામાં મળેલી તમામ પ્રકારની અધૂરી સમજરૂપ છે. મારી સમક્ષ એ બાબત ખુલ્લી થઈ કે શ્રી મહર્ષિમાત્ર પોતાની બ્રાહ્મીસ્થિતિની અનુભૂતિ પર જ સંપૂર્ણપણે આગળ વધીને, આધુનિક વિચારધારાના વાદોમાં, સાપેક્ષવાદનું મૂલ્યાંકન સાહજિક રીતે કરી ન્યાયયુક્ત નિર્ણય આપી શક્યા.

સત્દર્શન ભાષ્યનો ૧૬ મો શ્લોક શ્રી મહર્ષિના દેશ-કાળ વિષેના મંતવ્યો સ્પષ્ટપણે રજૂ કરે છે.

क्व भाति दिक्काल कथा विनाऽस्मान्
दिक्काललीलेह वपुर्वयंचेत् ।
न कापि भामो न कदापि भामो
वयं तु सर्वत्र सदा च भामः ॥

"મારા સિવાય દેશ ક્યાં અને કાળ ક્યાં? શરીર દેશ–કાળમાં અવસ્થિત છે; પણ "હું" શરીર નથી, કોઇ કાળમાં "હું" ક્યાંઇ નથી, અને છતાં હું સર્વકાળમાં સર્વત્ર છું" આ સંપૂર્ણ આધ્યાત્મિક અનુભૂતિ છે અને દેશ–કાળ વિષેના તમામ ખોટા ખ્યાલોને નિર્મૂળ કરે છે. સમય એ કોઇ આદિ–અંતવાળું વસ્તુ-લક્ષી સત્ય તત્ત્વ નથી, સમયમાં આદિ અને અંતનું આરોપણ પોતે જ તરંગી અને અર્થહીન છે, કારણ કે સમયના આદિ પહેલા શું હતું, અને અંત પછી શું હશે તે પણ જરૂર "સમયના ક્ષેત્ર"માં આવવું ઘટે. સમય પ્રત્યેનો જે અભિગમ ૧૬ માં શ્લોકમાં અપનાવ્યો છે તે ભૂત અને ભવિષ્યનો નિષેધ કરી માત્ર શાશ્વત વર્તમાન જ સત્ છે તેમ જણાવે છે. પરંતુ એક સત્ કે જે નિત્ય અને અવિકારી સ્વરૂપ (વિલસી રહ્યું) છે, તેમ વર્ણવ્યું છે તે અન્વયે ખરા (પ્રામાણિક) જિજ્ઞાસુ પાસેથી એવા પ્રકારની શ્રદ્ધા અને પ્રતીતિ અપેક્ષિત છે કે તે તત્ત્વનો સાક્ષાત્કાર (અનુંભૂતિ)ની પૂર્ણતા અહીં અને અત્યારે (વર્તમાનમાં) જ થઇ શકે, અને નહિ કે કોઇ દૂરના ભવિષ્યમાં.

ઉત્ક્રાંતિની લાંબી પ્રક્રિયા પછી દૂરના ભવિષ્યમાં સુવર્ણયુગ આવવાનો છે તેવો નિર્દેષ કરતાં નીતિવાદીઓ કદી થાકતા નથી. કદાચ આવા પ્રકારની "પ્રગતિપૂજા" જ સમાજમાં દૃષ્ટિગોચર થતા ભારે નૈતિક અધઃપતન માટે ખરેખર જવાબદાર છે, કે જે કહેવાતા શાંતિના સમય દરમ્યાન નિર્દોષ પ્રજાઓનું શોષણ કરે છે અને યુદ્ધગત ઉથલપાથલના સમયમાં સંપત્તિ તેમ જ જીવનનો પણ સંપૂર્ણ વિનાશ સર્જે છે. શું આપણને એમ કહેવામાં નથી આવતું કે વિશ્વની નૈતિક પ્રગતિ સાથે જ શોષણખોર દેશો વિશિષ્ટ રીતે સંકળાયા છે અને વિશ્વયુદ્ધો એજ શાંતિ સ્થાપવાનો સાચો

ઉપાય છે? પરિણામના સંદર્ભમાં સાધનોની સચ્ચાઇને ન્યાયયુક્ત ઠરાવવામાં આવે છે, અને અંત વિનાની પ્રગતિ (પ્રક્રિયા) પાછળ આ પરિણામને સદાય પાછળ ધકેલ્યા કરવામાં આવે છે. પણ આ નીતિવાદીઓ તેઓની પ્રગતિનું પૂર્ણવિરામ ક્યારે અને ક્યાં છે તે દર્શાવતા નથી.

મારા નિવાસના બીજા સપ્તાહ દરમ્યાન એક દિવસ, આશ્રમ-ના ઉત્તર તરફના દરવાજે કે જ્યાંથી પર્વત પર જવાનો માર્ગ છે, ત્યાં હું ઉભો હતો. અરવિંદ આશ્રમમાંથી આગલા દિવસે પાછા ફરેલા એક ભક્ત મારી સાથે હતા. સમય સાંજનો હતો અને શ્રી મહર્ષિ હંમેશનાં ક્રમ મુજબ સાંજના ફરીને તે માર્ગેથી પાછા આવ્યા. ઉત્પત્તિવાદ વિષે શ્રી મહર્ષિના મંતવ્યો મારે જાણવા હતાં અને અરવિંદ આશ્રમમાંથી આવેલા ભક્તે શ્રી અરવિંદના તે બાબતોના મંતવ્યોનો નિર્દેષ કરવા મને અનુરોધ કર્યો. શ્રી અર-વિંદના તત્ત્વજ્ઞાનથી હું સારી રીતે જ્ઞાત છું અને લગભગ ૨૫ વર્ષ પહેલાની તેમની સાથેની મારી શરૂઆતની મુલાકાતો દરમ્યાન આવા આધ્યાત્મિક વિષયોની ચર્ચા મુક્તપણે હું કરતો રહેલો. શ્રી મહર્ષિને વાતની રજૂઆત કરતાં અણધાર્યો જ મેં શ્રી શંકરા-ચાર્યના વેદાંતનો ઉલ્લેખ કર્યો કે જેઓના મતે "ઉત્પત્તિવાદ" એ મંદ જિજ્ઞાસુને માત્ર સમજાવવા માટે છે, અને હકીકતમાં ઉત્પત્તિ માટે કોઇ વાસ્તવિક પાયો જ નથી તેમ પ્રતિપાદન કરે છે. શ્રી મહર્ષિને આ બાબતમાં તેમના મંતવ્યો જણાવવા મેં કહ્યું. તેમણે માંડૂક્ય ઉપનિષદ્‌માંથી શ્રી ગૌડપાદની નીચેની કારિકા ટાંકીને જણાવ્યું–

न निरोधो न चोत्पति र्न बद्धो न च साधकः ।
न मुमुक्षु न वै मुक्तः इत्ये षा परमार्थता ॥

"નથી પ્રલય કે નથી ઉત્પત્તિ, નથી કોઇ બદ્ધ કે નથી કોઇ સાધક, નથી કોઇ મુમુક્ષુ કે નથી કોઇ મુક્ત; આ પારમાર્થિક સત્ય છે." મને ખાત્રી છે કે ઉત્પત્તિવાદ, ઉત્ક્રાંતિવાદ જેવા વાદોને શ્રી મહર્ષિ કશું જ મહત્ત્વ આપતા નથી. તેઓશ્રી બ્રહ્મસ્વરૂપના અ-વિકારીપણા અને અદ્વિતીયત્વ પર દૃઢ રીતે ભાર મૂકે છે કે જે એક માત્ર સત્ અને અદ્વિતીય છે, જેને કોઇ "પ્રગતિ"ની શક્યતા નથી અને જેમાં કોઇ દ્વૈત કે ભેદ નથી.

"ભેદાભેદ" અર્થાત્ "ભેદમાં અભેદ" માનવનાં નિમ્નસ્તર-ના તથા ઉચ્ચ–સ્તરના સ્વભાવો, કાળગત ઉત્ક્રાંતિ, ચેતનાનું અવ-તરણ વગેરે શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનના કેટલાક મુદ્દાઓનો સંદર્ભ મેં બીજે દિવસે રજૂ કર્યો. "ભેદાભેદ"વાદ વિષે શ્રી મહર્ષિએ જણાવ્યું કે જ્યાં જરાપણ ભેદ છે ત્યાં "અહંકાર" પણ છે, અને જો ભેદને સ્વીકારશો તો ઐક્ય માત્ર શાસ્ત્રવિધાન બની રહેશે. એ સર્વસંમત છે કે પરબ્રહ્મમાં અહંકારની (લેશમાત્ર) શક્યતા જ નથી, અહંકારની ભૂમિકામાંથી અહંકાર–રહિત ભૂમિકામાં જવું એને જો કોઇ "જવાની" પ્રક્રિયાથી સંકેત કરવામાં આવે તો તે માનવમાંની "પ્રકૃતિ"ના કોઈ નિમ્નસ્તરથી ઉચ્ચ–સ્તરીય ફેરફાર કે ઉત્ક્રમણ દ્વારા નહિ પરંતુ અહંભાવના સંપૂર્ણ નાશ (બાધ) કે નિષેધ દ્વારા થાય છે. સ્વપ્નમાંથી જાગ્રત થતા માણસની દશા જેવું તે છે, અને સ્વપ્નાવસ્થામાંથી જાગ્રતઅવસ્થામાં આવવાની સંક્રમણની પ્રક્રિયાને (Transition) નિમ્નસ્તરમાંથી ઉચ્ચ–સ્તરીય ઉત્ક્રાંતિ કહી શકાય નહિ. એ તો એક અવસ્થામાં (જાગ્રતમાં) બીજી અવસ્થાનો (સ્વપ્નનો) સંપૂર્ણ નિષેધ છે.

ઉત્ક્રાંતિવાદીઓ સામે બીજી એક વિરોધ ન કરી શકાય તેવી મુશ્કેલી છે. કોઈપણ પ્રકારના ઉત્ક્રાંતિવાદ માટે એક સળંગ

વસ્તુલક્ષી સમયનો સ્વીકાર જરૂરી છે. વેદાંતના તેમ જ આધુનિક વિજ્ઞાનના મતે વસ્તુલક્ષી (Objective) "સમય"નું અસ્તિત્વ નથી. સાપેક્ષવાદે તેનું અંતમાં નિરસન કર્યું છે.

ઉત્ક્રાંતિવાદને પ્રસ્થાપિત કરવા પ્રયત્ન કરવો એ વિજ્ઞાને પ્રસ્થાપિત કરેલા વિધાન (Data) સાથે વિરોધરૂપ છે, અને ઉપ-નિષદે મહાવાક્ય દ્વારા રજૂ કરેલા તારણોથી અનભિજ્ઞ છે, અને તેથી ઉત્ક્રાંતિવાદ એ આધ્યાત્મિક પથને અનુપયોગી છે, ઉપકારક નથી.

"શરણાગતિ" વિષે શ્રી મહર્ષિ સાથે થયેલો ટૂંકો પણ ગહન વાર્તાલાપ રજૂ કરીને મારા લેખનું હું સમાપન કરીશ. પ્રશ્ન આ રીતે ઉદ્ભવ્યો. ઈશાવાસ્ય ઉપનિષદ્ના પ્રથમ શ્લોકમાં બે પંક્તિ વચ્ચે રજૂ થયેલા વિરોધાભાસી મંતવ્યોનો નિર્દેષ કરી તે બાબતમાં સાચું અર્થઘટન રજૂ કરવા શ્રી મહર્ષિને જણાવ્યું.

इशावास्यमिदम् सर्वं यत्किञ्च जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद्धनम् ॥

શ્લોકના પ્રથમ ચરણમાં દર્શાવ્યું છે કે અખંડ શાશ્વત પરબ્રહ્મ વિકારી (જગતનું) વસ્તુમાત્રનાં પાયારૂપ છે. બીજા શબ્દોમાં કહીએ તો વિવિધતાયુક્ત જગત એ દિવ્યતાનો જ આવિષ્કાર છે. તેમ છતાં બીજી પંક્તિમાં સાચું સુખ પ્રાપ્ત કરવા માટે ત્યાગ કરવાનું સાધકને સૂચન કરેલું છે.

બે પંક્તિઓ વચ્ચે વિરોધાભાસ સ્પષ્ટ (Patent) છે. જો જગત એ દિવ્ય તત્ત્વ સિવાય બીજું કંઇ જ ન હોય તો પછી સાધકને શા માટે ત્યાગ કરવાનું કહેવામાં આવેલ છે?–આ જાત-ના વિચારો મારા મનમાં હતા અને તેના સંદર્ભમાં શ્રી મહર્ષિને મેં પૂછ્યું કે "જો સર્વ જગત્ ઈશ્વર–સ્વરૂપ જ હોય તો ત્યાગની

શક્યતા જ કઇ રીતે સંભવે? ત્યાગવા યોગ્ય તત્ત્વ જ શું છે? શ્રી મહર્ષિએ પ્રત્યુત્તર આપ્યો કે "વ્યક્તિએ મિથ્યાજ્ઞાનનો ત્યાગ કરવો જોઇએ" એટલે કે પરબ્રહ્મ સિવાય બીજાનું અસ્તિત્વ જ નથી. તેથી દ્વૈત વિષેની માન્યતા અથવા તો દ્વૈત કે વ્યાવહારિક ભેદ–જે કાંઇ આવિષ્કાર પામેલા દૃશ્યો દેખાય "તે છે" એવી માન્યતા ત્યજી દેવી જોઇએ.

શ્રી મહર્ષિના બાકીનાં બીજા મંતવ્યો હું રજૂ કરું તે પહેલાં એ જણાવવાનું કે ઈશાવાસ્ય ઉપનિષદ્‌ના પ્રથમ શ્લોક (શ્રુતિ) નું શ્રી મહર્ષિનું અર્થઘટન આગવું અને સ્વતંત્ર છે, અને તેવું અર્થઘટન પ્રાચીન કે અર્વાચીન કાળમાં બીજા કોઇ પણ ટીકાકારે, મારા ખ્યાલ પ્રમાણે કર્યું નથી. આ બે પંક્તિમાં રહેલા વિરોધાભાસને "સ્વીકૃત સત્ય" તરીકે નહિ સ્વીકારનાર કદાચ કોઇ નહિ હોય. પરંતુ શ્રી મહર્ષિ તેમાં આભાસી વિરોધાભાસ પણ નથી જોતા.

"પરાત્પર બ્રહ્મ જ કેવળ સત્ છે; અદ્વિતીય અને અ-વિકારી"–શ્રી મહર્ષિએ કહ્યું, "માત્ર તે એકનું જ અસ્તિત્વ છે અને આભાસી દૃશ્યભેદને ધારણ કરે છે (આધારરૂપ છે) તેથી પરબ્રહ્મથી ભિન્ન સત્તાનો સ્વીકાર કરતું જે જ્ઞાન છે તે જ્ઞાનનો ત્યાગ કરો. બીજા શબ્દોમાં, દ્વૈતમૂલક દૃષ્ટિકોણ કે ભેદદૃષ્ટિનો ત્યાગ કરો. તે પછી તમને સ્વાભાવિક રીતે જ કોઇ ચીજ પ્રત્યે લાલસા રહેશે નહિ, કારણ કે વ્યક્તિ, કોઇ ચીજની લાલસા ત્યારે જ કરી શકે જ્યારે તે માની લે કે "બીજો" કોઇ વિષય લાલસા કરવા માટે છે, ભેદદૃષ્ટિના સ્વીકારમાં જ પ્રાથમિક ભૂલ રહેલી છે કે જેના દ્વારા વ્યક્તિ પોતાની જાતને લાલસાના વિષયથી ભિન્ન કરે છે. અજ્ઞાની માણસ માને છે કે કોઇ ચીજની લાલસા કરવી અને તેને પ્રાપ્ત કરવી એજ આનંદ પ્રાપ્ત કરવાનું સાધન છે. નહિ,

તે જ આનંદ–સ્વરૂપમાં અવગાહન કરે છે જે ભેદના વિચાર-માત્રથી વિરમી ગયો છે. તેજ સાચો પૂર્ણાનંદ–સ્વરૂપે અવસ્થિત છે કે જે જાણે છે કે અદ્વિતીય, અવિકારી પરબ્રહ્મ એજ પોતાનું અને જે કંઇપણ અસ્તિત્વમાં છે તેનું સ્વરૂપ છે, અને તે એકનું જ માત્ર સત્યત્વ અને અદ્વિતીયત્વ છે.

ત્યાં બેઠેલા મુલાકાતીઓમાંથી એક મુલાકાતીએ પ્રશ્ન કર્યો, "શાસ્ત્રે સામાન્ય કક્ષાના માણસને ચેતવણી આપીને તેને દ્વૈત-દૃષ્ટિથી મુક્ત કરવો જોઇએ, એ વિધાન નિઃશંકપણે સારૂં છે, પરંતુ જેનું મહત્ત્વ જરા પણ ઓછું નથી તેવી શાસ્ત્ર–આજ્ઞા જ છે કે "ઈશ્વરપ્રતિ આત્મ–શરણાગતિ કરવી." આ શાસ્ત્ર ઉપદેશનો સમન્વય તો પછી આપણે કઇ રીતે કરી શકીશું? જો કોઇપણ પ્રકારનું દ્વૈત અસ્તિત્વમાં જ ન હોય તો પછી આત્મ–શરણાગતિ માટેની જરૂરત કે શક્યતા જ કેમ સંભવે?" શ્રી મહર્ષિએ ઈશા-વાસ્ય ઉપનિષદ્‌ના પ્રથમ શ્લોકના હાર્દનું જે અર્થઘટન કર્યું કે જે સત્‌ના નિરપેક્ષ એકત્વ ઉપર ભાર મૂકે છે, તે સંદર્ભમાં મુલા-કાતીનો ઈશ્વરપ્રતિ આત્મશરણાગતિની (બાબત) કે જે દ્વૈતને સાંકળી લે છે–તે (વિરોધાભાસ) પરત્વેના પ્રશ્ને અમારા સર્વની રસવૃત્તિને જાગ્રત્ કરી અને અમે આતુરતાપૂર્વક શ્રી મહર્ષિના પ્રત્યુત્તરની રાહ જોવા લાગ્યા. શ્રી મહર્ષિનો પ્રત્યુત્તર પ્રતીતિકર હતો એટલું જ માત્ર નહિ પરંતુ જે કાંઇ તેઓ બોલ્યા તેમાં એટલું સામર્થ્ય (Force) હતું કે જેનાથી વિવાદને માટે કોઇ સ્થાન જ ન રહ્યું. મુલાકાતીના પ્રશ્ન પરત્વે પહેલાં તો તેઓ સંપૂર્ણપણે ઉદાસીન વલણ ધરાવતા હોય તેમ જણાયું. બેએક મીનીટ સુધી તેઓ મૌન રહ્યા તેથી અમારા સર્વની કુતુહલવૃત્તિ વધુ સતેજ થઇ કે હવે આ પ્રશ્નનો ઉકેલ તેઓ કઇ રીતે કરશે. શ્રી મહર્ષિનો પ્રત્યુત્તર ટૂંકાણ-

માં અને શક્ય તેટલો તેમના જ શબ્દોમાં આપવા હું પ્રયત્ન કરીશ.

"આ પ્રદેશના કેટલાક લોકોમાં ગણપતિ–પૂજનની દૃઢ ભાવનાનો જે રિવાજ છે તે આપણે જાણીએ છીએ. હંમેશા ગણપતિની મૂર્તિનો (જેનું ગામમાં આવેલ દરેક મંદિરમાં સ્થાપન કરવામાં આવેલું હોય છે) પૂજનવિધિ કરવો, એ તેમનાં નિત્યના ભોજન લેવા પહેલાનો અનિવાર્ય ધાર્મિક વિધિ હોય છે. કોઈ ગરીબ મુસાફર કે જે આ વિધિનું પાલન કરતો હતો, તે કોઈ નિર્જન પ્રદેશમાંથી પસાર થઈ રહ્યો હતો. નજીકમાં ક્યાંય પણ ગણપતિનું મંદિર ન જણાતાં, કે જ્યાં જઈ બપોરના ભોજન પહેલાનો મૂર્તિપૂજાનો નિત્યનો વિધિ તે કરી શકે, (તેથી,) તેણે તેની સાથે જે થોડો ગોળ હતો તેમાં (લોટ વિ. મેળવીને) ગણપતિની મૂર્તિ બનાવવાનો નિર્ણય કર્યો. ગોળમાંથી ગણપતિ બનાવ્યા પછી, તેણે ખરા દિલથી પૂજાવિધિ આગળ ધપાવી, અને પછી નૈવેદ્ય ધરવાના ટાણે તે ગૂંચવાયો; કારણ નૈવેદ્યમાં ધરવા માટે બીજો કોઈ પદાર્થ કે મીઠાઈ તેના સામાનમાં ન હતાં. કેમકે તેની પાસે જે કાંઈ ગોળ હતો તે બધો જ તેણે ગણપતિની મૂર્તિ બનાવવામાં વાપરી નાંખ્યો હતો. પણ રૂઢિગત નૈવેદ્ય ધર્યા વિના પૂજનવિધિ અપૂર્ણ રહેતો હતો. તેથી તે ભોળા વટેમાર્ગુએ ગણપતિની મૂર્તિમાંથી જ એકાદ ગ્રાસનો ગોળનો ટૂકડો કાઢી લીધો અને ગોળનો તે ટૂકડો ગણપતિને નૈવેદ્ય તરીકે ધર્યો. તેને એ ખ્યાલમાં જ ન આવ્યું કે એ રીતે એકાદ ગ્રાસનો ગોળનો ટૂકડો મૂર્તિમાંથી જ તોડી લેવાથી તેણે મૂર્તિને જ ખંડિત કરી નાંખી છે, અને તેથી પૂજા અને નૈવેદ્ય બંનેને વ્યર્થ કરી નાંખ્યાં છે. આત્મ–શરણાગતિના તમારા વિચારો વટેમાર્ગુના, નૈવેદ્યસમર્પણ કરતાં કોઈપણ રીતે વધારે સારા નથી. પરબ્રહ્મથી તમારૂં અસ્તિત્વ કંઈક

અલગ છે, તેવી ધારણાથી તમે માત્ર તેને પ્રદુશિત (Defiled) કરેલ છે, તમે આત્મ–સમર્પણ કરો કે ન કરો, તમે પરબ્રહ્મથી કદી અલગ થયા જ નથી. ખરેખર, એકમાત્ર પરબ્રહ્મ સ્વરૂપ જ આ વર્તમાન ક્ષણે, અને એજ રીતે ભૂતકાળ કે ભવિષ્યમાં પણ (સત્તારૂપ અસ્તિત્વ ધરાવે) છે."

પોતાની આગવી પદ્ધતિથી જિજ્ઞાસુનું લક્ષ, જે મહાન સત્‌ની અનુભૂતિ પોતાને થઈ છે તે તરફ શ્રી મહર્ષિ દોરે છે, અને તે અનુભૂતિની અભિવ્યક્તિ તેમના રોજીંદા જીવનની પ્રત્યેક ક્રિયામાં પણ સાહજિકતાથી પ્રકટી જતી હોય છે. તેમના જીવનચરિત્રમાં એવા કેટલાય પ્રસંગો વાચકને જાણવા મળે છે કે જેના વિષે શ્રી મહર્ષિનું ગહન નિરીક્ષણ જોવા મળે છે; દા. ત. "નિષ્કામ કર્મ" કે જેના દ્વારા જીવનમાં સાચા વિવેકજ્ઞાનની (ડહાપણની) તાલિમનું શિક્ષણ આપી શકાય છે. મારા સ્વાનુભવમાંથી દાખલો લઈ આ મુદ્દો હું સ્પષ્ટ કરું. આશ્રમમાંથી વિદાય લેવાના દિવસે મેં ત્યાંથી મળતા ફળફળાદિ ખરીદવાની વ્યવસ્થા કરી કે જેથી તે શ્રી મહર્ષિને અર્પણ કરી શકાય. જ્યારે તેમની રજા લેવાનો સમય આવ્યો ત્યારે મેં ભાવપૂર્વક તે ફળો તેઓશ્રીને અર્પણ કર્યાં. અને તેમને જણાવ્યું કે "હાલ તુરત માટે હું આ સ્થળેથી જઈ રહ્યો છું" શ્રી મહર્ષિએ કૃપાન્વિત સ્મિત કર્યું અને આંખમાંના ચમકારા સાથે તેઓએ ટીપ્પણ કર્યું, "અને તેથી તમે ભગવાન ગણેશને ગોળ અર્પણ કરી રહ્યા છો!" હું સમજી શક્યો કે ગઈકાલે જે દૃષ્ટાંત તેઓશ્રીએ "આત્મ–શરણાગતિ"ના અનુસંધાનમાં આપેલું તેનો જ સંદર્ભ તેઓ સૂચવી રહ્યા છે, પણ તે દૃષ્ટાંતનો વ્યાવહારિક બોધપાઠ "એક માત્ર બ્રહ્મ સિવાય બીજું કશું જ નથી" તે રજૂ કરવા કેવો યોગ્ય પ્રસંગ તેઓશ્રી શોધી શક્યા!

મારા ચૌદ દિવસના આશ્રમ–નિવાસ દરમ્યાન જે થોડા ઘણા કૂટ તાત્ત્વિક પ્રશ્નો શ્રી મહર્ષિ સમક્ષ રજૂ કરવાના પ્રસંગ મળ્યા તેનો કંઈક નિર્દેષ મેં આગલા પૃષ્ઠોમાં કર્યો છે. કોઈ ઉત્સાહી સાધકની શંકાને નિર્મૂળ કરવા માટે તેઓશ્રી કંઈ બોલતા હોય કે પૂર્ણ મૌનથી બેઠા હોય પરંતુ તાજગીભર્યો પ્રકાશ, નવો દૃષ્ટિકોણ અને કોઈ કોઈ વાર (વ્યક્તિ) પોતાના આધ્યાત્મિક દર્શનમાં અતિ પ્રેરણાદાયી નવપ્રકાશ (Re–Orientation) તેમના સાંનિધ્યમાંથી પ્રાપ્ત કરતો હોય છે. અદ્વૈતિક સત્નું સાકાર–સ્વરૂપ, અદ્વિતીય, દેશકાળના બંધનોથી પર એવા શ્રી મહર્ષિમાં આધ્યાત્મિક શિક્ષણ-ની મહાશાળા અને પ્રાચીન હિન્દુ–સંસ્કૃતિનાં હાર્દનું પ્રતિનિધિત્વ અભિવ્યક્ત થાય છે. મહાશાળા દ્વારા નવયુવકોને મળતા કહેવાતા વિશ્વવિદ્યાપીઠના શિક્ષણમાં નથી "એકતાનું દર્શન" કે નથી તેમાં વિશ્વ–ઐક્યની ભાવના (Spirit). આજની યુવાપેઢી ભાવિની નાગરિક છે, અન તેમને અપાતા શિક્ષણનું ધ્યેય પ્રાણીમાત્રના જીવન સાથે ઐક્ય અને અભેદ–ભાવનાને જણાવનારૂં હોવું ઘટે, કે જેથી તેઓ, હવે પછી આવનારા સમયમાં વિશ્વ–નાગરિક તરીકે પોતાની ફરજો અને ઋણોને બરાબર અદા કરી શકે. આ ઐક્યના સત્‌ને અને અદ્વિયત્વના અસ્તિત્વને જાણવા માટે, તેમ જ જેઓ હૃદયના સુસંસ્કારના ઇચ્છુક છે તેમને, પર્વત પર પવિત્ર દીવાદાંડી સમાન પ્રકાશી રહેલા એવા સન્માનનીય ઋષિનું સાંનિધ્ય સેવવું ઘટે, કે જેઓમાં શાંતિ, ઐક્ય, અને અસ્તિત્વના અભેદનું દર્શન થાય છે, અને તે વિષે જ તેઓ સંદેશ આપી રહ્યા છે. તેમનું નિવાસસ્થાન અદ્વૈતિક સત્‌નું પ્રતિનિધિત્વ કરે છે તેથી મારે કહેવું જ જોઈએ કે શ્રી રમણાશ્રમ એ વિશ્વવિદ્યાપીઠોની વિદ્યાપીઠ છે. ૐ □



શ્રી મહર્ષિ જવલ્લેજ આ રીતે બહાર જતા જોવા મળે!

THE EDITORIAL NOTE

Swami Madhavtirtha made Sri Bhagvan known throughout Gujarat by His inspired speeches and books on his teachings. If it would be no exaggeration to say that at times there were more Gujaratis than local devotees at Sri Ramanasramam, it was entirely due to Swamiji's efforts.

Perhaps his last visit to Sri Ramanasramam was in 1956, when he came for a fairly long stay along with his devotees. On the morning of his departure, he was weeping. It was raining heavily. Brushing aside the umbrella and wooden sandals offered by his disciples, he walked with folded hands, in ecstasy and inner absorption, to Sri Bhagvan's samadhi and cried like a child on being separated from his mother.

This erudite scholar–saint was the first person who gave me a direct spiritual experience. A great Bhakta of Sri Bhagvan! – **Editor**

From : **The Mountain Path.** (A quarterly Journal)
Vol. 30. Nos 3 & 4. Dec. 1993, Jayanthi Issue.
Editor : Shri V. Gaṇesan.

Published by : Sri Ramanasramam
P.O. TIRUVANNA MALAI–606603.
(Tamilnadu), (South India).

SRI RAMANA

The Embodiment of Advaitic Truth

By

Sri Swami Madhavtirtha, (Gujarat)

[This article was first published in "Golden Jubilee Souvenir." (Ramanashram Publication) It is reprinted with some additions, alterations and an editorial note in the quarterly magazine "The Mountain Path," December 1993.

We express our gratitude to the Publication Division, Ramanashramam and especially to the editor of "The Mountain Path" for their permission and co-operation. The original article from the Souvenir is reprinted here.

– Vedant Ashram Trust.

Publication Division. P. O. Valad]

In the year 1944 Sri Manu Subedar invited me to accompany him to Sri Ramanasramam. We met in Bombay, but circumstances did not permit him to keep up to the programme and, therefore, I decided to proceed by myself to the abode of the Sage of Arunachala, since I had already read and heard much about him.

I reached the Asramam on the 14th of August. My first Darshan of Sri Maharshi,

which happened to be in the dining hall, was so entirely free from sanctimonous conventions that I was at once put at ease and in perfect tune with the Sage's surroundings. The Sage's benign look of welcome made me feel at home and conveyed to me a sense of inaffible happiness which remained with me throughout my stay at Sri Ramanasramam. It has always been my habit to note down my impressions during such visits to important places and make a record of them for the benefit of other aspirants. The notes I took at Sri Ramanasramam formed the basis of my Gujarati book on Sri Ramana Maharshi, published at the instance of Sri Manu Subedar by the Sasthu Sahitya.

I should like to refer in the first instance to a somewhat mystical experience I had during my visit. It is rather difficult to describe such an experience but I may try to convey some idea to the reader about my experience by borrowing an anology from Srimad Bhagavata. Sometime before the birth of Sri Krishna, it is said, the Lord entered into the heart of Sri Vasudeva, who then shone like the sun. Later, this light passed into Devaki through a mere look of Vasudeva, when she shone like the

moon. Even so, on the very first day of my Darshan of Sri Bhagavan in the dining hall, I found in the look of the Sage the dazzling brilliance of the sun. On a subsequent day while I was sitting in the presence of Sri Maharshi in the hall I recognised the same brilliance in the look of the Sage and it seemed to have pierced me to the core of my being, even as the Light of the Lord passed into Devaki through the look of Vasudeva. My breath seemed to stop for a while and my mind was elevated into some spiritual realm of unutterable peace and happiness.

I know that I should have conveyed to the reader of not much my feeling and sentiment by the above description of the experience I had in the presence of the great Sage. This is partly due, as I had already stated, to the uniqueness and inexpressible nature of all mystical experience, and partly due to the difference in the equipment between one reader and another, and between the various types of spiritual aspirants trying to appraise spiritual values. In this context, to enable the reader to judge for himself where he stands on the spiritual path, a few words concerning the qualifications required of an aspirant will

not be out of place. In the first instance, I would stress the importance of the study of Vedanta, since it is accepted on all hands that it is a reliable guide, helping the aspirant to avoid a wrong pursuit of spiritual ideals. Of course, Sri Maharshi is himself an extra-ordinary exception to this rule. Unaided by an intellectual knowledge of even the essential concepts of the Vedanta and without any-body's advice or instruction, he was able to follow unswervingly the path he had chosen, because his guide was his own experience of the Truth he had realised in his boyhood. But in the case of Sri Maharshi also the incidental knowledge he had of the *Sastras* later on was helpful in confirming his views on the nature of his own experience.

Foremost among the qualifications an aspirant should have is discrimination, which will help him to cultivate detachment. It is only through such detachment or *Vairagya* that he can aspire to attain *Sakshibhava* or the state of the witnessing Self. The third and a still higher state is that in which one realises one's identity with all that exists. This is known as *abhinnabhava.* Though perfection in this attitude is realised only by such great

personalities as the Maharshi, the common aspirant also can understand the Nature and significance of *abhinnabhava* by staying, even for a short while, in the benign presence of the great Sage. While sitting in the Hall I observed Maharshi resting on the couch wholly unconcerned with what was taking place in his presence (for instance, the constant flow of visitors who prostrated themselves before him and moved on one after the other) and yet I could easily discern in him the attitude of oneness with all or *abhinnabhava,* through which, I can confidently say, he touched the inner being of the visitor, who was able to feel within himself the presence of the Universal spirit transcending thought. I would venture to suggest that the reciprocal relationship between Sri Maharshi in his *abhinnabhava* and the aspirant sitting in his presence is analogous to that of a radio transmitter and a receiver. If the visitor is really anxious to obtain the fullest benefit of the benign influence radiating from the silent presence of the Sage, he (the visitor) must attune his mind, which according to the above analogy will be the "receiving set", to the proper wavelength. In view of the oneness

and universality of the Self Absolute, a few words of explanation would seem to be necessary in order to bring out clearly the relation between the attitude of the Sage who is described as "transmitting" his spiritual influence to "others", and the *disposition* of the visitor who is advised to keep his mind receptive and responsive to the subtle influence of the Sage.

The use of the analogy of the radio transmitting and receiving sets in this context should not mislead the reader into thinking that this is an implicit recognition of a duality in the ultimate Truth. For a correct understanding of the Sage's point of view with reference to himself in relation to "other", I may quote his teachings, which are perfectly clear and beyond all possible doubt. On pagexix of *Sat-Darshana Bhashya and Talks with Maharshi* it is stated as follows:-"When the Yogi rises to the highest state of *Samadhi*, it is Self in the Heart that supports him, whether he is aware of it or not. If he is aware in the Heart, he knows that in whatever state he is, it is always the same Truth, the same Heart, the one Self, the Spirit that is present throughout, eternal and immutable." It is from

this State alone in which the Sage ever abides does he exercise his benign influence over the numerous aspirants seeking his presence. Therefore, in this State of Absolute Being, which is One and Eternal, there is not the slightest scope for any duality. The words of the Sage given in another context also confirm the above statement. When some visitor asked Sri Maharshi as to why he should not go about and preach to the people the Truth he had realised, he replied "Real preaching is possible only through Silence." The duality which is necessarily involved in verbal preaching is entirely eliminated in this Silence. Moreover, Truth to be Truth must be universal and all–inclusive. That is, that State in which the Truth is realised cannot be veiled, much less obstructed by the mind and its three states, waking, dreaming and of deep sleep, The State which at once transcends and includes the three states of the mind is known as *Sahaja Sthiti,* सहजस्थिति. In other words, the Silence of the Sage is constant and exercises uninterruptedly its benign influence, whether the Sage appears outward to be aware of the world or not. Reverting to the analogy of the

transmitter, I may say that the Sage's spiritual influence is transmitted unceasingly *as far as he is concerned*. But from the point of view of the seeker, who is still subject to the veiling power of *maya,* the continued beneficent influence exercised by the Sage will have no apparent effect unless he (the seeker) is himself "prepared" to receive the same. Just as the radio receiving set articulates accurately the transmitted voice only when the instrument is properly tuned to the transmitter, so also is the seeker able to receive the Sage's spiritual influence when he is "prepared" for it. This "preparation" consists essentially in his *sadhana* or practice of discrimination and detachment already referred to.

While it may be conceded that in the Absolute there can be no differentiation, the question still remains as to how such differentiation, multiplicity, etc. rise on the relative plane. What are the primary factors which constitute the basis for the sense of differentiation so characteristic of human knowledge? In the ultimate analysis it will be found that three are the important factors, namely, time, space and causation. During my stay of about two weeks in Sri Ramanasramam, I had

had ample opportunity to question Sri Maharshi on various philosophical problems as I desired to have a comprehensive understanding of Sri Maharshi's approach to these abstruse problems. There is also one other point for consideration, namely, how the phenomenal knowledge with its multiplicity, differentiation etc. is related to the Knowledge of the Self Absolute. On all these different topics I shall be referring to Sri Maharshi's answers in the sequence in which I happened to receive them from him.

There is a very important verse in *Sri Ramana Gita* (and this verse was written by the Sage himself and was incorporated by his disciple Sri Ganapati Muni in the book) which gives the synopsis of spiritual *sadhana* with a categorical declaration concerning the absolute identity of the Brahman with the Self. The verse runs as follows:–

हृदयकुहरमध्ये केवलं ब्रह्ममात्रं,
ह्यहमहमिति साक्षादात्मरूपेण भाति ।
हृदिविशमनसा स्वं चिन्वता मज्जता वा,
पवनचलनरोधादात्मनिष्ठो भवत्वम् ॥

"In the interior of the cavity of the Heart the One Supreme Being (Brahman) shines as

'I'–I, verily the Atman. Entering into the Heart with one-pointed mind either through Self-enquiry or by diving within or by breath-control, abide thou in *Atmanishtha*." I had a small doubt with regard to this description of the Self Absolute or Brahman as residing in the Heart. I asked Sri Maharshi if, as the verse declares, a fixed place in the body is assigned to the Self, would it not predicate finitude of That which is infinite and all-pervading. If the Self is located in the Heart within the physical body, would not the categories of time and space (which are necessarily applicable to the physical body) apply also to the Self Absolute? Sri Maharshi graciously referred me to a very similar question put by Sri Rama to Sri Vasistha. This is contained in the passage of *Yoga Vasishtha*, Ch. V, Canto 78, vers 33–38. Vasistha says that there are two kinds of hearts, the one which is all-pervading and which should be "accepted", and the other which is limited by time and space and which should be "rejected". The all-pervading Heart is within as well as without, and when the "body-am-I" idea disappears, it is neither within nor without. That is the real Heart. In that all

things appear as images in a mirror. When the mind gets rid of all desires, the vital breath gets quiet, and the all-pervading Heart is experienced as such."

Then I enquired Sri Maharshi if this description in *Yoga Vasishtha* of the process of realisation can be stated in somewhat different terms as follows. When a man enquires into himself and tries to find out the root of the 'I'. he reaches the state of the witnessing Self, and when the field of the witnessing Self begins to expand so as to cover all objective existence, it gets identified with the all-pervading Brahman and the objects lose their separate existence. While I was thus explaining myself to Sri Maharshi, he intervened saying "This State is explained by one of the scriptures as follows:-

निमेषार्ध न तिष्ठन्ति वृत्तिं ब्रह्ममयीं विना।
यथा तिष्ठन्ति ब्रह्माद्याः सनकाद्याः शुकादयः ॥

That is, in this State one acquires permanent Brahmic beatitude similar to that acquired by Brahma, the Creator, Sanaka, Suka (ancient *rishis*) etc. Being an ardent student of Srimad Bhagavata, it occurred to

me how incongruous it would be for Suka to recite all the 18,000 verses of the epic before King Parikshit, if really Suka was in that pure Brahmic State. I at once referred my doubt to Sri Maharshi who promptly replied saying "Reading or no reading, and as a matter of fact anything done or undone, makes not the slightest difference to the Sage in that Brahmic State." From a close study of Sri Maharshi's teachings one learns that it is this Brahmic State which is referred to by him as *Sahajatma-nishtha,* सहजात्म निष्ठ or *Sahaja Nirvikalpa Samadhi,* सहज निर्विकल्प समाधि that is, the natural and spontaneous abidance in the Self Absolute. The life of Sri Maharshi ever since he came to Tiruvannamalai (just over half a century ago) as described in the monumental book, *Self-Realisation,* and his day-to-day life as we see it now, are the proof and an occular demonstration of that Brahmic State.

On a subsequent day I asked Sri Maharshi for his views on my book *Maya,* which I had sent him sometime ago. He said he had seen the book and read it. He was gracious enough to point out a mistake in my treatment of the subject and how I based my

arguments on a wrong presumption. He explained to me the correct view-point at some length. My purpose in writing that book was to prove that the concept of *maya* as propounded by Sri Sankara is fully borne out by the modern theory of relativity. This theory, as is well known, maintains that time and space are purely relative notions dependent entirely on the conditions governing the observer and the object under observation and that there is no such thing as objective time and space. When two observers, taking different positions in space, observe a particular event, they obtain different time-space measures, which will conflict with each other and necessarily vitiate any conclusion they may arrive at concerning the particular event. Sri Maharshi pointed out to me that the very presumption of two observers being situated at two given points is itself an unwarranted one. That is, taking for granted that there are two individual observers the notion of relativity must itself apply to the space-measure separating the two. In other words, the space between one observer and another being relative and unreal there cannot be more than one real observer. I at once recognised my

error in the treatment of the concept of *maya;* I should have shown in my book how the presumption (taken for granted by all scientists) that there can be two observers separated by a fixed time-space measure is itself subject to all the imperfections inherent in our perceptions, as established by the theory of relativity. It was a revelation to me that Sri Maharshi could judge off-hand, as it were, such modern theories as that of relativity, proceeding entirely on the basis of his own experience of the Absolute.

Verse 18 of *Sat-Darshana Bhashya* clearly declares Sri Maharshi's views on time and space.

क्व भाति दिक्कालकथा विनाऽस्मान्
दिक्काललीलेह वपुर्वयं चेत् ।
न क्वापि भामो न कदापि भामो
वयं तु सर्वत्र सदा च भामः ॥

"Where is space without me, where is time? The body exists in space and time, but no body am I. Nowhere am I, in no time: yet am I everywhere and in all time." This is perfect spiritual experience and dispels all false notions about time and space. Time is

not an objective reality with a beginning and an end. The very idea of attributing a beginning or an end to time is something absurd and fantastic, since what preceded and followed the beginning and end of time must also come within the time-span. The approach to the problem of time as described by verse 8 does away with past and future, the only Reality being the Eternal Present. But such a description of the one Real as the everpresent and changeless Self, demands of the earnest seeker the faith and conviction that the realisation of his perfection must be here and now and not in some remote future. Moralists are never tired of pointing out to some distant future as the golden age to come, preceded by a long process of evolution. Perhaps, it is this kind of "Progress-worship" that is really responsible for the enormous moral inequity we find in modern society, for the ruthless exploitation of innocent peoples during the so-called peaceful times and the wholesale destruction of life and property during the upheavals of war. For are we not told that moral progress of the world is the special concern of the exploiting

nations and that global warfare is the sure means for establishing peace? The end is made to justify the means, and this end recedes eternally before an unending evolution towards progress! These moralists do not show when and where their "Progress" will end.

One day, during the second week of my stay, I was standing near the northern gate of the Asramam leading to the hill-path. With me was a devotee who had returned the previous day from Sri Aurobindo's Ashram. It was the evening time and Sri Maharshi came by that way after his usual evening stroll. I wanted to ask him about his views on the theory of creation and the presence of the devotee who has returned from Sri Aurobindo's Ashram prompted me to refer to Sri Aurobindo's views on the subject. I may say here that I am well acquainted with Sri Aurobindo's philosophy, and during my earlier visits to him some twenty-five years ago I used to discuss with him freely about these spiritual subjects. Incidentally while I spoke to Sri Maharshi, I referred also to the Vedanta as propounded by Sri Sankara, which discountenances the

theory of creation as being merely an aid for the understanding of the less advanced soul मन्दाधिकारि, and maintains that there is no real basis for such a theory of creation. I asked Sri Maharshi his opinion on the subject; and he replied by quoting the following verse from the *Karika* of the *Mandukya Upanishad.*

न निरोधो न चोत्पत्ति र्नबद्धो न च साधकः ।
न मुमुक्षु न वै मुक्त इत्येषा परमार्थता ॥

"There is neither dissolution nor creation. There is no one bound and there is no aspirant. There is nobody desirous of liberation and nobody liberated. This is the truth from the transcendental standpoint." I am sure that Sri Maharshi attaches no importance to any of the theories of creation, evolution etc. He invariably emphasises the oneness and unchangeability of the Self or Brahman, which is the one and only Reality, to which there can be no "progress" and in which there is no duality and difference.

On another day I referred to some other aspects of Sri Aurobindo's Philosophy such as the theory of *Bheda-abheda* or Unity in Difference, the higher and lower natures in

man, evolution in time, descent of the Spirit etc. With regard to the theory of *Bheda-abheda,* Sri Maharshi remarked that where there is the least difference there is also the ego, and if difference is conceded Unity would merely be a theoretical proposition. It is accepted on all hands that in the Absolute there can be no ego. The transition from the ego to the egoless State, if it can at all be called a transition, is not through a change or evolution from the lower to the higher nature in man but through the total denial or destruction of the ego. It is like a man waking up from a dream : and this transition from the dreaming state to the waking cannot be called an evolution from a lower to a higher state, it is the total negation of the one state in the other.

Evolutionists are confronted with another insuperable difficulty. Any evolutionary theory requires a uniform, objective time. According to both Vedant and modern science, there cannot be an objective time. The theory of relativity has finally demolished it. To try to build a theory of evolution conflicting with the established data of science and alien to the

Upanishadic conclusions as expressed by the *Mahavakyas* may be more unhelpful than edifying.

I shall conclude my article with a short but profound discourse of Sri Maharshi on "surrender". The question rose this way. Referring to the contradiction between the two lines of the first verse of the *Isavasyopanishad,* I asked Sri Maharshi for the correct interpretation.

ईशावास्यमिदम् सर्वं यत्किञ्च जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद्धनम् ॥ *

The first line of the verse declares that the One Supreme Being Eternal and Immutable, is the basis of everything changeable. In other words, this line maintains that the mutable world is only a divine manifestation. Nevertheless, it is this world, the second line of the verse enjoins the aspirant to renounce in order to obtain true Happiness. The contradiction between the two lines is thus very patent. If the world is nothing but the Divine,

* Everything changeable in this world is pervaded by the Supreme Being. Only by the renunciation of that (world) support thy inner Self : do not covet the riches of others.

why should the aspirant be asked to renounce it? With these ideas in my mind I asked Sri Maharshi how renunciation is at all possible if the entire manifested existence is nothing but the one Divine Substance. What is it that should be renounced? "One must renounce the wrong knowledge," replied Sri Maharshi, "that anything but the Divine exists. That is, one must give up the notion that there is any duality or multiplicity, whatever the manifested existence may appear to be."

Before I give the rest of Sri Maharshi's observations, let me say that this interpretation of the first verse of the Upanishad is very original and, I think, unanticipated by any commentator, ancient or modern. There is perhaps, none that does not take for granted an implicit contradiction between the two lines of this verse. But Sri Maharshi finds not even an apparent contradiction.

"The Supreme Being is the only Reality, One and Unchangeable," said Sri Maharshi. "It alone is and sustains the apparent multiplicity. Therefore, renounce the knowledge that anything except the Divine exists. In other words, renounce the sense of duality or

multiplicity. Then as a matter of course you will not covet anything, because one covets a thing only when one believes there is the other to be coveted. The initial error lies in the sense of duality whereby one separates oneself from the thing coveted. The ignorant man believes that coveting a thing and getting it is the source of joy. No. He alone enjoys who renounces the idea of separateness. That is, his is the true Bliss who knows that the One, Unchangeable Supreme Being, identical with himself and with everything that exists, is the one and only Reality."

"It is no doubt well that the *Sastras* should admonish the layman and make him give up the notion of duality," put in one of the visitors then present, "but how are we to reconcile this teaching of the *Sastras* with a no less important injunction, namely, that of self-surrender to the Divine? If there is no duality whatever, where is the necessity or possibility for self-surrender?" In view of Sri Maharshi's exposition of the inner meaning of the first verse of the *Isavasyopanishad* as inculcating the absolute Oneness of the Reality, the visitor's question on self-surrender to the Divine as involving a duality, roused the

interest of all of us, and we eagerly awaited Sri Maharshi's reply. Not only was Sri Maharshi's reply very cogent, but also every word he spoke seemed to have a force that made disputation entirely out of place. At first he appeared to have completely ignored the visitor's question. For a minute or two he was silent thus rousing all the more our curiosity to know how he would tackle the question. I shall try to give Sri Maharshi's reply briefly and, as far as possible, in his own words.

"We are familiar with a custom among some people in these parts based on deep sentiments of devotion to Lord Ganesha. Daily worship to His image (which is found installed in all the temples of the locality) is an indispensable ritual for these people before their daily meal. A certain poor traveller of this persuasion was passing through a sparsely inhabited country. Not finding a temple of Ganesha anywhere nearby that he might perform his daily worship to the Image before his midday meal, he resolved to make an Idol of the Deity out of the small quantity of jaggery he was carrying with him (with flour etc.) and perform the ritual before his meal. Having made the Idol out of the jaggery, he

proceeded with the ritual in right earnest. And then to his bewilderment he found that for the purpose of *naivedya* or food-offering he had nothing sweet in his baggage, since he had converted all the jaggery he had into the Idol. But no worship is complete without the customary *naivedya*. So the simple-minded wayfarer pinched out a small bit of the jaggery from the Idol itself and offered the bit as *naivedya* to the Deity. It did not occur to him that in the very act of pinching out a bit of jaggery he had defiled the very Idol which he wanted to worship and had therefore made both the worship and the offering worthless. Your idea of self-surrender is nothing better than the offering made by the wayfarer. By presuming your existence as something apart from the Supeme Being you have merely 'defiled' It. Whether you surrender yourself or not, you have never been apart from that Supreme Being. Indeed, at this present moment, even as in the past or the future, the Divine alone is."

There is a characteristic way in which Sri Maharshi draws the aspirant's pointed attention to the great Advaitic Truth he has realised and which finds spontaneous expression in

every act of his daily life. In his biography one comes across several incidents in relation to which Sri Maharshi made profound observations, as for instance on *Nishkamya Karma,* in order to teach the practice of true wisdom in life. Let me illustrate the point from my personal experience. On the day I was to leave the Ashram I had arranged for the purchase of some fruits locally for offering them to Sri Maharshi. When the time arrived for me to take leave of him, I put the fruits reverentially before him and said in a few words that I was leaving the place presently. Sri Maharshi smiled benignly and remarked with a twinkle in his eye, "And so, you are offering jaggery to lord Ganesha!" I could understand he was referring to the parable he had related the other day with reference to "self-surrender", but how aptly has he found the occasion to drive home in a very practical way the moral of the parable, namely that all is but the Divine!

In the preceding pages I have touched only a few of the philosophical problems I had had occasion to refer to Sri Maharshi during my fourteen days of stay at the Ashram. Whether he spoke in order to clear the doubts of

an earnest aspirant or whether he sat in perfect silence, one receives a fresh illumination, a new angle of vision and sometimes a very inspiring reorientation to one's spiritual outlook. As embodying the Advaitic Truth, the One, Universal Spirit transcending the bounds of time and space, Sri Maharshi truly represents in himself the University of Spiritual Education, the ancient Hindu Culture of the Heart. The so–called university education imparted to the modern youth in our colleges has neither the vision of Unity nor the spirit of Universality. The youth of the present day will be the citizen of the future, and the aim of their education should be to know the Unity and Oneness of all life that they may fulfil the duties and obligations of worldcitizenship they are bound to inherit in the times to come. To know this truth of Unity and Oneness of existence, all who desire the culture of the Heart should seek the presence of the venerable Sage at the Hill of the Holy Beacon, who speaks, lives and embodies in himself the Peace, Unity and Oneness of existence. As the abode of the Sage representing the Advaitic Truth, I must say that Sri Ramanasramam is the University of universities. ⊞